# Gujarat Chamber of Commerce and Industry

GCCI
GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

Vibrant GUJARAT 10-12 Jan 2024
Gateway to the Future | 10th Global Summit

# તમે મોટા સપના જુઓ, એને પૂરા કરવાનો દૃઢ સંકલ્પ હું કરીશ:

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી

## VIBRANT GUJARAT GLOBAL SUMMIT 2024



# Gateway To Growth




KUNVARJI

Kunvarji brings a wealth of knowledge accumulated over 60+ years of our commitment to growth. With the help of this knowledge, Kunvarji has consistently improved the lives of everyone we touch. No wonder then, Kunvarji continues to evoke a sense of trust whether it is Wealth Solutions, Agro Commodities, Real Estate Advisory, Integrated Logistics, Tech Solutions or Insurance Advisory.

+91 98796 13753 wealth@kunvarji.com www.kunvarji.com

# Leading From The Front

President
**Ajay Patel**

Sr. Vice President
**Sandeep P. Engineer**

Vice President
**Mihir. V. Patel**

★

Immediate Past President
**Pathik S. Patwari**

★

Hon. Secretary
**Apurva K. Shah**

Hon. Secretary (Regional)
**Prashant Patel**

Hon. Treasurer
**Gaurang Bhagat**

# Contents

1. 2024માં રૂપિયાની ચાલમાં પારા જેવી ચંચળતા જોવા મળે: ફિનરેક્સ ............6
2. મોટા કદના ઉદ્યોગો અને થ્રસ્ટ સેક્ટરની સબસિડી કઈ રીતે લઈ શકાય? .....10
3. કેમિકલનો બિઝનેસ કરો છો? કેમિકલ ખરીદતા તમારા ગ્રાહકને ઓળખીને બિઝનેસ કરો, નહીં તો ફસાશો ....................................................14
4. ભારતમાંથી રાતા સમુદ્રના માર્ગે થતી નિકાસમાં 7 ટકાનું ગાબડું પડી શકે .....18
5. ગુજરાત ગ્રીન હાઇડ્રોજનના પ્રોડક્શનનું પણ હબ બનશે .........................24
6. ગ્રીન હાઈડ્રોજન પેદા કરવાનો સૌથી સસ્તો વિકલ્પ મળી ગયો ..................28
7. રોજગારી પેદા કરતા MSMEનું ફલક જિલ્લા સ્તર સુધી વિસ્તારવાની નેમ ....34
8. વાઇબ્રન્ટ ગુજરાત: વિકસિત ભારતનો રોડમેપ રજૂ કર્યો .........................36
9. લાઇસન્સ લીધા વિના ટ્રાન્સમિશન લાઇન નાખવાની છૂટ આપી .................38
10. હવે ભારત વિશ્વના અર્થતંત્ર માટે ગ્રોથ એન્જિન બની ગયુ .......................40
11. Streamlining Success: Advancing the Indian Cotton and Textile Industry through a Uniform Regulatory Approach ..........................48
12. સ્ટાર્ટઅપ ઇન્વેસ્ટર્સની માર્ગદર્શિકા ................................................50
13. જંગલનાં વૃક્ષોની સંખ્યા ઘટાડતી પ્રોડક્ટ્સની આયાત યુરોપ અટકાવશે .......52
14. ભારતમાં હરણફાળ ભરી રહી છે ડ્રોન ઇન્ડસ્ટ્રી ..................................58
15. સફળતાનાં પાંચ સૂત્રો, ફોલો કરશો તો સફળતા તમને શોધતી આવશે ........62
16. સ્ટાર્ટઅપ્સમાં કોઈ ઇન્વેસ્ટર રોકાણ કરવા માટે ક્યારે તૈયાર થાય? ...........66
17. ગુજરાતના ઉદ્યમીઓ ઇનોવેટર્સને ટેકો આપવા આગળ આવે ....................72
18. Samadhan પોર્ટલ MSMEની ડિલે પેમેન્ટની અનેક સમસ્યાઓનું એક જ સમાધાન ......................................................76
19. GST રિટર્ન ફાઈલ કરતી વખતે શું ધ્યાન રાખવું? ક્યા સંજોગોમાં રેઇડ પડી શકે? ....................................................80
20. GCCI in Action ..........................................................88
21. Regional Chamber Activities ................................................ 100

Gujarat Chamber of Commerce & Industry,
Ashram Road, P. O. Box No. 4045,
Ahmedabad - 380 009.
Tel.: +91 79 26582301 / 2 / 3 / 4,
Email: gcci@gujaratchamber.org,
Web.: www.gujaratchamber.org

We welcome your feedback and suggestions.
Do write to us on :
bulletin@gujaratchamber.org

**Disclaimer:**
The articles contained in this publication represent the individual views and opinions of the writer and GCCI does not necessarily conform or share the same views with that of the writer. The article does not constitute comprehensive professional advice and is meant for information purposes only. The information, data and figures in the articles have been obtained or derived from sources believed to be reliable, but GCCI does not represent that this information is accurate or complete. Any opinions or estimates contained in the articles represent the views of the writer at that time and are subject to change without notice. Readers of this publication are advised to seek their own professional advice before taking any course of action or decision, for which they are entirely responsible. GCCI neither accepts nor assumes any responsibility or liability towards any reader of this publication in respect of the information obtained within this publication or for any decisions readers may take or decide not to take or fail to take, based on the contents of this publication.

# President Message



**Ajay Patel**

President, GCCI

Dear friends,

May the "Year AD 2024" bring you great prosperity in your Trade & Industry and happiness in the lives of yourself and family members.

The beginning of each New Year prompts us with renewed enthusiasm and greater conviction to pursue our dreams and aspirations with greater vigor. Propitiously, India too is on the brink of enormous, unprecedented success and I hope that keeping our eyes & ears open, our reflexes agile, we shall get hold of opportunities on our way and shall make best of them. Let me assure you that in your pursuit of excellence in Trade & Industry, GCCI will be with you all the way.

As we move forward through the year 2024, India is all set to emerge stronger than ever before with the support of transformative drivers like ever expanding consumer base, fast ascending middle class with their "Can Do" spirit, the rapid green transition that will bring in its wake many manufacturing opportunities, demographic dividend, our strong digital infrastructure and our inroads in the E-Commerce arena through ONDC platform that will help unorganized sector to fully avail the benefits of E-Commerce platform, greater access to finance and the pro-active Government at the helms of affairs all set to making India a 5 trillion dollar economy by the year 2027-28.

In fact, during last few years, despite the Covid'19 pandemic, Russia-Ukrain War etc. India has witnessed its economy making notable strides, thus emerging among the top five economies globally. We are also incidentally the fastest-growing large economy and if our growth-pace remain consistent then we may contribute 10 per cent of global growth during the year 2023-24.

In the midst of such propitious tailwinds, Gujarat is one state, fully equipped and determined to take greater economic strides during the year ahead.

The landmark 10th "Vibrant Gujarat Global Summit", the first of the "Amrutkaal Period" has set the ball rolling for Gujarat's successful & eventful year ahead. GCCI was privileged not only being the State Partner in this global summit, but supporting the Government in coordinating various events, in promoting the event and involving ourselves fully towards its scintillating success.

GCCI played important role in coordinating successful "MSME Conclave". The special focus of the conclave was rising MSME Sector across India and how to accelerate & facilitate it further within the state of Gujarat. We were privileged to have the presence of Hon'ble Minister of State for MSMEs, Government of Gujarat Shri Jagdishbhai Vishwakarma as the Key Note Speaker. The conclave was also graced by Hon'ble Chief Minister Shri Bhupendrabhai Patel, Hon'ble Minister for MSME, Government of India, Shri Narayan Tatu Rane, and Hon'ble Minister of Industries, Government of Gujarat Shri Balvantsinhji Rajput.

The seminar focused on the Key Themes of "MSME Ecosystem in India & Gujarat and way forward for MSMEs towards fulfilling the mission "Developed India @ 2047", as also how innovation & digitization could help MSMEs

grow exponentially as also what crucial role women entrepreneurs can play through MSMEs. Government appreciated our key role in making this conclave successful.

The 10th Vibrant Gujarat Global Summit was graced by the United Arab Emirates President Mohamed bin Zayed Al Nahyan, Mozambique President Filipe Jacinto Nyusi, Timor-Leste President Jose Ramos Horta, Czech Republic Prime Minister Petr Fiala, and heads of top Indian and foreign companies. Deputy Prime Minister of Vietnam, Tran Luu Quang, and more than 40 Minister-led delegations from different countries also participated with a total of 35 countries and 16 international organizations partnering for the event.

I as the president represented GCCI amongst the main dignitaries throughout the summit including Inaugural Ceremony in the presence of Hon'ble Prime Minister Shri Narendrabhai Modi as well as Vibrant Gujarat Global Trade Show and other important events.

The successful summit witnessed the MoUs inked for the staggering investments worth Rs. 26.33 lakh crore for 41,299 projects. What is noteworthy is the signing of various MoUs in the areas like semi-conductor industry, e-mobility, green hydrogen, renewable energy, Urban Development, Mineral, Chemicals, Petrochemicals, Animal Husbandry & Fishing, Oil & Gas, Agro & Food Processing, Textile & Apparel etc. More than 61000 delegates from 140 countries participated in the 10th Vibrant Gujarat Global Summit.

Cementing the theme of the summit i.e. "Gateway to the Future", one sentiment prevalent throughout the summit was that Gujarat is indeed the gateway to developed India. The sentiment was expressed by the speakers like Reliance Group Chairman Shri Mukeshbhai Ambani, Adani Group Chairman Shri Gautambhai Adani, Tata Group Chairman Shri N. Chandrasekaran, Zydus Group Chairman Shri Pankajbhai Patel, Chairman Emeritus, Torrent Group Shri Sudhirbhai Mehta, Chairman Welspun Group Shri B. K. Goenka, and other leading CEOs of various local and global conglomerates. Japanese automaker Suzuki Motors and UAE-based DP World announced investments for setting up new car factory and a mega port terminal and logistics facility in Gujarat.

Prior to the 10th Vibrant Gujarat Global Summit, our Hon'ble Prime Minister Shri Narendrabhai Modi also inaugurated magnificent Surat Diamond Bourse on Sunday, 17th December, 2023. On the occasion, he rightly mentioned about the propitious signs of the occasion that if Surat moves forward, Gujarat will move forward and if Gujarat moves forward then the country will move forward. The magnificence of Ultra-Modern Surat Diamond Bourse is the symbol of Gujarat's ambitions and capabilities. It showcases the abilities of Indian designs, designers, materials and concepts. It is the symbol of New India's capabilities and resolutions. Undoubtedly, Surat Diamond Bourse will enable us to secure highest possible share in "Gems & Jewelry" industry across the world. On the occasion Hon'ble Prime Minister also stressed the importance of the inauguration of a new airport terminal at Surat and the elevation of the status of Surat Airport as an International airport.

At this juncture, I once again wish to stress the importance of our concept of "Nominal Members" at GCCI. The idea is to bring Gujarat's exceptionally large unorganized sector into the main stream and bringing them all the benefits that GCCI can offer so that they not only grow exponentially but becoming the part of mainstream economy, their huge growth numbers are duly reflected in Gujarat's phenomenal growth story.

I am glad to share with you that our weekly series on Youtube i.e. "Gujart Udyog Jagat Ni Charcha" has proved to be very successful amongst our members and the larger audience. I profusely thank our valued speakers who shared their tips & ideas with the viewers during the episodes 13 through 20. I express deep gratitude to Shri Sanjay Raval, Motivational Speaker, Shri Mihir Joshi, President & CEO, GVFL, Dr. Anil Gupta, Founder, Honey Bee Network & Professor, IIM, Ahmedabad, Shri Arpit Kacholikya, & Shri Nitesh Jain, Founder & Managing Partner, N.J. Jain & Associates, Chartered Accountants for sharing their knowledge and views during these episodes. I am also thankful to our worthy sponsors who have extended their support in sponsoring this series.

We had a highly successful meeting with the theme "Gujarat – Global Positioning & Coordination for Indian Economy's 5 trillion $ Target" where excellent brainstorming took place and participating members came up with many innovative suggestions how Gujarat can contribute towards the "Mission 5 trillion". I congratulate Chairman Shri Sudhanshubhai Mehta and Co-Chairman Shri Jainik Vakil for spearheading the discussion and making this a truly worthwhile endeavour.

We had the privilege of welcoming H. E. Abdul Nasser Jamal Alshaali, Ambassador of UAE to India in our midst. Korean Delegation also visited us at GCCI. Similarly, H.E. Ambassador of Indonesia to India Ina H. Krishnamurthi also visited us. These meetings helped us explore possibilities of expanding trade & industry with these nations.

At GCCI, we have been consistently focused on MSMEs and Start Ups. Our GCCI-BOB MSME Help Desk, GCCI-SBI Export Import Help Desk and GCCI Defence Help Desk have been useful in offering assistance to MSMEs and Start Ups. We also successfully organized Startup Demo Day on Food Technology and Demo Day for Smart Manufacturing Technologies by our MSME, Startup & Innovative and Plastic Committees. Our MSME Committee, Youth Committee and International Trade Taskforce also successfully organized a seminar on opportunities for Gujarati Manufacturers to Export to USA. Equally successful was our Certificate Course on overview of Technical Textiles by Centre for Learning Committee. Our programme on "Understanding the Technology Used in Chandrayaan-3 & Aditya-L1 Mission" organized by Defence Taskforce also proved very interesting. Our NRG Taskforce organized NRI Marriage Awareness Seminar.

Our Youth Committee and Business Women Committee have been consistent in organizing quality projects like Box Cricket League, various Industrial Visits

and other projects.

Right since its inception, GCCI has been consistent in understanding queries & concerns of Trade & Industry community across Gujarat through our affiliated associations and our Regional Chambers. We then effectively representing them to relevant authorities to ensure that they are resolved to the benefit of trade and industry.

GCCI has always played proactive role to share our views with Government while they are in the process of formulating trade & industry related policies. Recently we submitted our suggestions for the upcoming New Textile Policy of Gujarat post expiry of existing Scheme for assistance to strengthen specific sectors in the Textile Value Chain.

In our commitment to fostering growth and development within the industry, we have diligently addressed various concerns affecting MSMEs. In addressing energy concerns, we suggested few changes to the Hon'ble Energy & Petrochemical Minister of the Government of Gujarat. Our suggestions included advocating for an increase in the LTMD connection limit from 100 KW to 150 KW. We also urged the issuance of an official circular stating that a separate room and air-conditioner are not mandatory for ABT meter installations. Additionally, we proposed allowing monthly banking for all renewable energy sources, including wind, solar, and hybrid projects.

Our efforts were rewarded with the successful issuance of a circular, affirming that a separate room and air-conditioner are not obligatory for ABT meter installations. Moreover, in the New renewable energy policy 2023 monthly banking of energy is allowed.

Turning our attention to financial concerns, we approached the Regional Director of the RBI with specific suggestions. Our suggestions encompassed the refund of loan processing fees on a pro-rata basis for the early closure of cash credit facility. Additionally, we advocated for the reimbursement of loan processing fees in the event that the loan facility is not approved. We also highlighted concerns of MSMEs to the Hon'ble Finance Minister, appealing for amnesty scheme regarding all indirect taxes from the pre-GST era.

In addressing the challenges faced by MSMEs, we approached the Industries Commissioner with a request for relief from earnest money deposit (EMD) and bank guarantee (BG) requirements in government tenders. We also submitted representations to the Hon'ble Industries and Mines Minister, seeking subsidy disbursement to MSMEs under the market development assistance policy.

As we take first determined steps into the year 2024, let's make sure that this New Year conclude for each of us on a triumphant note, physically, socially, spiritually and of course materially. Not only set the goals, but pursue them with utmost determination.

**Ajay Patel**
**President**

## નવા વર્ષમાં રૂપિયાની ચાલ કેવી રહેશે?

# 2024માં રૂપિયાની ચાલમાં પારા જેવી ચંચળતા જોવા મળેઃ ફિનરેક્સ

છેલ્લા ત્રણેક માસથી ભારતીય રૂપિયો અમેરિકી ડૉલર સામે રૂ. 83થી 83.40ની રેન્જમાં અથડાઈ રહ્યો છે. આ ગાળામાં રૂપિયામાં 10થી 15 પૈસાની રેન્જમાં જ વધઘટ જોવા મળી છે. આ રહ્યાં તેનાં કારણો. રિઝર્વ બૅન્ક સતત ડૉલરની ખરીદી કરતી આવી છે. તેની સાથે સાથે જ ડૉલરની સતત વેચવાલી પણ કરતી આવી છે. ફિનરેક્સના જ ચિંતન માસ્ટર કહે છે, “રિઝર્વ બૅન્ક રૂપિયાને નબળો પડવા દેતી નથી, તેમ જ મજબૂત પણ થવા દેતી નથી. રિઝર્વ બૅન્કનું આ મોનિટરિંગ ન હોત તો છેલ્લા ત્રણ જ



**લે. અનિલ ભણસાળી,**
**ફિનરેક્સ ટ્રેઝરી એડવાઇઝર એલએલપી**

મહિનામાં ભારતીય રૂપિયો આરામથી કદાચ રૂ. 82.50 કે 82.25ની રેન્જમાં આવી ગયો હોત. આમ રિઝર્વ બૅન્ક જ રૂપિયાના ભાવને અંકુશમાં રાખી રહી છે. નિકાસને વેગ મળે તે માટે રૂપિયાને નબળો રાખવાનો ભારત પ્રયાસ કરી રહ્યું હોવાનું જણાય છે. અત્યારે રૂપિયો મજબૂત બનવાની કગાર પર છે તે નિશ્ચિત છે.”

બીજી તરફ આઈપીઓ-પબ્લિક ઇશ્યુ, સેકન્ડરી માર્કેટ કે પછી ડેટ ઇન્સ્ટ્રુમેન્ટ્સના માધ્યમથી ભારતીય બજારમાં એફપીઆઈનાં નાણાં ઠલવાતાં રહ્યાં છે. રિઝર્વ બૅન્કે આ બધાં જ રોકાણોને સ્વીકારી લીધાં છે. પરિણામે ભારતનું ફૉરેક્સ રિઝર્વ વધીને 615 અબજ ડૉલરને આંબી ગયું છે. ત્રીજું, અમેરિકાની સરકાર વ્યાજના દરમાં સતત વધારો કરી રહી છે. અમેરિકાની સરકારે ક્યૂઈ-ક્વૉન્ટિટિટિવ ઈઝિંગનો અભિગમ એટલે કે અર્થતંત્રમાં નાણાંનો સપ્લાય આપ્યા જ કરવાનો અભિગમ બદલી નાખ્યો છે. પરિણામે અમેરિકાની સરકારે અગાઉ અર્થતંત્રમાં નાણાંનો પુરવઠો આપતાં રહીને ઊભી કરેલી પ્રવાહિતાને કારણે ઠલવાયેલા ડૉલર ફરીથી સરકારની તિજોરીમાં જવા માંડ્યા છે અને ડૉલરની શૉર્ટેજ-અછત ઊભી થવા માંડી છે. પરિણામે આફ્રિકા, દક્ષિણ અમેરિકાના દેશોમાં ડૉલરની અછત જોવા મળી રહી છે. તેમને આયાતનાં બિલ ચૂકવવામાં તકલીફ પડી રહી છે. ભારત પણ આ પ્રકારની સમસ્યાનો સામનો કરતું આવ્યું છે. જુદાં જુદાં કારણોસર રિઝર્વ બૅન્ક ડૉલર અને રૂપિયાની પ્રવાહિતા વધવા દેતી નથી તેથી સિસ્ટમમાં રોકડની અછત ઊભી થઈ રહી છે. તેથી જ જે વ્યક્તિ પાસે રોકડા ડૉલર છે તેમને 20થી 30 પૈસાનું પ્રીમિયમ મળી રહ્યું છે.

2023ના વર્ષમાં રશિયામાંથી કરવામાં આવેલી ક્રૂડની આયાતનાં નાણાં ચૂકવવા માટે પેટ્રોકેમિકલ્સના ક્ષેત્રની મોટી કંપનીઓ એટલે કે રિલાયન્સ અને નાયરા જેવી કંપનીઓએ રશિયાને રૂપિયામાં પેમેન્ટ કર્યાં, પરંતુ રશિયા તે 45,000 કરોડ રૂપિયાને જી-સેકમાં રોકીને વ્યાજની આવક કમાય છે. પરંતુ તે નાણાં વણવપરાયેલાં પડ્યાં રહેતાં હોવાથી તેનાં પેમેન્ટ ડૉલર કે અન્ય કરન્સીમાં કરવાની નોબત આવી છે. તેથી ઑઈલ કંપનીઓ ડૉલરની ખરીદી કરી રહી છે. તેને પરિણામે રશિયાના વોસ્ટ્રો અકાઉન્ટમાં મોટા રૂપિયા (ભારતીય ચલણ) જમા થઈ ગયા છે. સંભવતઃ તેનાં નાણાંનું ચુકવણું ચાઈનીઝ યુઆનમાં કરવામાં આવ્યું હોવાની સંભાવના છે. ભારત સરકાર ચાઈનીઝ કરન્સીમાં પેમેન્ટ કરવાનું પસંદ કરતી નથી. એક વાર યુઆનમાં પેમેન્ટ થાય તો ચીન તેની કરન્સીને ભારતના બજારમાં ઘુસાડી દે તેવી સંભાવના છે. ચીન મૅન્યુફૅક્ચરિંગ ગુડ્સમાં ભારતનું મોટું બિઝનેસ પાર્ટનર છે. તેથી યુઆનને ઘુસાડી દે તેવી શક્યતા છે. યુઆનને ચીન ડેપ્રિશિયેટ રાખી રહ્યું છે. તેને ડિમાન્ડ સપ્લાયના લેવલ પર નથી રાખતી. તેથી ચીનના રિઝર્વ કરન્સી સામેના સ્ટેટસ સામે સવાલ ઊભો થયો છે. તેમાં આર્ટિફિશિયલ બાયિંગ કરવાનું બંધ કરવાની ફરજ પડી છે. તેથી ભારતીય કરન્સીને એપ્રિશિયેટ કરવાની તક મળી છે. બીજી તરફ વેનેઝુએલાની ઑઈલ કંપનીએ ક્રૂડની નિકાસ ચાલુ કરી હોવાથી ઍડવાન્સ પેમેન્ટ કરવા માટે ઑઈલ કંપનીઓ ડૉલરની ખરીદી કરી રહી છે. 2024ના પહેલા છ માસમાં ભારતીય રૂપિયો ખાસ્સો મજબૂત થવાની ધારણા છે. છ માસમાં રાજકીય સ્થિરતા જળવાઈ રહેશે. વિદેશી રોકાણનો પ્રવાહ પણ જળવાઈ રહેશે. પાંચ રાજ્યોની ચૂંટણીનાં પરિણામો જાહેર થયા પછી 15000 કરોડનું ફંડ ઍગ્રી માર્કેટમાં આવી ગયું છે.

ઉપરાંત અમેરિકા અને યુરો ઝોનમાં વ્યાજનો દર ખાસ્સો ઊંચો હોવાથી યુરોપિયન સેન્ટ્રલ બૅન્કે ડૉલર છૂટા કરવા માંડ્યા છે. તેનાથી આયાતકારોનો



ફફડાટ વધી ગયો છે. તેથી આયાતકારોએ રોજબરોજના ધોરણે ટૂંકા ગાળાની જરૂરિયાતો પૂરી કરવા માટે ડૉલરની ખરીદી કરવાનું ચાલુ કરી દીધું છે. સરકારના દેવાઓ અને સંરક્ષણ ખર્ચનાં નાણાં ચૂકવવાનું ચાલી રહ્યું છે. માર્કેટમાં ડૉલરની એકમાત્ર સપ્લાયર રિઝર્વ બૅન્ક જ છે. નિકાસકારો ટૂંકા ગાળા માટે રોકડેથી જ વેપાર કરી રહ્યા છે. લાંબી મુદતના એટલે કે ત્રણ મહિનાથી વધુ સમયગાળા માટે ફૉર્વર્ડ કૉન્ટ્રાક્ટનું બુકિંગ થતું નથી. આગામી મે મહિના પૂર્વે જ લોકસભાની ચૂંટણી યોજાવાની છે. આપણું સીધું વિદેશી રોકાણ 20 બિલિયન ડૉલરથી ઘટીને 10 બિલિયન ડૉલર પર આવી ગયું છે. સરકાર પાછી ચૂંટાઈને આવશે કે નહીં તે અંગે સ્પષ્ટ ચિત્ર ઊભું થવાની વિદેશી રોકાણકારો રાહ જોઈ રહ્યા છે. બહુધા મોદી સરકાર ચૂંટાઈને જ આવશે તેવા નિર્દેશ મળી રહ્યા છે. ચૂંટણી આવે ત્યારે બીજી બધી બાબતો પરથી જે તે દેશો પોતાના દેશ પર જ ફોકસ કરે છે. ચૂંટણી પછી પ્રોફિટ સેલિંગ આવતાં ડૉલર પાછો મજબૂત બની શકે છે. ચૂંટણી પૂરી થાય ત્યાં સુધીમાં મોટા ભાગનું રોકાણ આવી ગયું હશે. તેમાંય ચોમાસું સારું જશે તો ઘી-કેળાં થઈ જશે.

**ફેડ રેટમાં કપાત**

અમેરિકાની મધ્યસ્થ બૅન્કની મળેલી છેલ્લી બેઠકમાં વ્યાજદરમાં કપાત કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. પરિણામે છ વાર વ્યાજદરમાં કપાત થશે તેવી માર્કેટની અપેક્ષા હતી, પરંતુ તેની સામે વ્યાજના દરમાં 2024ના વર્ષમાં ત્રણ વાર કપાત થાય તેવું જણાય છે. બીજી તરફ યુરોપિયન સેન્ટ્રલ બૅન્ક(ઇસીબી) અને બૅન્ક ઑફ ઇંગ્લૅન્ડ(બીઓઈ) હજીય આક્રમક અભિગમ અપનાવવાનું વલણ ધરાવી રહ્યા છે. ઉપરાંત ડૉલર ઇન્ડેક્સમાં અને અમેરિકાની દસ વર્ષની યિલ્ડ એટલે કે દસ વર્ષ માટેના રોકાણ પર મળતા વળતરમાં ઘટાડો થયો છે. હવે અમેરિકાએ ફુગાવાને અંકુશમાં લેવા પર ધ્યાન કેન્દ્રિત કરવાને બદલે વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો અભિગમ અપનાવ્યો હોવાથી ડૉલરમાં મંદીની અસર જોવા મળે તેવા નિર્દેશો મળી રહ્યા છે. અમેરિકાનો વિકાસદર ત્રીજા ત્રિમાસિક ગાળામાં 5.2 ટકા રહ્યો હતો તેનાથી ઘટીને સાવ જ બે ટકા કે તેનાથીય નીચે આવી જવાની ધારણા મૂકવામાં આવી રહી છે. પરિણામે આવતા વર્ષે મંદી જોવા મળે તેવી શક્યતાને પણ નકારી શકાતી નથી. આમ અમેરિકાની ફેડરલ બૅન્કે ફુગાવાને અંકુશમાં લેવાના ટાર્ગેટને પ્રાપ્ત કરી લીધો છે. હવે વિકાસને વેગ આપવા પર અમેરિકાની ફેડરલ બૅન્ક ફોકસ કરી રહી છે. પરિણામે વ્યાજના દરમાં ઘટાડો થશે અને વ્યાજના દર 2025-26ના વર્ષ સુધીમાં ઘટીને બે ટકાની સપાટીએ આવી જાય તેવી ધારણા છે. અમેરિકાની ચૂંટણી અત્યારે દૂર છે, પરંતુ તેને બાર મહિનાનો જ સમય બાકી છે.

**28મી જૂનથી ગ્લોબલ બૉન્ડનો સમાવેશ**

એક વર્ષના સમયગાળામાં અંદાજે 25 અબજ ડૉલરનું રોકાણ કરીને રોકાણકારો જેપીએમ બૉન્ડ ઇન્ડેક્સનો સમાવેશ કરવાનું શરૂ કરશે. રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયા રોકાણના આ પ્રવાહને ચોક્કસ સમાવી લેશે અને આ વખતે ભારતીય રૂપિયાને રૂ. 82થી 84ની રેન્જમાં રાખવામાં સફળતા મેળવશે તેમ જણાય છે. અમેરિકાનો ડૉલર ઇન્ડેક્સઃ

2024ના વર્ષમાં અમેરિકાનો ડૉલર ઇન્ડેક્સ સૉફ્ટ રહેવાની ધારણા મૂકવામાં આવી રહી છે, કારણ કે વ્યાજના દરમાં ઘટાડો થવાની સાઇકલ ચાલુ થવામાં છે. પરિણામે આગામી વર્ષની 24મી માર્ચ પછી ભારતીય રૂપિયો મજબૂત બનવા માટેનો અવકાશ ઊભો થશે.

બ્રેન્ટ ઑઈલઃ બ્રેન્ટ ક્રૂડના ભાવ ખાસ્સા નીચે આવી ગયા છે. પરિણામે ભારતની કરન્ટ અકાઉન્ટ ડેફિસિટ એટલે કે આયાતનાં બિલ અને નિકાસને કારણે થતી આવક વચ્ચેનો ગાળો ઓછો થશે. આ સ્થિતિ બીઓપી એટલે કે બૅલેન્સ ઑફ પેમેન્ટની






**રૂપિયાના ભાવને અસર કરતાં પરિબળો**

ભારતની લોકસભાની ચૂંટણીઃ 2014 અને 2019માં યોજાયેલી ચૂંટણી પૂર્વે રૂપિયો અંદાજે રૂ. 4 જેટલો મજબૂત બન્યો હોવાનું જોવા મળ્યું છે. તાજેતરમાં જ ભારતમાં પાંચ રાજ્યોની યોજાયેલી ચૂંટણીને લોકસભાની ચૂંટણી પૂર્વેની સેમિફાઈનલ તરીકે જોવામાં આવતી હતી. આ સેમિફાઈનલમાં 5માંથી 3 રાજ્યમાં ભાજપે ઝળહળતો વિજય મેળવ્યો છે. પરિણામે 2024ની લોકસભાની ચૂંટણી માટે ભાજપ હોટ ફેવરિટ બની ગયો છે. હવે સવાલ એ છે કે 2024ની ચૂંટણી પૂર્વે ભારતીય રૂપિયો ત્રણથી ચાર રૂપિયા જેટલો મજબૂત બનશે ખરો?

ચૂંટણી પૂર્વે રૂપિયો મજબૂત બને તો પણ ચૂંટણી પછી બમણી ગતિથી-ઝડપે રૂપિયો નબળો પડવાની શક્યતા જોવામાં આવી રહી છે. જોકે આ વરસે ભારતનાં ફંડામેન્ટલ્સ મજબૂત છે. તેથી ભારતમાં સીધું વિદેશી રોકાણ વધારે આવવાની સંભાવના છે. તેથી રૂપિયાને ઘસારો લાગવાની ગતિ થોડી ઓછી થઈ શકે છે. 2014 અને 2019ની ચૂંટણી પછીના કાળમાં રૂપિયો ગગડ્યો હતો તેટલી ઝડપથી 2024ની ચૂંટણી પછી ન ગગડે તેવી સંભાવના છે.

સ્થિતિમાં સુધારો થઈ શકે છે. એક તબક્કે એવો પણ વિચાર કરી શકાય કે આયાતનાં બિલ ચૂકવવાની જવાબદારી કરતાં નિકાસની આવક વધી જવાની સંભાવના છે. 2023-24ના વર્ષમાં કરન્ટ અકાઉન્ટ ડેફિસિટ અંકુશ હેઠળ રહેવાની ધારણા છે. 2022-22માં તેનું પ્રમાણ 2-બે ટકાનું રહ્યું હતું. આ વરસે તેમાં 20 બેઝિસ પૉઈન્ટ એટલે કે પૉઈન્ટ 20 ટકાનો સુધારો જોવા મળે તેવી સંભાવના છે.

**રૂપિયાનું પ્રીમિયમ**

અમેરિકાના એક વર્ષના વ્યાજ અને ભારતના એક વર્ષના વ્યાજદર વચ્ચે ગાળો હોવાથી આર્બિટ્રેજની તક છે. બીજા શબ્દોમાં કહીએ તો એક જગ્યાએથી રોકાણ બીજી જગ્યાએ શિફ્ટ કરવામાં ગાળો મળી રહે તેમ છે. તેમાં પ્રીમિયમ મળવાની સંભાવના રહેલી છે. ભારતની ટ્રેઝરીની એક વર્ષની યિલ્ડ-વળતર 7.17 ટકા છે. તેની સામે અમેરિકાના ટ્રેઝરી બિલની એક વર્ષની યિલ્ડ 4.95 ટકા છે. આમ બંને વચ્ચે ચોખ્ખો ગાળો 2.22 ટકાનો છે. આ ગાળાની સામે પ્રીમિયમ 1.75 ટકાનું છે. આમ 47 બેઝિસ પૉઈન્ટના આર્બિટ્રેજના ગાળાના તફાવતને ઓછો કરવા માટે પ્રીમિયમમાં વધારો થવાની શક્યતા જણાઈ રહી છે. પરિણામે હાજરના દરમાં ઘટાડો થાય તેવું જોવા મળી શકે છે.

ચીનની પરિસ્થિતિઃ ચીનનું અર્થતંત્ર ખાસ્સું મંદ પડી ગયું છે. ચીનમાં જતું સીધું વિદેશી રોકાણ અને એફપીઆર હવે વિયેટનામ અને ભારત તરફ ડાયવર્ટ થવા માંડ્યું છે.

**તારણ શું નીકળે છે**



અમેરિકી ડૉલર સામે ભારતીય રૂપિયો આગામી ત્રિમાસિક ગાળામાં રૂ. 82.50થી 82.00ની રેન્જમાં આવી શકે છે. દુનિયાનાં અર્થતંત્રોમાં સર્જાયેલી મંદીની સ્થિતિનો ઉપર ઉલ્લેખ કર્યો તેની અસર હેઠળ મોટાં ઈન્વેસ્ટમેન્ટ ભારત તરફ ડાયવર્ટ થતાં રૂપિયો મજબૂત બનવાની સંભાવના છે. નિકાસકારોએ અને આયાતકારોએ ફૉરેક્સ માર્કેટમાં અત્યારે જે પોઝિશન લીધી છે તે પોઝિશન વેચીને નીકળી જવાની અમે સલાહ આપી રહ્યા છીએ. તેની સાથે જ ઘટાડે બહુ જ નજીકની મુદત માટેના સોદાઓ કરવાનું સૂચન કરી રહ્યા છીએ. રૂપિયાનું ભાવિ કેવું છે?: યુદ્ધની ઘટી રહેલી શક્યતા, ફુગાવાના ઘટી રહેલા દર, વ્યાજના દરમાં ઘટાડો થવાની સંભાવના જેવો સંજોગો વચ્ચે 2024ના વર્ષને આવકારવામાં આવી રહ્યું છે. આ વર્ષમાં દરેક અસ્ક્યામતોના માર્કેટમાં નવી સ્થિતિ નિર્માણ થવાની આશા છે.

છેલ્લાં બે વર્ષમાં જુદી જુદી અસ્કયામતોના મૂલ્યમાં મોટી વધઘટ જોવા મળી છે. ક્રૂડના બેરલદીઠ ભાવ 14 વર્ષની 138 ડૉલરની મહત્તમ સપાટીથી ગગડીને 70 ડૉલરની સપાટીએ આવી ગયા છે. અમેરિકાના 10 વર્ષના બૉન્ડમાં 16 વર્ષમાં પહેલી વાર 5.2 ટકાનું વળતર છૂટ્યું છે. બીજી તરફ ગોલ્ડનો ભાવ ટ્રોય અંશ દીઠ 2146 ડૉલરના મથાળાને અને નિફ્ટી ઈન્ડેક્સ 21505ની સપાટીને વળોટી ગયો છે. 2023ના વર્ષમાં નવાં ઊભરવા માંડેલાં અર્થતંત્રોની તુલનામાં આ ગાળામાં ભારતીય રૂપિયામાં વધુ પડતી વધઘટ જોવા મળી નથી. ભારતના અર્થતંત્રને પ્રભાવિત કરતાં મોટાં મોટાં પરિબળોમાં સુધારો જોવા મળ્યો છે. અમેરિકાના ટ્રેઝરી બિલના ઈન્વેસ્ટમેન્ટ પર મળતું વળતર વધ્યું હોવા છતાંય ભારતીય અર્થતંત્રને પ્રભાવિત કરતાં પરિબળોમાં સુધારો જોવા મળ્યો છે. બીજી પા ડૉલર મજબૂત બન્યો છે. વૈશ્વિક ત્સુનામીનો સામનો કરવા ડૉલર સજ્જ છે.

**વિશ્વની મધ્યસ્થ બૅન્કો રેટકટ ચાલુ કરશે**

ફુગાવાનો દર ઘટી રહ્યો હોવાથી અને કૉમોડિટીના ભાવ નીચે જઈ રહ્યા હોવાથી દુનિયાના દેશોની મોટા ભાગની મધ્યસ્થ બૅન્કો 2023ના બીજા છમાસિક ગાળામાં વ્યાજના દરમાં કોઈ જ ઘટાડો કર્યો નથી. હવે એમ લાગી રહ્યું છે કે પરિસ્થિતિ અનુકૂળ રહેશે તો દરેક દેશની મધ્યસ્થ બૅન્કો વ્યાજના દર ઘટાડવાનું 2024માં ચાલુ કરી દેશે. હવે તેઓ ફુગાવાને અંકુશમાં લેવાને બદલે વિકાસ પર વધુ ફોકસ કરશે.

અમેરિકાની ફેડરલ ઓપન માર્કેટ કમિટીની નીતિ હેઠળ વ્યાજના દરમાં 2024ના પહેલા છમાસિક ગાળામાં જ ઘટાડો થવા માંડશે. 2024ના માર્ચ મહિનામાં 64 ટકાનો અને મે મહિનાં 56 ટકાનો ઘટાડો કરવામાં આવે તેવી સંભાવના છે. ભારતની મૉનિટરી પૉલિસી કમિટી પણ 2024-25ના બીજા અને ત્રીજા ત્રિમાસિક ગાળામાં વ્યાજના દરમાં ઘટાડો કરે તેવી સંભાવના છે. ગ્લોબલ બૉન્ડ ઈન્ડેક્સનો

**2024ની લોકસભાની ચૂંટણી માટે ભાજપ હોટ ફેવરિટ બની ગયો છે. હવે સવાલ એ છે કે 2024ની ચૂંટણી પૂર્વે ભારતીય રૂપિયો ત્રણથી ચાર રૂપિયા જેટલો મજબૂત બનશે ખરો? લોકસભાની છેલ્લી બે ચૂંટણી પૂર્વે રૂપિયો મજબૂત થયો હતો**

**વિશ્વના અન્ય દેશોના અર્થતંત્રની તુલનામાં ભારતના અર્થતંત્રના આંકડાઓ વધુ સંગીન છે. તેથી જી-20ના અન્ય દેશોના અર્થતંત્રોના પરફોર્મન્સ સામે ભારતના અર્થતંત્રનું પરફોર્મન્સ ઘણું જ સારુ રહેવાની ધારણા છે.**

સમાવેશ કરવામાં આવે તેવી સંભાવના છે. ગ્લોબલ બૉન્ડ ઇન્ડેક્સને દુનિયાભરના દેશો ટ્રેક કરે છે. ભારતીય ગવર્નમેન્ટ સિક્યોરિટીમાં નવા રોકાણનો આરંભ 28મી જૂન પછી થવાની સંભાવના છે. આ ઇન્ડેક્સના વેઇટટેજમાં 1 ટકાનો વધારો કરવામાં આવે તેવી સંભાવના છે. તેને કારણે 25થી 30 અબજ ડૉલરનું રોકાણ આવશે. ભારતના બ્લુમબર્ગના ફિક્સ્ડ ઇન્કમ ઇન્ડેક્સમાં અને એફટીએસઈ રશેલ ઇમર્જિંગ માર્કેટ ગ્લોબલ બૉન્ડ ઇન્ડેક્સમાં સમાવેશ કરવાની બાબતે વિચાર કરવામાં આવી રહ્યો છે. તેમ થાય તો ભારતમાં બીજું, 40થી 50 અબજ ડૉલરનું રોકાણ આવી શકે છે.

સતત આઠમે મહિને ભારત વિક્રમી 89ના સ્કોર સાથે એક સારામાં સારા અર્થતંત્ર તરીકે ચાર્ટમાં આઠમા ક્રમે રહ્યું છે. જીડીપી, પીએમઆઇ, નિકાસવૃદ્ધિની દૃષ્ટિએ ભારતનું અર્થતંત્ર શ્રેષ્ઠ છે. જોકે હજી સપ્ટેમ્બર માસના જીડીપીના અને અન્ય ડેટા ઉપલબ્ધ બન્યા નથી. ફિલિપિન્સ અને બ્રાઝિલ બીજા અને ત્રીજા ક્રમે છે. ક્રેડિટ રેટિંગ એજન્સી મૂડીઝે અમેરિકાના અર્થતંત્રને Aaa negative અને ભારતના અર્થતંત્રને Baa3 સ્ટેબલનું રેટિંગ આપ્યું છે. આ જ રીતે ફિચ અને સ્ટાન્ડર્ડ એન્ડ પુઅર ગ્લોબરે ભારતને બીબીબી સ્ટેબલ અને અમેરિકાને અનુક્રમે એએપ્લસ સ્ટેબલનું રેટિંગ આપ્યું છે. ઇમર્જિંગ માર્કેટના દેશોની તુલનાએ ભારતનો આર્થિક વિકાસ વધુ સ્થિર છે. તેથી એફપીઆઇ ભારતમાં રોકાણ કરવા તરફ વધુ આકર્ષાશે.

અમેરિકાના ફેડરલ પેન્શન ફંડે ઇન્ટરનેશનલ સ્ટૉક ઇન્વેસ્ટમેન્ટ માટેનો તેનો બેન્ચમાર્ક બદલ્યો હોવાથી ભારતમાં 3.6 અબજ ડૉલરનું રોકાણ આવે તેવી સંભાવના વધી છે. ડેટ માર્કેટમાં સતત ત્રણ વર્ષથી રોકાણ પાછું ખેંચાયા પછી 2023માં ભારતમાં 7.739 અબજ ડૉલરનું રોકાણ આવ્યું છે. વાર્ષિક ધોરણે જોવામાં આવે તો 19.376 અબજના નવા રોકાણ સામે જૂના રોકાણમાંથી 16.510 અબજ ડૉલર 2022માં પાછા ખેંચાયા છે. વિશ્વના અન્ય દેશોના અર્થતંત્રની તુલનામાં ભારતના અર્થતંત્રના આંકડાઓ વધુ સંગીન છે. તેથી જી-20ના અન્ય દેશોનાં અર્થતંત્રોના પરફોર્મન્સ સામે ભારતના અર્થતંત્રનું પરફોર્મન્સ ઘણું જ સારું રહેવાની ધારણા છે. સ્થાનિક ડિમાન્ડ વધતાં આ સુધારો જોવા મળશે. મોટા ભાગની ક્રેડિટ રેટિંગ એજન્સીઓ તેથી જ ભારતનું રેટિંગ સુધારવા માગે છે. રેટિંગ સુધરતાં ભારતમાં મૂડીરોકાણનો પ્રવાહ વધશે. ભારતમાં નાણાકીય ખાધ વધુ હોવા છતાંય આર્થિક સુધારાઓ સંગીન રીતે કરવામાં આવ્યા હોવાથી અને વૈશ્વિક મહામારીને હેન્ડલ બહુ જ સારી રીતે કરીને લિક્વિડિટી મૅનેજમેન્ટ સુપેરે કર્યું હોવાથી રેટિંગ એજન્સી ભારતને સારુ રેટિંગ આપશે.

### સોનામાં તેજી જોવાય



સોનું અત્યારે આંતરરાષ્ટ્રીય બજારમાં 2150 ડૉલરની સપાટીએ છે. 2024માં સોનું સુધરીને 2370 ડૉલરના મથાળાને આંબી જાય તેવી સંભાવના છે. સોનું ઘટીને 1900 ડૉલર અને તેનાથી નીચે 1800 તથા 1750 ડૉલર સુધી આવે તેવી સંભાવના છે. ડૉલર ઇન્ડેક્સમાં મંદી જોવા મળી શકે છે. ડૉલર ઇન્ડેક્સમાં 107.40ની સપાટીએ પ્રતિકાર આવતો જોવા મળી રહ્યો છે. તેની ઉપર 114.70 અને 120.5ની સપાટીએ પણ પ્રતિકાર જોવા મળી રહ્યો છે. 99.50ની સપાટીએ સાતત્યપૂર્ણ ટ્રેડિંગ ચાલુ છે. તેથી 93.30 અને 89.50ની સપાટીએ ટ્રેડિંગ કરવા માટેના દરવાજા ખૂલી જશે.



### નિફ્ટીમાં તેજી જોવા મળી શકે

નિફ્ટી ઇન્ડેક્સ 22,450ની સપાટીએ પ્રતિકાર દર્શાવે છએ. આ સપાટી વટાવી ગયા પછી નિફ્ટિ ઇન્ડેક્સ 24000 અને 25100નું મથાળું બતાવી શકે છે. નીચેની તરફ 19400એ ટેકો ધરાવે છે. તેનાથી નીચે 17,800 અને 16,850ની સપાટીએ ટેકો ધરાવે છે.

### કરન્ટ એકાઉન્ટ ડેફિસિટ ઘટશે

એપ્રિલ-જૂનના ત્રિમાસિક ગાળામાં ભારતની કરન્ટ અકાઉન્ડ ડેફિસિટ 7 ગણી વધીને 9.2 અબજ ડૉલર પર પહોંચી હતી, જે જીડીપીના 1.1 ટકા જેટલી થાય છે. તેના પહેલાંના ત્રિમાસિક ગાળામાં કરન્ટ અકાઉન્ટ ડેફિસિટ જીડીપીના 0.2 ટકા એટલે કે 1.3 અબજ ડૉલરની હતી. છતાં 2024માં બૅલેન્સ ઑફ પેમેન્ટની સ્થિતિ બે ટકાની કરન્ટ અકાઉન્ટ ડેફિસિટ અને 2025-26માં 1.7થી 1.8 ટકાની કરન્ટ અકાઉન્ટ ડેફિસિટ રહેવાની સંભાવના છે. 2022-23માં બૅલેન્સ ઑફ પેમેન્ટની 2 ટકાની ખાધ હતી તે સુધરીને 1.8 ટકા પર આવતાં સુધારો જોવા મળી શકે છે. ચીન અને અમેરિકાની ડિમાન્ડ ઘટતાં બ્રેન્ટ ક્રૂડના બેરલદીઠ ભાવ 138 ડૉલરની ઊંચી સપાટીએથી ઘટીને 70 ડૉલરની સપાટીએ આવી ગયા છે, પરંતુ રેટ કટ એટલે કે વ્યાજના દરમાં ઘટાડો થયા પછી 2024ના અંતિમ ચરણમાં ક્રૂડના ભાવ વધીને 100 ડૉલરની સપાટીને વળોટી જાય તેવી સંભાવના છે. ચીનનું અર્થતંત્ર મંદ પડી રહ્યું છે. કોવિડ પછી ચીનના પ્રૉપર્ટી માર્કેટમાં ક્રાઇસિસ આવતાં અને ધીમી રિકવરી જોવા મળતાં ચીનનું અર્થતંત્ર મંદ પડ્યું છે. જોકે ચીને સ્ટિમ્યુલસ પૅકેજ જાહેર કરતાં ખર્ચ વધ્યા છે તેથી ચીનના અર્થતંત્રની સંગીનતા વધી છે. 2024ના પહેલા છ માસમાં આ સંગીનતા વધતી જ રહેશે. છતાં બાંધકામ ઉદ્યોગને વેગ આપવા માટેનાં પગલાં ચીન નહીં લે તો ઘટાડો ચાલુ જ રહેશે અને બીજા છમાસિક ગાળામાં રિકવરી મંદ પડશે.

ચીને ભાવ ઘટાડતાં ચીનની નિકાસ વિક્રમી સપાટીએ પહોંચી છે, પરંતુ ડિમાન્ડ વધારવાનો આ ટકાઉ વિકલ્પ નથી. 2024માં ચીનની નિકાસમાં ઘટાડો જોવા મળી શકે છે. ડૉલર થોડો નબળો પડ્યો હોવાથી ચીને રાહતનો શ્વાસ લીધો છે. 2024ની મધ્યમાં બીજા રેટકટની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. ત્યાર બાદ ચીનનું અર્થતંત્ર 6 ટકાના દરે વિકસતું જોવા મળી શકે છે.

### અમેરિકી બૉન્ડનાં વળતર ઘટશે

અમેરિકાના દસ વર્ષના બૉન્ડમાં અત્યારે મળતું વળતર ઘટશે. અમેરિકાના બૉન્ડ 3.30ની સપાટીએ મજબૂત ટેકો ધરાવે છે. તેનાથી નીચે આવે તો તે 2.40ની સપાટીએ અને ત્યાર બાદ 2.10ની સપાટી સુધી નીચે આવી શકે છે. દસ વર્ષના બૉન્ડમાં મુખ્ય પ્રતિકાર 5.00ની ઉપરની સપાટીએ જોવા મળી રહ્યો છે. તેની ઉપર 5.55 અને તેનાથી ઉપર 5.95 અને તેનાથીય આગળ 6.40ની સપાટીએ પ્રતિકાર જોવા મળી રહ્યો છે.



## આત્મનિર્ભર ગુજરાતની યોજના હેઠળ

# મોટા કદના ઉધોગો અને થ્રસ્ટ સેક્ટરની સબસિડી કઈ રીતે લઈ શકાય?

કોઈ પણ રાજ્યના વિકાસમાં મોટા ઉદ્યોગો મોટો ભાગ ભજવે છે. તેઓ મોટા પાયે રોજગારી ઊભી કરે છે અને સાથો સાથ દેશની જીડીપીમાં પણ તેમનો મોટો ફાળો હોય છે. મોટા કદના ઉદ્યોગો અને થ્રસ્ટ સેક્ટરના વિકાસ થકી આત્મનિર્ભર ભારતનું સપનું સાકાર કરવા માટે ગુજરાત સરકાર પ્રયત્ન કરી રહી છે. આ માટે સરકાર દ્વારા ખાસ યોજના પણ બહાર પાડવામાં આવી છે. આ યોજના અંતર્ગત મોટા કદના અને થ્રસ્ટ સેક્ટરમાં આવતા ઉદ્યોગોને ઘણો લાભ મળશે.



હેતલ શાહ,
ચાર્ટડ એકાઉન્ટન્ટ

આ યોજના અંગે વાત કરતા સી.એ હેતલ શાહે જણાવ્યું કે, “પ્લાન્ટ અને મશીનરીમાં રોકાણ રૂ. 250 કરોડથી વધારે હશે તો ઉદ્યોગ સાહસિક ટર્મ લોન પર વ્યાજ સહાય તથા GST, EPF અને વીજ શુલ્કમાં લાભ મળે છે. જો કે GST સબસિડી માટે સરકારે એક શરત રાખી છે કે ઉદ્યોગ સાહસિકે NET અને SGST જમા કરાવ્યો હશે તો તેના આધારે જ GSTની સબસિડી મળશે.”

આત્મનિર્ભર ગુજરાત યોજનાનો લાભ કયા ઉદ્યોગો મેળવી શકે તેના માટે મોટા કદના ઔદ્યોગિક એકમો એટલે કે લાર્જ ઈન્ડસ્ટ્રીઝ અને

### નીચે આપેલા મૅન્યુફૅક્ચરિંગ સેક્ટરને થ્રસ્ટ સેકટર કરીકે ઓળખવામાં આવે છે.

| Sr. No | Sector | Sub-Sector |
|---|---|---|
| 1 | Green Energy Eco system | Green Hydrogen/Green Ammonia<br>Electrolyser<br>Renewable energy equipment<br>Battery storage<br>Fuel Cells |
| 2. | mobility | Aviation related manufacturing Electric vehicles Auto or Auto components<br>Space related Manufacturing |
| 3. | Capital Equipment | Electrical Machinery and/or equipment<br>Industrial Machinery and/or equipment<br>Telecom related Machinery and/or equipment<br>Telecom related Machinery and/or equipment |
| 4. | Metals & minerals | Metals<br>Mineral Processing<br>Ceramics |
| 5. | Textile & Apparel | Textile<br>Technical Textiles<br>Apparel & Garments |
| 6. | Sustian ability | Municipal Solid/Liquid Waste recycling equipment Manufacturing |
| 7. | Agro Processing | Agro and Food Processing |
| 8. | Gems & Jewellery | Gems and Jewellery including lab Grown Diamonds |
| 9. | Health Care | Pharmaceuticals and/& APIS*<br>Medical devices |

થ્રસ્ટ સેક્ટરની પરિભાષા સમજવી જરૂરી છે. મોટા કદના ઔદ્યોગિક એકમો એટલે એવા એકમો જેમાં પ્લાન્ટ અને મશીનરીમાં કરવામાં આવેલ નિશ્ચિત મૂડી રોકાણ રૂ. 50 કરોડથી વધુનું હોય. તેના માટે IEM એટલે કે ઈન્ડસ્ટ્રીયલ આંત્રપ્રોન્યોર્સ મેમોરેન્ડમ (ઔદ્યોગ સાહસિક મેમોરેન્ડમ) ફાઈલ કરવું પણ જરૂરી છે. આ ઉપરાંત તેમણે ભારત સરકાર દ્વારા નિર્ધારિત લાયસન્સ અથવા પરવાનગી મેળવેલી હોવી જોઈએ. થ્રસ્ટ સેક્ટર એટલે એવું ક્ષેત્ર જેમાં વિકાસની ભરપૂર સંભાવના છે પરંતુ વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મકતા માટે વધારાના સમર્થનની જરૂર છે.

(Large Industries) મોટા કદના ઔદ્યોગિક એટલે એવા ઔદ્યોગિક એકમો છે જેમાં પ્લાન્ટ અને મશીનરીમાં કરવામાં આવેલ નિશ્ચિત મૂડી રોકાણ 50 કરોડથી વધુ હોય અને જેના માટે ઔદ્યોગિક સાહસિક મેમો રેન્ડમ (Industrial Entrepreneurs Memorandum-IEM) ફાઈલ કરવામાં આવ્યુ હોય અથવા ભારત સરકાર દ્વારા નિર્ધારિત અન્ય કોઈ પણ લાઈસન્સ અથવા પરવાનગી મેળવવામાં આવી હોય

થ્રસ્ટ સેક્ટર એટલેકે જે ક્ષેત્રોમાં સૌથી વધુ સંભવિત ક્ષેત્ર છે અને તેને વૈશ્વિ સ્પર્ધાત્મકતા માટે ઉપલબ્ધ કરાવવા માટે વધારાના સમર્થનની જરુર છે.

જો કોઈ પ્રોજેક્ટ એક કરતાં વધુ તાલુકાની ભૌગોલિક મર્યાદામાં આવેલાં હોય તો જે તાલુકામાં પ્રોજેક્ટ જમીન વિસ્તારની સૌથી વધુ ટકાવારી ધરાવતો હોય તે તાલુકાને યોજના હોઠળ તાલુકાની શ્રેણી તરીકે ગણવામાં આવે છે.

| | |
|---|---|
| 1. કુલ મૂડીરોકાણ રૂપિયા 1000 કરોડ | ઉત્પાદન શરૂ થયાની તારીખથી 18 મહિના |
| 2. કુલ મૂડીરોકાણ રૂપિયા 1000 કરોડથી વધુ | ઉત્પાદન શરૂ થયાની તારીખથી 24 મહિના |

## થ્રસ્ટ સેકટરના મોટા કદના ઉધોગોને વ્યાજ સહાય

| તાલુકાની કેટેગરી | સહાયની મર્યાદા | વર્ષ | વાર્ષિક મહત્તમ સહાય |
|---|---|---|---|
| 1. | મુદતી ધિરાણના 7% 10 | | EFCIના 1.2% |
| 1. | મુદતી ધિરાણના 7% 10 | | EFCIના 1% |
| 3. | મુદતી ધિરાણના 7% 6 | | EFCIના 1% |

## જનરલ સેક્ટરના મોટા કદના ઉધોગોને વ્યાજ સહાય

| તાલુકાની કેટેગરી | સહાયની મર્યાદા | વર્ષ | વાર્ષિક મહત્તમ સહાય |
|---|---|---|---|
| 1. | મુદતી ધિરાણના 7% | 10 | EFCIના 1% |
| 2. | મુદતી ધિરાણના 7% | 8 | EFCIના 1% |
| 3. | મુદતી ધિરાણના 7% | 6 | EFCIના 1% |



અમદાવાદ,ભાવનગર,ગાંધીનગર,જામનગર,જુનાગઢ,રાજકોટ,સુરત અને વડોદરાની મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં સ્થિત ઔદ્યોગિક એકમો આ યોજના હેઠળ સબસિડી મેળવાપાત્ર રહેશે નહી.

ભારતમાં આવેલ બધા જ યુનિટનું કુલ પ્લાન્ટ મશીનરીમાં ગ્રોસ ઈન્વેસ્ટમેન્ટ જો રૂપિયા 50 કરોડથી વધુ હોય તો તેવા મોટા કદના ઉદ્યોગો (Large Industry) આ યોજના હેઠળ સબસિડી મેળવવાપાત્ર છે.

સી.એ હેતલ શાહ જણાવે છે કે GST ACT મુજબ ટ્રેડિંગ અને મેન્યુફેકચરિંગ એક્ટિવિટી એક જ સ્થાન પરથી કરતા એકમોને અલગ GST નંબર માટે પરવાનગી આપવામાં આવતી નથી. તેથી ટ્રેડિંગ એક્ટિવિટી અને મેન્યુફેકચરિંગ એક્ટિવિટીના હિસાબો અલગ રાખવામાં આવે છે.

આ ઠરાવ હેઠળ પ્રોત્સાહન પાત્ર બનવા માટે મોટા કદના ઔદ્યોગિક એકમે યોજનાના કાર્યકારી સમયગાળા દરમિયાન ઉત્પાદન શરુ કર્યું હોવું જોઈએ.

હેતલ શાહ કહે છે કે મોટા કદના ઔદ્યોગિક જનરલ સેક્ટરમાં આવતા એકમોએ લીધેલ ટર્મ લોન પર વ્યાજ સહાય મળવાપાત્ર છે. તાલુકાની કૅટેગરીમાં મહત્તમ EFCIના 1% સુધી 10 વર્ષ માટે ટર્મલોન પર 7% વ્યાજ સહાય મળવા પાત્ર છે. તાલુકાની કૅટેગરી 2માં મહત્તમ EFCIનાં 1% સુધી 18 વર્ષ માટે ટર્મલોન પર 7% વ્યાજ સહાય મળવા પાત્ર છે. જ્યારે તાલુકા કૅટેગરી 3માં EFCIનાં 1% સુધી 6 વર્ષ માટે ટર્મલોન પર 7% વ્યાજ સહાય મળવાપાત્ર છે.

જ્યારે મોટા કદના ઔદ્યોગિક એકમો જે થ્રસ્ટ સેક્ટરમાં આતા હોય તેમને કૅટેગરી 1માં મહત્તમ EFCIના 1.2% સુધી 10 વર્ષ માટે ટર્મલોનનાં 7% વ્યાજ સહાય મળવાપાત્ર છે. જ્યારે કૅટેગરી 2 અને કૅટેગરી 3માં જનરલ અને થ્રસ્ટ એમ બંને સેક્ટરમાં સરખો લાભ આપવામાં આવેલ છે. કૅટેગરી 2માં મહત્તમ EFCIના 1% સુધી 8 વર્ષ માટે ટર્મ લોન પર 7% વ્યાજ સહાય અને કૅટેગરી 3માં મહત્તમ EFCI નાં 1% સુધી 6 વર્ષ માટે ટર્મ લોન પર 7% વ્યાજ સહાય મળવાપાત્ર છે.

મોટા કદના ઔદ્યોગિક એકમો દ્વારા PEC

અથવા FECનું પ્રમાણપત્ર મેળવ્યા પછી જ વ્યાજ સહાય માટે Claim કરી શકાશે. ઉદાહરણ તરીકે, મોટા ઔદ્યોગિક એકમ નાખવા ઈચ્છતી વ્યક્તિએ રૂ. 60 કરોડનું મૂડી રોકાણ કરેલ હોય અને તેમાં રૂપિયા 45 લોન કરોડની કરેલ હોય અને તે એકમ તાલુકા કૅટેગરી 3માં જનરલ સેક્ટરમાં આવતું હોય તો વ્યાજ સહાય પેટે રૂ. 2.70 કરોડનો લાભ મળશે.

મોટા કદનાં ઐદ્યોગિક એકમોને જમા કરાવેલ SGSTનાં આધારે SGST Remibursementની સહાય મળવા પાત્ર છે. જનરલ સેક્ટરમાં આવતા મોટા કદનાં ઐદ્યોગિક એકમોને નીચે પ્રમાણે લાભ મળશે.

તાલુકા કૅટેગરી 1માં એક વર્ષમાં EFCIનાં 7.5%સુધી 10 વર્ષ માટે 100% નેટ SGST મળશે.

તાલુકા કૅટેગરી 2માં એક વર્ષમાં EFCIનાં 6.5%થી 10 વર્ષ માટે 90% નેટ SGST મળશે.

તાલુકા કૅટેગરી 3માં એક વર્ષમાં EFCIનાં 5% સુધી 10 વર્ષ માટે 80% નેટ SGST મળશે.

મોટા કદનાં ઔદ્યોગિક એકમો જે થ્રસ્ટ સેક્ટરમાં આવે છે એવા એકમોને જનરલ સેક્ટર કરતાં 0.5% EFCIથી વધારે લાભ મળશે. થ્રસ્ટ સેક્ટરનાં એકમોને નીચે પ્રમાણે લાભ મળશે.

કૅટેગરી 1માં EFCIનાં 8% (વાર્ષિક) સુધી 10 વર્ષમાંટ 100% નેટ SGST મળશે.

કૅટેગરી 2માં EFCIનાં 7% (વાર્ષિક) સુધી 10 વર્ષમાંટ 90% નેટ SGST મળશે.

કૅટેગરી 2માં EFCIનાં 5.5%(વાર્ષિક) સુધી 10 વર્ષમાંટ 80% નેટ SGST મળશે.

ઉત્પાદન ચાલુ થયાની તારીખથી 10 વર્ષ સુધી Net SGSTનો લાભ મળશે આ લાભ માત્ર વસ્તુના ઉત્પાદન કરતાં એકમોને જ મળવાપાત્ર છે. વસ્તુનું પુનઃવેચાણ કરનારા એકમોને આ લાભ મળવાપાત્ર નથી. Industries Commissinor દ્વારા આ વળતર Qurterly Net SGST પ્રમાણે આપવામાં આવશે. મોટા કદના ઔદ્યોગિક અકમો જે તાલુકા કૅટેગરીમાં આવતા હોય તેમને જમા કરાવેલી અને ITC લીધા પછીની સરકારની તિજેરીમાં બચતી GSTની રકમના 80% અથવા તો એલિજિબલ કેપિટલ ઈન્વેસ્ટમેન્ટના 5% પ્રમાણેની સબસિડી વર્ષિક ધોરણે મળે છે. આ ધોરણે ગણતરી માંડવામાં આવે તો તે યુનિટને દસ વર્ષને અંતે રૂપિયા 5 કરોડની સબસિડી મળવાપાત્ર થાય છે. ગુજરાતના ઉદ્યોગોને આત્મનિર્ભર બનાવવા માટે જાહેર કરવામાં આવેલી નીતિ હેઠળ અન્ય લાભ પણ આપવામાં આવે છે.તેમને EPF એટલે કે એમ્પ્લોયી પ્રોવિડન્ટ ફંડની સહાય પણ આપવામાં આવે છે. નવા ઉદ્યોગ સાહસિકના એકમ દ્વારા એમ્પ્લોયી પ્રોવિડન્ડ ફંડની ચૂકવણી કરવામાં આવે છે. આ એકમોને નવા કર્મચારીના 100% EPFની ચૂકવણીનો લાભ મળે છે. 12% કર્મચારીઓનું પ્રથમિક વેતન ઉપરાંત મોંઘવારી ભથ્થુ અથવા તો માસિક રૈપિયા 1800 બેમાંથી જે ઓછું હોય તે સરકાર દ્વારા આપવામાં આવે છે.

**મોટા કદની ઇન્ડસ્ટ્રીઝ (ઉદ્યોગો)ને લાભ મેળવવા શું પ્રોસેસ કરવી પડે?**

1. મોટા કદના એકમોને લાભ લેવા માટે આ પૉલિસી અન્વયે રજિસ્ટ્રેશન માટે અરજી કરવાની રહેશે.

2. સરકારશ્રી દ્વારા આ અરજી માન્ય રાખ્યા બાદ પ્રોવિઝનલ અને ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ માટે અરજી કરવાની રહેશે.

3. ડૉક્યુમેન્ટની ચકાસણી કર્યા પછી પાત્રતા જણાય તો એલિજિબિલિટી સર્ટિફિકેટ આપવામાં આવશે.

4. આ સર્ટિફિકેટ મળ્યા પછી વ્યાજ, જીએસટી સહાય માટે ક્લેઇમ જે તે કચેરીમાં રજૂ કરવાના રહેશે.

આ પુરાવાઓની ચકાસણી કરી લીધા પછી મળવાપાત્ર સબસિડીની રકમ જે તે વિભાગને ગ્રાન્ટની રકમ મળે ત્યારે ઉદ્યોગોને ચૂકવવામાં આવશે.



## જનરલ સેક્ટરમાં Net SGST સામે મળવાપાત્ર સહાય

| તાલુકાની કૅટેગરી | સહાયની મર્યાદા વર્ષ | વાર્ષિક | મહત્તમ સહાય |
|---|---|---|---|
| 1. | જમા કરાવેલા Net SGSTના 100% | 10 | વાર્ષિક 7.5% |
| 2. | જમા કરાવેલા Net SGSTના 90% | 10 | વાર્ષિક 6.5% |
| 3. | જમા કરાવેલા Net SGSTના 80% | 10 | વાર્ષિક 5% |

## થ્રસ્ટ સેક્ટરમાં Net SGST સામે મળવાપાત્ર સહાય

| તાલુકાની કૅટેગરી | સહાયની મર્યાદા | વર્ષ | વાર્ષિક મહત્તમ સહાય |
|---|---|---|---|
| 1. | જમા કરાવેલા Net SGSTના 100% | 10 | વાર્ષિક 8% |
| 2. | જમા કરાવેલા Net SGSTના 90% | 10 | વાર્ષિક 7% |
| 3. | જમા કરાવેલા Net SGSTના 80% | 10 | વાર્ષિક 5.5% |

# SYNERGIZED TO TRIGGER REVOLUTION IN TOURISM INDUSTRY

not just a business, but a philosophy
FLAMINGO transworld pvt. ltd.

**SANJAY SHAH**
MANAGING DIRECTOR



CK TRAVELS

**SANJEEV CHHAJER**
DIRECTOR

## SUMMER HOLIDAYS 2024 BOOKINGS OPEN!

- Book Now for Big Savings.
- Discover Unbeatable Deals Across the Globe - USA, Canada, Japan, Europe, Australia, New Zealand, Scandinavian countries, South Africa & many more.
- Pure Vegetarian & Jain Departures with a few Exclusive Maharaj Tours.

Group tours | Jain tours | Customized tours | Tours With Maharaj

Feel Academy

C.G. Road | Nikol | Chandkheda | Bodakdev | Ambawadi | Gandhinagar
+91 98250 81806 | www.flamingotravels.co.in

Medi Flam

## technoville consultants

**Your Growth Catalyst!**
The Creative Push For Your Digital Presence

**OUR SERVICES**
Some of the ways in which We Can Help You

- Web & Software Development
- Digital Marketing & Paid Ads
- Search Engine optimization
- Accounting & Assistance

www.thetechnoville.com | +91 98250 59375

## Flamingo EDUCARE
Empowering Ambitions

**Study ABROAD**

OUR SERVICES
TESTS COACHING | CAREER GUIDANCE | STUDENT VISA EXPERTS

**IELTS | GRE | SAT | PTE PREPARATION**

USA | UK | Paris | Australia | Ireland | Canada | Germany

+91 63518 99088 | www.flamingoeducare.com

# કેમિકલનો બિઝનેસ કરો છો?

# કેમિકલ ખરીદતા તમારા ગ્રાહકને ઓળખીને બિઝનેસ કરો, નહીં તો ફસાશો

### ઘટના 1

સાતમી જાન્યુઆરીએ ગુજરાતમાં ભરૂચ પાસે આવેલી ઝઘડિયા જીઆઇડીસીમાં આવેલી ટેન્જન્ટ સાયન્સ પ્રાઇવેટ લિમિટેડના ટેન્કરમાં બ્લાસ્ટ થતાં ગેસ લીકેજ થયો હતો. ગેસની અસર થતાં લથડી પડેલા ચાર કામદારોને સારવાર માટે હૉસ્પિટલમાં ઍડમિટ કરવાની ફરજ પડી હતી તેમ જ ગૅસ ચોમેર ફેલાઈ જતાં આજુબાજુના વિસ્તારમાં વસતા લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી હતી. પરિણામે મામલતદાર, પોલીસ અને જીપીસીબીની ટીમના અધિકારીઓએ ઘટનાસ્થળે દોડી જવું પડ્યું હતું.



### ઘટના 2

છ જાન્યુઆરીએ વલસાડ જિલ્લામાં આવેલી સરીગામ જીઆઇડીસીમાં ઑઇલ બનાવતી કંપનીમાં ભીષણ આગ લાગતાં તેમાં બે મહિલા અને પાંચ કામદારો દાઝી ગયાં હતાં. આગને બુઝાવવા સરીગામ, ઉમરગામ-વાપી ત્રણેયની ફાઇર ફાઇટરની ટીમે દોડવું પડ્યું હતું. સરીગામ જીઆઇડીસીના એન્જિનિયરિંગ ઝોનમાં આવેલી ઑઇલ કેમ ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડમાં આ ઘટના બની હતી.



### ઘટના 3

ભરૂચ જિલ્લાના સાયખા કેમિકલ ઝોનમાં કેમઝોન કંપનીમાં ગુરુવાર, પાંચમી જાન્યુઆરીએ બપોરે વિયાન કેમઝોન કંપનીના પ્રોડક્શન પ્લાન્ટમાં રિઍક્ટર સફાઈ કરવા ઊતરેલા કામદારનું મોત નીપજ્યું હતું. રિઍક્ટર સાફ કરવા માટે અંદર ઊતરેલા 20 વર્ષના સોનુકુમાર ગયાપ્રસાદનું મોત નીપજ્યું હતું, જ્યારે જયદીપ જયંતી રૈયાણી તથા પ્રવીણ યાદવ રિઍક્ટરના ગૅસની ગંધથી બેભાન થઈ ગયા હતા. બંનેને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા.



કેમિકલ અને ફાર્માસ્યુટિકલ્સ ઉદ્યોગનું હબ ગણાય છે ગુજરાત. ભારતમાંથી કેમિકલ્સ-ડાયકેમ અને ફાર્મા પ્રોડક્ટ્સની થતી કુલ નિકાસમાંથી 60 ટકા નિકાસ એકલા ગુજરાતમાંથી જ થાય છે. કેમિકલ ઉદ્યોગની જ વાત કરવામાં આવે તો માત્ર અમદાવાદ અને તેના પરિસરમાં કેમિકલ્સ અને ડાયસ્ટફના ઉત્પાદન સાથે સંકળાયેલા 1500થી વધુ એકમ છે. તેમનું સરેરાશ ટર્નઓવર અંદાજે રૂ. 12,000 કરોડનું છે. અમદાવાદની બહાર ગણીએ તો વડોદરા, અંકલેશ્વર, ઝઘડિયા, સાયખા, વાપી, સરીગામમાં મળીને કેમિકલ્સ અને ડાયસ્ટફના અંદાજે 11,000 એકમો છે. આ એકમોનું કુલ ટર્નઓવર અંદાજે રૂ. 40,000 કરોડથી વધારેનું છે. આમ સમગ્ર ગુજરાતમાંથી કેમિકલ્સનો અંદાજે રૂ. 52,000થી 55,000 કરોડનો વેપાર થાય છે. તેમાં નિકાસ કરાતા કેમિકલ્સની આવકનો પણ સમાવેશ થઈ જાય છે. અમદાવાદના વટવામાં આવેલી ડાયસ્ટફની કંપની જામ્બિકેમના પ્રમોટર અને કેમેક્સિલના ગુજરાત ચૅપ્ટરના પ્રમુખ ભૂપેન્દ્ર પટેલ કહે છે, "ગુજરાતમાંથી વરસેદહાડે અંદાજે રૂ. 35,000 કરોડથી વધુના મૂલ્યનાનાં કેમિકલ્સ અને ડાયસ્ટફની નિકાસ થાય છે."

કેમિકલ અને ડાયસ્ટફના ઉત્પાદનમાં ડગલે ને પગલે જોખમ છે. ફૅક્ટરીમાં અને ફૅક્ટરીની બહાર માલ ટ્રાન્સપોર્ટેશનથી મોકલવામાં આવે ત્યારે પણ જીવંત બૉમ્બ બહાર ફરવા નીકળ્યો હોય તેવી સ્થિતિ નિર્માણ થાય છે. તેથી જ કેમિકલ્સના ટ્રાન્સપોર્ટેશનમાં પૂરતી કાળજી રાખવી જરૂરી બની ગઈ છે. ઘન કેમિકલ્સના ટ્રાન્સપોર્ટેશનની અલગ ટ્રક હોવી જોઈએ, પરંતુ તે રીતે ટ્રાન્સપોર્ટ કરાય છે કે નહીં તે એક મોટો સવાલ છે. કેમેક્સિલના ગુજરાત રિજ્યનના પ્રમુખ ભૂપેન્દ્ર પટેલ કહે છે, "અત્યારે સામાન્ય કેમિકલના ટ્રાન્સપોર્ટેશન માટે અલગ ટ્રક રાખવામાં આવતી નથી. પાવડર ફૉર્મમાં બનતાં કેમિકલ્સનાં પાર્સલ કોરુગેટેડ બૉક્સમાં મૂકીને તેના પર પ્લાસ્ટિકનું કવર ચઢાવીને મોકલી આપવામાં આવે છે. તેને માટે સો ટકા સેપરેટ ટ્રક પણ હોતી નથી. હા, લિક્વિડ કેમિકલ કે ડાયસ્ટફ હોય તો તે સાવ જ અલગથી ટૅન્કરમાં મોકલવામાં આવે છે, અને નિકાસ માટેનાં કેમિકલ્સ કે ડાયસ્ટફનાં કન્સાઇનમેન્ટ લઈ જતાં જહાજો સાવ જ અલગ હોય છે. ટ્રકમાં કેમિકલ લઈ જવાય ત્યારે આ પ્રકારની કાળજી લેવાતી હોવાનું જોવા મળતું નથી."

ટ્રકમાં નાનાં નાનાં પાર્સલ લઈ જવામાં આવતાં હોવાનું જોવા મળે છે. તેના સંપર્કમાં

ખાદ્ય સામગ્રી આવી જાય તો મોટી દુર્ઘટના બની શકે છે. જોખમી રસાયણોને લઈ જતાં વાહનોને થતાં અકસ્માતમાં દર અઠવાડિયે ગુજરાતમાં અને ગુજરાતની બહારનાં રાજ્યોમાં સંખ્યાબંધ લોકો જીવ ગુમાવે છે. દેશમાં જોખમી પદાર્થોની હેરફેર કરવા માટેની માર્ગદર્શિકા કેન્દ્ર સરકારે બહાર પાડેલી જ છે. છતાંય નરોડા એન્વિરો પ્રોજેક્ટ લિમિટેડના પૂર્વ પ્રમુખ શૈલેશ પટવારી કહે છે, “વિસ્ફોટક, સળગી ઊઠે તેવા પ્રવાહી અને ઘન પદાર્થો કે રસાયણો, ગૅસ, ઝેરી રસાયણોની હેરફેર કરતી વખતે પૂરતી કાળજી રાખવામાં આવતી ન હોવાનું જોવા મળે છે. આપણા પોતાના દેશ, દુનિયાના અન્ય દેશો તથા આપણી પ્રજા માટે આ બાબત મોટું જોખમ ઊભું કરે છે. તેથી જ કસ્ટમર્સને માલ વેચતાં પૂર્વે તેના બૅકગ્રાઉન્ડની તપાસ થવી જરૂરી છે. અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઑફ કેમિકલ સિક્યોરિટીએ આ માટેની વ્યવસ્થા ઊભી કરેલી છે. કેમિકલના સ્ટોરેજથી માંડીને ટ્રાન્સપોર્ટેશન સુધીની તમામ બાબતોને તેમની વ્યવસ્થા હેઠળ આવરી લેવામાં આવેલી છે. કંપનીનો માણસ કે બહારની વ્યક્તિ જોખમી રસાયણનો દુરુપયોગ ન કરે તેવી દરકાર લેવી જોઈએ.” જોખમી કેમિકલ્સ ગમે તે વ્યક્તિના હાથમાં ન ચઢી જાય તે જોવાવું જરૂરી છે. તેને માટે જ કેવાયસીની ચુસ્ત ગાઈડલાઈન્સ લાવવાનો આગ્રહ રાખવામાં આવી રહ્યો છે. કેમિકલ સપ્લાયની વૅલ્યુ ચેઈન અણીશદ્ધ હોવી જરૂરી છે.

કંપનીઓ જીપીએસ સિસ્ટમ બેસાડીને સંતોષ માની લે છે. તેમાંય ગરબડ કરનારા ગરબડ કરી જાય છે. હા, ટ્રાન્સપોર્ટર્સ જીપીએસ સિસ્ટમ લગાવી લે છે. તેનાથી ટ્રક પર નજર રહે છે, પરંતુ અમદાવાદથી ભરૂચ પહોંચ્યા પછી જીપીએસ સિસ્ટમ અલગ કરીને બાઈક પર લગાડીને અંકલેશ્વર જાય છે. રાત્રિનો હોલ્ટ હોવાથી અંકલેશ્વરમાં બાઈક અટકાવી દેવામાં આવે છે. વાસ્તવમાં ટ્રક તો ભરૂચ પડેલી છે. ભરૂચમાં જ રાત્રિ દરમિયાન ટ્રકમાંથી માલ ઉતારી કે બદલી લેવામાં આવે છે. સવારે ફરીથી ટ્રક મુંબઈ જતાં પૂર્વે અંકલેશ્વર પહોંચી જાય છે. અંકલેશ્વર જઈને જીપીએસ બેસાડી દે છે અને આગળનો પ્રવાસ ચાલુ કરી દે છે. આમ જીપીએસ લગાવ્યા પછીય માલની ચોરી અટકાવવાનો હેતુ પાર પડતો નથી. વી. કે. જૈન કહે છે, “‘ટેક્નૉલૉજીમાંની આ ક્ષતિ દૂર થવી જરૂરી છે. તેમ થાય તો જ ચોરી અટકશે, કારણ કે ચોરાયેલાં કેમિકલ્સ ગમે તેના હાથમાં પહોંચી જતાં વાર લાગતી નથી. ચોરી કરનારને ખરીદનાર કોણ છે તેની સાથે નિસબત નથી. તેમને માત્ર પૈસા સાથે જ નિસબત છે. તેથી જ દરેક વેચાણ માટે કેવાયસી લેવા અને ખરીદનારનો ટ્રેક રાખવો જરૂરી બની ગયો છે.”

## માલ ખરીદનારનાં આધારકાર્ડ, પાનકાર્ડ લઈ લેવા ઉપરાંત તે કોની સાથે બિઝનેસ કરે છે અને કોને કેમિકલ્સ કે ડાયસ્ટફની સપ્લાય કરે છે તેની તકેદારી રાખવી જરૂરી




જોકે અખિલ ગુજરાત ટ્રાન્સપોર્ટેશન અસોસિયેશનના પ્રમુખ મુકેશ પટેલનું કહેવું છે કે, “કેમિકલ લિક્વિડ હોય તો ટૅન્કરમાં જાય છે. હેઝાર્ડ્સ કેમિકલ હોય તો તેના સિમ્બૉલ તેમણે ટૅન્કર પર લગાડવા પડે છે. ટ્રકચાલકોને તેની જાણકારી આપવામાં આવે છે. સમયાંતરે તેમને તાલીમ આપવા માટે પ્રોગ્રામ્સ પણ યોજવામાં આવે છે. અતુલમાં આવેલી કેમિકલ કંપની નિશ્ચિતપણે તાલીમ આપતી હતી. મોટી કંપનીઓના લૅબોરેટરી ટેક્નિશિયન્સ ટ્રકચાલકોને તાલીમ આપવા આવે જ છે.” છતાંય ટ્રાન્સપોર્ટર્સને કારણે કેમિકલ ટૅન્કર્સના અકસ્માતો બન્યા જ કરે છે. જીવલેણ ઘટનાઓ બને છે, જે દર્શાવે છે કે તાલીમમાં કચાશ છે. ગૅસ લીકેજને કારણે આસપાસની પ્રજા પરેશાન થાય જ છે તે ઉપરના એક દૃષ્ટાંતમાં જોવા મળ્યું જ છે. તેથી જ માત્ર ને માત્ર કેમિકલ્સના ટ્રાન્સપોર્ટેશન માટે જ માત્ર કામ કરતી હોય તેવી ટ્રાન્સપોર્ટ કંપનીઓ પણ જવલ્લે જ જોવા મળે છે.

દુર્ઘટના ન બને અને જોખમી કેમિકલ્સ તથા ડાયસ્ટફનો દુરુપયોગ ન થાય તે માટે પણ કેવાયસી લેવાં જરૂરી છે. નૅશનલ અસોસિયેશન ફૉર કેમિકલ સિક્યોરિટીના પ્રમુખ વી. કે. જૈનનું કહેવું છે કે, “કેમિકલના ઉદ્યોગ સાથે સંકળાયેલા સાહસિકોએ કેમિકલનો વેપાર કરતી વખતે તેમનો માલ ખરીદનારનાં કેવાયસી લેવા અને તેના ક્રિડેન્શિયલની ચકાસણી કરવી જોઈએ. તે પછી જ વેપાર કરવો જોઈએ, એટલું જ નહીં, તેના થકી માલ ત્રાસવાદ જેવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલી વ્યક્તિ સુધી તો નથી જતી તેના પર ધ્યાન રાખવું પણ એટલું જ જરૂરી છે. ખરીદનારની ટેરરિસ્ટ લિન્ક છે કે નહીં તેની કાળજી પણ વેચાણ કરતાં પૂર્વે લેવાવી જરૂરી છે. તેમાં જરાય શંકા હોય તો તેમને માલ આપતાં પહેલાં ચાર વાર વિચાર કરવો જોઈએ. આ તમામ બાબતોને સાંકળી લેતી વધુ સંગીન ગાઈડલાઈન્સ સરકાર દ્વારા બહાર પાડવામાં આવે તેવી અમારી લાગણી અને માગણી છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે સરકાર પાસે નક્કર આયોજન હોવું જરૂરી છે.” આમ કેમિકલનો વેપાર ગમે તેની સાથે ચાલુ કરી દેવો ન જોઈએ. ગ્રાહક મળ્યો છે અને પૈસા આપીને જ જવાનો છે તેવી ભાવનાથી તેને સપ્લાય આપવાનું ચાલુ ન કરી દેવું જોઈએ. જેની સાથે વેપાર કરવામાં આવે તે કંપનીઓના ઑડિટ રિપોર્ટ પરથી પણ આ પ્રકારના ઘણા સવાલોના જવાબ મળી રહે છે. તેના પર પણ નજર રાખવી જરૂરી છે. કેટલીક વાર જે ઍડ્રેસ પરથી માલ ખરીદીનો ઑર્ડર આવે છે તે ઍડ્રેસ પર કોઈ ઑફિસ જ હોતી નથી. આ પ્રકારની

## કેમિકલના ટ્રાન્સપોર્ટેશન કરનારા શું કાળજી રાખે

1. કેમિકલ સાથે ખોરાક, પાણી સાથે ન લઈ જવામાં આવે તેની કાળજી રાખો.

2. કેમિકલને એકદમ સલામત રીતે રાખો, તે કોઈ પણ રીતે ટ્રકમાંથી પડી ન જાય તેવી તકેદારી રાખો. જરા સરખી બેદરકારી પર્યાવરણને અને માનવ બંનેને મોટું નુકસાન પહોંચાડી શકે છે.

3. કયાં કયાં કેમિકલ્સ લઈ જવામાં આવી રહ્યાં છે તેનો રેકૉર્ડ રાખો.

4. કાચની બૉટલમાં કેમિકલ્સ ભરવામાં આવેલાં હોય તો તે તૂટી ન જાય તેની કાળજી રાખો.

5. પૅક કરેલાં કેમિકલ્સને મજબૂત સીલ લગાવો, જેથી કરીને કેમિકલ બહાર ન છલકાય. કેમિકલ છલકાઈ જાય તો તેને કારણે થનારા સંભવિત નુકસાનથી બચવાના ઉપાય અંગે ટ્રક-ડ્રાઈવરને જાણકારી હોવી જોઈએ.

6. સામાન્ય જનતાની અવરજવર હોય તેવી લિફ્ટમાં પણ જોખમી કેમિકલ્સ ન લઈ જાવ. માત્ર માલને લઈ જવા માટેની લિફ્ટનો જ ઉપયોગ જોખમી કેમિકલ્સ લઈ જવા માટે કરો.

સામાન્ય જનતાની અવરજવરવાળી લિફ્ટ હોય તો તેવા સંજોગોમાં બહુ જ ઓછી અવરજવરવાળા સમયે તેમાં કેમિકલ કે જોખમી રસાયણો ભરીને લઈ જઈ શકાય છે.

જોખમી રસાયણો લઈ જવામાં આવતાં હોય ત્યારે તમારી સાથે અન્ય લોકો લિફ્ટમાં ન આવે તેવી કાળજી રાખો. જોખમી રસાયણો લિફ્ટમાં લઈ જવાતાં હોય તો પણ લિફ્ટમાં માલ ચઢાવો ત્યાં અને જે મજલે લિફ્ટમાંથી માલ ઉતારવાનો છે તે મજલે એક એક માણસને ઊભા રાખો. તેની નજર સામે તેને ઉતારવાની અથવા તો ચઢાવવાની વ્યવસ્થા કરો તેમ જ તેની સાથે લિફ્ટમાં એક જાણકાર વ્યક્તિ જાય તે પણ તેટલું જ જરૂરી છે. તમારાં અંગત વાહનોમાં ગમે તેવી અર્જન્સી હોય તો પણ કેમિકલનાં કન્સાઈનમેન્ટ ન લઈ જાવ.



**ભૂપેન્દ્ર પટેલ, ચૅરમૅન**
નોવેલ સ્પેન્ટ એસિડ મેનેજમેન્ટ



**વી કે જૈન, પ્રમુખ**
NACS.



**શૈલેશ પટવારી, પૂર્વ પ્રમુખ**
નરોડા એન્વિરો પ્રોજેક્ટ લિ.

ઘટના ખરીદનાર ક્લાયન્ટ શંકાસ્પદ હોવાનો નિર્દેશ આપે છે. નિકાસ કરતી વખતે પણ ખરીદનારના ક્રિડેન્શિયલની ચકાસણી થવી જરૂરી છે.

બહારના માણસોથી જ નહીં, અંદરના માણસોથી પણ ચેતતા રહેવું જરૂરી છે. ફૅક્ટરીમાં પણ કેમિકલ્સ કે ડાયસ્ટફની સાથે પનારો પાડનારા કામદારોમાં તેનાં જોખમો અંગે જાગૃતતા લાવવી જરૂરી છે. કામદારો જે રસાયણો સાથે કામ કરી રહ્યા છે તેનાં જોખમો અંગે તેમને માહિતી આપવી જરૂરી છે. અન્યથા જીવલેણ અકસ્માતો રોજબરોજ થયા જ કરશે. કામદારો કે સ્ટાફને નોકરી માટે પસંદ કરતાં પહેલાં પણ તેમના બૅકગ્રાઉન્ડની પૂરતી માહિતી મેળવવી જરૂરી છે. નિયુક્ત કરેલી વ્યક્તિ કેવા સંપર્કો ધરાવે છે તેના પર પણ ધ્યાન આપવું એટલું જ જરૂરી છે. કોઈક વાર સ્ટાફ સાથે નાનીઅમથી વાતે ચણભણ થાય કે શેઠ ઠપકો આપે તો તે પછી કિન્નાખોર સ્ટાફ હોય તો તે જાણી સમજીને મોટી દુર્ઘટના સર્જી શકે છે. શેઠ તરફથી તેને નારાજ કરવા માટે તે આખી ફૅક્ટરીને ખતમ કરીને આસપાસના લોકોના જીવને જોખમમાં મૂકતાં પણ ખચકાતા નથી. જોકે આ તમામ બાબત બહુ જ નાની છે, પરંતુ કેમિકલ ઉદ્યોગ માટે બહુ જ મહત્ત્વની છે. દરેક સ્ટાફને હૅન્ડલ કરવામાં વિશેષ કાળજી પણ રાખવી એટલી જ જરૂરી છે.

**તમે કેવાયસી લીધા વિના એટલે કે તમારાં કેમિકલ્સ કે ડાયસ્ટફ ખરીદનારાની પાક્કી ઓળખ મેળવ્યા વિના જ વેપાર ચાલુ કરી દેશો તો તકલીફમાં મુકાઈ જશો**

સરકારી અધિકારીઓ કે પછી કેમિકલ્સના યુનિટ ચલાવનારાઓ આ બાબતમાં જોઈએ તેટલા ગંભીર નથી. તેથી જ વી. કે. જૈન કહે છે તેમ, "ગમે ત્યારે તેમને ઉત્પાદન વખતે અને ટ્રાન્સપોર્ટેશન વખતે સલામતીનાં પગલાં લેવાની બાબત અંગે પૂછવામાં આવે ત્યારે સંબંધિત બિઝનેસમેન કે પછી સંબંધિત અધિકારીઓ તેઓ પૂરતી કાળજી લેતા હોવાનું જણાવી દે છે, પરંતુ વાસ્તવિકતા જુદી જ હોવાનું જોવા મળે છે. કેમિકલ્સ યુનિટમાં અને તેના ટ્રાન્સપોર્ટેશન દરમિયાન થઈ રહેલા અકસ્માતો પરથી જણાઈ આવે છે."

જોકે કરમની કઠણાઈ એ છે કે ગુજરાતમાં કેમિકલ ઉદ્યોગ સાથે સંકળાયેલા સાહસિકો તેમના સ્ટાફને આ જોખમો અંગે સુમાહિતગાર કરતાં નથી. તેમને અંધારામાં જ રાખવામાં આવે છે. તેમને વધુ પડતાં જોખમો બતાવવામાં આવે તો તેઓ જોબ છોડીને ભાગી જાય તેવી બીક પણ પ્રોડક્શન એકમો ધરાવનારાને લાગી રહી છે. કેમિકલના બિઝનેસ સાથે સંકળાયેલાં સૂત્રો પણ ખાનગીમાં આ હકીકતને સમર્થન આપે છે. તેને પરિણામે રોજબરોજ કેમિકલ યુનિટમાં દુર્ઘટના બન્યાના કિસ્સાઓ બહાર આવ્યા જ કરે છે. આ સંદર્ભમાં અમેરિકાના કેમિકલ સિક્યોરિટી પ્રોગ્રામના

# કેમિકલના ઉત્પાદકોએ શું ધ્યાન રાખવું જોઈએ

**1**

તમારી પાસેથી કેમિકલની ખરીદી કરનાર કોણ છે?

**2**

માલ ખરીદનારનું બૅકગ્રાઉન્ડ શું છે, તેની પ્રવૃત્તિઓ શી છે? તેનો ધંધો કેવો છે? તેના ધંધાકીય વહેવારો ત્રાસવાદીઓ સાથે છે કે નહીં?

**3**

ટ્રાન્સપોર્ટમાં કેમિકલ્સ મોકલતી વખતે ફુલ લોડમાં જ ટ્રક મોકલો. તેમ શક્ય ન હોય તો માત્ર કેમિકલ્સ જ લઈ જતી ટ્રકમાં માલ રવાના કરો.

**4**

કેમિકલ્સ કેટલાં જોખમી છે તે અંગેની જાણકારી ટ્રકચાલકને સમજાય તે ભાષામાં લેખિતમાં આપો અને દુર્ઘટના સર્જાય ત્યારે શું કરવું તેની પણ નોંધ લેખિતમાં જ મૂકીને તેને આપો.

**5**

કયાં કેમિકલ્સમાં આગ લાગે ત્યારે પાણી ન છાંટવું તેની જાણકારી પણ તેને લેખિતમાં આપવી જોઈએ. સૉલ્વન્ટમાં આગ લાગે અને પાણી છાંટે તો સૉલ્વન્ટ જ્યાં સુધી જાય ત્યાં સુધી આગ ફેલાતી જ રહે છે



સંચાલકોએ નેશનલ અસોસિયેશન ફૉર કેમિકલ સિક્યોરિટી(એનએસીએસ), અને નૅશનલ ફૉરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી(એનએફએસયુ) તથા ગુજરાત યુનિવર્સિટી અને યુનિવર્સિટી ઑફ લડાખના સહયોગમાં અમદાવાદમાં એક સેમિનારનું આયોજન કર્યું હતું.

જોખમી રસાયણોની હેરફેર કરતી વખતે પૂરતી કાળજી ન લેવામાં આવે તો તેવા સંજોગોમાં તેની આસપાસથી પસાર થતા લોકો કે લોકોના સમૂહ સામે મોટું જોખમ ઊભું થઈ શકે છે. પર્યાવરણને પણ મોટું નુકસાન પહોંચી શકે છે. નરોડા એન્વિરો પ્રોજેક્ટ લિમિટેડના પૂર્વ પ્રમુખ શૈલેશ પટવારીનું કહેવું છે, “ટ્રાન્સપોર્ટેશન વખતે કેમિકલને વ્યવસ્થિત રીતે હૅન્ડલ ન કરવામાં આવે તો તેવા સંજોગોમાં આમજનતા, સામાન્ય જનસમુદાય અને પર્યાવરણ માટે મોટું જોખમ ઊભું કરી શકે છે.”

## કયાં રસાયણો જોખમી રસાયણો ગણાય

શારીરિક કે પછી આરોગ્યને નુકસાન પહોંચાડે તેવાં રસાયણોને જોખમી રસાયણ ગણવામાં આવે છે. ઇથિલિન ઑક્સાઈડ સૌથી જોખમી રસાયણ છે. તેને હૅન્ડલ કરવામાં ભૂલ થાય તો મહાભયાનક વિસ્ફોટ થઈ શકે છે. બીજાં કેટલાંક જોખમી કેમિકલ્સનું ટૅન્કર રસ્તામાં ફાટે અને વિસ્ફોટ થાય તો તેની પરિસરનો પાંચથી સાત કિલોમીટરનો આખો એરિયા સાફ થઈ જાય તેટલું જોખમી છે. તેની હેરફેરમાં જરાય બેદરકારી ચલાવી શકાય જ નહીં તેમ જ મોટી જાનહાનિ પણ થઈ શકે છે. આ જ પ્રકારનું બીજું એક કેમિકલ છે ક્લોરો. ક્લોરોને કારણે વ્યક્તિ ગૂંગળાઈ મરે છે. તેનાથી આંખની બળતરા થાય છે. ક્લોરિન પણ ગૂંગળામણ વધારતું અને આંખમાં બળતરા કરતું કેમિકલ છે. મિથેનોલ પણ જોખમી છે. મિથેનોલનો ઘણી વાર લઠ્ઠો બનાવવા માટે પણ ઉપયોગ કરવામાં આવે છે. અમદાવાદ અને ગુજરાતમાં કે પછી મહારાષ્ટ્ર-મુંબઈમાં લઠ્ઠાકાંડના કિસ્સાઓ સંખ્યાબંધ બન્યા જ કરે છે. અટકતા જ નથી. સલ્ફ્યુરિક હાઈડ્રોક્લોરિક ઍસિડ પણ માનવશરીરને બાળી નાખવાને સક્ષમ છે. તેનો દુરુપયોગ સુંદર મહિલાના ચહેરા પર ફેંકવા માટે અને તેને કુરૂપ કરી દેવા માટે કરવામાં આવે છે. આ પ્રકારનાં કેમિકલ્સની ભરમાર છે. તેથી જ કેમિકલ્સના ટીપેટીપાનો વપરાશ ધ્યાનમાં રાખવો જરૂરી છે. ચોમેર જોખમ છે.

કેમિકલ વિસ્ફોટક હોય છે. કેમિકલ ગૅસના સ્વરૂપમાં હોય ત્યારે તેને સાચવવું વધારે અઘરું થઈ જાય છે. ભડકો થાય તેવાં કેમિકલ્સ પ્રવાહી કે ઘન સ્વરૂપમાં હોય છે. ઑક્સિડાઈઝિંગ પદાર્થના સ્વરૂપમાં પણ કેમિકલ્સ હોય જ છે. ઝેરી કેમિકલ્સ પણ હોય છે. કિરણોત્સર્ગ ફેલાવતાં કેમિકલ્સ પણ હોય છે. આ તમામ કેમિકલ્સનો સંગ્રહ કરવા માટેની નિશ્ચિત માર્ગદર્શિકા છે. શક્ય બને ત્યાં સુધી પ્રવાહી કેમિકલ્સનો સંગ્રહ અન્ડરગ્રાઉન્ડ સ્ટોરેજમાં જ રાખવું જોઈએ. ટ્રાન્સપોર્ટેશનના દરેક લેવલે એટલે કે રોડ, રેલવે કે જળમાર્ગે ટ્રાન્સપોર્ટેશન કરવામાં આવે ત્યારે તેની તકેદારી લેવી જરૂરી છે. અન્યથા માનવજાતનું પારાવર નુકસાન થવાની સંભાવના રહેલી છે. ટ્રાન્સપોર્ટેશન માટેના સરકારે ચુસ્ત નિયમો તૈયાર કરેલા જ છે. તેનું પાલન થાય તેની તકેદારી રાખવી જરૂરી છે.

# ભારતમાંથી રાતા સમુદ્રના માર્ગે થતી નિકાસમાં 7 ટકાનું ગાબડું પડી શકે

રાતા સમુદ્રના વિસ્તારમાં બળવાખોરોએ આક્રમણ કર્યું હોવાથી ભારતમાંથી અનાજની નિકાસમાં આ વરસે અંદાજે ચારથી પાંચ અબજ ડૉલરનું ગાબડું પડવાની શક્યતા છે. આજે બેથી અઢી મહિના થઈ ગયા હોવા છતાં હાઉથી ઉગ્રવાદીઓનાં આક્રમણ ઓછાં થઈ રહ્યાં નથી. રાતા સમુદ્ર સુધી લઈ જતા ભૂમધ્ય સમુદ્રના વિસ્તારની શિપિંગ કંપનીનાં કન્ટેઇનર્સ લઈ જતાં જહાજ પર ઑક્ટોબર માસમાં હાઉથી ઉગ્રવાદીઓએ આક્રમણ કર્યું તે સાથે જ મામલો ઉગ્ર બન્યો છે. હમાસ પરના ઈઝરાયલના અત્યાચારના વિરોધમાં આ હુમલો કરવામાં આવ્યો છે. આ હુમલાઓનો દોર આજે પણ ચાલુ જ છે.

પહેલાં એમ માનવામાં આવતું હતું કે ઉગ્રવાદીઓના હુમલાને કારણે ભારતમાંથી અનાજ-કરિયાણાની થતી નિકાસમાં 4થી 5 અબજ ડૉલરનું ગાબડું પડે તો પણ ભારતની નિકાસ બહુ ઓછી થશે નહીં, કારણ કે બાસમતી ચોખાની નિકાસ આ વરસે ઑક્ટોબર સુધીમાં ખાસ્સી વધી ગઈ છે. બાસમતી ચોખાની નિકાસનો આંક ઑક્ટોબર, 2023ના અંત સુધીમાં 3 અબજ ડૉલરથી ઉપર પહોંચી ગયો છે. હા, હવે નિકાસ ઘટે તો એમ કહી શકાય કે નિકાસવૃદ્ધિ થવાની હતી તે નહીં થાય. ગયા વર્ષની તુલનાએ આ વરસે બાસમતી ચોખાની નિકાસ 10 કે પછી 15 ટકા વધારે થવાની ધારણા મૂકવામાં આવી છે. 2022-23ના વર્ષમાં ભારતમાંથી કૃષિઊપજોની નિકાસ 53.15 અબજ ડૉલરની થઈ હતી. રાતા સમુદ્રના માર્ગેથી ભારતમાંથી થતી નિકાસ અંદાજે 451 અબજ ડૉલરની છે. તેમાં ઓછામાં ઓછો સાત ટકાનો ઘટાડો આવી શકે છે. સુએઝ કૅનલમાંથી પસાર થતાં જહાજોની સંખ્યામાં 44 ટકાનો ઘટાડો જાન્યુઆરી, 2024ના આરંભના અરસામાં જ જોવા મળ્યો છે. ભારતના યુદ્ધજહાજને પણ જાન્યુઆરીના પહેલાં બીજા દિવસે જ રાતાસમુદ્રના ઉગ્રવાદીઓએ હાઈજેક કરી લીધું હતું. સોમાલિયાના તટવર્તી વિસ્તારમાં હાઈજેક કરાવી લેવાયેલા જહાજને ભારત છોડાવી લેવામાં સફળ રહ્યું હતું. જાન્યુઆરીના પહેલા અઠવાડિયામાં જ રાતા સમુદ્રના માર્ગેથી જતા માલમાં 25 લાખ ટનનો ઘટાડો થઈ ગયો છે. ડિસેમ્બરમાં 40 લાખ ટન માલ પસાર થયો હતો. ભારતના નિકાસકારોએ તેમના નિકાસનાં કન્સાઈમેન્ટનાં જહાજો રાતા સમુદ્રના માર્ગેથી લઈ જવાનું 25 ટકા ઘટાડી દીધું છે. પંદર ડિસેમ્બર પછી આ ઘટાડો કરવામાં આવ્યો છે. આ રીતે નિકાસનાં કન્સાઈનમેન્ટ મોકલવા માટેના કૉન્ટ્રાક્ટ અંગે પણ નવેસરથી વાટાઘાટો થવા માંડી છે. આ વાટાઘાટોમાં કૉન્ટ્રાક્ટની કિંમત ને ડિલિવરીના સમયગાળા અંગે પણ ચર્ચા થઈ રહી છે.







ઉગ્રવાદીઓના આક્રમણ સિવાયના કારણે પણ નિકાસ ઘટશે. ભારત સરકારે સ્થાનિક પ્રજાના હિતમાં અને સ્થાનિક પ્રજાએ ઘઉં, બાસમતી સિવાયના ચોખા અને ખાંડની ઊંચી કિંમત ન ચૂકવવી પડે તે માટે તેની નિકાસ પર કેન્દ્ર સરકારે પ્રતિબંધ લગાવ્યો છે. આ પ્રતિબંધ પણ નિકાસઘટાડામાં ફાળો આપશે. લોકસભાની ચૂંટણી આગામી ચાર મહિનામાં થવાની હોવાથી સટોડિયાઓ અને સંગ્રહખોરો રમત ન કરે તેને માટે ભારત સરકારે નિકાસ અટકાવી છે.

ભારતમાંથી કૉફીની થતી નિકાસમાંથી 65 ટકા રાતા સમુદ્રના રૂટ પરથી જ થાય છે. રાતા સમુદ્રના માર્ગેથી જ એન્જિનિયરિંગ ગુડ્સ એટલે કે મશીનરી, ઈલેક્ટ્રોનિક આઈટમ્સ, ટેક્સટાઈલ, ચાની નિકાસનાં કન્ટેઈનર્સ પસાર થાય છે. બાસમતી ચોખા, ખાદ્ય સામગ્રી, રસાયણ અને પેટ્રોકેમિકલ્સની નિકાસ પણ રાતા સમુદ્રના માર્ગેથી જ થાય છે તેમ જ ઈલેક્ટ્રોનિક્સ આઈટમ્સ અને મિનરલ્સનાં આયાતનાં કન્ટેઈનર્સ પણ




આ જ રૂટથી આવે છે. આ તમામ સામગ્રીઓની નિકાસ પર તેની અસર જોવા મળશે.

2024ની લોકસભાની ચૂંટણી પૂર્વે સંગ્રહખોરો ઘઉં, ચોખા અને ખાંડનો સંગ્રહ ન કરે અને ભાવને ન ભડકાવી મૂકે તે માટે પણ તેની નિકાસ ભારત સરકારે અટકાવી છે. જોકે નિકાસબંધીની અસર હેઠળ સ્થાનિક બજારમાં પણ ચોખાના ભાવ ગગડી જવાની સંભાવના છે. ભારતમાંથી થતી અનાજની નિકાસમાં સૌથી વધુ નિકાસ બાસમતી ચોખાની થાય છે. ઑક્ટોબર, 2023ના અંત સુધીમાં જ બાસમતી ચોખાની નિકાસ 3 અબજ ડૉલરના આંકને આંબી ગઈ છે. આ નિકાસમાં આ વરસે હજીય વધુ વૃદ્ધિ થવાની ધારણા મૂકવામાં આવતી હતી. તેની સાથે ફળ, શાકભાજી, માંસ અને ડેરી ઉત્પાદનોની નિકાસ પણ વધી રહી છે તેમ જ અનાજમાં મૂલ્યવૃદ્ધિ કરીને તૈયાર કરવામાં આવેલાં ઉત્પાદનોની એટલે કે ખાદ્ય સામગ્રીની પણ નિકાસ વધી રહી છે. તેથી જ કદાચ અનાજની નિકાસ થકી વિદેશી હૂંડિયામણની આવકમાં મોટું ગાબડું નહીં પડે તેવી ધરપત રાખવામાં આવી રહી છે, પરંતુ હમાસ ઉગ્રવાદીઓના હુમલાઓ શમવાનું નામ લેતા નથી. તેથી નિકાસ ઠપ થઈ જવાની દહેશત ઊભી થઈ રહી છે. આ દહેશત સાચી પડે તો નિકાસને મોટો ફટકો પડી શકે છે.

પ્રાથમિક અંદાજ મુજબ ભારતની નિકાસને 235થી 240 અબજ ડૉલરનો ફટકો પડવાની સંભાવના છે. રાતા સમુદ્રની સમસ્યા હળવી ન થાય તો માર્ચ, 2024 સુધીમાં જ નિકાસમાં અંદાજે 30 અબજ ડૉલરની નિકાસ ઘટી શકે છે. કેન્દ્રના વાણિજ્ય ખાતાએ નિકાસમાં થનારા નુકસાન અંગે કોઈ જ સત્તાવાર આંકડાઓ બહાર પાડ્યા નથી. વાણિજ્ય ખાતાને હમાસના ઉગ્રવાદીઓની સમસ્યાનું વહેલું સમાધાન થઈ જવાની હજીય આશા છે. આ વાતને અઢીથી ત્રણ મહિના વીત્યા છતાં મામલો શાંત થવાનું નામ લેતો નથી. બીજી તરફ ક્રૂડ ઑઈલની આયાત પણ મોંઘી થઈ શકે છે. ભારત રાતા સમુદ્ર મારફતે યુરોપના દેશો, અમેરિકાના પૂર્વ કિનારાના દેશો, આફ્રિકા અને એશિયાની સરહદના દેશો સાથે વેપાર કરે છે. આ તમામ દેશો સાથેના નિકાસનાં કામકાજો ઘટી જવાની દહેશત છે. નિકાસ ઘટવા ઉપરાંત નિકાસનો ખર્ચ વધવા માંડ્યો છે. રાતા સમુદ્ર સિવાયના માર્ગે બાસમતીની નિકાસ કરવામાં આવે તો ભારતીય નિકાસકારોનો ખર્ચ 15થી 20 ટકા વધી ગયો છે. રાતા સમુદ્રમાં જોખમ વધી રહ્યું છે. કન્સાઈનમેન્ટના નિકાસ માટેનો માર્ગ બદલવાની નોબત આવી ગઈ છે. યુરોપ-આફ્રિકા બાસમતી ચોખાનાં કન્સાઈનમેન્ટ મોકલવાં પડે તો તેવા સંજોગોમાં નિકાસનો ખર્ચ 15થી 20 ટકા વધી ગયો છે. નવા રૂટથી અમેરિકા અને યુરોપના દેશોમાં માલ મોકલવામાં 15થી 20 દિવસ વધારે લાગી રહ્યા છે. કન્સાઈનમેન્ટ લઈ

**રાતા સમુદ્રમાં હાઉથી બળવાખોરોએ ઉત્પાત મચાવ્યો હોવાથી નિકાસ માટેનો માર્ગ બદલવો પડે તો નિકાખર્ચ 30 ટકા વધી ગયો**

જતાં જહાજોએ 3200 નોટિકલ માઈલ્સ વધારે પ્રવાસ કરવો પડશે. રાતા સમુદ્રમાં બળવાખોરોએ આક્રમણ કર્યું હોવાથી શિપિંગ લાઈન્સ તેનાં કન્ટેઈનર્સને કેપ ઑફ ગુડ હોપના માર્ગ તરફ ડાઈવર્ટ કરી રહી છે.

બીજું, બાસમતી ચોખા એ એક પ્રીમિયમ પ્રોડક્ટ છે. તેની ડિમાન્ડમાં વધઘટ થયા જ કરે છે. તેના ભાવ ઊંચા જાય તો પણ તેની ડિમાન્ડ ઘટી શકે છે. તેથી મોંઘા બાસમતી ચોખાની આયાત કરવાનું જ ઘણા દેશો માંડી વાળે તો તેના પરિણામે પણ નિકાસ ઘટવાની સંભાવના છે. ભાવવધારાને કારણે ડિમાન્ડ ન ઘટે તો જ ભારતની નિકાસમાં ઘટ ઓછી પડશે. પરિણામે નિકાસ કરેલા માલ પહોંચવામાં ખાસ્સો વિલંબ થવાની સંભાવના નિર્માણ થઈ છે તેમ જ ફ્રેટ-નૂરદરમાં વધારો થયો છે. ઈરાનનો ટેકો ધરાવતા હાઉથી ઉગ્રવાદીઓ રાતા સમુદ્ર એટલે કે ગલ્ફ ઑફ એડનમાંથી પસાર થતા દરેક જહાજ પર આક્રમણ કરી રહ્યા છે. પરિણામે કન્ટેઈનર

## શિપિંગ લાઇનના ચાર્જ વધ્યા, નફો ઘટશે

અમદાવાદના નોવેલ સ્પેન્ટ ઍસિડ મૅનેજમેન્ટના ચૅરમૅન અને જેમ્બે કેમના પ્રમોટર ભૂપેન્દ્ર પટેલ કહે છે, "રાતા સમુદ્રમાં જહાજો પર હુમલાઓ કરવાની ઘટના ટૂંકા ગાળાની અસર નિર્માણ કરી હોવાનું જણાય છે. શિપિંગ લાઈન્સે દર વધાર્યો છે તે આપવો તો પડશે. પાર્ટીઓનો નૂરદર વધારાના પ્રમાણમાં નફો ઘટશે અથવા તો નુકસાન કરવાનું આવશે. ભારત સરકારે જ આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે તત્કાળ મંત્રણા કરીને પગલાં લેવા જોઈએ." કસ્ટમ્સ હાઉસ એજન્ટ પાર્થિવ દવે કહે છે, "યુરોપિયન સંઘના દેશોમાં એક્સપોર્ટનાં કન્સાઈનમેન્ટ મોકલવા માટેનો રૂટ બદલાયો છે, પરંતુ અમેરિકાના વેસ્ટકોસ્ટના વિસ્તારો માટેનાં કન્સાઈનમેન્ટનાં જહાજો આ જ વિસ્તારમાંથી પસાર થઈ શકે છે. તેમને તકલીફ પડશે. શિપિંગ લાઈને રૂટ ડાઈવર્ટ કર્યો છે. તેનો લાભ ઉઠાવીને શિપિંગ કંપનીઓએ ભાડાં વધારી દીધાં છે. માલના ભાવમાં મોટો ફેરફાર આવી જાય તો નિકાસકારને ફટકો પડી શકે છે." આમ એક્સપોર્ટરના નફામાં નુકસાન આવી શકે છે. ટ્રાવેલ ટાઈમ વધી જશે. આયાતકારને કાચો માલ મોકલાવ્યો હોય તો તેને માલની ડિલિવરી મોડી મળતાં તેના પ્રોડક્શનનાં શિડ્યુલ ખોરવાઈ જાય છે.

હાઉથી હુમલાખોરોના હુમલાની અસર હેઠળ વીમા કંપનીઓએ પસાર થતાં જહાજનાં અને તેમાં લઈ જવાતા માલના વીમાના પ્રીમિયમો વધારી દીધા છે. તેનો બોજ નિકાસકારોને માથે આવી ગયો છે. ભારતથી સાઉદી અરેબિયામાં કન્ટેઈનર લઈ જવાના ચાર્જ 700 ડૉલરનો હતો તે વધીને 1500 ડૉલર થઈ ગયો છે. પીક સીઝન સરચાર્જ પણ તેના પર લગાવવામાં આવી રહ્યો છે. તદુપરાંત રાતા સમુદ્રમાંથી જતાં જહાજો માટે કન્ટિજન્સી સરચાર્જ પણ 1500થી 3000 ડૉલરનો લગાવાઈ રહ્યો છે. રાતા સમુદ્ર મારફતે ભારતમાંથી દર વર્ષે 105 અબજ ડૉલરની નિકાસ થાય છે. તેમ જ 130 અબજ ડૉલરના માલની આયાત પણ થાય છે.

લાઈનોએ તેમની કંપનીઓનાં જહાજોના રૂટ બદલવાની ફરજ પડી છે. તેથી માલ પહોંચાડવાનો સમય વધી ગયો છે. તેમ જ માલ પહોંચાડવા માટેના ખર્ચમાં પણ વધારો આવી ગયો છે. આ જહાજો સુએઝ કૅનલમાં થઈને તેમના ડેસ્ટિનેશન પર જાય તો ઈંધણના વપરાશમાં 10 લાખ ડૉલરનો વધારો આવી જાય છે. સુએઝ કૅનલ એક પાણીનો સાંકડો પટ્ટો છે. તે રાતા સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્ર સાથે જોડાયેલો છે. આ માર્ગ પરથી દર 30 મિનિટે એક જહાજ પસાર થાય છે. સુએઝ કૅનલમાંથી અંદાજે 19,000 શિપ પસાર થાય છે. આ કૅનલ 193 કિલોમીટર લાંબી છે, પરંતુ તે કૅનલમાંથી પસાર થાય તો એશિયાના દેશોમાંથી યુરોપના દેશોમાં પહોંચવા માટેના અંતરમાં 6000 નોટિકલ માઈલનો વધારો થઈ જાય છે. પરિણામે માલ ઉતારીને પાછા ફરવાનો સમય કપાઈ જાય છે. તેથી જહાજોને ફરીથી સર્વિસ પર મૂકવા પડે છે. પરિણામે વીસ ફૂટના કન્ટેઈનરના ચાર્જ વધીને 2000 ડૉલર થઈ જાય છે. આ ચાર્જ વધારવાની સાથે શિપિંગ લાઈન્સે 200 ડૉલર ટ્રાન્ઝિટ ડિસરપ્શન સરચાર્જ અને કન્ટિજન્સી ચાર્જ તરીકે લેવા માંડ્યા છે. તદુપરાંત જુદાં જુદાં ડેસ્ટિનેશન માટે બીજા 1500 ડૉલર 20 ફૂટનાં કન્ટેઈનર્સ માટે લેવા માંડ્યા છે.

દુષ્કાળની અસરને કારણે પનામા કૅનલમાં પૂરતાં પાણી ન હોવાથી તે વિસ્તારમાંથી જહાજોની અવરજવર સીમિત થઈ ગઈ છે. તેમાં વળી રાતા સમુદ્રમાં ઉગ્રવાદીઓના આક્રમણે વૈશ્વિક વેપાર માટે બેવડી સમસ્યા ઊભી કરી દીધી છે. પનામા કૅનલ એશિયાથી પૂર્વના અમેરિકાના કિનારાના વિસ્તારોમાં અને યુરોપમાં માલ મોકલવાનો એક બીજો સરળ માર્ગ છે. આક્રમણનો ભોગ બનેલી બંને શિપિંગ કંપનીઓએ તેમના આયાતનિકાસના રૂટ બદલી નાખવાની જાહેરાત કરી દીધી છે. આ કંપનીઓમાં સીએમએ સીજીએમ ગ્રુપ અને હેપાગ લૉઈડનો સમાવેશ થાય છે. ભારતના આયાત-નિકાસકારો આ જ શિપિંગ લાઈન્સનો મહત્તમ ઉપયોગ કરે છે.



ભૂપેન્દ્ર પટેલ, ચેરમેન
નોવેલ સ્પેન્ટ એસિડ મેનેજમેન્ટ



પાર્થિવ દવે
કસ્ટમ્સ હાઉસ એજન્ટ

# એશિયા-યુરોપના દેશોમાં માલ 15થી 21 દિવસ મોડો પહોંચશે

ભારતના બાસમતી ચોખાની મધ્ય પૂર્વના દેશો, અમેરિકા, યુરોપમાં ખાસ્સી ડિમાન્ડ છે, પરંતુ રાતા સમુદ્રમાં યેમેની હાઉથી મિલિટન્ટ ગ્રુપે ઊભી કરેલી સમસ્યાને કારણે તેની નિકાસ ખોરવાઈ રહી છે. છેલ્લા ચારેક માસ પહેલા ભારતની નિકાસ સારી હતી. નૂરદર નીચા હતા. બીજી તરફ શિપિંગ લાઈન્સ પણ તેમના નિકાસના કન્સાઈનમેન્ટ તેમને સોંપનારાઓને ઈન્સેન્ટિવ્સ પણ આપતી હતી. હાઉથી આક્રમણકારોએ સમગ્ર બાજી પલટી નાખી છે. 2021ના માર્ચમાં સુએઝ કૅનલ માત્ર છ દિવસ માટે બ્લૉક કરી દેવાઈ ત્યારે મૅન્યુફૅક્ચરર્સની પ્રોડક્ટ્સ લઈ જતાં કન્ટેઈનર્સ, ઑઈલ રિફાઈનર્સ અને લૉજિસ્ટિક કંપનીઓની તકલીફ વધી ગઈ હતી. આ વિસ્તારમાંથી દર 30 મિનિટે એક જહાજ પસાર થાય છે, પરંતુ ડિસેમ્બરના બીજા પખવાડિયામાં અંદાજે 300 જહાજે તેમનો માલ લઈ જવા માટે વૈકલ્પિક માર્ગ પસંદ કર્યો હોવાના વાવડ છે, પરંતુ તેના માર્ગમાં અવરોધ આવે તો ભારત, ચીન અને મલેશિયા જેવા દેશોમાં માલ લાવવા અને લઈ જવામાં મોટો અવરોધ ઊભો થાય છે. ડિસેમ્બરમાં ભારતની 22 ક્રૂ મેમ્બર સાથેની કાર્ગોશિપ પર ડ્રૉનથી હુમલો કરવાની ઘટના બની હતી. તદુપરાંત કૉમર્શિયલ ઑઈલ ટેન્કર પર પણ હુમલો કરવામાં આવ્યો હતો. ભારતીય નૌકાદળે સલામતીનાં પગલાં રૂપે ચાર યુદ્ધજહાજોને તૈનાત કરવા પડ્યાં છે. તેમાં બ્રાહ્મોસ જેવાં જમીની મિઝાઈલ્સ અને ભૂમિ પરથી હવામાં છોડી શકાય તેવાં મિઝાઈલ જેવાં આયુધો રાખવા પડ્યાં હતાં, તેમ જ સર્વેલિયન્સ એટલે કે સમગ્ર વિસ્તાર પર પહેરો રાખવા માટે ઍરક્રાફ્ટ પણ ગોઠવવા પડ્યાં હતાં. તેમ છતાં 100થી વધુ કન્ટેઈનરશિપ્સને તેમના માર્ગ બદલી લેવાની ફરજ પડી હતી તેમ જ કેટલાંક જહાજોએ તો જહાજની સલામતી માટે સલામત વિસ્તારમાં આશરો લઈ લીધો છે. ડેન્માર્કના બંદર પર જ તેમનાં જહાજો ઊભાં રાખી દીધાં છે.

રાતા સમુદ્રનો વિસ્તાર અંદાજે 2000 ચોરસ કિલોમીટરનો છે. રાતો સમુદ્ર ભૂમધ્ય સમુદ્ર સાથે જોડાય છે. સુએઝની કૅનલ બંને સમુદ્રને જોડે છે. એશિયા અને યુરોપના દેશોમાં જવું અઘરું પડવા માંડ્યું છે. રાતા સમુદ્રનો રૂટ એશિયા અને યુરોપના દેશોમાં જવાનો ટૂંકામાં ટૂંકો રસ્તો છે. 2023ના પહેલા છ માસનો રેકૉર્ડ જોવામાં આવે તો સુએઝ કૅનલમાંથી રોજના 90 લાખ બેરલ ક્રૂડનો જથ્થો લઈને જહાજો પસાર થાય છે. દુનિયાભરના ક્રૂડ ઑઈલના કુલ બિઝનેસમાંથી 12 ટકા બિઝનેસ રાતા સમુદ્રના રૂટ પર થાય છે તેમ જ દુનિયાભરના નૅચરલ ગૅસના બિઝનેસમાંથી 8 ટકા બિઝનેસ આ રૂટ પર થાય છે. આ રૂટ પર વર્ષે 1 ટ્રિલિયન અમેરિકી ડૉલરના ક્રૂડ અને નૅચરલ ગૅસની હેરફેર થાય છે. હવે વૈકલ્પિક માર્ગ કેપ ઑફ ગુડ હોપ થઈને 6000 નોટિકલ માઈલ વધુ લાંબો રૂટ લેવો પડી રહ્યો છે. તેનાથી શિપિંગ કૉસ્ટ વધી રહી છે.

આ માર્ગ પર જહાજ લઈ જવા ઈચ્છનારાઓની સલામતી માટે બ્રિટન, બહેરિન, કૅનેડા, ફ્રાન્સ, ઈટાલી, નેધરલૅન્ડ, નોર્વે, સિચિલીસ, સ્પેને મળીને સંયુક્ત પહેરો ગોઠવવાની ખાતરી પણ આપી છે. તેથી ઉત્સાહમાં આવીને જહાજ લઈ જવાની જાહેરાત કરનાર શિપિંગ કંપનીના જહાજ પર જ હુમલો કરવામાં આવ્યો હતો. તેથી વૈકલ્પિક માર્ગે માલની હેરફેર કરવાની ફરજ પડતાં શિપિંગ કૉસ્ટમાં 2000 ડૉલરથી 14,000 ડૉલર સુધીનો વધારો થઈ ગયો છે. 2018થી કન્ટેઈનર રેટ સતત ઘટાડો બતાવતા આવ્યા છે. તેમાં એકાએક બહુ જ મોટો ઉછાળો આવી ગયો છે. તેમાં વળી પનામા નહેરમાંથી માલપરિવહન કરનારાં જહાજોની સંખ્યા સીમિત કરી દેવામાં આવતાં શિપિંગ કૉસ્ટમાં બીજો મોટો ભડકો થયો છે. એશિયા અને યુરોપના દેશો વચ્ચે માલની હેરફેર કરવાના ખર્ચમાં ત્રણ ગણો વધારો થઈ ગયો છે. જોકે આ વધારાની પ્રોડક્ટ્સના છૂટક ભાવ પર કોઈ જ અસર નહીં આવે તેવો આશાવાદ રાખવામાં આવી રહ્યો છે.



# ગુજરાત અને ભારતમાં સેમિકન્ડક્ટર્સના યુગનાં મંડાણ

મેક ઈન ઈન્ડિયાની સેમિકન્ડક્ટર્સની પહેલી ચિપ ડિસેમ્બર, 2024ના અંત પહેલાં જ ગુજરાતના કે ભારતના બજારમાં આવી જશે. સાણંદ જીઆઈડીસીમાં સંજય મેહરોત્રાની અમેરિકન કંપની માઈક્રોનના પ્લાન્ટનું ખાસ્સું કામ થઈ ચૂક્યું છે. માઈક્રોનમાં છથી આઠ માસમાં ઉત્પાદન ચાલુ થઈ જવાની સંભાવના છે. માઈક્રોન તેને માટે અંદાજે 2.75 અબજ ડૉલરનું આ પ્લાન્ટમાં રોકાણ કરશે. આમ તો માઈક્રોનનો પહેલો મોટો પ્લાન્ટ ગુજરાતમાં સાણંદ ખાતે આવી રહ્યો છે. જુલાઈ, 2023માં માઈક્રોનનો પ્લાન્ટ નાખવા માટેના કરાર થયા હતા અને 90 દિવસમાં જમીન સહિતની તમામ મંજૂરીઓ આપી દેવામાં આવી અને સાણંદ જીઆઈડીસીમાં તેનો પ્લાન્ટ નાખવાનું કામ ચાલુ થઈ ગયું છે.

માત્ર માઈક્રોન જ નહીં, ટાટા ગ્રુપ પણ ફેબ મૅન્યુફૅક્ચરિંગમાં આવી રહ્યું છે. ધોલેરામાં ટાટા ગ્રુપ તેનું એકમ નાખવા માટે ગુજરાત સરકાર સાથે ચર્ચા કરી રહ્યું છે. ટાટા ગ્રુપ પણ આ પ્લાન્ટ નાખવા માટે ટેક્નિકલ સ્કિલ ધરાવતી વિદેશની મોટી કંપની સાથે જોડાણ કરશે. આમ તેનું રોકાણ પણ ગુજરાતમાં આવશે. ટાટા ગ્રુપનો ફેબનો પ્લાન્ટ માઈક્રોનના પ્લાન્ટ કરતાંય ખાસ્સો મોટો છે. માઈક્રોનનું ઈન્વેસ્ટમેન્ટ અંદાજે 2.75 અબજ ડૉલરનું છે.

માઈક્રોનને સેમિકન્ડક્ટર્સ બનાવવા માટે જોઈતો કાચો માલ પૂરો પાડવા માટે કોરિયાની કંપની સિમટેકે પણ ગુજરાત સરકાર સાથે સમજૂતી કરાર કર્યા છે. આ કરાર તો થયા, તેને 30 એકર જમીન પણ સાણંદ જીઆઈડીસીમાં ફાળવી દેવામાં આવી છે. આ જમીનમાંથી બહુ જ ઓછી જગ્યામાં સિમટેક પ્લાન્ટ નાખશે. બાકીની જગ્યામાં સેમિકન્ડક્ટર્સ બનાવવા માટે જોઈતા બીજા 249 પૂરજાઓ બનશે. આમ તેનું મૂડીરોકાણ પણ સાણંદમાં આવશે. માઈક્રોટેકે તેનું યુનિટ ચાલુ થતાં પૂર્વે જ મેનપાવર તૈયાર કરવા માટે માઈક્રોન અને નેમટેક સાથે કરારા કર્યા છે. આ જ રીતે સાઈબર સિક્યોરિટી



## સેમિકન્ડક્ટર્સનો ઉપયોગ ક્યાં ક્યાં થાય છે

તમને સવાલ થતો હશે કે આ સેમિકન્ડક્ટર્સ વળી કઈ બલા છે. તેનો ઉપયોગ શું છે. સેમિકન્ડક્ટર્સનો ઉપયોગ શેમાં કરવામાં આવે છે. તમારા હાથમાં જે મોબાઈલ છે તેમાં સેમિકન્ડક્ટર્સનો ઉપયોગ થાય છે. 5જી નેટવર્ક મેળવવા માટે પણ સેમિકન્ડક્ટર્સની જરૂર પડે છે. તેના થકી જ સ્પીડ મળી શકે છે. સ્માર્ટફોનમાં સેમિકન્ડક્ટર્સનો ઉપયોગ કરવો જ પડે છે. 5જીને કારણે પણ સેમિકન્ડક્ટર્સની ડિમાન્ડ વધી જવાની છે. 5જીની ચિપ્સ તૈયાર કરવા માટે વધુ રિસર્ચ કરવાની જરૂર ઊભી થશે. તેનાથી જ ફાઈવ-જી નેટવર્કના પરફોર્મન્સ અને સ્પીડમાં સુધારો આવશે.

ટેબ્લેટ્સ, પર્સનલ કૉમ્પ્યુટર્સ, લૅપટૉપ્સ, ટેલિવિઝિન, ફ્રિજ, ઍરકન્ડિશનર્સ સહિતની જે ઈલેક્ટ્રૉનિક્સ આઈટેમ્સનું તમે નામ લેશો તે તમામમાં સેમિકન્ડક્ટર્સનો ઉપયોગ થાય જ છે. અત્યારે તાઈવાન, ચાઈના, કોરિયા અને અમેરિકા જેવા દેશમાં સેમિકન્ડક્ટર્સનું મોટે પાયે ઉત્પાદન થાય છે. વિશ્વના મોટા ભાગના દેશો તેમનાં સેમિકન્ડક્ટર્સ પર જ નિર્ભર છે. ઈન્ફોટેઈનમેન્ટ્સમાં પણ સેમિકન્ડક્ટર્સની મોટી ભૂમિકા છે. તમારા આરોગ્યને મૉનિટર કરી આપતી સ્માર્ટ વૉચમાં પણ સેમિકન્ડક્ટર્સનો ઉપયોગ




કરવામાં આવે છે. તેવી જ રીતે બ્લડપ્રેશર મૉનિટર, પેસમેકર અને હવે પછી તૈયાર થનારી આધુનિક મેડિકલ ડિવાઈસમાં પણ સેમિકન્ડક્ટર્સનો ઉપયોગ થવાનો છે. આરોગ્ય અને આરોગ્ય સંભાળના સેક્ટરમાં સેમિકન્ડક્ટર્સની ઍપનો ઉપયોગ અનંત છે તેમ જ વધુ ચોકસાઈપૂર્ણ, વિશ્વસનીય અને સર્વગ્રાહી મેડિકલ ડિવાઈસ બનાવવા માટે પણ સેમિકન્ડક્ટર્સની જરૂર પડે છે. હવે પછીનાં વર્ષોમાં તો અત્યારે આવે છે તેના કરતાંય નાની અને વધુ બારીક ચિપ્સ તૈયાર થવા માંડશે. તેનો પાવર ઘટશે, પરંતુ સ્પીડ વધી જશે. આ સેમિકન્ડક્ટર્સ ડિટેક્શનનું કામ વધુ ઝડપથી કરતાં થઈ જશે. વર્ચ્યુઅલ રિયાલિટીનાં ઉપકરણોમાં પણ સેમિકન્ડક્ટર્સનો જ ઉપયોગ થાય છે.

સેમિકન્ડક્ટર્સનો સપ્લાય સીમિત થતાં વચગાળામાં મોટરકારનું ઉત્પાદન ખોરવાઈ ગયું હતું. મોટરકારની ડિલિવરી છ છ મહિના મોડી પડી હતી. ઑટોમોબાઈલ ઉદ્યોગમાં રોજ રોજ નવા ઈનોવેશન્સ આવ્યાં જ કરે છે. તેને માટે નવાં નવાં સેમિકન્ડક્ટર્સની જરૂર ઊભી થયા જ કરશે. આ સતત ચાલતી અને અનંત પ્રક્રિયા છે. પેનેસોનિક, સેમસંગ જેવી દરેક બ્રાન્ડ માટે સેમિકન્ડક્ટર્સ એક અનિવાર્ય જરૂરિયાત છે.

અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ માટેના કરારો પણ કર્યા છે. સાણંદમાં માઇક્રોન અને સિમટેક ઉપરાંત પણ સેમિકન્ડક્ટર્સ બનાવવા માટેના ઘણા એકમો આવવાની શક્યતા નિર્માણ આ સાથે જ થઈ ગઈ છે, કારણ કે સેમિકન્ડક્ટર્સ બનાવવા માટેની તમામ વસ્તુઓ કે પૂરજાઓ આ જ સ્થળેથી મળી જવાની સંભાવના નિર્માણ થઈ ગઈ છે. ટેક્નિકલ ભાષામાં વાત કરીએ તો સેમિકન્ડક્ટર્સ બનાવવા માટેની સમગ્ર ઇકોસિસ્ટમ તૈયાર થઈ ગઈ છે.

કેન્દ્રના સંદેશવ્યવહાર અને રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવનું કહેવું છે કે, "માઇક્રોને જે ઝડપથી તેના પ્લાન્ટ નાખવાનું કામ ચાલુ કર્યું છે તે જોતાં મને વિશ્વાસ છે કે ડિસેમ્બર, 2024ના અંત પહેલાં જ ગુજરાતમાં અમદાવાદ શહેર નજીક સાણંદ જીઆઇડીસીમાં તેનો પ્લાન્ટ ધમધમતો થઈ જશે. તેના થકી જ પહેલી મેડ ઇન ઇન્ડિયા મેમરી ચિપ્સ ભારતના બજારમાં આવશે. બીજું ગુજરાત ગ્રીન પાવરના વિશ્વના મોટામાં મોટા હબ તરીકે પણ ઊભરી રહ્યું છે. ગુજરાતમાં 30,000 મેગાવૉટ ગ્રીન પાવરનું જનરેશન થવા જઈ રહ્યું છે. ગ્રીન પાવર જનરેટ કરતું વિશ્વનું મોટામાં મોટું સેન્ટર 5000થી 7000 મેગાવૉટ ગ્રીન પાવર જનરેટ કરે છે." માઇક્રોનના ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર સંજય મેહરોત્રા કહે છે, "પાંચ લાખ ચોરસફૂટ વિસ્તારમાં તેમનો પ્લાન્ટ તૈયાર કરવામાં આવી રહ્યો છે. 2025ના આરંભમાં આ પ્લાન્ટ ચાલુ કરી દેવામાં આવશે." માઇક્રોન, સિમટેક અને ટાટા ગ્રૂપે સેમિકન્ડક્ટરની ચિપ્સના પ્લાન્ટ ગુજરાતમાં નાખવાની જાહેરાત કરીને તેને માટે કરાર કર્યા તે સાથે જ ભારતમાંનો દુનિયાભરનાં સેમિકન્ડક્ટરના

## અમેરિકા માઇક્રોન અને કોરિયાની સિમટેક સહિત દુનિયાના અનેક વિકસિત દેશો ગુજરાતમાં સેમિકન્ડક્ટર્સનો પ્લાન્ટ નાખવા આગળ આવી

ઉત્પાદન સાથે સંકળાયેલી કંપનીઓનો વિશ્વાસ વધી ગયો છે. ભારતમાં સેમિકન્ડક્ટર્સ બનાવવા માટેની ઇકો સિસ્ટમ તૈયાર થઈ ગઈ છે. ભારતમાં બીજી અનેક કંપનીઓ સેમિકન્ડક્ટરનું ઉત્પાદન કરવા માટે આગળ આવવા તૈયાર થઈ જશે. આમ ભારતમાં સેમિકન્ડક્ટરનું ઉત્પાદન કરવાનો ઉદ્યોગ ધમધમી ઊઠશે.

બીજું, સેમિકન્ડક્ટર્સ બનાવવાની કુશળતા કેળવવાની તાલીમ લઈ લેનારા યુવાનોને માટે નોકરીની નવી તકો ઊભી થશે, એમ રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવે વાઇબ્રન્ટ ગુજરાતમાં જણાવ્યું હતું. માત્ર કંપનીઓ જ ઝડપથી કામ કરી રહી છે તેવું નથી. સરકાર પણ ઝડપથી કામ કરી રહી છે. સેમિકન્ડક્ટર્સ એક નહીં, અનેક સેક્ટરને કામ લાગે તેવી વસ્તુ છે. ફિનટેક કંપનીઓ કે પછી ઑટોમોબાઇલ કંપનીઓ પણ તેનો ભરપૂર ઉપયોગ કરે જ છે અને ઉપયોગ કરતી જ રહેશે. તેથી જ સેમિકન્ડક્ટર્સ ઉદ્યોગને ફાઉન્ડેશન ઇન્ડસ્ટ્રી તરીકે ઓળખાવવામાં આવે છે. તેમાં અનેક ઉદ્યોગોની જરૂરિયાત સંતોષવાની ક્ષમતા છે.

ફાઉન્ડેશનલ ઇન્ડસ્ટ્રીઝની કૅટેગરીમાં આવતી



## સેમિકન્ડક્ટર્સ બનાવવાના સ્કિલ્ડ વર્કર્સ માટે જોબના ખૂલી રહેલા દરવાજા

સેમિકન્ડક્ટર્સના પ્લાન્ટ્સ આવતાં ભારતમાં 10 લાખ નવી રોજગારી નિર્માણ થશે. તેમાંથી ગુજરાતમાં પણ ખાસ્સી સંખ્યામાં રોજગારી નિર્માણ થવાની સંભાવના હોવાનું સંદેશવ્યવહાર રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું. સેમિકન્ડક્ટર્સ બનાવવા માટેની કુશળતા બહુ જ બારીક આવડત ધરાવે છે. આ આવડત ધરાવવાની તૈયારી કરનારા યુવાનો માટે રોજગારીની સારામાં સારી તક નિર્માણ થવામાં છે. આરંભમાં સાણંદના પ્લાન્ટમાં મેનપાવરની અછત ન સર્જાય તે માટે તેમણે અંદાજે 200 જણાને નોકરીએ રાખી દીધા છે. તેમને મલેશિયા અને મોહાલીમાં તાલીમ આપવાની કામગીરી ચાલુ કરી દેવામાં આવી છે. ભારત સરકારે આવનારા દિવસોને ધ્યાનમાં રાખીને સ્કિલ્ડ મેનપાવર તૈયાર કરવા માટે 104 જેટલી યુનિવર્સિટીઓ અને સંસ્થાઓ સાથે કરાર કર્યા છે. આ સંસ્થાઓ મેનપાવર તૈયાર કરવા માટેના અભ્યાસક્રમો ચાલુ કરશે. ગુજરાતના યુવાનો આ કુશળતા કેળવી લેશે તો આગામી દિવસોમાં તેમને માટે નોકરી મેળવવી સહજ બની જશે. માઇક્રોનના જ સંજય મેહરોત્રાનું કહેવું છે, "માઇક્રોનના રોકાણને કારણે 5000 યુવાનોને સીધી રાજગારી મળશે તેમ જ 15,000 યુથને આડકતરી રોજગારી મળશે."




**મોબાઇલ, લૅપટૉપ, કૅમેરા, ફ્રિજ, ટીવી, મોટર, સ્કૂટર સહિતની અસંખ્ય વસ્તુઓમાં સેમિકન્ડક્ટર્સની ચિપ્સ જરૂરી**

**સેમિકન્ડક્ટર્સના પ્લાન્ટ નાખનારાઓને કેન્દ્ર સરકારની યોજના હેઠળ 45 ટકા સબસિડી મળવાની સંભાવના**








## આઇઆઇટી ગાંધીનગરને સેન્ટર ઑફ એક્સેલન્સ બનાવવામાં આવશે

સેમિકન્ડક્ટર બનાવવા માટેના રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ માટે ગાંધીનગરની આઈઆઈટીને સેન્ટર ઑફ એક્સેલન્સ બનાવવામાં આવશે.દેશભરના સેમિકન્ડક્ટર્સ બનાવવાનાક્ષેત્રના જાણકારોને નવા સંશોધન કરવા માટેનો એક પાયો આ સાથે જ મળી જશે. તેની મદદથી તેઓ નવાં સંશોધનો પણ કરી શકશે. આ સેન્ટર ઑફ એક્સેલન્સમાં રિસર્ચ માટેની લૅબની સુવિધા મળી જશે. તેમને સંશોધનના ટેસ્ટિંગ કરવા માટેનાં ઉપકરણો પણ મળી જશે. તેમાં તાલીમ પણ આપવામાં આવશે.

## સેમિકન્ડક્ટર્સના પ્લાન્ટ નાખનારાને 45 ટકા સબસિડી

સ્પિક્સની સ્કીમ હેઠળ સેમિકન્ડક્ટર્સ બનાવવાનો પ્લાન્ટ નાખનારને 45 ટકા કૅપિટલ સબસિડી મળી શકશે. ગુજરાત સરકાર તરફથી પણ ઈલેક્ટ્રૉનિક્સની સ્કીમ હેઠળ તેમને સબસિડી મળશે. તેમને સાણંદમાં 30 એકર જમીન ફાળવવામાં આવી છે. સેમિકન્ડક્ટર્સ બનાવવા માટે જરૂરી બીજા પૂરજાઓ બનાવનારા પણ સાણંદમાં ફાળવવામાં આવેલી 30 એકર જમીનમાં તેમના એકમો નાખવા માટે આગળ આવશે.

સેમિકન્ડક્ટર ઈન્ડસ્ટ્રીઝના વિકાસનો પાયો ગુજરાતમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાખી દીધો છે. તેની સાથે જ ગુજરાતમાં સેમિકન્ડક્ટર્સનો પ્લાન્ટ નાખવા તૈયાર અનેક ઉદ્યોગોના વિકાસનો માર્ગ ખૂલી ગયો છે. સેમિકન્ડક્ટર્સના ડેવલપમેન્ટ સાથે અનેક પ્રકારનાં ઇલેક્ટ્રૉનિક્સ ઉપકરણો, ફોન, ફ્રિજ, કાર, ટ્રેન સહિતનાં દરેક આધુનિક ઉપકરણોમાં અને ઈલેક્ટ્રિક ઉપકરણો, હૉસ્પિટલ્સના ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણોમાં અને મોટરમાં વપરાતાં ઈલેક્ટ્રોનિક ઉપકરણોમાં સેમિકન્ડક્ટરની જરૂર પડે છે. તેથી સેમિકન્ડક્ટરને પાયાના ઉદ્યોગ તરીકે ઓળખાવવામાં આવે છે. સેમિકન્ડક્ટર ઉદ્યોગ સ્થાપવો બહુ જ કઠિન છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તે શક્ય કરી બતાવ્યું છે.

સેમિકન્ડક્ટર બનાવવા માટે 250 જેટલી જુદી જુદી વસ્તુઓની જરૂર પડે છે. તેમાં સૌથી મોટી વસ્તુ છે, સબસ્ટ્રેઇન. સબસ્ટ્રેઈનના દુનિયાના સૌથી મોટા ઉત્પાદક તરીકે સિમટેક છે. સિમટેકે પણ ગુજરાત સરકાર સાથે એમ.ઓ.યુ. કરીને સાણંદમાં માઇક્રોનની નજીક જ તેનો પ્લાન્ટ નાખવાના કરાર કર્યા છે. માઇક્રોન અને સિમટેક ઉપરાંત ટાટા ગ્રુપ પણ સેમિકન્ડક્ટર્સના સેક્ટરમાં ઝંપલાવવા તૈયાર થઈ ગયું છે. ટાટા ગ્રુપ ધોલેરામાં માઈક્રોનથી પણ મોટા ઈન્વેસ્ટમેન્ટ સાથે પ્લાન્ટ નાખવા જઈ રહ્યું છે. માઈક્રોન, સિમટેક અને ટાટા ગ્રુપ સેમિકન્ડક્ટર્સના ઉત્પાદનના ક્ષેત્રમાં આવી ગયાં હોવાથી દુનિયાભરના દેશોનાં સેમિકન્ડક્ટર્સનું ઉત્પાદન કરનારી કંપનીઓનો ભારતમાંનો વિશ્વાસ બુલંદ થઈ ગયો છે. આ કંપનીઓ પણ હવે પછી ભારતમાં સેમિકન્ડક્ટર્સનું ઉત્પાદન કરવા માટે આગળ આવશે. ગુજરાત અને ભારતમાં સેમિકન્ડક્ટર્સ ઈન્ડસ્ટ્રી માટેની ઈકો સિસ્ટમ તૈયાર થઈ રહી છે. સેમિકન્ડક્ટર્સનો બિઝનેસ વાર્ષિક 20 ટકાના સર્વગ્રાહી વિકાસદરથી વધી રહ્યો છે.



# ગુજરાત ગ્રીન હાઇડ્રોજનના પ્રોડક્શનનું પણ હબ બનશે

વાઈબ્રન્ટ ગુજરાત સમિટ 2024માં ઇન્વેસ્ટર્સે સેમિકન્ડક્ટર્સની માફક ગુજરાત ગ્રીન હાઇડ્રોજન પેદા કરવાના પ્રોજેક્ટ્સમાં રસ બતાવ્યો તે દર્શાવે છે કે હવે ગુજરાત ગ્રીન હાઇડ્રોજન પેદા કરવા માટેનું હબ પણ બનશે. આ માત્ર ગુજરાત સરકારની કે બે-ચાર નિષ્ણાતોની માન્યતા નથી, પરંતુ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2024માં ગુજરાતમાં ગ્રીન હાઇડ્રોજન પેદા કરવા માટેના એકમો નાખવામાં ઔદ્યોગિક ઇન્વેસ્ટર્સે દાખવેલા રસને ધ્યાનમાં લેતાં દરેક વ્યક્તિ માની લે તેવું જણાય છે. પાણીમાંના બે કણ હાઇડ્રોજન અને એક કણ ઑક્સિજનને છૂટો પાડીને અને છૂટો પાડવાની આ પ્રક્રિયામાં કાર્બન ઉત્સર્જન કરે તેવી વીજળીનો ઉપયોગ ન કરીને ગ્રીન હાઇડ્રોજન પેદા કરવામાં આવે છે. હાઇડ્રોજન

**2030 સુધીમાં 50 લાખ ટન ગ્રીન હાઇડ્રોજન પેદા કરવાના ભારત સરકારના લક્ષ્યાંકમાંથી ગુજરાતમાં 2030 સુધીમાં વર્ષે અંદાજે 30 લાખ ટન ગ્રીન હાઇડ્રોજન પેદા કરવાનું આયોજન**

ઈંધણ તરીકે વપરાઈ ગયા પછી પણ વાતાવરણમાં માત્ર વરાળ જ છોડતો હોવાથી કાર્બન ઉત્સર્જન ઘટી જશે. બીજું પાણીમાંથી કાર્બન અલગ તારવવાની પ્રક્રિયા દરમિયાન સોલર પાવર, વિન્ડ પાવર કે પછી વીજળી પેદા કરવા માટેના અન્ય રિન્યુએબલ સ્રોતનો જ ઉપયોગ કરવામાં આવતો હોવાથી આ પ્રક્રિયાથી પેદા થતા હાઇડ્રોજનને ગ્રીન હાઇડ્રોજન તરીકે ઓળખાવવામાં આવે છે. કારણ કે તે બનાવવા માટે વપરાયેલા ઈંધણ થકી પણ વાતાવરણમાં કાર્બન ભળતો નથી. વાતાવરણ દૂષિત થતું નથી.

ગ્રીન હાઇડ્રોજનનો ઉપયોગ વધારી વધારીને 2070 સુધીમાં વાતાવરણમાં કાર્બનના ઉત્સર્જનનું સ્તર શૂન્ય સુધી લાવી દેવાનું સમગ્ર વિશ્વનું ટાર્ગેટ છે. તેથી જ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં ગ્રીન હાઇડ્રોજનના પ્રોજેક્ટ્સ પર ખાસ્સું ફોકસ કરવામાં આવ્યું છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વાઈબ્રન્ટ સમિટ 2024માં ગ્રીન હાઇડ્રોજનની વાત કરતાં જણાવ્યું હતું કે, "ભારતને ગ્રીન હાઇડ્રોજન પેદા કરવા માટેના મોટા સેન્ટર તરીકે વિકસાવવાના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સપનાને સાકાર કરવા માટે ગુજરાત સરકાર પણ ઝઝૂમી રહી છે. ગુજરાત સરકારે આગામી પાંચ વર્ષમાં ગ્રીન હાઇડ્રોજન પેદા કરવા

## એસ્સાર ગ્રુપ 1 ગીગાવૉટનો ગ્રીન હાઇડ્રોજનનો પ્રોજેક્ટ કરશે

ધાતુથી માંડીને બંદર સુધીના કામકાજ સાથે સંકળાયેલું ગુજરાતનું એસ્સાર ઇન્ડસ્ટ્રીઝ ગ્રુપ જામનગરમાં એક ગીગાવૉટ ગ્રીન હાઇડ્રોજનનો પ્રોજેક્ટ નાખશે. વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં આ માટે એસ્સાર ગ્રુપના પ્રમોટર ડિરેક્ટર પ્રશાંત રૂઈયાએ કરાર કર્યા છે. તેઓ આ સૂચિત પ્રોજેક્ટમાં રૂ. 30,000 કરોડનું રોકાણ કરવાના છે. કંપની ગ્રીન હાઇડ્રોજનના ઉત્પાદનના ક્ષેત્રમાં પણ ઝંપલાવવા માગે છે. એસ્સાર ગ્રુપે ટેલિકૉમ, ઑઈલ રિફાઈનિંગ, સ્ટીલ સેક્ટરના તેમના એકમો અને તેની અસ્ક્યામતો વેચી દઈને તેના માથા પરનું તમામ દેવું ચૂકવી આપ્યું છે. 25 અબજ ડૉલરના દેવાના ડુંગર તળે કચડાયેલી કંપની આજે દેવા મુક્ત કંપની બની ગઈ હોવાનું પ્રશાંત રૂઈયાનું કહેવું છે.



પ્રશાંત રૂઈયા



માટે રૂ. 2 લાખ કરોડથી વધુનું રોકાણ કરવાનું આયોજન કર્યું છે. ગુજરાત સરકારે આ પ્રોજેક્ટ્સને અમલમાં મૂકવા માટે કચ્છ અને બનાસકાંઠામાં 2 લાખ હેક્ટર જમીનની પણ ફાળવણી કરી છે. 2030ની સાલ સુધીમાં ગુજરાત વર્ષે અંદાજે 30 લાખ ટન ગ્રીન હાઈડ્રોજન પેદા કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. ભારત સરકારનો લક્ષ્યાંક 2030 સુધીમાં 50 લાખ ટન ગ્રીન હાઈડ્રોજન પેદા કરવાનું છે.” ભારત સરકારના ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદનના લક્ષ્યાંકને હાંસલ કરવામાં ગુજરાત 60 ટકા ફાળો આપશે.

વાઈબ્રન્ટ ગુજરાત સમિટ 2024માં બોલતાં ગુજરાતના ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગનાં પ્રિન્સિપાલ સેક્રેટરી મમતા વર્માએ કહ્યું હતું કે, “ગુજરાતમાં હાઈડ્રોજનની ખાસ્સી ડિમાન્ડ છે તેમ જ રિન્યુએબલ એનર્જી જનરેટ કરવાની ભરપૂર સંભાવનાઓ છે. તેને માટે જોઈતો સ્કિલ્ડ મેનપાવર પણ છે. સંપૂર્ણપણે ગ્રીન હાઈડ્રોજન માટેનો જ ટી ઍન્ડ ડી કૉરિડોર પણ મોજૂદ છે. તેમ જ ગ્રીન હાઈડ્રોજન પેદા કરવા માટેના એકમો નાખવા જંગી પ્રમાણમાં જમીન પણ અનામત રાખવામાં આવેલી છે.”




ગ્રીન હાઈડ્રોજનની ક્ષમતા ઊભી કરવા માટે ઈલેક્ટ્રોલાઈઝરની 8થી 10 ગીગાવૉટની ક્ષમતા ઊભી કરવી પડશે. આ ક્ષમતા ઊભી કરવા માટે રૂ. 45000 કરોડનો ખર્ચ કરવો પડશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે ઈલેક્ટ્રોલાઈઝરનું ઉત્પાદન કરનારાઓને પણ ગુજરાત સરકાર તરફથી પ્રોત્સાહન આપવામાં આવી રહ્યાં છે. ગુજરાતે આગામી પાંચ વર્ષમાં ગ્રીન ગ્રોથ સાથે સંકળાયેલાં સેક્ટર્સને માટે રૂ. 2 લાખ કરોડની ફાળવણી કરવામાં આવેલી છે. ગ્રીન હાઈડ્રોજન

## ગ્રીન હાઇડ્રોજન માટે એમ.ઓ.યુ. કર્યા

ગ્રીન હાઈડ્રોજન પેદા કરવા માટે નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન ગ્રીન એનર્જી લિમિટેડે ગ્રીન હાઈડ્રોજન પેદા કરવા માટેના બે પ્રોજેક્ટ ચાલુ કરવા માટે ગુજરાત સરકાર સાથે સમજૂતી કરાર-મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટૅન્ડિંગ કર્યા જ છે. કંપનીનો 7 ગીગાવૉટનો પ્લાન્ટ અમલના તબક્કામાં છે. તદુપરાંત ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કૉર્પોરેશન સાથે જીએસપીસીના ગૅસ નેટવર્કમાં ગ્રીન હાઈડ્રોજનનું બ્લેન્ડિંગ-મિશ્રણ કરવા માટેના કરાર પણ કર્યા છે. કંપની ગુજરાતમાં ગ્રીન હાઈડ્રોજન ફ્યુઅલ સ્ટેશન પણ નાખવા તૈયાર છે. ગુજરાત પીપાવાવ પોર્ટ લિમિટેડ સાથે પણ ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ ડેવલપ કરવાના કરાર કરવામાં આવ્યા છે. એનજીઈએલએસએ આ કરાર કર્યા છે.


તોશિહિરો, સુઝુકી

ગ્રીન હાઈડ્રોજન પેદા કરવા માટે નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન ગ્રીન એનર્જી લિમિટેડે ગ્રીન હાઈડ્રોજન પેદા કરવા માટેના બે પ્રોજેક્ટ ચાલુ કરવા માટે ગુજરાત સરકાર સાથે સમજૂતી કરાર-મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટૅન્ડિંગ કર્યા જ છે. કંપનીનો 7 ગીગાવૉટનો પ્લાન્ટ અમલના તબક્કામાં છે. રિલાયન્સ પણ ગ્રીન હાઈડ્રોજન પેદા કરવાના સેક્ટરમાં જંપલાવી રહી છે. અદાણી પણ ગ્રીન હાઈડ્રોજન પેદા કરવા માગે છે. આ જ રીતે મારુતિ સુઝુકી પણ ગ્રીન હાઈડ્રોજન પેદા કરવા માગે છે. તદુપરાંત મારુતિ સુઝુકીએ બાયોફ્યુઅલ બનાવવા માટે અને બાયો ઈથેનોલ બનાવવા માટે પણ વાઈબ્રન્ટ ગુજરાતમાં કરાર કર્યા છે. આ જ આયોજનના ભાગરૂપે મારુતિ સુઝુકીએ બનાસ ડેરી અને નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ સાથે મળીને ચાર ગોબર ગેસ પ્લાન્ટ નાખવાનું આયોજન કર્યું છે. આ ચારેય પ્લાન્ટ ગુજરાતમાં જ નાખવામાં આવશે. તેમાંથી એક પ્લાન્ટનું કામ ચાલુ પણ કરી દેવામાં આવ્યું છે.

## ટૉરેન્ટ ગ્રુપે રૂ. 47350 કરોડના એમ.ઓ.યુ. કર્યા

પાવર સેક્ટરના અમદાવાદસ્થિત ગ્રુપે વાઈબ્રન્ટ ગુજરાતમાં રૂ. 47350 કરોડનું મૂડીરોકાણ કરવા માટે એમ.ઓ.યુ. કર્યા છે. તેમાં સોલર પાવર પ્રોજેક્ટ અને હાઈબ્રિડ પાવર પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. ટૉરેન્ટ ગ્રુપના ચૅરમૅન એમિરેટ્સ સુધીર મહેતાએ જણાવ્યું હતું કે પહેલાં સમજૂતી કરારમાં 1045 મેગાવૉટનો હાઈબ્રીડ પાવર પ્રોજેક્ટ નાખવાનું આયોજન કરવામાં આવ્યું છે.તદુપરાંત બનાસકાંઠામાં 7000 મેગાવૉટનો સોલર પાર્ક નાખશે. ત્રીજું, વાર્ષિક 1 લાખ ટન ગ્રીન હાઈડ્રોજન પેદા કરવા માટેના કરાર કર્યા છે. ચોથો કરાર વીજ વિતરણ માટેનો છે. આ રોકાણને કારણે ગુજરાતમાં રોજગારીની 26,000 નવી તક નિર્માણ થવાની સંભાવના છે.


સુધીર મહેતા



## ગુજરાતમાં ગ્રીન હાઇડ્રોજન મિશનની શરૂઆત કરાઈ

ગુજરાત સરકારે ભારત સરકાર દ્વારા રચવામાં આવેલા નૅશનલ કમિશન ઑન ગ્રીન હાઇડ્રોજનની લાઇન પર જ ગુજરાત કમિશન ફૉર ગ્રીન હાઈડ્રોજનની રચના કરવાની જાહેરાત વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2024માં ગ્રીન હાઇડ્રોજન અંગેના સેમિનારમાં જાહેરાત કરી છે. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે ગુજરાતમાં થયેલા કુલ એમ.ઓ.યુ. માંથી ૫૦ ટકા એમ.ઓ.યુ. ગ્રીન એનર્જી માટે જ થયા છે. ગુજરાત સરકાર પણ ગ્રીન ગ્રોથ પર જ હવે ફોકસ કરશે. ગુજરાત સરકારનું ધ્યેય તો ગુજરાતને ગ્રીન હાઇડ્રોજનનું હબ બનાવવાનું છે.

પેદા થવા માંડતાં ઊર્જા ક્ષેત્રની સલામતીમાં વધારો થઈ જશે. તેનાથી સ્વચ્છ ઊર્જા પ્રાપ્ત થશે. કાર્બન એમિશન-ઉત્સર્જન શૂન્ય થવાની દિશામાં આગળ વધી શકાશે.

ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગનાં પ્રિન્સિપાલ સચિવ મમતા વર્માએ કહ્યું છે, “ગ્રીન એનર્જીની જરૂરિયાત પૂરી કરવા માટે રાજ્ય સરકારે રોજના 7.58 ટન ગ્રીન હાઇડ્રોજન પેદા કરવા માટેનો પાઇલોટ પ્રોજેક્ટ ચાલુ કરી દીધો છે. પાઇપ્ડ નૅચરલ ગૅસ સાથે ગ્રીન હાઇડ્રોજન મિક્સ થઈ શકે કે કેમ તેની શક્યતાનો તાગ મેળવવાની કોશિશ કરવામાં આવી રહી છે.” તેનો અર્થ એ થયો કે આવનારા દિવસોમાં દરેક ઘરના રસોડામાં આવતો પાઇપ્ડ નૅચરલ ગૅસ પણ ગ્રીન હાઇડ્રોજનના મિક્સર સાથેનો ગૅસ હશે તેવો અંદાજ બાંધી શકાય તેમ છે.



મમતા વર્મા

નીતિ આયોગના સભ્ય વી. કે. સારસ્વતે જણાવ્યું હતું કે, “ગ્રીન હાઇડ્રોજનની ઉત્પાદન કિંમત 80 ટકા જેટલી નીચે લાવવા માટેના પ્રયાસ ચાલુ કરી દીધા છે. તેને માટે ઇલેક્ટ્રોલાઇઝરની હાઇડ્રોજન ગૅસ પેદા કરવાની ક્ષમતા અંગેનો અભ્યાસ પણ હાથ ધરવામાં આવેલો છે તેમ જ ઇલેક્ટ્રોલાઇઝરની સમગ્ર સિસ્ટમ ચલાવવા માટે યુનિટદીઠ રૂ. 2ના ભાવથી વીજળી આપવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.”

વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબર સમિટ - 2024માં ગુજરાત સરકાર સાથે કરવામાં આવેલા મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગમાંથી 50 ટકા એમ.ઓ.યુ. ગ્રીન એનર્જીના સેક્ટરના છે. આ હકીકત દર્શાવે છે કે ગુજરાત સરકારને સમતોલ વિકાસ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું વધુ પસંદ છે. કાર્બન ઉત્સર્જન ન વધે અને વિકાસ પણ થાય તેવી નીતિને કેન્દ્રમાં રાખીને ગુજરાત આગળ વધી રહ્યું છે. ગુજરાતના નાણામંત્રી કનુભાઈ દેસાઈનું કહેવું છે કે, “ગ્રીન હાઇડ્રોજન અને રિન્યુએબલ એનર્જીના સેક્ટરમાં નવા પ્રોજેક્ટ નાખવા માટે વાઇબ્રન્ટ ગુજરાતમાં રૂ. 10 લાખ કરોડથી વધુના સમજૂતી કરારો થયા છે.” જોકે ગુજરાતમાં ૩૦ લાખ ટન ગ્રીન હાઇડ્રોજન પેદા કરવા માટે રૂ. ૮ લાખ કરોડનું મૂડીરોકાણ કરવું જરૂરી છે. તેથી 10 લાખ કરોડના એમ.ઓ.યુ. માંથી ગ્રીન હાઇડ્રોજન માટેના એમ.ઓ.યુ. અલગ તારવવા જરૂરી છે.

વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં બોલતાં કેન્દ્ર સરકારના રિન્યુએબલ એનર્જી મંત્રાલયના સેક્રેટરી ભૂપિન્દરસિંહ ભલ્લાએ કહ્યું હતું કે, “ગ્રીન હાઈડ્રોજન પેદા કરવા માટેના ઇલેક્ટ્રોલાઇઝરની કિંમત નીચી આવે અને તેની ઉત્પાદકતાને વધુ સારી કરવા માટે સંશોધન થવું જરૂરી છે. કેન્દ્ર સરકારે 4.10 લાખ ટન ગ્રીન હાઇડ્રોજનની ક્ષમતા વિકસાવવાની મંજૂરી આપી દીધી છે. તેની સાથે જ 1500 મેગાવોટની ક્ષમતા ધરાવતા ઇલેક્ટ્રોલાઇઝર મૅન્યુફૅક્ચરિંગ કરવાની મંજૂરી પણ તાજેતરના ભૂતકાળમાં આપી દીધી છે.”

## કયા ઉદ્યોગો ગ્રીન હાઇડ્રોજનની રાહ જોઈ રહ્યા છે

ગ્રીન હાઇડ્રોજનનો ઉપયોગ માઇનિંગ એટલે કે ઉત્ખનન માટેનાં ઉપકરણો-વાહનોમાં, ટ્રેનમાં, ઍરક્રાફ્ટમાં, લૉરી અને બસમાં તથા દરિયાઈ માર્ગે માલની હેરફેર કરતાં જહાજોમાં કરવામાં આવે છે. હાઇડ્રોજનથી દોડતાં વાહનોનો પણ તેમાં સમાવેશ થઈ રહ્યો છે. પૅસેન્જર વેહિકલ ઉપરાંત હવે ટ્રાન્સપોર્ટ વેહિકલ એટલે કે માલની હેરફેર કરતી ટ્રકમાં પણ ગ્રીન હાઇડ્રોજનનો ઉપયોગ થાય તે દિશામાં સક્રિયતા વધી છે. હ્યુન્ડાઈએ તો 2030 સુધીમાં હાઇડ્રોજનથી દોડતાં 5 લાખ પૅસેન્જર વેહિકલનું ઉત્પાદન કરવાની ઘોષણા પણ કરી દીધી છે. ઔદ્યોગિક એકમોમાં કરવાની થતી જુદી જુદી પ્રક્રિયામાં પણ હાઇડ્રોજનનો ઉપયોગ થાય છે. અત્યારે વીજળી પેદા કરવા માટેની પવનચક્કી સારા પવનને અભાવે બંધ થઈ જાય છે, પરંતુ હાઇડ્રોજનનો ઉપયોગ કરીને તે વિન્ડમિલને ફરતી રાખવામાં આવે તો તેનાથી વીજળી પેદા થશે તેમ જ વાતાવરણમાં કાર્બન ઉત્સર્જન પણ થશે નહીં. આ રીતે પેદા કરવામાં આવેલી વીજળીને સ્વચ્છ વીજળી એટલે કે પ્રદૂષણમાં વધારો કર્યા વિનાની વીજળી તરીકે ઓળખાવવામાં આવે છે. કોલસાથી કે લિગ્નાઇટનો ઉપયોગ કરીને પેદા કરવામાં આવતી વીજળીમાં કાર્બન ઉત્સર્જનનું પ્રમાણ ઘણું જ વધારે હોવાથી તેના વિકલ્પે ગ્રીન હાઇડ્રોજનનો ઉપયોગ વીજળી પેદા કરવા માટે કરવાનું આયોજન સમગ્ર દુનિયામાં ચાલી રહ્યું છે.

અત્યારે કેમિકલ ઉદ્યોગમાં પણ ગ્રીન હાઇડ્રોજનનો ઉપયોગ થાય છે. કેમિકલ ઇન્ડસ્ટ્રીમાં ઍમોનિયા અને ફર્ટિલાઇઝર બનાવવા માટે ગ્રીન હાઇડ્રોજનનો ઉપયોગ કરવામાં આવે છે. રાસાયણિક ખાતર બનાવતા પ્લાન્ટ પણ ગ્રીન હાઇડ્રોજનથી જ ચાલે તે દિશામાં કાર્ય થઈ રહ્યું છે. પેટ્રોકેમિકલ ઇન્ડસ્ટ્રીમાં પણ ગ્રીન હાઇડ્રોજનનો ઉપયોગ થવા માંડ્યો છે. ગ્રીન હાઇડ્રોજનનો ઉપયોગ કરીને પેટ્રોલિયમ પેદાશો તૈયાર કરવામાં આવી રહી છે. હવે સ્ટીલ ઉદ્યોગમાં પણ ગ્રીન હાઇડ્રોજનનો ઉપયોગ થવા માંડ્યો છે. સ્ટીલ ઉદ્યોગમાં વપરાતી ભઠ્ઠીને કારણે વધુમાં વધુ પ્રમાણમાં વાતાવરણમાં કાર્બન ઉત્સર્જન થાય છે. આ કાર્બન ઉત્સર્જન ઘટાડવા માટે તેમાં ગ્રીન હાઇડ્રોજનનો ઉપયોગ થાય તે જરૂરી બન્યું છે.

# ગ્રીન હાઇડ્રોજનનો ઉત્પાદન ખર્ચ કેટલો આવે છે

અત્યારે વિશ્વમાં એક કિલો ગ્રીન હાઇડ્રોજન પેદા કરવાનો ખર્ચ અંદાજે ત્રણથી છ અમેરિકી ડૉલરનો આવે છે. ભારતમાં ગ્રીન હાઇડ્રોજન બનાવવાનો કિલોદીઠ ખર્ચ રૂ. 300નો આવે છે. બ્રિટિશ પેટ્રોલિયમનાં મહિલા વાઇસ પ્રેસિડન્ટે વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં રજૂઆત કરતાં જણાવ્યું હતું કે ભારતમાં ગ્રીન હાઇડ્રોજનની પ્રોડક્શન કોસ્ટ રૂ. 100થી 150ની અંદર આવવી જોઈએ. તેમ થાય તો જ તેનો વપરાશ કરવો ઉદ્યોગોને પરવડશે. રૂ. 300ની ઉત્પાદન કિંમતે ગ્રીન હાઇડ્રોજન ખરીદવો કોઈ પણ ઔદ્યોગિક એકમને પરવડે તેવો જ નથી, કારણ કે ગ્રે હાઇડ્રોજનની કિંમત બેથી અઢી ડૉલરની આસપાસની કે તેનાથી ઓછી છે.

જોકે ગ્રીન હાઇડ્રોજનની પ્રોડક્શન કૉસ્ટનો આધાર ઈલેક્ટ્રોલાઈઝરની કિંમત પર રહેલો છે. તેમ જ ઈલેક્ટ્રોલાઈઝરની કુલ ઉત્પાદનક્ષમતા અને તેમાંથી કેટલી ક્ષમતાનો ઉપયોગ કરવામાં આવે છે તેના પર પણ ઉત્પાદન ખર્ચનો આધાર રહેલો છે. ઉપરાંત ગ્રીન હાઇડ્રોજન પેદા કરવા માટે જોઈતી રિન્યુએબલ એનર્જી એટલે કે કાર્બન ઉત્સર્જન ન કરે તેવી સોલર કે વિન્ડ પાવર અથવા તો જળ વિદ્યુતની સિસ્ટમથી પેદા કરવામાં આવતી વીજળી ગ્રીન હાઇડ્રોજન પેદા કરતા એકમને કઈ કિંમતે મળે છે તેના પર પણ ગ્રીન હાઇડ્રોજનના કિલોદીઠ ઉત્પાદન ખર્ચનો આધાર રહેલો છે.

જોકે ગુજરાતની રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝે 2030ની સાલ સુધીમાં કિલોદીઠ એક ડૉલરના ભાવથી ગ્રીન હાઇડ્રોજન પેદા કરી આપવાનો નિર્ધાર કર્યો છે.જોકે અન્ય ઉત્પાદકો કિલોદીઠ 2.5થી 4.5 ડૉલરના ભાવે ગ્રીન હાઇડ્રોજન પેદા કરવાનો લક્ષ્યાંક રાખીને બેઠા છે. ગ્રીન હાઇડ્રોજન પેદા કરવા માટેનો ઉત્પાદન ખર્ચ ઓછામાં ઓછો લાવવા માટે સોલર ફોટોવોલ્ટેઈક અથવા તો ઑફશૉર વિન્ડ પાવરથી પેદા કરેલી વીજળીનો ઉપયોગ કરવાનો છે. અત્યારે ઓછા ખર્ચે ગ્રીન હાઇડ્રોજન પેદા કરવા માટેનો આ શ્રેષ્ઠ વિકલ્પ હોવાનું નિષ્ણાતો માને છે.

ગ્રીન હાઇડ્રોજન બનાવવા માટેના ઈલેક્ટ્રોલાઈઝરની કિંમત પર પણ ગ્રીન હાઇડ્રોજનના ઉત્પાદનની કિંમતનો આધાર રહેલો છે. ઈલેક્ટ્રોલાઈઝરનો ઉપયોગ કરીને પાણીમાંથી હાઇડ્રોજનના બે કણ અને ઑક્સિજનના એક કણને છૂટો પાડવામાં આવે છે. આ પ્રક્રિયાને ઈલેક્ટ્રોલાઈસિસ તરીકે ઓળખાવવામાં આવે છે. આજે દુનિયામાં સ્ટીમ મીથેન રિફોર્મિંગ-એસએમઆર તરીકે ઓળખાતી સિસ્ટમથી વિશ્વમાં પેદા કરવામાં આવતા કુલ હાઇડ્રોજનના 50 ટકા હાઇડ્રોજન એટલે કે ઇન્ડસ્ટ્રિયલ હાઇડ્રોજન પેદા કરવામાં આવી રહ્યો છે. અત્યારે ઈલેક્ટ્રોલાઈઝર જ ગ્રીન હાઇડ્રોજન પેદા કરવા માટેનું બેસ્ટ ઉપકરણ છે. તેની કિંમત નીચે આવે તે જરૂરી છે.



# ગ્રીન હાઇડ્રોજનના ઉત્પાદન સામે ટેક્નૉલૉજી મોટો પડકાર

ગ્રીન હાઇડ્રોજન પેદા કરવા માટે સૌથી મોટો પડકાર તેને માટેની ટેક્નૉલૉજી ઈલેક્ટ્રોલાઈઝરના ભાવનો છે. ગ્રીન હાઇડ્રોજન માટેની આ ટેક્નૉલૉજી મોંઘી હશે તો ટેક્નૉલૉજીનો વપરાશ કરવા માટે આગળ આવનારા એકમોની સંખ્યા ઓછી હશે. તેની ટેક્નૉલૉજી સસ્તી મળશે તો તેને પરિણામે ગ્રીન હાઇડ્રોજન ઓછા દરે પેદા કરી શકાશે. એમએમબીટીયુ દીઠ તેની ઉત્પાદન કિંમત અત્યારે અંદાજે 6 ડૉલર કે તેનાથી વધુ આવે છે. ગ્રીન હાઇડ્રોજનની પ્રોડક્શન કોસ્ટ ઓછી થવી જોઈએ. કિલોદીઠ કોસ્ટ બે ડૉલરથી ઓછી રહેવી જોઈએ. તેની કિંમત ઓછી હશે તો જ તેનો વપરાશ કરનારાઓ આગળ આવશે. બીજું, મોંઘા ભાવના ગ્રીન હાઇડ્રોજનને કોલસા સાથે બ્લેન્ડિંગ કરીને કે પછી બાયો ફ્યુઅલ સાથે બ્લેન્ડિંગ કરીને વાપરી શકાશે કે નહીં તેના અખતરાઓ અત્યારે ચાલી રહ્યા છે. હજી આ બાબતો નિશ્ચિતતા નથી. તેથી તેનો ઓછા ખર્ચે ઉત્પાદન થાય તે જ અનિવાર્ય જરૂરિયાત છે. તેની કિંમત વધારે હશે તો તેને અડૉપ્ટ કરનારા ઓછા હશે, એમ ગ્રીન હાઇડ્રોજન અંગેના સેમિનારને અંતે યોજાયેલા ચર્ચાસત્રમાં બોલતાં બ્રિટિશ પેટ્રોલિયમના અધિકારીએ જણાવ્યું હતું. ગ્રીન હાઇડ્રોજનનું બ્લેન્ડિંગ કરીન તેનો ઈંધણ તરીકે ઉપયોગ કરવા માટેના પાઈલોટ પ્રોજેક્ટ અત્યારે ચાલી રહ્યા છે. તેનું બ્લેન્ડિંગ કરીને તેનો ઉપયોગ કરવો અત્યારે સરળ નથી. પરિણામે આ મોરચે પણ મોટા પાયે સંશોધન થવું જરૂરી છે.

# ગ્રીન હાઇડ્રોજનનું ગ્લોબલ ટ્રેડિંગ થશે

ગ્લોબલ હાઇડ્રોજન પ્રાઇસ ઇન્ડેક્સ લૉન્ચ કરવા અને આઈએફએસસીમાં ગ્લોબલ હાઇડ્રોજન ટ્રેડિંગ થાય તે માટે ગિફ્ટ આઈએફએસસી સાથે ઈન્ડિયન ગૅસ એક્સચેન્જ અને ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કૉર્પોરેશન વચ્ચે સમજૂતી કરારો થયા છે. આજે જર્મનીમાં હાઇડ્રોજનનું ટ્રેડિંગ થાય છે. જર્મની પછી હાઇડ્રોજન ટ્રેડિંગનું દુનિયાનું આ બીજું સેન્ટર બનશે. બીજી તરફ એનટીપીસી અને જીએસપીસી વચ્ચે પણ કુદરતી ગૅસ-નેચરલ ગૅસ સાથે 5ને બદલે 8 ટકા ગ્રીન હાઇડ્રોજનનું બ્લેન્ડિંગ કરીને તેનો ઈંધણ તરીકે ઉપયોગ કરવા માટેના સમજૂતી કરારો પર સહીસિક્કા થયા છે. ગ્રીન હાઇડ્રોજનનો વધુમાં વધુ સેક્ટરમાં વપરાશ થાય તે માટે બંને કામ કરશે.



# ગ્રીન હાઈડ્રોજન પેદા કરવાનો સૌથી સસ્તો વિકલ્પ મળી ગયો

## બનાસ ડેરીએ ગોબરમાંથી ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન પ્રાયોગિક ધોરણે શરૂ કર્યું

## આ પ્રકારે ઉત્પન્ન થતો હાઈડ્રોજન 50 ટકા સસ્તો હોય છે

ગુજરાતના બનાસકાંઠા જિલ્લાની બનાસ ડેરી હવે ગોબર-છાણમાંથી ગ્રીન હાઈડ્રોજન પેદા કરશે. આ હાઈડ્રોજનની કિલોદીઠ કિંમત રૂ. 200ની આસપાસની જ રહેવાનો અંદાજ છે. આ માટેનો પાઈલોટ પ્રોજેક્ટ ચાલુ કરી દેવામાં આવ્યો છે. નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ અને સસ્ટેઈન પ્લસના સહયોગમાં તેમણે છાણમાંથી હાઈડ્રોજન પેદા કરવાનું ચાલુ કરી દીધું છે. આ સાથે જ તદ્દન નવી જ રીતે ગ્રીન હાઈડ્રોજન પેદા કરવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. આ ગ્રીન હાઈડ્રોજન એકદમ ઓછી કિંમતથી પેદા કરવામાં સફળતા મળી રહી છે. બનાસડેરીના સિનિયર એક્ઝિક્યુટિવ પ્રિયાંક મહેતા કહે છે, “ભારતમાં ગોબર ગેસમાંથી ગ્રીન હાઈડ્રોજન પેદા કરવાનો આ બહુધા પહેલો પ્લાન્ટ છે.”

બનાસડેરીના ચેરમેન શંકર ચૌધરીનું કહેવું છે કે, “પ્રાયોગિક ધોરણે ગોબર-છાણમાંથી હાઈડ્રોજન પેદા કરવાનું ચાલુ કરી દીધું છે. આગામી દસથી પંદર દિવસમાં આ પ્રોજેક્ટ પ્રાથમિક ધોરણે ચાલુ કરી દેવામાં આવે તેવી સંપૂર્ણ શક્યતા છે. કેન્દ્રિય સહકારિતા મંત્રી અમિત શાહનો સમય મળે તેની રાહ જોવામાં આવી રહી છે.” બનાસડેરીના સિનિયર એક્ઝિક્યુટિવ પ્રિયાંક મહેતાનું કહેવું છે કે, “ગોબરમાંથી ગ્રીન હાઈડ્રોજન બનાવવામાં આવશે તે અન્ય પદ્ધતિથી બનાવવામાં આવતા ગ્રીન હાઈડ્રોજન કરતાં 50 ટકાથી ઓછી કિંમતે પેદા થઈ શકશે. તેની સાથે આડપેદાશ તરીકે બ્લેક કાર્બન પણ પેદા થશે. પ્રિયાંક મહેતાનું કહેવું છે, “અત્યાર સુધીમાં શોધી કાઢવામાં આવેલો ગ્રીન હાઈડ્રોજન બનાવવાનો આ સસ્તામાં સસ્તો વિકલ્પ છે. બ્લેક કાર્બનનો ઉપયોગ પ્રિન્ટરમાં શ્યાહી (ઈન્ક)તરીકે અને કૃષિ ક્ષેત્રમાં પણ ઉપયોગ કરી શકાય તેમ છે. આ પ્રક્રિયામાં કાર્બન ડાયોક્સાઈડ પેદા થતો નથી.” આ પ્રક્રિયાથી પેદા કરવામાં આવતો હાઈડ્રોજન અત્યંત શુદ્ધ હોય છે. તેનો ઉપયોગ કમ્બશનની પ્રક્રિયામાં એટલે કે વધુ ગરમી પેદા કરવા માટે કરી શકાય છે.



આમ ગ્રીન હાઈડ્રોજન બનાવવાની આ પદ્ધતિને પરિણામે બમણો ફાયદો થાય છે. એક સામાન્ય રીતે ગ્રીન હાઈડ્રોજન પેદા કરવા માટે કિલોદીઠ ખર્ચ રૂ. 400થી 450નો આવે છે. તેની સામે આ નવી પદ્ધતિમાં ગ્રીન હાઈડ્રોજન પેદા કરવામાં આવે તો તેનું કિલોદીઠ ઉત્પાદન ખર્ચ રૂ. 200ની આસપાસનો આવે છે. તેની સાથે સાથે જ આડપેદાશ તરીકે પેદા થતાં બ્લેક કાર્બનના બજારમાં કિલોદીઠ રૂ. 150ના ભાવે વેચી શકાશે.” બ્લેક કાર્બન એ કાર્બનનું સૌથી નાનું સ્વરૂપ છે.

બાયોસીએનજીમાં શુદ્ધ મિથેન મહત્તમ પ્રમાણમાં હોય છે. મિથેનમાં કાર્બનનો એક કણ અને હાઈડ્રોજનના ચાર કણ હોય છે. મિથેનને 1050 ડિગ્રી ગરમી આપવામાં આવે છે. સરેરાખ 800થી 1250 ડિગ્રી ગરમી આપવામાં આવતા તેમાંથી હાઈડ્રોજન અને કાર્બન બ્લેક છૂટા પડે છે. મિથેન તૂટે છે ત્યારે તેમાંથી 25 ટકા હાઈડ્રોજન અને 75 ટકા કાર્બન બ્લેક છૂટો પડે છે.

### ગોબર ગેસમાંથી ગ્રીન હાઈડ્રોજન કેવી રીતે બનાવવામાં આવશે?

ગોબર ગેસ પ્લાન્ટમાં સૌથી પહેલા તો ગોબર નાખી દેવામાં આવે છે. ગોબરના વજન જેટલું જ



પાણી તેમાં ઉમેરવામાં આવે છે. તેમાં આપોઆપ કુદરતી પ્રક્રિયા થવા માંડે છે અને ધીમે ધીમે મિથેન નામનો વાયુ છૂટો પડવા માંડે છે. આ મિથેન ટાંકીમાં જમા થયા જ કરે છે. ટાંકીમાં જમા થયેલા મિથન પર પ્રોસેસ કરવામાં આવે છે. આ પ્રોસેસને શુદ્ધિ કરણની પ્રક્રિયા તરીકે ઓળખાવવામાં આવે છે. અશુદ્ધ મિથેનને શુદ્ધ કર્યા પછી તેમાંથી બાયોગેસ તૈયાર થાય છે. આ બાયોગેસનો ઉપયોગ સીએનજીથી દોડતી કારમાં કે પછી અન્ય વાહનમાં ઈંધણ તરીકે વાપરી શકાય છે. 40,000 કિલોના ગોબર ગેસ પ્લાન્ટમાંથી રોજ 600થી 700 કિલો બાયોગેસ પેદા થાય છે.

બાયોગેસ પર વધુ પ્રોસેસ કરીને તેમાંથી ગ્રીન હાઈડ્રોજન પેદા કરવામાં આવે છે. આ બાયોગેસ પેદા થયા પછી તેના પર પાયરોલાઈસિસ તરીકે ઓળખાય છે. પાયરોલાઈસિસની પ્રક્રિયાથી બાયોગેસમાંના મિથેનના શુદ્ધ સ્વરૂપને વધુ તોડવામાં આવે છે એટલે કે અલગ કરવામાં આવે છે. તેમાંથી ગ્રીન હાઈડ્રોજન અને કાર્બન બ્લેક અલગ થાય છે. ગ્રીન હાઈડ્રોજનનો ઉપયોગ ફર્ટિલાઈઝરની કંપનીમાં અને પેટ્રોલિયમ કંપનીમાં થાય છે. કાર્બન બ્લેકનો ઉપયોગ કોમ્પ્યુટરની ઈન્ક તરીકે પણ થાય છે. આ ઈન્ક કિલોદીઠ રૂ. 150ના ભાવે વેચાય છે. ગ્રીન હાઈડ્રોજનના કિલોદીઠ રૂ. 200ની આસપાસનો ઉત્પાદન ખર્ચ આવે છે. આમ એક જ પ્રક્રિયાને કારણે કિલોદીઠ રૂ. 70ના ભાવે વેચાતા બાયોફ્યુઅલ અને કાર્બન બ્લેક બંને પેદા થાય છે. આ પ્રક્રિયામાં વાતાવરણમાં કાર્બન ઉત્સર્જન થતું જ નથી. તેથી તેમાંથી બનતા હાઈડ્રોજનને ગ્રીન હાઈડ્રોજન તરીકે ઓળખાવવામાં આવે છે.




## ગ્રીન હાઈડ્રોજનની ઉત્પાદન કિંમત બહુ જ ઓછીઃ

હવે તેના આર્થિક ગણિતોની વાત કરીએ. 8 કિલો બાયોફ્યુઅલ નાખીએ. તેની બજાર કિંમતને આધારે ત્રિરાશી માંડવામાં આવે તો તેના રૂ. 560ના મૂલ્યના ઈનપુટ તરીકે નાખવામાં આવે છે. તેના પર પ્રક્રિયા થયા પછી તેમાંથી બે કિલો ગ્રીન હાઈડ્રોજન અને છ કિલો કાર્બન બ્લેક નીકળે છે. પ્રિયાંક મહેતા કહે છે, "મિથેન-CH4ને તોડી નાખવાની આ પ્રક્રિયાની પાયરોલાઈસિસ તરીકે ઓળખાવવામાં આવે છે." ગ્રીન હાઈડ્રોજનની ઉત્પાદન કિંમત રૂ. 200ની આસપાસની આવે છે. તેની સામે છ કિલો બ્લેક કાર્બનની બજાર કિંમત રૂ. 150 છે. છ કિલો બ્લેક કાર્બનના રૂ. 900 ઉપજી શકે છે. તેમ જ બે કિલો ગ્રીન હાઈડ્રોનના રૂ. 400થી વધુ ઉપજી શકે છે. તેના પર નફો કેટલો ચઢાવવો તે તેની જે તે ક્ષણની બજાર કિંમત પર આધાર રાખે છે. અત્યારે પાણીના ટીપામાંના હાઈડ્રોજનના બે કણ અને ઓક્સિજનના એક ગણને અલગ પાડવાની પ્રક્રિયામાં જે હાઈડ્રોજન બનાવવામાં આવે છે તેમાં એક કિલો હાઈડ્રોજન બનાવવાનો ખર્ચ અંદાજે રૂ. 400થી 450નો આવે છે. બનાસ ડેરીના ચેરમેન શંકર ચૌધરી કહે છે, "તેથી જ અમે ગ્રીન હાઈડ્રોજન બનાવવાનું આયોજન અમલમાં મૂકી રહ્યા છીએ." આ પ્રક્રિયા કરવા માટે માનવ બળ મોટું જરૂર પડતી નથી. સમગ્ર પ્રક્રિયા સરળતાથી થઈ જાય છે. ગ્રીન હાઈડ્રોજન પેદા કરવાની ક્ષમતાને કોઈપણ હદ સુધી વધારી શકાય છે. તેમાંથી કાર્બન બહુ જ આસાનીથી છૂટો પાડી શકાય છે. એક કિલો કાર્બન બરાબર 3.6 કિલો Co2-સીઓટુ થાય છે. મિથેનમાંથી ગ્રીન હાઈડ્રોજન પેદા કરવા અને બ્લેક કાર્બન અલગ તારવવા માટેની પ્રક્રિયામાં વીજળીનો પણ વધારે વપરાશ થતો નથી. વીજળીની વાત કરીએ તો સોલાર પાવર બનાસકાંઠામાં સરળતાથી મેળવી શકાય છે.

ગોબરમાંથી હાઈડ્રોજન પેદા કરવાની આ તદ્દન નવતર પદ્ધતિ પશુધનની ઉપયોગીતા અને મહત્તામાં વધારો કરશે. ડેરી ઉદ્યોગમાં અગ્રેસર ગણાતા બનાસકાંઠા જિલ્લામાં પશુ ધન પણ ખાસ્સું મોટું છે. એકલા ગુજરાતમાં 2.70 કરોડ ગાય છે.

## પ્લાન્ટ-મશીનરીને રૂ.1.2 કરોડનો ખર્ચ

**ગ્રીન હાઈડ્રોજન બનાવવા માટેનો પ્લાન્ટની મશનરી અને બાંધકાનો મળીને અંદાજે રૂ. 1.2 કરોડનો ખર્ચ થાય છે. અત્યારે આ પ્લાન્ટ સંશોધનના હેતુથી ચલાવવામાં આવી રહ્યો છે. તેથી એક કલાકમાં બે લિટર હાઈડ્રોજન પેદા કરવામાં આવી રહ્યો છે. તેમાં કલાકના 100 કિલો કે તેનાથીય વધુનું ઉત્પાદન લઈ શકાય છે. આ જ રીતે કાર્બન બ્લેકનું ઉત્પાદન પણ વધારી શકાય છે. આ પ્લાન્ટ પ્રાયોગિક ધોરણે નાખવામાં આવ્યો છે. છતાંય માત્ર લેબોરેટરીના લેવલનો પ્લાન્ટ નથી. તેનાથી ઘણો મોટો પ્લાન્ટ છે, એમ પ્રિયાંક મહેતાનું કહેવું છે.**

## VGGS-24ના સમાપન સમારોહમાં અમિત શાહ

# ગુજરાતમાંથી પસાર થતો ભારતના વિકાસનો માર્ગ

**પહેલાં ડાર્કસ્પોટ તરીકે ઓળખાતું ભારત આજે વાઇબ્રન્ટ સ્પૉટ તરીકે જગતભરમાં જાણીતું થયું છે**

ભારતના વિકાસનો માર્ગ ગુજરાતમાંથી જ પસાર થઈ રહ્યો હોવાનો દેશને વિશ્વાસ છે અને દેશના લોકોના આ વિશ્વાસને જાળવી રાખવો એ આપણી જવાબદારી છે. વાઈબ્રન્ટ ગુજરાતના સમાપન સમારોહને સંબોધન કરતાં કેન્દ્રીય મંત્રી અમિત શાહે કહ્યું હતું કે અમૃતકાળના આરંભમાં જ ૨૦૨૭ની સાલ સુધીમાં ભારતને વિકસિત દેશ તરીકેની હરોળમાં મૂકી દેવાના સંકલ્પનો સાક્ષાત્કાર કરવાની નવી શરૂઆત થઈ ગઈ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેન્દ્રમાં સત્તાનો દોર હાથમાં લીધો તે પૂર્વે ભારતના અર્થતંત્રને ફ્રેગાઈલ ફાઈવ ઈકૉનૉમી તરીકે જોવામાં આવતું હતું, આજે ભારતીય અર્થતંત્રે ટૉપ ફાઈવ ઈકૉનૉમીમાં સ્થાન મેળવી લીધું છે. વિશ્વમાં ભારતને ડાર્કસ્પોટ તરીકે જોવામાં આવતું હતું. આજે ભારતને વાઈબ્રન્ટ સ્પોટ તરીકે






જોવામાં આવી રહ્યું છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ - 2024 સાથે જ સંકલ્પથી સિદ્ધિ સુધીની સફરનો આરંભ થઈ રહ્યો છે.

**વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ – 2024 સાથે જ સંકલ્પથી સિદ્ધિ સુધીની સફરનો આરંભ થઇ રહ્યો છે**

ગુજરાત સરકારની નીતિઓ અને કેન્દ્રની નીતિઓને આગળ ધપાવવાની માનસિકતાને કારણે ઉદ્યોગજગતના મોભીઓનો ગુજરાતમાંનો વિશ્વાસ બુલંદ બન્યો છે અને તેથી જ મૂડીરોકાણ કરવા માટે આગળ આવી રહ્યા છે. વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં ઢગલાબંધ આઈડિયા અને ઈનોવેશન્સને પ્લૅટફૉર્મ મળ્યું છે. તેનાથી એકલા ગુજરાતને જ આર્થિક લાભ થયો છે તેવું નથી, સમગ્ર દેશને ફાયદો થયો છે.

દેશના પ્રધાનમંત્રી તરીકેનો દોર ૨૦૧૪માં નરેન્દ્ર મોદીએ પોતાના હાથમા ંલીધો ત્યારે ભારતનું અર્થતંત્ર વિશ્વનું ૧૧મા ક્રમે આવતું અર્થતંત્ર હતું. આજે ભારતનું અર્થતંત્ર પાંચમા ક્રમે આવી ગયું છે. નરેન્દ્ર મોદી ત્રીજી મુદત માટે પ્રધાનમંત્રી બને તે પછી બહુ જ થોડાં વર્ષોમાં ભારતનું અર્થતંત્ર વિશ્વનું ત્રીજા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બની જશે. તેમણે કહ્યું હતું કે વાઈબ્રન્ટ ગુજરાત સમિટે નવા આઈડિયા અને નવસંસ્કરણો-ઈનોવેશનને જોઈતું પ્લૅટફૉર્મ પૂરું પાડવાની કામગીરી કરી છે. તેની સાથે જ મૂડીરોકાણ ખેંચાઈ આવે તેવા પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા છે. વાઈબ્રન્ટ ગુજરાતથી માત્ર ગુજરાતને જ નહીં, પરંતુ સમગ્ર દેશના અર્થતંત્રને મદદ મળી છે. ગુજરાતને જોઈને દેશનાં ઘણાં રાજ્યોએ વાઈબ્રન્ટ જેવી સમિટ યોજીને ઔદ્યોગિક વિકાસને વેગ આપવાની કામગીરીનો આરંભ કર્યો છે.

**વાઇબ્રન્ટ ગુજરાતથી માત્ર ગુજરાતને જ નહીં, પરંતુ સમગ્ર દેશના અર્થતંત્રને મળી રહેલી મદદ**

દેશના વાઈબ્રન્ટ પ્રાઈમ મિનિસ્ટરની સરાહના કરતાં અમિત શાહે કહ્યું હતું કે વીસ વર્ષ પહેલાં નરેન્દ્ર મોદીએ કૅબિનેટ સમક્ષ વાઈબ્રન્ટ સમિટનો આઈડિયા મૂક્યો હતો. ત્યારે તેના થકી ગુજરાતમાં અને દેશમાં આટલું મોટું પરિવર્તન આવશે તેવી કોઈને કલ્પના પણ નહોતી. કદાચ ઘણાએ તે વિચારને હસી કાઢ્યો હતો, પરંતુ વાઈબ્રન્ટ સમિટને કારણે ઈન્વેસ્ટર્સને આકર્ષવાનું આખું સ્ટ્રક્ચર જ બદલાઈ ગયું છે. એક જમાનામાં નાનકડા હૉલમાં ઉદ્યોગપતિઓને બોલાવીને તેમની સાથે ઈન્વેસ્ટમેન્ટની ચર્ચા કરવામાં આવતી હતી. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-2024 અમૃતકાળની એટલે કે આઝાદીના 75 વર્ષની પૂર્ણાહુતિ પછી આઝાદીની શતાબ્દી તરફની આગેકૂચનાં વરસોમાં યોજાયેલી પહેલી આવૃત્તિ છે, જે ભારતને વિકસિત દેશની હરોળમાં બેસાડવા સુધીની સફર પૂરી કરાવશે. વાઈબ્રન્ટ સમિટનું આયોજન કરવાનો વિચાર વહેતો મૂકીને તેનું સંગીન આયોજન કરીને પ્રોડક્શન અને ઈન્વેસ્ટમેન્ટ માટેના શ્રેષ્ઠ ડેસ્ટિનેશન તરીકે ગુજરાતને નામના અપાવી છે. પ્રધાનમંત્રીના આ આયોજનને કારણે જ આજે ભારત વિશ્વમિત્ર તરીકે પણ ઊભરી રહ્યું છે. વીસ વર્ષ પહેલાં વાઈબ્રન્ટ સમિટ યોજવાના વિચારની હાંસી કરનારાઓ સામે ગિફ્ટ સિટી અને ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજ્યન-SIR આકાર લઈ રહ્યાં છે.

આજે ગુજરાતમાં બેચરાજી ખાતે ઑટોમોબાઈલનું હબ છે. પ્રધાનમંત્રી મિત્ર પાર્ક, મેગા ફૂડ પાર્ક, મેડિકલ ડિવાઈઝ પાર્ક, બાયૉટેક પાર્ક, ઍગ્રો પાર્ક અને સી ફૂડ પાર્ક જેવાં અનેક ડેવલપમેન્ટ સેન્ટરો મોજૂદ છે. આ બધા જ પાર્ક ઈન્વેસ્ટમેન્ટની અનેક તક હોવાનું પ્રસ્થાપિત કરી રહ્યા છે. ગુજરાત એ ઉદ્યોગનીતિથી દોરવાતું રાજ્ય છે. નરેન્દ્ર મોદીએ નીતિઆધારિત વિકાસ સાધતા રાજ્યના આપેલા વારસાનો વર્તમાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સંગીન રીતે આગળ ધપાવ્યો છે. તેથી જ વિશ્વના મૂડીરોકાણકારો મૂડીરોકાણ કરવા માટે ગુજરાત અને ભારતની જ પસંદગી કરશે. ગુજરાતે આ ઉદ્યોગોના વિકાસ માટે મહત્તમ માળખાકીય સુવિધા પણ ઊભી કરી આપેલી છે.

આજે વિશ્વની જરૂરિયાતને ધ્યાનમાં લઈને આપણે ગ્રીન ગ્રોથ તરફ અગ્રેસર થઈ રહ્યા છીએ. તેમાં ઈલેક્ટ્રિક વેહિકલ, ઈલેક્ટ્રિક વેહિકલની બૅટરી, ગ્રીન હાઈડ્રોજન, બાયોફ્યુઅલ, ઈથેનોલના ક્ષેત્રમાં આગળ વધી રહ્યા છીએ. આ જ રીતે સ્પેસ-અંતરિક્ષના સેક્ટરમાં પણ ભારત કાઠું કાઢી રહ્યું છે. આજે રૂ. ૯૦૦૦ કરોડની આ ઈન્ડસ્ટ્રી ૨૦૪૦ સુધીમાં ૪૦,૦૦૦ કરોડથી પણ ઘણી આગળ નીકળી જશે તેવી ધારણા છે. ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સેમિકન્ડક્ટર્સનું મૅન્યુફૅક્ચરિંગ પણ ભારતના વિકાસને વેગ આપશે.

# રિન્યુએબલ એનર્જી માટે એક લાખ કરોડના MOU



વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ સાથે જ ગુજરાત 2030ની સાલ સુધીમાં 100 ગીગાવૉટ વીજળી રિન્યુએબલ એનર્જીના માધ્યમથી પેદા કરવાના લક્ષ્યાંકને પરિપૂર્ણ કરવાની દિશામાં દોડવા લાગ્યું છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-2024માં રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં ઈન્વેસ્ટમેન્ટ કરવા માટેના એક લાખ કરોડના સમજૂતી કરારો ઈન્વેસ્ટર્સ સાથે થયા છે. તેમાં એકલા ટાટા પાવર રિન્યુએબલ એનર્જી લિમિટેડે રૂ. 70,000 કરોડનું રોકાણ કરવા માટેના કરારો કર્યા છે. ટાટા પાવરે 10,000 મેગાવૉટ વીજળી પેદા કરવા માટે ગુજરાત સરકાર સાથે કરાર કર્યા છે.

ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કૉર્પોરેશન લિમિટેડે 6675 મેગાવૉટ વીજળી રિન્યુએબલ સ્ત્રોતથી પેદા કરવાના કરાર કર્યા છે. બીજી તરફ ગ્રુ એનર્જી લિમિટેડે ગુજરાત સરકાર સાથે રિન્યુએબલ એનર્જીથી વીજળી પેદા કરવા માટે રૂ. 3800 કરોડનું મૂડીરોકાણ કરવા માટેના કરાર કર્યા છે. કંપની 2800 મેગાવૉટ વીજળી રિન્યુએબલ એનર્જીથી પેદા કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. તેને માટે રાજ્ય સરકાર હવે મંજૂરી પણ આપી દેશે. ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજ્યનમાં ગ્રુ એનર્જી લિમિટેડ વીજળી પેદા કરશે. રિન્યુએબલ એનર્જીથી વીજળી પેદા કરવા માટેનો પ્લાન્ટ 2025 સુધીમાં સક્રિય થઈ જશે. ગ્રુ એનર્જીના ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર વિનય થડાનીનું કહેવું છે, "સોલર સેલની ટેક્નૉલૉજીથી 2800 મેગાવૉટ વીજળી પેદા કરવાના અમારા ટાર્ગેટને અચીવ કરવા માટે અમારે જોરશોરથી આરંભ કરી દેવો પડશે."

## મારુતિ સુઝુકી ચાર બાયોગૅસ પ્લાન્ટ નાખશે

ગ્રીન હાઉસ ગૅસનું ઉત્સર્જન ઘટાડવા માટે મારુતિ સુઝુકી ગુજરાતમાં સક્રિય થઈ રહી છે. ગ્રીન હાઈડ્રોજન, બાયોગૅસ, બાયોઈથેનોલ, નૅચરલ ગૅસના સેક્ટરમાં પણ નવાં ઈન્વેસ્ટમેન્ટ કરી રહી છે. આ દિશામાં સૌથી પહેલું પગલું તેણે ગોબર-છાણાંથી ગૅસ પેદા કરવાનું લીધું છે. નૅશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ અને બનાસ ડેરીના સહયોગમાં તેણે આ પગલું લીધું છે. ગુજરાતમાં ચાર બાયોગૅસ પ્લાન્ટ નાખશે. ગુજરાતમાં બાયોગૅસ પ્લાન્ટ બનાવવાનું કામ મારુતિ સુઝુકીએ ચાલુ પણ કરી દીધું છે.






જોકે રિન્યુએબલ એનર્જી એટલે કે સોલર પાવર અને વિન્ડ પાવર જનરેશનના મોરચે ગુજરાતની અત્યાર સુધીની કામગીરી દેશનાં અન્ય રાજ્યોની સરખામણીમાં ઘણી સારી જ રહી છે. ગુજરાત ગ્રીન અને રિન્યુએબલ એનર્જી પર ફોકસ કરીને કાર્બન ઉત્સર્જન ઘટાડવા અને ક્લાઈમેટ ચેન્જને કંટ્રોલમાં લેવામાં યોગદાન આપવા સક્રિય બન્યું છે. 2030 સુધીમાં 100 ગીગાવૉટ એટલે કે 1 લાખ મેગાવૉટ વીજળી રિન્યુએબલ એનર્જીના માધ્યમથી પેદા કરવાના ટાર્ગેટને પૂરો કરવા ગુજરાત તત્પર છે. આજની તારીખે દેશમાં સોલર, વિન્ડ કે પછી જળવિદ્યુતના માધ્યમથી પેદા કરવામાં આવતી વીજળીના કુલ ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો 16 ટકાનો છે. કચ્છ જિલ્લાના ખાવડા વિસ્તારમાં 30 ગીગાવૉટનો સોલર અને વિન્ડ પાવરથી વીજળી પેદા કરવાનો હાઈબ્રીડ પાર્ક રિન્યુએબલ એનર્જીથી વીજળી પેદા કરવાના સમગ્ર આયોજનનો જ એક હિસ્સો છે.

રિન્યુએબલ એનર્જીથી વીજળી પેદા કરવામાં ભારત પણ ઝડપથી આગળ વધી રહ્યું છે. કેન્દ્ર સરકારના ન્યુ એન્ડ રિન્યુએબલ એનર્જી ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન ભગવંત ખૂબાનું કહેવું છે કે, "રિન્યુએબલ એનર્જીના માધ્યમથી 175 ગીગાવૉટ એટલે કે 1,75,000 મેગાવૉટ વીજળી પેદા કરવાના લક્ષ્યાંકને તો 2022ની સાલમાં પ્રાપ્ત કરી લીધો છે. 2030ની સાલ સુધીમાં 500 ગીગાવૉટ વીજળી પેદા કરવાનો લક્ષ્યાંક છે." આ આયોજનને શક્ય બનાવવા માટે કેન્દ્ર સરકાર પાવર પરચેઝ ઍગ્રીમેન્ટ કરવાની અને પ્રોડક્શન લિન્ક ઈન્સેન્ટિવ્સ આપવાની નીતિનો આશરો લઈને આગળ વધી રહી છે. સોલર એનર્જી કૉર્પોરેશન ઑફ ઈન્ડિયાના ચીફ મૅનેજિંગ ડિરેક્ટર આર. પી. ગુપ્તાનું કહેવું છે, "દેશના કુલ વીજઉત્પાદનમાં રિન્યુએબલ વિન્ડ અને સોલર પાવરનો હિસ્સો 16 ટકાનો છે. તેના થકી પેદા થતી વીજળીનો સંગ્રહ કરવા માટેની સિસ્ટમ જરૂરી બની ગઈ છે." સુઝલોન એનર્જીના વાઇસ ચૅરમૅન ગિરીશ તાંતીનું કહેવું છે કે ગુજરાતમાં 11.16 ગીગાવૉટ વીજળી વિન્ડ એનર્જીથી અને 10 ગીગાવૉટ વીજળી સોલર એનર્જીથી પેદા કરવામાં આવી રહી છે. હજીય ગુજરાતમાં સોલર અને વિન્ડ પાવર જનરેશન કરવાની બહુ જ મોટી તક મોજૂદ છે....

## રિન્યુએબલ એનર્જીમાં કેટલા કરાર થયા

સેરેન્ટિકા રિન્યુએબલ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડે 6000 મેગાવૉટ વીજળી રિન્યુએબલ સ્રોતથી પેદા કરવાના કરાર વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં કર્યા છે.

એનટીપીસીએ 20 ગીગાવૉટ વીજળી રિન્યુએબલ એનર્જીના માધ્યમથી પેદા કરવા માટેના કરાર વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં કર્યા છે.

ટાટા પાવરે 10,000 મેગાવૉટ વીજળી પેદા કરવા માટે ગુજરાત સરકાર સાથે કરાર કર્યા છે.

એસઈસીએલએ પણ 12000 મેગાવૉટ વીજળી રિન્યુએબલ સ્રોતથી પેદા કરવાના કરાર કર્યા છે.



ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કૉર્પોરેશન લિમિટેડે 6675 મેગાવૉટ વીજળી રિન્યુએબલ સ્રોતથી પેદા કરવાના કરાર કર્યા છે.

ઑપેરા એનર્જીએ 300 મેગાવૉટ વીજળી રિન્યુએબલ એનર્જીના સ્રોતથી પેદા કરવાના સમજૂતી કરાર ગુજરાત સરકાર સાથે કર્યા છે.

# ઇલેક્ટ્રિક વેહિકલઃ 2030 સુધીમાં 1 કરોડ વાહનો વેચવાનો લક્ષ્યાંક



ઇલેક્ટ્રિક વેહિકલ માટે ભારતમાં રૂ.12.5 લાખ કરોડનું બજાર છે. રૂ. 4 લાખ કરોડના નિકાસની સંભાવનાઓ છે. આમ ઇલેક્ટ્રિક વેહિકલનું માર્કેટ ભારતમાં ઘણું જ મોટું હોવાની જાહેરાત વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ દરમિયાન કેન્દ્રના માર્ગ પરિવહનમંત્રી નીતિન ગડકરીએ કરી છે. તેમનું કહેવું છે કે 2030 સુધીમાં ભારતમાં દર વર્ષે એક કરોડ ઇલેક્ટ્રિક વેહિકલનું વેચાણ થવાની શક્યતા છે. પરિણામે 5 કરોડ નવી રોજગારીનું નિર્માણ થશે.

ઇલેક્ટ્રિક વેહિકલના વેચાણમાં 600 ટકાનો વધારો આવી ગયો છે. ગુજરાતમાં આજે 1.7 લાખ ઇલેક્ટ્રિક વેહિકલ દોડી રહ્યાં છે. આજથી પાંચ-સાત વર્ષ પહેલાંની વાત કરવામાં આવે તો ઑટોમોબાઇલના સેક્ટરમાં ભારત વિશ્વમાં સાતમા સ્થાને હતું. આજે ભારત જાપાનને પણ પાછળ રાખીને ઑટોમોબાઇલ સેક્ટરમાં ત્રીજા ક્રમે આવી ગયું છે. તેથી જ એકલા ગુજરાતમાં છેલ્લા દોઢ વર્ષમાં રૂ. 13,000 કરોડનું નવું રોકાણ આવ્યું છે.

મારુતિ સુઝુકીએ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2024માં ગુજરાતમાં બૅટરી ઇલેક્ટ્રિક વેહિકલનો પ્લાન્ટ નાખવા માટે રૂ. 3200 કરોડનું ઇન્વેસ્ટમેન્ટ કરવાના કરાર કર્યા છે. આ પ્લાન્ટમાં કંપની 5 લાખ બૅટરી ઈવીનું ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. આ રોકાણ કરીને ચોથી ઍસેમ્બ્લી લાઇન ચાલુ કરશે. 2024ના અંત સુધીમાં જ આ વાહન બજારમાં મૂકી દેવાની પણ તેણે જાહેરાત કરી છે. નવી ઍસેમ્બલી લાઈન પર વરસે 2.5 લાખ વાહનો બનાવવામાં આવશે. આ સાથે જ સુઝુકીની વાર્ષિક ઉત્પાદનક્ષમતા 10 લાખ વેહિકલની થઈ જશે, એવી જાપાનની સુઝુકી મોટર્સ કૉર્પોરેશનના પ્રેસિડન્ટ તોશિહિરો સુઝુકીએ જાહેરાત કરી છે. માત્ર ભારતમાં જ તેનું વેચાણ નહીં કરે, જાપાનમાં પણ તેની ગુજરાતમાંથી નિકાસ કરશે. દસ વર્ષ પહેલાંની અને આજની તેની ઉત્પાદનક્ષમતામાં મારુતિ સુઝુકીએ 1.7 ગણો વધારો કર્યો છે તેમ જ નિકાસમાં 2.6 ગણો વધારો કર્યો છે. તદુપરાંત ગુજરાતમાં બીજા કાર પ્લાન્ટ નાખશે. તેને માટે સુઝુકી રૂ. 35,000 કરોડનું નવું રોકાણ કરશે. તેમાં દર વર્ષે 10 લાખ નવી કાર તૈયાર કરશે.

## EVના ચાર્જિંગ પરનો જીએસટી નાબૂદ કરો

અત્યારે ઇલેક્ટ્રિક વેહિકલનાં ચાર્જિંગ સ્ટેશન ઓછાં પડી રહ્યાં છે. બીજું વનટાઇમ ચાર્જિંગના ચાર્જ રૂ. 800ની આસપાસના છે. તેમ જ તેના પર 18 ટકા જીએસટી લેવામાં આવે છે. આ સંજોગોમાં પેટ્રોલ, ડીઝલ કે સીએનજી કરતાં આ વાહન ચલાવવાં સસ્તાં પડતાં નથી. તેથી ચાર્જિંગના ભાવ પણ યોગ્ય રાખવા અને તેના પરનો જીએસટી નાબૂદ કરીને લોકોને ઇલેક્ટ્રિક વેહિકલની ખરીદી અને વપરાશ તરફ સરકારે લઈ જવા જોઈએ. ઇલેક્ટ્રિક વેહિકલના ઊંચા ભાવ અને તેની બૅટરીના આવનારા ખર્ચાઓ પણ લોકોને તેનાથી દૂર રહેવાની ફરજ પાડી રહ્યા છે. જોકે વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ - 2024માં કેન્દ્રીય પરિવહનમંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે આગામી વરસોમાં ઇલેક્ટ્રિક વેહિકલ અને પેટ્રોલ-ડીઝલથી ચાલતી ગાડીના ભાવ એકસરખા થઈ જશે. વિશ્વના દેશોમાં પણ તેનું મોટું બજાર છે. તેથી ઇન્વેસ્ટર્સે બસ ચૂકી જવા જેવી નથી.



## કાર્બન ક્રેડિટ માટે રૂ. 2000 કરોડના કરારો થયા

કાર્બન ઉત્સર્જન ઘટાડીને પર્યાવરણને સુધારવા માટે મેન્ગ્રુવ્સનું વાવેતર કરીને કાર્બન ક્રેડિટનો વેપાર કરવા માટે વાઇબ્રન્ટ સમિટમાં વન વિભાગ સાથે કરારો થયા છે. રિન્યુ પાવર નામની કંપનીએ આ કરારો કર્યા છે. કંપની રૂ. 2000 કરોડનું રોકાણ કરીને ગુજરાતમાં ઠેરઠેર મેન્ગ્રુવ્સનું વાવેતર કરશે. ગુજરાતમાં 25,000 હેક્ટર જમીનમાં મેન્ગ્રુવ્સનું વાવેતર કરશે. તેને કારણે કાર્બનના પ્રમાણમાં થનારા ઘટાડાને કારણે મળનારી કાર્બન ક્રેડિટનું વેચાણ કાર્બન એક્સચેન્જમાં કરશે. મેન્ગ્રુવ્સના વાવેતરનું રજિસ્ટ્રેશન અને ડૉક્યુમેન્ટેશન કરાવશે. કાર્બન ક્રેડિટના વેચાણ થકી થનારો નફો મેન્ગ્રુવ્સના વાવેતરમાં ફાળો આપનારા ખેડૂતોને પણ આપશે.

## હવે 12 મિનિટમાં ઇલેક્ટ્રિક વેહિકલનું ચાર્જિંગ થઈ જશે

વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2024માં ઇલેક્ટ્રિક વેહિકલના સેગમેન્ટ અંગે યોજવામાં આવેલા ખાસ સેમિનારમાં વાત કરતાં ટોયોટા કિર્લોસ્કર મોટર્સે જાહેર કર્યું છે કે આગામી બે વર્ષમાં ઇલેક્ટ્રિક વેહિકલ માત્ર 10થી 12 મિનિટમાં જ ચાર્જ થઈ જાય તેવી વ્યવસ્થા ઊભી કરવાનો લક્ષ્યાંક તેઓ ધરાવી રહ્યા છે. આ રીતે ચાર્જ કરવામાં આવેલી ઇલેક્ટ્રિક કાર 200 કિલોમીટર સુધી દોડી શકશે. ઇલેક્ટ્રિક વેહિકલનો વપરાશ વધારવા સરકાર મક્કમ છે તેમ જ પેટ્રોલ અને ડીઝલ માટે જોઈતા ક્રૂડના ઘટી રહેલા સ્રોતને ધ્યાનમાં લઈને તથા કાર્બન ઉત્સર્જનની સમસ્યાને કારણે ગ્લોબલ વૉર્મિંગની વકરી રહેલી સમસ્યાને કારણે નવી નવી ટેક્નૉલૉજી આવી રહી છે. વેહિકલની બૅટરી ઝડપથી ચાર્જ કરવા માટેની ટેક્નૉલૉજી ડેવલપ થઈ રહી છે. ટોયોટા કિર્લોસ્કરે સૉલિડ સ્ટેટ બેટરીના ચાર્જિંગના મોરચે સંશોધન કરીને ખાસ્સી સફળતા મેળવી છે. તેમાં 10 મિનિટમાં જ 80 ટકા બૅટરી ચાર્જ થઈ જાય છે. સૉલિડ સ્ટેટ ડિવાઇસ 1200 કિલોમીટરની રેન્જમાં ડિવાઇસને ચાર્જ કરી આપશે. આગામી વરસોમાં સ્પીડ ચાર્જિંગની ડિવાઇસનું માર્કેટિંગ ટોયોટો ચાલુ કરી દેશે. આ સાથે જ ગુજરાત અને ભારતને ઇલેક્ટ્રિક વેહિકલના હબ તરીકે ડેવલપ કરવાનું સપનું સાકાર કરવાની દિશામાં એક વધુ મોટી છલાંગ લગાવી શકાશે.

## MSME માટે 2.6 લાખ કરોડનાં ટેન્ડરો મુકાશે

# રોજગારી પેદા કરતા MSMEનું ફલક જિલ્લા સ્તર સુધી વિસ્તારવાની નેમ

કેન્દ્ર સરકાર હવે રૂરલ એટલે કે ગ્રામીણ સ્તરે નાના અને મધ્યમ ઉદ્યોગો વિકસે અને ગામડાંનો લોકો સાહસિક બને તેવી ઇચ્છા ધરાવી રહી છે. તેથી જ હવે રૂરલ આન્ત્રેપ્રેન્યોરશિપને પ્રોત્સાહન આપવા માગે છે. તેની પાછળ બેવડું ધ્યેય છે. એક ગ્રામીણ સ્તરે સાહસિકો આગળ આવે તો ગ્રામીણ વિસ્તારમાં રોજગારી નિર્માણ થશે. ખેતીકામ સિવાયના સમયમાં ખેડૂતો પાસે કામ હોતું નથી. તેથી ખેડૂતો અન્ડર એમ્પ્લૉય્ડની કૅટેગરીમાં આવે છે. આ અન્ડર એમ્પ્લૉયમેન્ટ ઓછું કરવું છે. તેનાથી



ગ્રામીણ વિસ્તારનાં અર્થતંત્રો વધુ સંગીન બનશે, કારણ કે આર્થિક પ્રવૃત્તિ વધતાં ગ્રામીણ જીડીપી પણ વધશે. નવરાશનો સમય ઘટશે. નવરાશના સમયનો કન્સ્ટ્રક્ટિવ ઉપયોગ થશે. બીજું, તેનાથી શહેરીકરણની સમસ્યાનો આંશિક ઉકેલ આવશે. મોટું ફલક થાય તો તેવા સંજોગોમાં શહેરીકરણની સમસ્યામાં ખાસ્સો ફરક આવી જાય તેમ છે. ત્રીજું દેશના જીડીપીમાં તેનાથી મોટો વધારો આવી શકે તેમ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે ગુજરાતના જિલ્લા અને તાલુકા સ્તરના નાના અને મધ્યમ ઉદ્યોગોને પ્રોત્સાનહ મળે, ડેવલપમેન્ટ અને એક્સપાન્સનનું પ્લૅટફૉર્મ મળે તેવી પ્રણાલી વાઇબ્રન્ટ ડિસ્ટ્રિક્ટની નીતિના માધ્યમથી અપનાવવા માંડી છે. આ સાથે જ નાના અને મધ્યમ ઉદ્યોગોને સતત પડખે રહેવાની ખાતરી પણ મુખ્યમંત્રીએ આજે એમએસએમઈ સેમિનારમાં બોલતાં આપી હતી. વાઇબ્રન્ટ સમિટને ગ્લોબલ પ્લૅટફૉર્મ બનાવવાની સાથે સાથે જ નાના ઔદ્યોગિક એકમો ધરાવનારાઓનો વિકાસ થાય તે માટે વોકલ ફૉર લોકલના માધ્યમથી સ્થાનિક મંચ પણ ઊભો કર્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઇચ્છા મુજબ જ ગુજરાત સરકાર અને તેના મંત્રીમંડળની ટીમ એમએસએમઈના વિકાસ પર જ ફોકસ કરી રહી છે. ગુજરાતના ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂતનું કહેવું છે, "ગુજરાતને જિલ્લા સ્તરે લઈ જવાના સરાહનીય પ્રયાસ થઈ રહ્યા છે. તેથી જ 32 જિલ્લામાં નાના અને મધ્યમ ઉદ્યોગો વિકસતા થયા છે. ગુજરાતના 32 જિલ્લાઓમાંથી કુલ 45,000થી વધુ એમ.ઓ.યુ. થયા છે." ગુજરાતમાં 16 લાખ નાના ઉદ્યોગકારો છે. તેમને સારી સુવિધા મળે તે માટેની યોજનાઓ ગુજરાત સરકારે તૈયાર કરેલી છે. અવિકસિત જિલ્લા અને તાલુકોઓમાં નાના સાહસિકોને આગળ લાવવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. તેમને ધિરાણ પરના વ્યાજમાં રાહત આપીને આગળ લાવવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. તેમની પડતર નીચે આવે તેવા દરેક પ્રયાસો ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવ્યા છે. આ સુવિધા મળતી હોવાથી જ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં 77,000 ઉદ્યોગકારોએ મળીને રૂ. 1,95,819 કરોડના એમ.ઓ.યુ. થયા છે. એમએસએમઈ ઇન્ડસ્ટ્રીઝ કમિશનરની કચેરી અને એમએસએમઈ જીઆઇડીસી સાથે મળીને મૂડીરોકાણ માટેના આ સમજૂતી કરારો થયા છે. ગુજરાતમાં કુલ મળીને 98,540 એમ.ઓ.યુ. અને રૂ. 45,20,646.51 કરોડના કરારો થયા છે.

વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં બોલતાં કેન્દ્રના એમએસએમઈ ખાતાના સેક્રેટરી સુભાષચંદ્ર દાસગુપ્તાએ જણાવ્યું હતું કે, "આ જ હેતુને પાર પાડવા માટે ગયા વર્ષે સપ્ટેમ્બર માસમાં પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજનાની કરવામાં આવેલી જાહેરાત પણ આ જ દિશામાંનો એક પ્રયાસ છે" નાના અને મધ્યમ ઉદ્યોગોના માધ્યમથી સરકારે વિકસિત ભારતનું સપનું સાકાર કરવું છે. ભારતને વિકસિત બનાવવા નાના અને મધ્યમ ઉદ્યોગ મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. નાના અને મધ્યમ ઉદ્યોગોને દેશના જીડીપીમાં 33 ટકાથી વધુનો ફાળો છે. આ હિસ્સો હજીય વધારવો છે. નિકાસમાં એમએસએમઈનો ફાળો 50 ટકા જેટલો છે. નિકાસમાં તેના ફાળાને 50 ટકાથી ઉપર લઈ જવો છે. નાના અને મધ્યમ ઉદ્યોગો દેશમાં 16 કરોડ લોકોને આજની તારીખે રોજગારી આપે છે. આમ તેનાથી રોજગારી વધુ નિર્માણ થાય છે. પર્યાવરણને કથળતું અટકાવવામાં મોટા કૉર્પોરેટ કરતાં વધુ મોટી ભૂમિકા નાના અને મધ્યમ ઉદ્યોગો ભજવી શકે છે. મહિલાઓના સશક્તીકરણમાં એમએસએમઈ વધુ મહત્ત્વની ભૂમિકા ભજવે શકે છે. આમ નાના અને મધ્યમ ઉદ્યોગો ઇકૉનૉમી, એમ્પ્લૉયમેન્ટ, એક્સપોર્ટ, એન્વાયર્નમેન્ટ, એમ્પાવરમેન્ટ, સસ્ટેઇનેબિલિટીમાં બહુ જ મોટી ભૂમિકા ભજવી શકે છે. તેથી એમએસએમઈને સુદૃઢ કરવા માગે છે.

એમએસએમઈમાં 98 ટકા એકમો માઇક્રોની કૅટેગરીમાં આવે છે. તેમને પ્રોડક્ટિવિટીની સમસ્યા છે. માઇક્રો યુનિટ્સની સંખ્યા 98 ટકાથી ઘટાડવા માટે તેઓ નાના અને મધ્યમ ઉદ્યોગની કૅટેગરીમાં આવે તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આ સમસ્યાનો ઉકેલ સરકાર શોધી રહી છે. તેમની પ્રોડક્ટ્સની ક્વૉલિટીમાં સુધારો લાવવા પર ફોકસ કરવામાં આવી રહ્યું છે. પ્રોડક્ટમાં ક્વૉલિટી લાવ્યા પછી તેની નિકાસ વધારીને કે પછી સ્થાનિક બજારમાં

## 1 નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા, ડેવલપમેન્ટ અને એક્સપાન્સનનું પ્લૅટફૉર્મ પૂરું પાડવા વાઇબ્રન્ટ ડિસ્ટ્રિક્ટની નીતિ અપનાવશે

પણ વેચાણ કરીને નાના અને મધ્યમ ઉદ્યોગો તેમની આવક વધારી શકશે. આમ નાના અને મધ્યમ ઉદ્યોગોને કેન્દ્રમાં રાખીને ગ્રોથ વધારવાની નેમ છે. રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકારો સાથે ચર્ચા કરીને તેનો ઉકેલ શોધવામાં આવી રહ્યો છે.

એમએસએમઈ માટેની સરકારની યોજનાઓનો બહોળો પ્રચાર થાય તેવો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેમને ક્રેડિટ આપવાની અને ઇક્વિટીને લગતી કેન્દ્ર સરકારની ઘણી યોજનાઓ છે. નાના અને મધ્યમ ઉદ્યોગોની નાણાકીય અછતની સમસ્યા ઉકેલવાનો પણ સરકાર પ્રયાસ કરી રહી છે. એક જ નાણાકીય વર્ષમાં નાના અને મધ્યમ ઉદ્યોગોને રૂ. 2 લાખ કરોડની કોલેટરલ ફ્રી લોન આપવાની ક્ષમતા ધરાવે છે. જોકે વાસ્તવિકતા જરા જુદી છે. કોલેટરલ ફ્રી લોન આપવા કોઈ પણ બૅન્ક તૈયાર જ નથી. રૂ. 5 કરોડ સુધીની કોલેટરલ ફ્રી લોન મળે છે. તેથી બૅન્કો એનપીએ ન વધે તે માટે તેમની પાસેથી કોઈ ને કોઈ રીતે ગૅરન્ટી મેળવવાનો પ્રયાસ કરે છે. પરિણામે કોલેટરલ ફ્રી લોનની સુવિધા હોવા છતાં આ સુવિધા નાના અને મધ્યમ ઉદ્યોગોને ખરેખર મળતી નથી. તેને માટેની ફીમાં પણ ખાસ્સો ઘટાડો કરી દેવામાં આવ્યો છે. સર્વિસ સેક્ટરમાં પણ 20 લાખથી ઓછું ટર્નઓવર ધરાવનારાઓ અને ગુડ્સમાં 40 લાખથી ઓછું ટર્નઓવર ધરાવતા અને જીએસટી રજિસ્ટ્રેશન ન ધરાવતા એકમોની સંખ્યા પણ મોટી છે. આ તમામને એમએસએમઈની કૅટેગરીમાં સમાવી લેવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. તેમનું રજિસ્ટ્રેશન વધારવાની કામગીરી કરવામાં આવી રહી છે. આજે 2.10 કરોડના રજિસ્ટ્રેશન થઈ ગયાં છે. આગામી મહિનાઓમાં આ આંકડો 3 કરોડને આંબી જાય તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

તેમણે કહ્યું હતું કે નાના અને મધ્યમ ઉદ્યોગોને પ્રોત્સાહન મળે તે હેતુથી જ જી.ઈ.એમ.-જેમ તરીકે ઓળખાતા અને સરકારી સંસ્થાઓ માટે ખરીદી કરવા માટેના પૉર્ટલ પર ૨૦૨૪ના વર્ષમાં રૂ. ૨.૬૦ લાખ કરોડનાં ટેન્ડર ઇશ્યુ કરવામાં આવનાર છે. આ ટેન્ડરમાં ગુજરાતના નાના અને મધ્યમ ઉદ્યોગો મહત્તમ ભાગ લેવા આગળ આવે તે માટે તેમણે આહ્‌વાન પણ કર્યું હતું. આ પૉર્ટલ થકી સરકાર નાના અને મધ્યમ ઉદ્યોગને બિઝનેસ અપાવવાનો પ્રયાસ કરી રહી છે. આ તમામ મોરચે ગુજરાતના એમએસએમઈ એકમો પહેલા ક્રમે છે.

કેન્દ્રીય ઉદ્યોગમંત્રી નારાયણ રાણેએ જણાવ્યું હતું કે એમએસએઈના માધ્યમથી સૌથી વધુ રોજગારી નિર્માણ થઈ રહી છે. જીડીપીમાં તેનો

## હૅન્ડિક્રાફ્ટ અન હૅન્ડલૂમમાં મહિલાઓ છે. તેમની આવકમાં ઈ-કૉમર્સના પ્લૅટફૉર્મ થકી વધારો થાય તેવા પ્રયાસો કરવામાં આવશે 2

હિસ્સો ૩૩ ટકા છે તે વધારીને ૫૦ ટકા સુધી લઈ જવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ગુજરાતના ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે દેશની નિકાસમાં ગુજરાતમાં ૧૬ લાખથી વધારે નાના ઉદ્યોગકારો મોટો ફાળો આપી રહ્યા છે.

ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ વાઇબ્રન્ટ સમિટના એમએસએમઈ સેમિનારમાં બોલતાં જણાવ્યું હતું કે વાઇબ્રન્ટ ગુજરાત ૨૦૨૪નું પ્લૅટફૉર્મ ઉદ્યોગના દરેક સેક્ટર માટે કંઈ ને કંઈ ભેટ લઈને આવ્યું જ છે. વાઇબ્રન્ટ ગુજરાતથી લાખો બહેનોનાં સપનાં સાકાર થયાં છે. ગ્રામ્ય વિસ્તારમાં પનપતા ઉદ્યોગોને આગળ લઈ જવા માટે ઈ-કૉમર્સનું માધ્યમ મહત્ત્વનું સાબિત થઈ શકે છે. તેથી જ વાઇબ્રન્ટ ગુજરાતમાં એમએસએમઈમાં પણ મોટાં રોકાણો આવે તેના પર ફોકસ કરવામાં આવ્યું છે. ગુજરાત સરકારની આ સક્રિયતા હોવાથી જ એમએસએમઈ સેક્ટરમાં રૂ. 1,95,819 કરોડનું મૂડીરોકાણ કરવાના કરારો થયા છે. ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીનું કહેવું છે, “સરકાર તરફથી આપવામાં આવતી સહાયને પરિણામે એમએસએમઈ સેક્ટરના 63 ટકા પ્રોજેક્ટ્સ સફળ થયા છે. નાના અને મધ્યમ ઉદ્યોગ નાખનારાઓનાં સપનાંઓ સાકાર થઈ રહ્યાં છે. હૅન્ડિક્રાફ્ટ અને હૅન્ડલૂમના સેક્ટરનાં ઉત્પાદનોને ઈ-કૉમર્સના પ્લૅટફૉર્મ પર લઈ જવાનું આયોજન કરવામાં આવ્યું છે. બહુધા હૅન્ડિક્રાફ્ટ અન હૅન્ડલૂમમાં મહિલાઓ છે. તેમની આવકમાં ઈ-કૉમર્સના પ્લૅટફૉર્મ થકી વધારો થાય તેવા પ્રયાસો કરવામાં આવશે.” ગુજરાત સરકારની આ સક્રિયતાને કારણે ગુજરાતમાં રોકાણ કરનારાઓનો વિશ્વાસ વધ્યો છે. તેમણે લગાવેલી મૂડી સલામત રાજ્યમાં છે તેવી ભાવના હોવાથી ઈન્વેસ્ટમેન્ટનો અવિરત પ્રવાહ ચાલુ જ છે.



## 3 માઇક્રોની કૅટેગરીમાં આવતા ૯૮ ટકા એકમો નાના અને મધ્યમ ઉદ્યોગની કૅટેગરીમાં આવે એને ક્વૉલિટી-પ્રોડક્ટિવિટી સુધારી ગ્રોથને વેગ આપે તેવી સરકારની ઇચ્છા છે.

# વાઇબ્રન્ટ ગુજરાતઃ વિકસિત ભારતનો રોડમેપ રજૂ કર્યો



વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ પૂરી થઈ, પરંતુ 2047ના વિકસિત ભારતનો રોડમેપ મૂકતી ગઈ છે. સમિટ ગ્લોબલ હતી, કારણ કે તેમાં 100 દેશના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આર્સેલર મિત્તલ ગ્રુપના પ્રમોટર અને સીઈઓ-ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસર લક્ષ્મી મિત્તલ, માઇક્રોનના પ્રમોટર સંજય મેહરોત્રા, સાઉથ કોરિયાની કંપની સિમટેકના સીઈઓ જેફરી ચૂન, યુનાઇટેડ આરબ અમિરાતના પ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન, મારુતિ સુઝુકીના પ્રેસિડન્ટ તોશિહિરો સુઝુકી, એન-વિડિયાના વાઇસ પ્રેસિડન્ડ શંકર ત્રિવેદી, ડી.પી. વર્લ્ડના ચેરમેન સુલતાન અહમદ બિન સુલાયેમ, બ્રિટનના મધ્ય પૂર્વના દેશોના, ઉત્તર આફ્રિકાના, સાઉથ એશિયાના, સંયુક્ત રાષ્ટ્રસંઘના તથા કૉમન વેલ્થને લગતી બાબતો પર નજર રાખતા મિનિસ્ટર લૉર્ડ તારીક અહમદ, ચેક રિપબ્લિકના વડા પ્રધાન પેટ્રે ફિઆલા,એસ્ટોનિયાના આર્થિક બાબતોના પ્રધાન વાહાન કેરોબ્યાન, સોશિયલિસ્ટ રિપબ્લિક ઑફ વિયેટનામના ડેપ્યુટી પ્રાઇમ મિનિસ્ટર ત્રાન લૂ ક્વાન્ગ, મોઝામ્બિકના પ્રમુખ ફિલિપે ન્યુસિ, મોરોક્કોના ઉદ્યોગ અને વાણિજ્યમંત્રી, ટીઈટ રિસાલો, મોરોક્કોના ઉદ્યોગમંત્રી રિયાદ મેઝોર, જાપાનના વાઇસ મિનિસ્ટર શિન હોસાકા, નેપાળના ફાઇનાન્સ મિનિસ્ટર પ્રકાશ શરણ સહિતના મહાનુભાવોએ હાજરી આપી હતી.

**ગુજરાત સરકારે કાર્બન ઉત્સર્જનને 2047 સુધીમાં જ શૂન્યની સપાટીએ લઈ જવાનો નિર્ધાર કર્યો**

ભારતના ઉદ્યોગજગતના મોભીઓની હાજરી અને જાહેરાતો પણ ઊડીને આંખે વળગે તેવી હતી. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના મુકેશ ધીરુભાઈ અંબાણી, ટાટા ગ્રુપના ચેરમેન એન. ચંદ્રશેખરન, અદાણી ગ્રુપના પ્રમોટર ગૌતમ અદાણી, ઝેરોધાના સ્થાપક પ્રમોટર નિખિલ કામત, ગુજરાતના ટેક્સટાઇલ જગતના બી. કે. ગોએન્કા, ઝાયડસ ગ્રુપના પંકજ પટેલ, ટોરેન્ટ ગ્રુપના સુધીર મહેતા સહિતના ઢગલાબંધ મહાનુભાવોની હાજરી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની મહત્તા પ્રસ્થાપિત કરે છે.

અમેરિકાની કંપની માઇક્રોને તો ગુજરાતમાં સેમિકન્ડક્ટરનો પ્લાન્ટ નાખીને 2024ના અંત પૂર્વે કે 2025ના આરંભમાં પહેલી ચિપ્સ માર્કેટમાં મૂકી દેવાની જાહેરાત પણ કરી દીધી છે. બીજું, ગુજરાતની ઔદ્યોગિક વિકાસની નીતિઓની સમૃદ્ધિ પણ તેમાં ડોકાઈ છે. આ નીતિઓ 'ગેટ વે ફૉર ધ ફ્યુચર'નો નિર્દેશ આપી રહી છે. ગુજરાત ભાવિ વિકસિત ભારતનો ગેટ વે બની રહ્યું છે. ગુજરાતને વિકસિત ભારતનો ગેટ વે બનાવવાના મક્કમ નિર્ધારનો નિર્દેશ પણ આપી દીધો છે. ગુજરાતના ઔદ્યોગિક વિકાસની વર્તમામ ગતિ અને થનારી પ્રગતિનો પણ સંકેત આ સાથે જ આપી દીધો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વિકસિત ભારતની કલ્પનાને ધરતી પર ઉતારવા માટેનો ગુજરાત સરકાર તરફથી પ્રયાસ ચાલુ થઈ ગયો છે તેનો અણસાર પણ આપી દીધો છે.

આમ તો ગુજરાતે ફાર્મા, ટેક્સટાઇલ, એન્જિનિયરિંગ, સિરામિક્સ સહિતના ઉદ્યોગમાં કાઠું કાઢેલું જ છે. નવાં બંદરો વિકસાવીને વેપારઉદ્યોગને અને તેમાંય ખાસ કરીને નિકાસનાં નવાં ઍવેન્યુઝ ઊભાં કરવાનો નિર્ધાર કરી લીધો હોવાનું અણસાર પણ ગુજરાતે આ સમિટ સાથે આપી દીધો છે. કંડલા પોર્ટના વિસ્તરણ ઉપરાંત નવાં પોર્ટ બનાવવાના આયોજન સાથે કાર્ગો હેન્ડલિંગને વધુ ઝડપી બનાવવાના પ્રયાસો આદરી દીધા છે. વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતનો નમૂનો પેશ કરવાની કવાયત ચાલુ થઈ ગઈ છે. વિકસિત ભારતનું નિર્માણ થાય તે સાથે જ ગુજરાતના અર્થતંત્રનું કદ પણ 3.5 લાખ કરોડને આંબી જાય તે માટેના આ પ્રયાસો છે. આ માટે ગુજરાત દેશના જીડીપીમાં તેનો ફાળો 8.5 ટકાનો છે તે વધારીને ઉપર લઈ જવા માગે છે.

વિકાસશીલ ભારતમાંથી વિકસિત ભારત સુધીની સફર કરવા માટેના આઝાદીની 75મી વર્ષગાંઠથી માંડીને આઝાદીની શતાબ્દી સુધીની સફરના અમૃતકાળમાં ગુજરાત સરકારે રાજ્યના નાગરિકની માથાદીઠ આવક 38 હજાર ડૉલરથી વધારીને 43 હજાર ડૉલરની સપાટીએ લઈ જવાનો નિર્ધાર કર્યો છે. અત્યારે રોજગારી નિર્માણ કરવામાં ગુજરાતની મહિલાઓની ભાગીદારી 42 ટકાની છે, આ ભાગીદારી વધારીને શતાબ્દી વર્ષ સુધીમાં 75 ટકા પર લઈ જવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે.

2070ની સાલ સુધીમાં કાર્બન ઉત્સર્જનની સપાટી શૂન્ય ટકાએ લાવી દેવાનો નિર્ધાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કર્યો છે. આમ ફોસિલ્સ ફ્યુઅલ એટલે કે કાર્બન ઉત્સર્જન ખાસ્સુ વધારે કરતાં અને ક્રૂડ ઑઇલમાંથી બનતાં પેટ્રોલ, ડીઝલ





**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વિકસિત ભારતની કલ્પનાને ધરતી પર ઉતારવા માટેની કવાયતનો આરંભ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2024 સાથે ગુજરાત સરકારે કરી દીધો**

**આઝાદીની 75મી વર્ષગાંઠથી માંડીને આઝાદીની શતાબ્દી સુધીની સફરના અમૃતકાળમાં ગુજરાત સરકારે રાજ્યના નાગરિકની માથાદીઠ આવક 38 હજાર ડૉલરથી વધારીને 43 હજાર ડૉલરની સપાટીએ લઇ જવાનો નિર્ધાર કર્યો**

સહિતનાં ઈંધણો પરની નિર્ભરતા ઘટાડવાનું નક્કી કરવામાં આવ્યું છે. ગુજરાત સરકારે શૂન્ય કાર્બન ઉત્સર્જનનું સપનું 2047 સુધીમાં જ સાકાર કરી દેવાનો નિર્ધાર કર્યો છે. રિન્યુએબલ સ્રોતમાંથી વીજળી પેદા કરવા પર વધારવામાં આવી રહેલું ફોકસ તેનો બોલતો પુરાવો છે. 2030 સુધીમાં 30 ગીગાવૉટથી વધુ વીજળી રિન્યુએબલ સ્રોતનો ઉપયોગ કરીને એટલે કે પવનઊર્જા, સૌર ઊર્જા કે જળઊર્જા-શક્તિનો ઉપયોગ કરીને પેદા કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. રિન્યુએબલ એનર્જી, પાવર, ઑઇલ અને ગૅસના સેક્ટરમાં 251 એમ.ઓ.યુ. કરીને રૂ. 9,26,179 કરોડના રોકાણ માટેનાં કમિટમેન્ટ મેળવીને ગુજરાત સરકારે પણ કાર્બન ઉત્સર્જનને ઝડપથી શૂન્યની સપાટીએ લઈ જવાના તેના નિર્ધારનો નિર્દેશ આપ્યો છે. આ જ રીતે વન વિભાગ સાથે મેન્ગ્રુવ્સ-ચેરનાં વૃક્ષ ઉગાડવા માટે રૂ. 2000 કરોડના કરાર કર્યા છે. ચેરના વૃક્ષનું વાવેતર કરીને તેના થકી થનારા કાર્બનના લેવલમાંના ઘટાડાને કારણે મળનારી કાર્બન ક્રેડિટનો કાર્બન ટ્રેડિંગ એક્સચેન્જ પર વેપાર કરીને વૃક્ષના વાવેતરમાં સહયોગ આપનાર ગુજરાતની જનતાને પણ નવી આવક કરી આપવાનો નિર્ધાર વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના માધ્યમથી વ્યક્ત કરવામાં આવ્યો છે. વિકસિત ભારત સુધીની સફરમાં વિકસી રહેલા ગુજરાતનું આ એક મહત્ત્વનું કદમ છે.

ગુજરાતની માફક દરેક રાજ્ય ભારતને વિકસિત બનાવવામાં પોતાનો ફાળો આપશે. આ માટે કેન્દ્ર સરકારે પણ 2014થી તેની માનસિકતામાં બદલાવ લાવવા માંડ્યો છે. તેણે કો-ઑપરેટીવ ફેડરાલીઝમ (સહકારપૂર્ણ સમવાયી તંત્ર) સહયોગ પૂર્ણ સમવાયી તંત્ર (કોલેબોરેટિવ સમવાયી તંત્ર) અને સ્પર્ધાત્મક સમવાયી તંત્ર-કૉમ્પિટિટિવ સમવાયી તંત્રની નીતિ અપનાવીને વિકાસનો માર્ગ ખુલ્લો મૂકી દીધો છે. આ પગલું લઈને કેન્દ્ર સરકારે કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના સંબંધને પારદર્શક, સરળ બનાવીને સૌના સાથ સૌના વિકાસની નીતિ અપનાવી છે. આમ રાષ્ટ્રીય વિકાસમાં ફાળો આપતાં રાજ્યોની આકાંક્ષાઓને પણ ગણતરીમાં લેવામાં આવી છે. આ સાથે જ વિશ્વના તમામ દેશોને પણ સંકેત આપી દીધો છે કે 21મી સદી ભારતની જ સદી છે. ભારત બહુ જ ટૂંકા ગાળામાં વિશ્વના ત્રીજા ક્રમના સૌથી મોટા અર્થતંત્ર તરીકેનું સ્થાન હાંસલ કરી જ લેશે તેવો અણસાર પણ આપી જ દીધો છે. ભારત દરેક મોરચે આત્મનિર્ભર બનવા માગે જ છે અને બનીને જ રહેશે તેવો સંદેશ આ સાથે જ આપી દેવામાં આવ્યો છે.

દેશમાં થતી કુલ મૂલ્યવૃદ્ધિમાં માત્ર 7 કરોડની વસતિ ધરાવતા ગુજરાતનો ફાળો 19 ટકાનો છે. આ ફાળો દર વર્ષે 12 ટકાના દરથી વધી રહ્યો છે. ગુજરાતના સમાજને વધુ તંદુરસ્ત, વધુ શિક્ષિત, વધુ ટકાઉ અને સલામત સમાજમાં સરકાર રૂપાંતરિત કરવા માગે છે તેનો નિર્દેશ પણ આ સાથે જ આપી દેવામાં આવ્યો છે. ગુજરાતના દરેક નાગરિકને શ્રેષ્ઠ સુવિધા મળે, હવાનું પ્રદૂષણ ઘટાડીને શ્વાસમાં લેવા માટેની સારામાં સારી હવા ઉપલબ્ધ કરાવવાનો, શુદ્ધ પાણી ઉપલબ્ધ કરાવવાનો, સારામાં સારી આરોગ્ય સુવિધાઓ પૂરી પાડવાના ગુજરાત સરકારના નિર્ધારને વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અને સરકારની વિકાસ માટેની નીતિઓમાં પ્રતિબિંબિત થાય છે. નવી પેઢીનું જીવન અને જીવનશૈલી સુધારવાની કવાયત ગુજરાત સરકાર કરી રહી છે.

આ રહ્યા તેના પુરાવાઓ. સેમિકન્ડક્ટર્સ સહિતનાં નવાં ઉદ્યોગ-સેક્ટર વિકસી રહ્યાં છે. તેને માટે કાર્યકુશળ મેનપાવરની જરૂર પડશે. કાર્યકુશળ માનવબળ નિર્માણ કરવા માટે દેશવિદેશની 100થી વધુ યુનિવર્સિટીઓ અને સંસ્થાઓ સાથે સમજૂતી કરાર કરીને યુવાનોને તાલીમ આપીને સજ્જ કરી દેવાનું આયોજન કર્યું છે. આ આયોજનના ચુસ્ત અમલીકરણ પછી યુવાનોને નવી આકર્ષક નોકરી મળી રહે તેવો પ્રબંધ કર્યો છે. ગુજરાતની ગ્રામીણ જનતા તેમાં પાછળ ન રહી જાય તેની તકેદારી પણ રાખવામાં આવી છે. ગુજરાતના ગામેગામ નાના નાના ઉદ્યોગો વિકસે અને ગ્રામીણ વિસ્તારના અન્ડર એમ્પ્લૉય્ડ ગણાતા ખેડૂતોને કે યુવાનોને વધુ આવક કરવા માટે નાના નાના ઉદ્યોગો તરફ વાળવાનો પણ સમજણપૂર્વકનો પ્રયાસ સરકાર તરફથી ચાલુ કરી દેવામાં આવ્યો છે. નવા ઇનોવેશન્સ સાથે નવાં સ્ટાર્ટઅપ્સ અસ્તિત્વમાં આવે અને યુવાનો તેમની કાર્યકુશળતાથી દુનિયાને ધમરોળતા રહી ગુજરાત અને ભારતને રોશન કરે તે જ ગુજરાત સરકારની નેમ છે.



# લાઇસન્સ લીધા વિના ટ્રાન્સમિશન લાઇન નાખવાની છૂટ આપી

કેન્દ્ર સરકારના ઊર્જા મંત્રાલયે રિન્યુએબલ એનર્જીનો ઉપયોગ કરીને એટલે કે સૌર ઊર્જા, પવન ઊર્જા અને જળશક્તિનો ઉપયોગ કરીને પ્રદૂષણ ફેલાવ્યા વિના જ પેદા કરવામાં આવતી ગ્રીન એનર્જી - વીજળીનો સંગ્રહ કરી શકાય તે માટેના નિયમો જાહેર કર્યા છે. આ આયોજનના ભાગરૂપે જ ગ્રાહકોના ચોક્કસ વર્ગને કોઈ પણ જાતનું લાઇસન્સ લીધા વિના ટ્રાન્સમિશન લાઇન નાખવાની છૂટ આપી દેવામાં આવી છે. કેન્દ્ર સરકારનું માનવું છે કે તેમ કરવાથી ઔદ્યોગિક વિકાસને વેગ મળશે અને રિન્યુએબલ એનર્જીને સ્વીકારનારાઓની સંખ્યામાં વધારો થશે. તેને પરિણામે ઓપન એક્સેસનો વિકલ્પ પસંદ કરતાં અને કૅપ્ટિવ પાવર પ્લાન્ટ ધરાવનારા ઔદ્યોગિક એકમોને ફાયદો થવાની સંભાવના છે.

ઊર્જા મંત્રાલયે જાહેર કર્યું છે કે રિન્યુએબલ સ્રોતનો ઉપયોગ કરીને પેદા કરવામાં આવેલી વીજળીનો નિશ્ચિત કરેલા જથ્થા કરતાં વધુ જથ્થાનો ઉપયોગ કરનારા અને એનર્જી સ્ટોરેજ સિસ્ટમ ધરાવનારાઓને પોતાની ટ્રાન્સમિશન લાઇન નાખવાની છૂટ આપવામાં આવી છે. તેને માટે સરકાર પાસેથી તેમને લાઇસન્સ લેવાની જરૂર પડશે નહીં. આ છૂટ મળવાથી મોટા જથ્થામાં વીજળીનો ઉપયોગ કરનારા ગ્રાહકોની સંખ્યામાં વધારો થશે તેમ જ ગ્રીડમાંથી પાવરનો સપ્લાય નિરંતર કે અવિરત મળતો રહે તેવી વ્યવસ્થા નિર્માણ પામશે અને ગ્રાહકોને પરવડે તેવા ભાવથી વીજળીનો પુરવઠો મળતો થશે. વીજળીનું ઉત્પાદન કરતી કંપનીઓને તથા કૅપ્ટિવ પાવર પ્રોડ્યુસર્સને પણ આ સુવિધા આ અગાઉથી જ આપવામાં આવેલી હતી, પરંતુ હવે વ્યક્તિગત ગ્રાહકને કે ગ્રાહકોના સમૂહને હવે આ સુવિધા આપવામાં આવી રહી છે. તેમને લાઇસન્સ લેવાની જફામાંથી મુક્તિ મળતાં ઇઝ ઑફ ડૂઇંગ બિઝનેસ વધશે. ઔદ્યોગિક વિકાસને વેગ મળશે અને રોજગારીની નવી તક ઝડપથી નિર્માણ થશે. ખાનગી ટ્રાન્સમિશન લાઇન નાખવાની છૂટ મળતાં ઓપન એક્સેસની સિસ્ટમ હેઠળ વીજળીનો પુરવઠો મેળવનારાઓને ચૂકવવી પડતી કિંમતમાં પણ ઘટાડો થશે. આ વ્યવસ્થા ઊભી થતાં રિન્યુએબલ એનર્જીનો ઉપયોગ કરનારાઓની સંખ્યામાં પણ ઝડપથી વધારો થશે. રિન્યુએબલ એનર્જીથી પેદા કરવામાં આવેલી વીજળીનો વપરાશ કરનારાઓની સંખ્યા વધી જતાં કાર્બન ઉત્સર્જન ઓછું થશે.

સરકારી વીજકંપનીઓ દ્વારા ટ્રાન્સમિશન લાઇન દ્વાર આપવામાં આવતા વીજપુરવઠામાં 2014ની સાલમાં 27 ટકાનો લૉસ થતો હતો. આ લૉસ 2023 સુધીમાં ઘટાડીને 15.41 ટકાની સપાટીએ લાવી દેવામાં સફળતા મળી છે. નવા નિયમોને કારણે વીજળીનો લૉસ ઓછો થશે. પરિણામે વીજકંપનીઓની વાયેબિલિટીમાં વધારો થશે. તેમ થતાં વીજગ્રાહકોને મળતી સેવામાં સુધારો થશે.

## કોને લાઇસન્સ લેવું નહીં પડે

વીજળી પેદા કરતી કંપની કે કૅપ્ટિવ પાવર પ્લાન્ટ સ્થાપનાર વ્યક્તિ કે કંપની અથવા એનર્જી સ્ટોરેજ સિસ્ટમ ધરાવનાર અથવા તો 25 મેગાવૉટથી ઓછો લોડ ન વાપરતો હોય તેવા ગ્રાહકને પોતાના રાજ્યમાં જ ટ્રાન્ટમિશન લાઇસન્સ લેવાની જરૂર પડશે નહીં તેમ જ એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં વીજળીનો સપ્લાય આપનાર હોય અને 10 મેગાવૉટથી સુધીનો વીજ લૉડ હોય તો તેવા સંજોગોમાં ખાનગી ટ્રાન્સમિશન લાઇન નાખવા માટે લાઇસન્સ લેવાની જરૂર પડશે નહીં. તેઓ ખાનગી ટ્રાન્સમિશન લાઇન નાખીને તેનું કામ ચલાવી શકશે અને તેની જાળવણી પણ કરી શકશે. જો આ કંપનીઓ,



**કેન્દ્રની મિનિસ્ટ્રી ઑફ પાવરે સૌર-પવન ઊર્જાથી પેદા કરતી વીજળી સંગ્રહ વધારવા નિયમો જાહેર કર્યા** → **ઔદ્યોગિક વિકાસને વેગ આપવા અને રિન્યુએબલ એનર્જીને સ્વીકારનારાઓની સંખ્યામાં વધારો કરવા નિર્ણય લેવાયો** → **ઓપન એક્સેસનો વિકલ્પ પસંદ કરતાં અને કૅપ્ટિવ પાવર પ્લાન્ટ ધરાવનારા એકમોને ફાયદો થશે**

વ્યક્તિગત લાઇન નાખનારાઓ કાયદા હેઠળ તૈયાર કરવામાં આવેલાં નિયંત્રણો, ટેક્નિકલ સ્ટાન્ડર્ડ્સ, માર્ગદર્શિકાઓ અને કાર્યપ્રણાલીઓનું પાલન કરતાં હશે તો તેમને લાઇસન્સ લેવાની ફરજ પડશે નહીં.

કેટલાંક રાજ્યો દ્વારા ઓપન એક્સેસ માટે ઘણા વધારે ચાર્જ લેવામાં આવતા હોવાથી ઘણા લોકો પોતાની જરૂરિયાત પ્રમાણે આ સુવિધાઓનો ઉપયોગ કરી શકતા જ નહોતા. વ્હિલિંગ ચાર્જ, સ્ટેટ ટ્રાન્સમિશન ચાર્જ અને વધારાના સરચાર્જ જેવા ચાર્જ સરિત ઓપન એક્સેસ ચાર્જ નક્કી કરવા માટેની પદ્ધતિ પણ નક્કી કરી આપવામાં આવી હોવાથી ઓપન એક્સેસના ચાર્જમાં ઘટાડો થશે.

વ્યક્તિગત ગ્રાહક દ્વારા નવા તૈયાર કરવામાં આવેલા નિયમો મુજબ જનરલ નેટવર્ક એક્સેસ અથવા તો ઓપન એક્સેસ મેળવવા માટે વધારાનો સરચાર્જ ઓછો ચૂકવવો પડશે. સતત ચાર વર્ષ સુધી આ સુવિધાનો ઉપયોગ કરનારાઓએ ચાર વર્ષ બાદ વધારાનો સરચાર્જ પણ ચૂકવવો પડશે નહીં. જનરલ નેટવર્ક એક્સેસ અને ઓપન એક્સેસની સુવિધા લીધા પછીનાં ચાર વર્ષમાં આ ચાર્જ લેવાનું બંધ કરી દેવામાં આવશે.

નવા નિયમમાં એવી પણ જોગવાઈ કરવામાં આવી છે કે ઓપન એક્સેસના ગ્રાહકોને જ વધારાનો સરચાર્જ ચૂકવવો પડશે. જે ગ્રાહક સંબંધિત વિસ્તારના ડિસ્ટ્રિબ્યુશન લાઈસન્સીના ગ્રાહક હોય તેમને વધારાનો સરચાર્જ ચૂકવવો પડશે. જે ગ્રાહકો ડિસ્ટ્રિબ્યુશન લાઈસન્સીના ગ્રાહક જ ન હોય તેમને તો વધારાનો સરચાર્જ ચૂકવવો પડશે નહીં.

પાવર સેક્ટરનું નાણાકીય ટકાઉપણું જળવાઈ રહે તે જરૂરી છે. ટેરિફમાં કોસ્ટ બરાબર પ્રતિબિંબિત થવી જોઈએ. ટેરિફમાં લેવાને પાત્ર બનતા દરેક ચાર્જ લેવાવો જ જોઈએ. જોકે કેટલાંક રાજ્યના રેગ્યુલેટર્સે રેવન્યુમાં મોટા ગૅપ ઊભા કર્યા હોવાથી નાણાકીય સ્થિતિ કથળતી હોવાનું જોવા મળ્યું છે. પાવર પરચેઝ કૉસ્ટ સહિતની જુદી જુદી કૉસ્ટને માન્ય ન રાખવામાં આવતાં નાણાકીય સ્થિતિ કથળતી હોવાનું જોવા મળે છે.

નવા નિયમો નોટિફાય કરીને અસાધારણ સંજોગોને બાદ કરતાં સામાન્ય સ્થિતિમાં રેવન્યુ ગૅપ એટલે કે વીજકંપનીઓને થતાં ખર્ચની તુલનામાં વીજવિતરણ કર્યા પછી થતી આવકમાં ઘટાડો ન આવે અને રેવન્યુ ગૅપ ન સર્જાય તેનું ધ્યાન રાખવામાં આવ્યું છે. ખર્ચ અને આવક વચ્ચે ગાળો સર્જાય તો તે નિર્ધારિત સમયગાળામાં ઓછા કરી દેવાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ નિયમોના માધ્યમથી નક્કી કરવામાં આવ્યું છે કે વીજકંપનીઓની વાર્ષિક રેવન્યુ રિક્વાયરમેન્ટ એટલે કે વાર્ષિક આવકની જરૂરિયાત અને અંદાજિત આવક વચ્ચે કોઈ ગાળો રહેવો ન જોઈએ. માત્ર કુદરતી આફતના સમયમાં આ ગાળો રહી જાય તો જ તે ચલાવી લેવાનો રહેશે. માન્ય કરવામાં આવેલી આવકની જરૂરિયાત અને વાસ્તવમાં થતી આવક વચ્ચેનો ગાળો ત્રણ ટકાથી વધુ ન જ રહેવો જોઈએ.

નિયમોની જાહેરાત કરવામાં આવી તે વખતે આવક અને ખર્ચ વચ્ચે ગાળો રહી જતો હોય તો તે તે ગાળો એક વર્ષમાં સાત સમાન હપ્તામાં પૂરો દેવાનો રહેશે. તેના પર લેટ પેમેન્ટ સરચાર્જ પણ લગાવવાનો રહેશે. જે નાણાકીય વર્ષમાં આ ગાળો રહ્યો હોય તેના પછીના નાણાકીય વર્ષના ગાળામાં તેનો ગાળો પૂરી આપવાનો રહેશે.



# હવે ભારત વિશ્વના અર્થતંત્ર માટે ગ્રોથ એન્જિન બની ગયું

**2047માં ભારત શતાબ્દી વર્ષ ઊજવશે ત્યાં સુધીમાં દેશે વિકસિત દેશ તરીકેની સિદ્ધિ હાંસલ કરી લીધી હશેઃ ભારત વિશ્વમિત્ર બન્યું છે, વિશ્વના લોકોની સલામતી અને સમૃદ્ધિનાં આયોજનો કરીને પાર પાડી રહ્યું છે**

**વિશ્વભરના વેપારઉદ્યોગ અને ઇન્વેસ્ટર્સનો ભારતમાંનો વિશ્વાસ જોઈને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો વિશ્વાસ પણ બુલંદ બન્યો છે.**

ભારત હવે વિશ્વના દેશોના ઈન્વેસ્ટર્સ માટે મોસ્ટ ફેવર્ડ નેશન બની ગયું છે. વિશ્વ અનિશ્ચિતતાઓ વચ્ચે ગોથાં ખાઈ રહ્યું છે ત્યારે ભારત વિશ્વ માટે નવી આશાનું કિરણ બન્યું છે. વિશ્વના દેશો આજે સ્થિરતાના એક સ્તંભ, વિશ્વસનીય મિત્ર અને વિશ્વના અર્થતંત્રના વિકાસના એન્જિન તરીકે ભારત પર મીટ માંડીને બેઠા છે. સેમિકન્ડક્ટર્સ જેવા પાયાના ઉદ્યોગમાં મોટું મૂડીરોકાણ આકર્ષવામાં ભારત અને તેમાંય ખાસ કરીને ગુજરાતે સફળતા મેળવી તે સાથે જ વિશ્વભરના ઈન્વેસ્ટર્સની નજરમાં ભારત અને ગુજરાતની છબિ બદલાઈ ગઈ છે. આ શબ્દો બીજા કોઈના નહીં, પરંતુ ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના છે. વિશ્વના બદલાઈ રહેલા માહોલમાં આજે ભારત વિશ્વમિત્ર તરીકે આગળ વધી રહ્યું છે.

આ હકીકત હોવાની પણ પ્રતીતિ થઈ રહી છે. ભારતનો વિકાસદર વિશ્વના વિકસિત દેશોના વિકાસદર કરતાંય ઊંચો છે. 2023-24માં ભારતનો વિકાસદર 7.2થી 7.4 ટકા રહેવાનો અંદાજ મૂકવામાં આવી રહ્યો છે. તેથી જ આગામી થોડાં વરસોમાં ભારતનું અર્થતંત્ર વિશ્વનું ત્રીજા ક્રમનું સૌથી મોટું અર્થતંત્ર બની જશે તેવી ધારણા બાંધવામાં આવી રહી છે. દસ જ વર્ષના ટૂંકા ગાળામાં ભારતે વિશ્વના 11મા નંબરના અર્થતંત્રની કક્ષામાં પાંચમા ક્રમના મોટા અર્થતંત્ર તરીકેનું કદ હાંસલ કરી લીધું છે. હવે તો વિશ્વની ટોચની રેટિંગ એજન્સીઓ પણ ભારતનું અર્થતંત્ર ઝડપથી આગળ વધી રહ્યું હોવાની હકીકતને સ્વીકારતી થઈ ગઈ છે.

તેથી જ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો વિશ્વાસ પણ બુલંદ બન્યો છે. તેઓ આજે છાતી ઠોકીને






બોલી રહ્યા છે કે ભારત વિશ્વનું ત્રીજા ક્રમનું મોટું અર્થતંત્ર બનીને જ રહેશે તેવી મારી ગૅરન્ટી છે. જી-20ના સફળ નેતૃત્વ સાથે ભારતનો આત્મવિશ્વાસ વધુ મજબૂત થયો છે. ભારત વિશ્વ માટે જરૂરી સર્વસામાન્ય લક્ષ્યાંકોને નક્કી કરીને તેને હાંસલ કરવાની ક્ષમતા ધરાવે છે. તેને માટે પ્રામાણિક પ્રયાસો કરી રહ્યું હોવાની વાત વિશ્વના દેશોએ સ્વીકારી છે. ભારત વિશ્વના મોટા ભાગની

**ભારતનું અર્થતંત્ર વિશ્વનું ત્રીજા ક્રમનું અર્થતંત્ર બનીને જ રહેશે તેવી મારી ગૅરન્ટી છે: મોદી**

સમસ્યાઓના ઉકેલ માટેનું આયોજન અમલમાં મૂકીને તેને સફળતાથી પાર પાડી આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવવાને સમર્થ છે. આ વાસ્તવને જગતની જનતા સમજતી થઈ ગઈ છે. તેથી જ તેઓ ભારતને આજે વિશ્વના મિત્ર તરીકે જોઈ રહ્યા છે. ભારતને વૈશ્વિક સ્થિરતાના એક સ્તંભ તરીકે જોવામાં આવી રહ્યું છે તેમ જ ભારત આજે વિશ્વના દેશોના અર્થતંત્રના વિકાસ માટેનું એન્જિન બનવાને પણ સમર્થ હોવાની



# આર્સેલર મિત્તલે વાઇબ્રન્ટ ગુજરાત સમિટમાં જાહેરાત કરી

- **લક્ષ્મી મિત્તલ હજીરામાં ૨૪૦ લાખ ટનની ક્ષમતાનો સ્ટીલ પ્લાન્ટ નાખશે**
- **આર્સેલર મિત્તલ ગ્રીન હાઈડ્રોજન અને રિન્યુએબલ એનર્જીના સેક્ટરમાં પણ મોટા પાયે રોકાણ કરશે**



ભારતના શાસકો અને તેમના નેતૃત્વ હેઠળ ભારત મજબૂત વિકાસ સાધશે તેવો વિશ્વના વેપારઉદ્યોગનો વિશ્વાસ બુલંદ બની રહ્યો છે. આ રહ્યું તેનું પહેલું ઉદાહરણ. જાપાનની નિપ્પોન સાથેના સહયોગમાં આર્સેલર મિત્તલ ગુજરાતમાં સુરત નજીક હજીરા ખાતે ૨૪૦ લાખ ટનની ક્રૂડ સ્ટીલની ઉત્પાદનક્ષમતા સાથેનો પ્લાન્ટ નાખશે. આ પ્લાન્ટ ૨૦૨૯ સુધીમાં સક્રિય થઈ જશે. દસમી વાઈબ્રન્ટ ગુજરાત સમિટના ઉદ્‌ઘાટન સમારોહમાં આર્સેલર મિત્તલના એક્ઝિક્યુટીવ ચૅરમૅન લક્ષ્મી મિત્તલે આ જાહેરાત કરી છે. આ સાથે જ એક જ સ્થળે રૉ સ્ટીલનું આટલા જંગી પ્રમાણમાં ઉત્પાદન કરનારો દુનિયાનો મોટામાં મોટો પ્લાન્ટ બનશે. આ પ્લાન્ટ નાખવા ગુજરાત સરકાર સાથે આર્સેલર મિત્તલે બીજા તબક્કાના એમ.ઓ.યુ. સાઈન કર્યા છે.




પ્રતીતિ સૌને થઈ ગઈ છે.

ભારત વિશ્વકલ્યાણની ભાવનાને વરેલું છે. ભારતનું સમર્પણ, પ્રયાસો અને મહેનત વિશ્વને વધુ સલામત અને સમૃદ્ધ બનાવી રહ્યાં છે. આ સાથે જ આધુનિક ભારતની જનતાને આહ્‌વાન આપતાં નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે તમે એટલે કે ભારતના નાગરિકો અને ઉદ્યોગો મોટાં સપનાઓ જુઓ, તમારાં એ સપનાંઓને સાકાર કરવાનો દૃઢ સંકલ્પ હું કરતો રહીશ. નરેન્દ્ર મોદીના આ શબ્દો સાથે જ ભારત ભાવિ વિકાસનો ગેટ વે હોવાની સૌને પ્રતીતિ થઈ ગઈ છે.

અમૃતકાળમાં યોજાયેલી વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં વિશ્વની અગ્રણી કંપની આર્સેલર મિત્તલના લક્ષ્મી મિત્તલ, ગુજરાતના ઉદ્યોગજગતના મોભી મુકેશ અંબાણી, અદાણી ગ્રુપના ગૌતમ અદાણી અને પાંચ જેટલા દેશોના પ્રમુખો અને વડા પ્રધાનો આ સમારોહમાં હાજર રહ્યા હતા, કારણ કે વેપારઉદ્યોગના મોભીઓને વિશ્વાસ છે કે મોદી હૈ તો મુમકિન હૈ. મુખ્ય અતિથિ તરીકે યુનાઈટેડ આરબ અમિરાતના પ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન ઉપસ્થિત રહ્યા હતા. તેઓ પણ માને છે કે મોદી હૈ તો મુમકિન હૈ. યુનાઈટેડ આરબ અમિરાતે આર્થિક વિકાસને વેગ આપવા રસ્તાઓ, મકાનો અને નિગમો બનાવ્યાં છે. મોદી પણ ઉદ્યોગના વિકાસ માટે જરૂરી માળખાકીય સુવિધાઓ ઊભી કરી રહ્યા છે. ભારતને વિશ્વની હરોળમાં મૂકવા મથામણ કરી રહ્યા છે. તેમાં સફળતા પણ મળી રહી છે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ભારત જનતાને કેન્દ્રમાં રાખીને વિકાસ કરવાની ભાવનાને વરેલું છે. વિશ્વનું ભલું કરવાની ભાવના

**ઝાયડસ ગ્રુપ બાયોટેક્નોલોજીમાં રૂપિયા 5000 કરોડનું રોકાણ કરશે**

# ટાટા ગ્રુપના ચૅરમૅન એન. ચંદ્રશેખરનની જાહેરાત

- **ટાટા ગ્રુપ ધોલેરામાં સેમિકન્ડક્ટરનો પ્લાન્ટ નાખશે**
- **સાણંદને ઈલેક્ટ્રિક વેહિકલના ઉત્પાદનનું મુખ્ય કેન્દ્ર બનાવી દેવાનું આયોજન કરાયું**

ગુજરાતના ધોલેરા વિસ્તારમાં ટાટા ગ્રુપ સેમિકન્ડક્ટર બનાવવાનો મોટો પ્લાન્ટ નાખવા માગે છે. ૨૦૨૪ના અંત સુધીમાં જ આ પ્લાન્ટ ચાલુ કરી દેવાનું આયોજન હોવાની જાહેરાત ટાટા ગ્રુપના ચૅરમૅન એન. ચંદ્રશેખરને વાઈબ્રન્ટ ગુજરાતના ઉદ્‌ઘાટન સમારોહમાં કરી હતી. સૉલ્ટથી માંડીને સૉફ્ટવેર સુધીના તમામ બિઝનેસ સાથે સંકળાયેલું ટાટા ગ્રુપ સેમિકન્ડક્ટરનો પ્લાન્ટ નાખવાને મુદ્દે ગુજરાત સરકાર સાથે ચર્ચા કરી રહ્યું છે. આ ચર્ચાવિચારણા અંતિમ તબક્કામાં છે.

એન. ચંદ્રશેખરને જણાવ્યું હતું કે ટાટા ગ્રુપ ૨૦ ગીગાવૉટ લિથિયમ આયર્ન સ્ટોરેજ બૅટરીની ફૅક્ટરીનું બાંધકામ પણ અમદાવાદ નજીક સાણંદ જીઆઈડીસીમાં આગામી બેએક મહિનામાં ચાલુ કરી દેશે. તાજેતરના જ ભૂતકાળમાં ટાટા ગ્રુપે સાણંદમાં તેના એકમોના વિસ્તરણની મોટી યોજનાઓ અમલમાં મૂકી છે. તેથી સાણંદ તેમના ઈલેક્ટ્રિક વેહિકલનું કેન્દ્ર બનવા



માંડ્યું છે. ટાટા ગ્રુપની ઈલેક્ટ્રિક વેહિકલની ટેક્નૉલૉજીના દરેક કામકાજ સાણંદમાં જ થઈ રહ્યાં છે. ઈલેક્ટ્રિક વેહિકલની ડિમાન્ડ વધી રહી હોવાથી સાણંદના જ પ્લાન્ટનું વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે. તદુપરાંત ટાટા ગ્રુપ વડોદરામાં સી-૨૯૫ ડિફેન્સ ઍરક્રાફ્ટ પણ બનાવી રહ્યું છે. તેનું મૅન્યુફૅક્ચરિંગ ધોલેરામાં પણ કરશે. ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારના સહયોગમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સ્કિલ બનાવવામાં આવી રહી છે. આ ઈન્સ્ટિટ્યૂટ માર્ચ, ૨૦૨૪માં ચાલુ કરી દેવામાં આવશે. એન. ચંદ્રશેખરને કહ્યું હતું કે માત્ર બિઝનેસના વિકાસ માટે જ નહીં, પરંતુ ઉદ્યોગ માટે જોઈતી ભાવિ અદ્યતન ટેક્નૉલૉજી માટે પણ અમે ગુજરાતને એક મહત્ત્વના કેન્દ્ર તરીકે જોઈ રહ્યા છીએ. આ ટેક્નૉલૉજીના ક્ષેત્રમાં જ વિકાસ સાધવાની ભારતની નેમ છે.

ટાટા ગ્રુપની ૨૧ કંપનીઓ અત્યારે ગુજરાતમાં સક્રિય છે. તેના થકી ૫૦,૦૦૦ લોકોને રોજગારી મળે છે. ટાટા ગ્રુપના સ્થાપકનું વતન ગુજરાત રાજ્યના નવસારી શહેરમાં જ હોવાથી ગુજરાત પરત્વે વધારે લાગણી રાખીને ટાટા ગ્રુપ તેમાં કામ કરવાનું પસંદ કરી રહ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની દૂરંદેશીને પરિણામે જ ગુજરાતમાં સ્થિર અને અવિરત વિકાસ થઈ રહ્યો છે. તેમણે ગુજરાતને ભવિષ્યના ગેટ-વે તરીકે ઓળખાવ્યું હતું.

# અદાણી ગ્રુપ પાંચ વર્ષમાં બે લાખ કરોડનું નવું મૂડીરોકાણ કરશે

- **૭૨૫ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં અદાણી ગ્રુપ ૩ ગીગાની સોલર મોડ્યુલ મૅન્યુફૅક્ચરિંગની ફૅક્ટરી નાખશે**



એશિયાના સૌથી વધુ શ્રીમંત બિઝનેસ ટાયકૂન ગૌતમ અદાણી આગામી પાંચ વર્ષમાં ગુજરાતમાં નવું રૂ. ૨ લાખ કરોડનું મૂડીરોકાણ કરશે. આ રોકાણ બહુધા વિશ્વના મોટામાં મોટા ક્લીન એનર્જી પ્રોજેક્ટ માટે જ કરશે. તેમનો આ પ્રોજેક્ટ અંતરિક્ષમાંથી પણ જોઈ શકાય તેટલા વિરાટ કદનો હશે. અદાણી ગ્રુપ ૩ ગીગાની સોલર મોડ્યુલ મૅન્યુફૅક્ચરિંગની ફેક્ટરી નાખશે. કચ્છના રણમાં ગૌતમ અદાણી વિશ્વનો મોટામાં મોટો સોલર પાર્ક બાંધી રહ્યા છે. આ સોલર પાર્ક ૭૨૫ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં પથરાયેલો છે. કચ્છના સોલર પાર્કમાં ૩૦ ગીગાવૉટ વીજળીનું ઉત્પાદન કરવામાં આવશે. આગામી પાંચ વર્ષમાં આ પાર્ક ઊભો કરવા માટે ગૌતમ અદાણી રૂ. ૨ લાખ કરોડનું મૂડીરોકાણ કરશે. તેને કારણે એક લાખ લોકોને સીધી કે આડકતરી રોજગારી મળશે. અદાણી ગ્રુપ સોલર પૅનલ, વિન્ડ ટર્બાઈન, હાઈડ્રોજન ઈલેક્ટ્રોલાઈઝર, ગ્રીન ઍમોનિયા, પીવીસી બનાવશે તેમ જ કૉપર-તાંબા અને સિમેન્ટના ઉત્પાદનના પ્લાન્ટ્સનું વિસ્તરણ પણ કરશે. ૨૦૨૫ની સાલ સુધીમાં રૂ. ૫૫૦૦૦ કરોડના ઈન્વેસ્ટમેન્ટની આપેલી બાંયધરીમાંથી રૂ. ૫૦,૦૦૦ કરોડનું રોકાણ તો કરી દેવામાં આવ્યું છે.

સાથે જ બધી કામગીરી કરી રહ્યું છે. વિશ્વના અર્થતંત્રના વિકાસ માટેનું એન્જિન બની રહ્યું છે. ભારત તેની પાસેના યુવા બુદ્ધિધનની મદદથી સમસ્યાના ઉકેલ માટેનું ટેક્નૉલૉજીનું હબ બનવા માંડ્યું છે. લોકોનાં કામ કરી આપતી લોકશાહી શાસનપરંપરા તરીકે ભારતનું નામ લેવાઈ રહ્યું છે. ભારતના અગ્રક્રમો નિશ્ચિત જ છે. ભારત ટકાઉ ઉદ્યોગો, માળખાકીય સુવિધાઓ અને મૅન્યુફૅક્ચરિંગમાં વૃદ્ધિ જ ભારતનો લક્ષ્યાંક છે. તેની સાથેસાથે જ નવા સમયને અનુકૂળ થાય તેવી કાર્યકુશળતાનો વિકાસ કરવો, ભવિષ્યમાં જરૂર પડે તેવી ટેક્નૉલૉજીનું નિર્માણ કરવું, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને ઈનોવેશનનો મહત્તમ લાભ લેવો, ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદનમાં અગ્રહરોળમાં રહેવું, રિન્યુએબલ એનર્જીનું ઉત્પાદન વધારવું, સેમિકન્ડક્ટર્સ ઉદ્યોગને વેગ આપવો એ જ ભારતનું હાલનું ધ્યેય છે. ભારતે તેને માટે જરૂરી માળખાકીય સુધારાઓ કર્યા છે. તેથી જ તે શક્ય બની રહ્યું છે. આ સુધારાઓને પરિણામે ભારતના અર્થતંત્રની ક્ષમતામાં, આવડતમાં અને સ્પર્ધાત્મકતામાં સુધારો આવ્યો છે. આપણા દેશની આઝાદીને ૭૫ વર્ષ થયાં હોવાથી આપણો દેશ અમૃતકાળમાં પ્રવેશી ચૂક્યો છે. દેશ શતાબ્દીની ઉજવણી કરતો હશે ત્યારે વિકસિત દેશ તરીકેનું સ્ટેટસ તેણે પ્રાપ્ત કરી લીધું હશે.

યુનાઈટેડ આરબ અમિરાતના પ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહ્યાને વાઈબ્રન્ટ સમિટમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી તે જ દર્શાવે છે કે ભારત અને યુનાઈટેડ આરબ અમિરાત વચ્ચેના સંબંધો સંગીન છે. ભારત-યુએઈ વચ્ચે ફૂડ પાર્કના સેક્ટરમાં સહકાર સાધવાના કરાર થયા છે તેમ જ યુઈએ ભારતનાં બંદરો પરની માળખાકીય સુવિધાઓ માટે લાખો ડૉલર ઈન્વેસ્ટ કરવા તૈયાર થયું છે. ભારતે યુનાઈટેડ આરબ અમિરાત સહિત ત્રણ દેશો સાથે ફ્રી ટ્રેડ ઍગ્રીમેન્ટ કરીને ફૉરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ લાવવાના દરવાજા ઉઘાડી દીધા છે. તેથી જ ભારત માળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે વિક્રમસર્જક મૂડીરોકાણ કરી રહ્યું

## કોણે કેટલું રોકાણ કર્યું

- **મારુતિ સુઝુકી ગુજરાતમાં રૂ. 35,000 કરોડનું રોકાણ કરીને નવો કાર મૅન્યુફૅક્ચરિંગ પ્લાન્ટ નાખશે**
- **ડી. પી. વર્લ્ડ ગુજરાતમાં રૂ. 25,000 કરોડનું મૂડીરોકાણ કરશે. નવાં બંદરો વિકસાવવા માટે રોકાણ કરશે. ઇકૉનૉમિક ઝોન અને લૉજિસ્ટિક માટેની સુવિધા પણ ઊભી કરશે.**
- **પેટીએમ ગિફ્ટ સિટીમાં રૂ. 100 કરોડનું રોકાણ કરશે.**
- **અદાણી ગ્રુપ પાંચ વર્ષમાં રૂ. 2 લાખ કરોડનું રોકાણ કરશે.**
- **વેલસ્પન વર્લ્ડ ગ્રીન હાઇડ્રોજન અને ગ્રીન ઍમોનિયા બનાવવા માટે રૂ. 40,000 કરોડનું રોકાણ કરશે.**
- **રિલાયન્સ જામનગરમાં ધીરુભાઈ અંબાણી ગ્રીન એનર્જી ગીગા કૉમ્પ્લેક્સની સ્થાપના કરશે. તેમાં કાર્બન ફાઇબર મૅન્યુફૅક્ચરિંગનો પ્લાન્ટ નાખશે.**




છે. છેલ્લાં દસ જ વર્ષમાં ભારતનું મૂડીરોકાણ પાંચ ગણું વધી ગયું છે. ભારત ગ્રીન એનર્જીના ડેવલપમેન્ટના ક્ષેત્રમાં પણ ઝડપથી આગળ વધી રહ્યું છે. ભારત સરકાર નાગરિકોનું જીવન વધુ સરળ બનાવી રહી છે. તેમને વધુ સક્ષમ અને સમર્થ બનાવી રહી છે.

ક્રૂડ સ્ટીલના ઉત્પાદનના પ્લાન્ટ માટેના પહેલા તબક્કાનું કામકાજ ૨૦૨૧માં ચાલુ કરવામાં આવ્યું હતું. બીજા તબક્કાનું કામકાજ હવે ૨૦૨૬માં ચાલુ થશે. આ કામકાજ ૨૦૨૯ સુધીમાં પૂરું કરવાનું આયોજન છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં જ આ પ્લાન્ટ નાખવાની કામગીરી માટેનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આર્સેલર મિત્તલના લક્ષ્મી મિત્તલ કહે છે કે ગુજરાત સરકારનો સહકાર મળી રહ્યો હોવાથી અમે અમારા નિર્ધારિત આયોજન મુજબ જ પ્લાન્ટ નાખવાનું કામકાજ પૂરું કરવામાં સફળ થઈશું. સ્ટીલઉદ્યોગના ટાયકૂન લક્ષ્મી મિત્તલે આ પ્લાન્ટ નાખવા પાછળ સમગ્રતયા કેટલું મૂડીરોકાણ કરવામાં આવશે તેની વિગતોની જાહેરાત કરી નહોતી. છતાં એટલું કહી શકાય તેમ છે કે રોકાણ બહુ જ જંગી છે. ગુજરાતની નીતિ વાજબી અને પારદર્શક છે. તેમનું ગવર્નન્સ પણ નીતિઆધારિત જ છે. આત્મનિર્ભર ભારતના ધ્યેયને સિદ્ધ કરવા માટે સ્ટીલ એક મહત્ત્વની ધાતુ છે. આર્સેલર મિત્તલ માત્ર સ્ટીલના ઉત્પાદનના એકમોમાં જ

## ગુજરાતના પાવર કે હેલ્થકૅર સેક્ટરના ટૉરેન્ટ ગ્રુપના સુધીર મહેતા પાવર જનરેશનમાં રૂ. 48,000 કરોડનું રોકાણ કરશે

નહીં, પરંતુ ગ્રીન હાઇડ્રોજન અને રિન્યુએબલ એનર્જીના સેક્ટરમાં પણ મોટા પાયે ઇન્વેસ્ટ કરી રહી છે.

ડી. પી. વર્લ્ડના ચૅરમૅન સુલતાન અહમદ બિન સુલેયમે વાઇબ્રન્ટ ગુજરાત સમિટમાં ગુજરાતના કંડલા ખાતે ૨૦ લાખ કન્ટેનરની ક્ષમતા ધરાવતા અત્યાધુનિક કન્ટેનર ટર્મિનલ્સ માટે રોકાણ કરશે. એન-વિડિયાના સિનિયર વાઇસ પ્રેસિડન્ટ શંકર ત્રિવેદીએ માર્ચ મહિનાના અંત સુધીમાં ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનું ડેટા સેન્ટર ચાલુ કરવાની જાહેરાત કરી દીધી છે. તેમનું કહેવું છે કે ભારતમાં જ નહીં, ગુજરાતમાં પણ જનરેટિવ એઆઇને અપનાવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રયાસો કર્યા છે. જનરેટિવ એઆઇના સંદર્ભે કૌશલ્ય વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. ઝરોધાના સ્થાપક અને સીઈઓ નિખિલ કામતે બે દાયકામાં દેશના સર્વાંગી વિકાસ પર પ્રકાશ પાડતા ટિપ્પણી કરી હતી કે છેલ્લાં ૧૦ વર્ષમાં સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ અને નાના ઉદ્યોગસાહસિકો અને ઈ-કૉમર્સના ઉદય સરાહનીય છે. સ્ટાર્ટઅપ્સને ખીલવા દેતી સ્થિર ઇકોસિસ્ટમની સુવિધા માટે વડા પ્રધાનને શ્રેય આપ્યું હતું.

## ગુજરાતના વનવિભાગ સાથે કરાર

કાર્બન ક્રેડિટ માટે મેન્ગ્રુવ્સની વાવણી માટે રૂ. ૨,૦૦૦ કરોડના રોકાણના કરાર

કાર્બન ક્રેડિટના વેચાણ થકી મળનારા લાભનો હિસ્સો તેની રોપણી કરવામાં મદદરૂપ થનારા લોકોને પણ આપવામાં આવશે

કાર્બન ઉત્સર્જન ઘટાડી કાર્બન ક્રેડિટ મેળવવા માટે મેનગ્રુવ્સનું વાવેતર કરવા માટે રિન્યુ પાવર નામની કંપનીએ ગુજરાતના વનવિભાગ સાથે રિન્યુ પાવર નામની કંપનીએ રૂ. ૨૦૦૦ કરોડના સમજૂતી કરાર કર્યા છે. ચેરનું પ્લાન્ટેશન કરીને કાર્બન ક્રેડિટ મેળવશે અને તેને આધારે નવા પ્રોજેક્ટ્સની સ્થાપના કરશે. મેનગ્રુવ્સના વાવેતર અને એની જાળવણી કરવા માટેના રોકાણની જવાબદારી રિન્યુ પાવર અદા કરશે. ત્યાર બાદ મેનગ્રુવ્સની રોપણી થકી મેળવવામાં આવેલી કાર્બન ક્રેડિટના વેચાણના માધ્યમથી કંપની તેનું રોકાણ પાછું મેળવી લેશે.

# રિલાયન્સ જામનગરમાં ગ્રીન એનર્જી ગીગા કોમ્પ્લેક્સ બનાવશે

- **રિલાયન્સ મેક ઈન ગુજરાતને ગ્લોબલ લીડર બનાવવામાં મોટો ફાળો આપશે. ગ્રીન ગ્રોથમાં ગુજરાતને મોખરે રાખશે.**

રિલાયન્સે જામનગરમાં 5000 એકરથી વધુ જમીનમાં ધીરુભાઈ અંબાણી ગ્રીન એનર્જી ગીગા કોમ્પ્લેક્સ બનાવવાનું ચાલુ કરી દીધું છે. ગ્રીન એનર્જીના ઉત્પાદનના ગુજરાતના ટાર્ગેટમાંથી 50 ટકા ટાર્ગેટ પૂરો કરી આપવામાં રિલાયન્સ ગુજરાતને મદદ કરશે. જામનગરના ગ્રીન એનર્જીના પ્રોજેક્ટથી મોટી સંખ્યામાં જોબ જનરેશન થશે. તેના થકી ગ્રીન પ્રોડક્ટ્સ તૈયાર થશે. જુલાઈ 2024 પછી આ પ્રોજેક્ટ રિલાયન્સ ચાલુ કરી દેવા માગે છે, એવી જાહેરાત રિલાયન્સના સીઈઓ મુકેશ અંબાણીએ દસમાં વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં બોલતા કરી હતી. રિલાયન્સ ગુજરાતની ગ્રોથ સ્ટોરીમાં કાયમ મહત્વની ભૂમિકા ભજવતું રહેશે. આગામી દસ વર્ષમાં ગુજરાતમાં રિલાયન્સ નોંધપાત્ર રોકાણ કરશે. રિલાયન્સ મેક ઈન ગુજરાતને ગ્લોબલ લીડર બનાવવામાં મોટો ફાળો આપશે. ગ્રીન ગ્રોથમાં ગુજરાતને મોખરે રાખશે.




બીજું રિલાયન્સ જીયોએ સૌથી ઝડપથી ફાઈવ જી એનેબલ્ડ નેટવર્ક તૈયાર કરી દીધું છે. વિશ્વના કોઈપણ દેશમાં ફાઈવ જી નેટવર્ક આટલા સંગીન પાયા પર તૈયાર થયું નથી. આજે વિશ્વના મોટાભાગના દેશમાં ફાઈવ જીનું આટલું સંગીન નેટવર્ક નથી. ગુજરાત આજે ફાઈવ જી એનેબલ્ડ સ્ટેટ છે. તેથી ગુજરાત ડિજિટલ ડેટા પ્લેટફોર્મ પર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના એડોપ્શનમાં ગ્લોબલ લીડર બની જશે ફાઈવ જી એનેબલ હોવાથી જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ક્ષેત્ર થકી ક્રાન્તિ આવશે તેનાથી ગુજરાતના અર્થતંત્રને વધુ પ્રોડક્ટિવ અને વધુ કાર્યક્ષમ બનાવશે. તેનાથી દસ લાખથી વધુ નવી જોબ ઓપોર્ચ્યુનિટી જનરેટ થશે. તેનાથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એનેબલ્ડ ડૉક્ટર્સ, ટીચર્સ અને એઆઈ એનબલ્ડ ફાર્મિંગને વેગ મળશે. તેનાથી હેલ્થ, એજ્યુકેશન અને ફાર્મિંગના સેક્ટરમાં મોટી ક્રાન્તિ આવશે તેનો લાભ શહેરી અને ગ્રામીણ વિસ્તારના દરેક ગુજરાતીને મળશે.

ત્રીજું, રિલાયન્સ રિટેઈલ તેનું મિશન આગળ ધપાવશે. કન્ઝ્યુમર્સને ક્વોલિટી પ્રોડક્ટ્સ અપાવશે. તેનો લાભ લાખો ખેડૂતોને પણ મળશે અને લાખો વેપારીઓને પણ મળશે. છૂટક માર્કેટના ક્ષેત્રમાં અમારા રોકાણને કારણે દરેક ઘરને સારા પ્રોડક્ટ્સ મળતા હોવાથી દરેકની ક્વોલિટી ઓફ લાઈફમાં સુધારો આવે છે.

ચોથું રિલાયન્સ ગુજરાતમાં કાર્બન ફાઈબર ફેસિલિટીનો પ્લાન્ટ નાખી રહ્યું છે. ભારતનો આ પ્રકારનો પહેલો વર્લ્ડક્લાસ પ્લાન્ટ છે. પાંચમું, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેર કર્યું છે કે 2036ના ઓલિમ્પિક્સ માટે ભારત દાવેદારી કરશે. તેની તૈયારી રૂપે રિલાયન્સ ફાઉન્ડેશન અને રિલાયન્સ શિક્ષણ, સ્પોર્ટ્સની તાલીમનું સ્તર સુધારવામાં ફાળો આપશે. તેને માટે જોઈતી માળખાકીય સુવિધા ઊભી કરશે. છેલ્લા દસ વર્ષમાં રિલાયન્સે ભારતમાં 12 લાખ કરોડનુ રોકાણ ભારતમાં કર્યું છે. તેમાંથી 4 લાખ કરોડનું રોકાણ ગુજરાતમાં કરેલું છે. રિલાયન્સ ગુજરાતી કંપની હતી, છે અને રહેશે.

રિન્યુ પાવર દેશની અગ્રણી ડીકાર્બોનાઈઝેશન સૉલ્યુશન્સ પ્રોવાઈડરના ક્ષેત્રની અગ્રણી કંપની છે. તેણે આજે ગુજરાત ફૉરેસ્ટ ડિપાર્ટમેન્ટ સાથે રૂ. ૨૦૦૦ કરોડના કરાર પર વાઈબ્રન્ટ ગુજરાત સમિટમાં હસ્તાક્ષર કર્યા છે. આ કરાર હેઠળ કંપની મેનગ્રુવ્સનો ઉછેર કરીને કાર્બન ક્રેડિટ ઉત્પાદનના પ્રોજેક્ટમાં કાર્બન ક્રેડિટનું રોકાણ કરશે. કંપની મેનગ્રુવ્સનો ઉછેર સ્થાનિક રહેવાસીઓની મદદ લઈને કરશે આ કાર્બન ક્રેડિટ્સના વેચાણ થકી થનારા લાભનો હિસ્સો સ્થાનિક રહેવાસીઓને પણ આપવામાં આવશે.

રોકાણનો ઉપયોગ ગુજરાત વનવિભાગ સાથે મળી ૨૫,૦૦૦ હેક્ટરથી વધુ જમીનમાં મેનગ્રુવ્સનું વાવેતર કરશે તેમ જ તેની જાળવણી કરીને કાર્બન કેટલો ઓછો થાય છે તેની ચકાસણી કરીને, તેનું રજિસ્ટ્રેશન તથા ડૉક્યુમેન્ટેશન કરાવીને અને નિરીક્ષણ સહિતની પ્રક્રિયા કરાવી કાર્બન ક્રેડિટ્સના પ્રોજેક્ટનો વિકાસ કરવામાં આવશે. કાર્બન ક્રેડિટ્સનો ઉપયોગ કરવા માટેના આ પ્રકારના કરાર અગાઉ કૃષિ વનીકરણ ક્ષેત્રે પણ થયેલા છે.

કાર્બન ક્રેડિટ્સનું ઉત્પાદન કરવા માટે ભારત અને વિશ્વભરમાં કૃષિ વનીકરણમાં રોકાણ કરવાનું ચલણ છે. ગુજરાત ભારતના ક્લાઈમેન્ટ ઍક્શન લક્ષ્યાંકોને હાંસલ કરવા રિન્યુએબલ એનર્જી ક્ષેત્રમાં રોકાણને આકર્ષિત કરી રહ્યું છે. ઑક્ટોબર-૨૦૨૩માં ગુજરાત સરકારે રિન્યુએબલ એનર્જી પૉલિસી-૨૦૨૩ જાહેર કરી છે, જેનો ઉદ્દેશ્ય ૨૦૩૦ સુધીમાં ૧૦૦ ગીગાવૉટ રિન્યુએબલ એનર્જી ક્ષમતા હાંસલ કરવાનો છે. આ મહત્ત્વાકાંક્ષી પહેલમાં કુલ ૫ લાખ કરોડનું રોકાણ અને લગભગ ૪,૦૦,૦૦૦ એકર જમીનને આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે.

અમદાવાદના હેલ્થકૅર સેક્ટરના ઝાયડસ ગ્રુપે બાયોટેક્નૉલૉજીની પ્રોડક્ટ્સ તૈયાર કરવા માટે અને હૉસ્પિટલ્સના સેક્ટરમાં રૂ. ૫૦૦૦ કરોડનું નવું રોકાણ કરવા માટેના મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટૅન્ડિંગ પર આજે સહીસિક્કા કર્યા છે. ઝાયડસ ગ્રુપેના ચેરમૅન પંકજ પટેલે ગુજરાત સરકાર સાથે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં આ કરાર કર્યા છે. બાયોટેક્નૉલૉજીના નેક્સ્ટ જનરેશન પ્રોડક્ટ્સ તૈયાર કરીશું. તદુપરાંત નવી મેડિકલ ડિવાઈસના સેક્ટરમાં પણ રોકાણ કરશે.

પંકજ પટેલે પ્રસ્તુત જાહેરાત કરતાં કહ્યું હતું કે તેઓ મેડિકલ ડિવાઈસ તૈયાર કરવાના ક્ષેત્રમાં પણ નવું સાહસ કરી રહ્યા છે. હૉસ્પિટલ્સ અને હેલ્થકૅરના સેક્ટરમાં પણ નવું રોકાણ કરી રહ્યા છે.

નાયરા એનર્જીના પ્રસાદ પાનીકરે કહ્યું હતું કે કંપની તેમની વાડીનાર ખાતેની રિફાઈનરીનું વિસ્તરણ કરશે. તેની સાથે જ તેના રિટેલ નેટવર્કમાં પણ ૫૦ ટકાનો વધારો કરવાનું આયોજન કરી રહી છે. તેમાં તેઓ મોટું મૂડીરોકાણ કરવાના છે. ૨૦૧૯ની વાઈબ્રન્ટ સમિટમાં ૮૦૦ મિલિયન ડૉલરનું રોકાણ કરવાની કરવામાં આવેલી જાહેરાત મુજબનું કામકાજ આગામી બે-ત્રણ મહિનામાં પૂરું થઈ જવાની સંભાવના હોવાનો નિર્દેશ પણ પ્રસાદ

## હેલ્થકેરમાં ઝાયડસ રૂ. 5000 કરોડનું રોકાણ કરશે

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં અમદાવાદના હેલ્થકેરના સેક્ટરના અગ્રણી ગ્રુપ ઝાયડસે ગુજરાતમાં જુદાં જુદાં સેક્ટરમાં રૂ. 5000 કરોડનું રોકાણ કરવાનું આયોજન કર્યું છે. આ રોકાણમાં બાયોટેક્નોલોજી અને હોસ્પિટલ્સમાં કરવામાં આવનારા રોકાણનો સમાવેશ થાય છે. ઝાયડસ ગ્રુપના ચેરમેન પંકજ પટેલે સમાપન સત્રમાં બોલતા જાહેર કર્યું હતું કે તેમના ગ્રુપે રાજ્ય સરકાર સાથે એમ.ઓ.યુ. કર્યા છે. આ એમ.ઓ.યુ. હેઠળ રૂ. 5000 કરોડનું રોકાણ કરવાનું નિશ્ચિત કરવામાં આવ્યું છે. તેમાં બાયોટેક્નોલોજીના નેક્સ્ટ જનરેશન પ્રોડક્ટ્સ તૈયાર કરવાની બાબતનો સમાવેશ થાય છે. મેડિકલ ડિવાઈઝના ઉત્પાદનના સેક્ટરમાં પણ તેમની કંપની જંપલાવશે.

## ટોરેન્ટ ગ્રુપે રૂ. 47350 કરોડના એમ.ઓ.યુ. કર્યા

પાવર સેક્ટરના અમદાવાદ સ્થિત ગ્રુપે વાઈબ્રન્ટ ગુજરાતમાં રૂ. 47350 કરોડનું મૂડીરોકાણ કરવા માટે એમ.ઓ.યુ. કર્યા છે. તેમાં સોલાર પાવર પ્રોજેક્ટ અને હાઈબ્રિડ પાવર પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. ટોરેન્ટ ગ્રુપના ચેરમેન એમિરેટ્સ સુધીર મહેતાએ જણાવ્યું હતું કે પહેલા સમજૂતી કરારમાં 1045 મેગાવોટનો હાઈબ્રિડ પાવર પ્રોજેક્ટ નાખવાનું આયોજન કરવામાં આવ્યું છે.તદુપરાંત બનાસકાંઠામાં 7000 મેગાવોટનો સોલાર પાર્ક નાખશે. ત્રીજું, વાર્ષિક 1 લાખ ટન ગ્રીન હાઈડ્રોજન પેદા કરવા માટેનો કરાર કર્યા છે. ચોથો કરાર વીજ વિતરણ માટેનો છે. આ રોકાણને કારણે ગુજરાતમાં રોજગારીની 26000 નવી તક નિર્માણ થવાની સંભાવના છે.

## એસ્સાર ગ્રુપ 1 ગીગાવોટનો ગ્રીન હાઈડ્રોજનનો પ્રોજેક્ટ કરશે

ધાતુથી માંડીને બંદર સુધીના કામકાજ સાથે સંકળાયેલું ગુજરાતનું એસ્સાર ઈન્ડસ્ટ્રીઝ ગ્રુપ જામનગરમાં એક ગીગાવોટ ગ્રીન હાઈડ્રોજનનો પ્રોજેક્ટ નાખશે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં આ માટે એસ્સાર ગ્રુપના પ્રમોટર ડિરેક્ટર પ્રશાંત રૂઈયાએ કરાર કર્યા ચે. તેઓ આ સૂચિત પ્રોજેક્ટમાં રૂ. 30,000 કરોડનું રોકાણ કરવાના છે. કંપની ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદનના ક્ષેત્રમાં પણ જંપલાવવા માગે છે. એસ્સાર ગ્રુપે ટેલિકોમ, ઓઈલ રિફાઈનિંગ, સ્ટીલ સેક્ટરના તેમના એકમો અને તેની અસ્ક્યામતો વેચી દઈને તેમના માથા પરનું તમામ દેવું ચૂકવી આપ્યું છે. 25 અબજ ડૉલરના દેવાના ડુંગર તળે કચડાયેલી કંપની આજે દેવા મુક્ત કંપની બની ગઈ હોવાનું પ્રશાંત રૂઈયાનું કહેવું છે.

પાનીકરે આપ્યો હતો.

ટૉરેન્ટ પાવરના સીઈઓ સુધીર મહેતાએ ગુજરાતના ઊર્જા સેક્ટરમાં અને વીજ વિતરણના સેક્ટરમાં રૂ. ૪૮,૦૦૦ કરોડનું નવું રોકાણ કરવાના તેમના આયોજનની આગામી મહિનામાં જાણ પણ કરી હતી. તેઓ રૂ. ૩૦,૦૦૦ કરોડના ખર્ચે ૩૪૫૦ મેગાવૉટનો સોલર પાવર પ્લાન્ટ નાખવાના છે. આ જ રીતે ૧૦૦૦ મેગાવૉટનો જળ વિદ્યુતનો પ્લાન્ટ નાખવા ઉપરાંત રૂ. ૪૫૦૦ કરોડના ખર્ચે ૭૦૦૦ મેગાવૉટના સોલર પ્લાન્ટ અને ૧૦૪૫ મેગાવૉટનો જળ વિદ્યુતનો પ્લાન્ટ પણ નાખતા હતા. તેને માટે રૂ. ૪૫૦૦ કરોડનું રોકાણ કરવા તૈયાર છે. બીજી તરફ રૂ. ૭૨૦૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલા ૭૦૦૦ મેગાવૉટ ક્ષમતાના પાવર પ્લાન્ટ નાખશે.

વેલસ્પન ગ્રુપના ચેરમેન બાલકૃષ્ણ ગોએન્કાએ ટેક્સટાઈલનાં જુદાં જુદાં સેક્ટરમાં રૂ. ૪૦,૦૦૦ કરોડનું મૂડીરોકાણ કરવાની જાહેરાત કરી છે.

### બ્રિટન ભારત સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરવા તત્પર

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં બોલતા બ્રિટનના મિડલ ઈસ્ટ, નોર્થ આફ્રિકા, સાઉથ એશિયા, યુનાઈટેડ નેશન્સ અને કોમન વેલ્થના માટે કામ કરતા લોર્ડ તારીક અન્વરે ભારત સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરવા માટેની વાત વહેતી મૂકી છે. અત્યારે ફાઈનાન્શિયલ સર્વિસ અને ફાઈનાન્શિયલ સર્વિસ કેટલી હદ સુધી પાછી આપવી તે અંગે ચર્ચા વિચારણા ચાલી રહી છે. 2036નો ઓલિમ્પિક રમતોત્સવ યોજવાના ભારતના ઈરાદા અંગે પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ચર્ચા વિચારણા કરી નહોતી. ઓલિમ્પિક્સ માટે માળખાકીય સુવિધા ઊભી કરી આપવા માટે ભારતના માર્ગદર્શન આપવાની તૈયારી દર્શાવી હતી.

### પે ટીએમ ગિફ્ટ સિટીમાં 100 કરોડનું રોકાણ કરશે

ફાઈનાન્શિયલ સર્વિસિસના સેક્ટરની કંપની પી ટીએમ ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટીમાં રૂ. 100 કરોડનું મૂડીરોકાણ કરશે. પે ટીએમ ગિફ્ટ સિટીમાં ગ્લોબલ ફાઈનાન્શિયલ ઈકો સિસ્ટમ ઊભી કરવા માગે છે. દેશમાં રિયલ ટાઈમ પેમેન્ટ કરવાની વ્યવસ્થા ઊભી કરી આપવા માટે પાયાની ભૂમિકા ભજવનાર પે ટીએમ એક દેશમાંથી બીજા દેશમાં નાણાં મોકલવાની સરળતાથી ચાલતી સિસ્ટમ ઊભી કરી આપવાનું કામ કરશે. આ સમસ્યાનું કોસ્ટ ઈફેક્ટિવ સોલ્યુશન્સ પૂરું પાડશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને આ સિસ્ટમ તૈયાર કરી આપશે.

### પોર્ટ આધારિત શહેર વિકસાવવામાં આવશે

ગુજરાતનો 1640 કિલોમીટર લાંબો દરિયા કિનારો હોવાથી પોર્ટના વિકાસ માટેનો સારો અવકાશ ધરાવે છે. હવે ગુજરાત સરકાર વાઈબ્રન્ટ ગુજરાતના માધ્યમથી મૂડીરોકાણ આકર્ષીને બંદર આધારિત શહેર વિકસાવવા પર ફોકસ કરી રહી છે. ગુજરાતના શહેરોની ગીચતા ઓછી કરવા માટે બંદર આધારિત શહેરનો વિકાસ અનિવાર્ય હોવાનો નિર્દેશ સરકારે આપ્યો છે. આ આયોજનને અમલમાં મૂકવાથી બંદરોની માલની હેરફેર કરવાની ક્ષમતામાં વધારો થશે. તેમ જ લોકોને બંદર નજીક વસી જવાનું એક આકર્ષક ઠેકાણું પણ મળશે. ગુજરાત સરકારે દસ નવા બંદર વિકસાવવાનું આયોજન કર્યું છે. આ ધ્યેયને કેન્દ્રમાં રાખીને જ કંડલા બંદરમાં રૂ. 4500 કરોડના ખર્ચે નવું વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે. અહીં ગ્રીન હાઈડ્રોજન પાર્ક વિકસાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતના મુખ્ય સચિવ રાજકુમારનું કહેવું છે કે 50 ચોરસ કિલોમીટરના વિસ્તારમાં 500 ચોરસ કિલોમીટરના વિસ્તારમાં બંધર આધારિત શહેર વિકસાવવાનું આયોજન

કર્યું છે. આ નવા આયોજનને કારણે બંદરની વાર્ષિક ક્ષમતા 25 કરોડ ટનથી વધીને 50 કરોડ ટનની થઈ જશે. મુખ્યમંત્રીના ચીફ પ્રિન્સિપાલ સેક્રેટરી કે. કૈલાસનાથને જણાવ્યું હતું કે ગુજરાત મધ્યપૂર્વના દેશો અને આફ્રિકા અને યુરોપના દેશોથી ઘણું નજીક છે. બંદર નીતિના માધ્યમથી નવતર આયોજન કરવામાં આવશે તો ગુજરાતની વિશાળ ક્ષમતાનો વધુ સારો ઉપયોગ થશે. એપીએમ ટર્મિનલ્સના ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર કીથ સ્વેન્ડસેનએ બંદર આધારિત શહેરોના વિકાસ પર ભાર મૂક્યો હતો. બીજું, પોર્ટ અને શિપિંગ સેક્ટર માટે હાઈડ્રોજન પણ એટલો જ મહત્વનો છે. આ બાબતોને સમજીને નેધરલેન્ડના એમ્બેસડરે બંદર વિકાસ માટે ભારત સાથે સમજૂતી કરાર કરવાની તૈયારી દર્શાવી હતી.

### કંડલામાં કાર્ગો હેન્ડલિંગ માટે 30 હજાર કરોડના કરાર

કંડલા બંદર પર માલના લોડિંગ અને અનલોડિંગની કામગીરીને વધુ સરળ અને ઝડપી બનાવવાના આયોજનોને અમલમાં મૂકવા માટે કંપનીઓએ મળીને રૂ. 30,000 કરોડના સમજૂતી કરારો વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબસ સમિટ 2024માં કર્યા છે. ફ્રેટ ટ્રાન્સપોર્ટેશન અને લોજિસ્ટિક માટે આ કરારો થયા છે. ગુજરાત ભારતનો બિઝનેસ ગેટવે હોવાથી દેશના આર્થિક વિકાસમાં મહત્વનો ફાળો આપે છે. ડીપીએ અને યુમેન્ડસ ટેકનોલોજીસ વચ્ચે આ કરારો થયા છે. ડીપીએના ચેરમેન એસ.કે. મહેતાનું કહેવું છે કે અમે જહાજ લાંગરે તે પછી માલ ખાલી કરવાની કામગીરીને વધુ ઝડપી બનાવવા માગીએ છીએ. તેમ જ તેના પરિવહનની કામગીરી પર પણ ફોકસ કરવામાં આવી રહ્યું છે.

### સાણંદમાં સ્પેસ મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટર સ્થાપાશે

સ્પેસ ટેક્નોલોજીના વિકાસ માટે ગુજરાત સરકાર અને ઇન-સ્પેસ વચ્ચે થયેલા સમજૂતી કરાર પછી ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ નજીક સાણંદ જીઆઈડીસીમાં સ્પેસ મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટર સ્થાપવાના નિર્ણયની જાહેરાત કરી છે. મોબાઈલના હબ બની ચૂકેલા સાણંદમાં ક્લસ્ટર સ્થાપવા ઉપરાંત અમદાવાદમાં બોપલ પાસે ઇનસ્પેસના હેડક્વાર્ટરમાં ટેકનિકલ સપોર્ટ અને ઇન્ક્યુબેશન સેન્ટરની પણ સ્થાપના કરવામાં આવશે. આ સેન્ટર સ્પેસ ટેક્નોલોજીને અનુરૂપ મેન્યુફેક્ચરિંગ ઉદ્યોગો સ્થાપવા પ્રોત્સાહન આપવાની સાથોસાથ ટેકનિકલ ગાઈડન્સ પણ પૂરું પાડશે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ 2024માં ભારતની સ્પેસ ઈકોનોમિનું ફલક વિસ્તારવાના આયોજનનો પણ ઇસરોના ચેરમેન એસ. સોમનાથે નિર્દેશ આપ્યો હતો. અત્યારે વિશ્વના દેશોની સ્પેસ ઈકોનોમિ 450થી 500 અબજ ડાલરની છે. તેની સામે ભારતની સ્પેસ ઈકોનોમિ માત્ર 8.4 અબજ ડૉલરની છે. જે વિશ્વની સ્પેસ ઈકોનોમિના માંડ બે ટકા જેટલી થાય છે. તેથી જ તેમાં પણ નવા મૂડીરોકાણ આવે તેવી ઈચ્છા વ્યક્ત કરવામાં આવી છે. 2026-2031ના ગાળામાં સ્પેસ સેક્ટરમાં રૂ. 2500 કરોડનું નવું રોકાણ આવે તેવી ધારણા બાંધવામાં આવી રહી છે. નવું રોકાણ આવતા તેનો ગ્રોથ વધશે. ભારત 2033 સુધીમાં સ્પેસ ઈકોનોમિને 33 બિલિયન ડૉલર સુધી લઈ જવા માગે છે. ભારત 2035 સુધીમાં સ્પેસ સ્ટેશન અને 2040 સુધીમાં ચંદ્ર પર સમાનવ યાન ઉતારવાની ખ્વાહિશ ધરાવે છે. આ રજૂઆત પછી સ્પેસ ઇન્નોવેશનના અભિયાનમાં જોડાવા માટે 189 સ્ટાર્ટ અપ્સ આગળ આવ્યા છે.



## વિશ્વસ્તરની 26 કંપનીઓએ ગિફ્ટ સિટીમાં રોકાણ કરવામાં રસ દાખવ્યો

વિશ્વસ્તરની 26 કંપનીઓએ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટીમાં રોકાણ કરવામાં રસ દાખવ્યો છે. ગ્લોબલ ફિનટેક લીડરશીપ ફોરમમાં અબુધાબી ઈન્વેસ્ટમેન્ટ ઓથોરિટી ગિફ્ટ સિટીમાં પ્રથમ ફંડની સ્થાપના કરશે. સ્ટોનેક્સ ગ્રુપ ગિફ્ટ સિટીમાં બુલિયન ટ્રેડિંગ ડેસ્કની સ્થાપના કરવા તૈયાર થયું છે. એપેક્સ ગ્રુપ ફંડ એકાઉન્ટિંગ સર્વિસ પ્રોવાઈડર તરીકે ઈન્વેસ્ટમેન્ટ કરશે. જાપાનની મુઝુહોવા બેન્કિંગ યુનિટની સ્થાપના કરશે. ઓસ્ટ્રેલિયાની ડેકિન યુનિવર્સિટીના કેમ્પસનું ઉદઘાટન કરવામાં આવશે. ટ્રાન્સવર્લ્ડ ગ્રુપ શિપ લીઝિંગ અને એરક્રાફ્ટ લીઝિંગની કામગીરી કરશે. ઓસ્ટ્રેલિયાનું એજ્યુકેશન સેન્ટર વિદેશી યુનિવર્સિટીઓ માટે સર્વિસ પ્રોવાઈડર બનશે. સ્ટોન્ક્સ ગ્રુપ બુલિયન ટ્રેડિંગનું સેન્ટર સ્થાપશે. ઓએનસીજીએ ટ્રેઝરીની કામગીરી માટે ફાઈનાન્સ કંપનીની સ્થાપના કરવાની જાહેરાત કરી છે.

અઝીમ પ્રેમજીની કંપની વિપ્રોએ ટેકફિનની કામગીરી કરવા માટે એકમ સ્થાપવાની જાહેરાત કરી છે. હિરાનંદનાની રૂ. 500 કરોડના ખર્ચે ડેટા સેન્ટરની સ્થાપના કરશે. એરક્રાફ્ટ 26 લીઝિંગ કંપનીઓ તેમના એકમોની સ્થાપના કરશે. યોટ્ટા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત ડેટા સેન્ટરની સ્થાપના કરશે.

### કુશળ કારીગરો તૈયાર કરવા 14 સમજૂતી કરાર

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં રોકાણ કરવાના કરાર થયા તે સાથે જ કાર્યકુશળ કારીગરોની ઊભી થનારી જરૂરિયાતને ધ્યાનમાં રાખીને કુશળ માનવ બળ તૈયાર કરવા માટે 14 સમજૂતી કરારો કરવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારના કૌશલ્યવર્ધન અને ઉદ્યોગ સાહસિકતા મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું હતું કે ગુરાતની સ્કીલ્ડ મેનપાવર માટેની ભાવિ જરૂરિતાયને ધ્યાનમાં રાખીને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, રોબોટિક ટેક્નોલોજી, ઓટોમેશન, ડેટા એનાલિસિસ જેવી ઊભરતી ટેક્નોલોજી માટે કુશળ માનવ બળ તૈયાર કરવા માટે કરારો કરવામાં આવ્યા છે. કુશળ માનવ બળ તૈયાર કરવા માટે સાણંદમાં સેમિકન્ડક્ટરનો પ્લાન્ટ નાખનાર અમેરિકાની કંપની માઈક્રોન પણ કુશળ માનવ બળ તૈયાર કરવા માંડ્યું છે.



# Streamlining Success: Advancing the Indian Cotton and Textile Industry through a Uniform Regulatory Approach



**Ajaybhai Dalal**
Member, Textile Task Force, GCCI

There is urgent need to unify for collaborative approach across the entire value chain of the Indian cotton and textile industry. Currently there is huge division of responsibilities among different ministries, which leads to fragmented efforts and hinder the seamless development of Cotton Textile Industry. There is need to establish a single regulatory board that guides and rule the entire textile value chain, from Farm to Fashion. This approach offers several advantages:

1. **Holistic Vision:**
- A unified board can develop a comprehensive and cohesive vision for the entire cotton and textile industry. This includes aligning agricultural practices, textile manufacturing processes, and export strategies to ensure a smooth flow across the entire value chain.

2. **Effective Policy Coordination:**
- Coordinating policies related to cotton cultivation, textile production, and export trade under a single regulatory board can lead to more effective and streamlined policymaking. This reduces bureaucratic hurdles and ensures that policies are consistent and mutually supportive.
- Strategic Planning: A dedicated board can formulate long-term strategies for the growth and development of the textile industry. This involves setting goals, identifying challenges, and planning initiatives to overcome them.
- Market Expansion: The board can explore new domestic and international markets, helping Indian textile products reach a wider audience. This involves market research, trade negotiations, and promotional activities.
- Government Liaison: The board can act as an intermediary between the textile industry and the government. It can provide valuable insights and recommendations to policymakers, ensuring that regulations and policies are conducive to the industry's growth.

3. **Industry Advocacy:**
- The regulatory board can act as a strong advocate for the industry, representing its collective interests to various government bodies. This includes negotiating trade policies, bilateral trades, addressing regulatory challenges, and advocating for financial support. Such as tax incentives, export promotion schemes, and infrastructure development.

4. **Integrated Research and Development:**
- A centralized board can facilitate collaboration in research and development activities. This ensures that innovations in farming practices, textile technologies, and sustainable production methods are seamlessly integrated into the industry.
- Innovation: Promoting research and development in the textile sector can lead to innovations in production processes, materials,



and design. The board can facilitate collaboration between industry players, research institutions, and academia to drive innovation.

- Technology Adoption: The board can encourage the adoption of modern technologies to enhance efficiency, reduce costs, and improve product quality.

5. **Skill Development and Training:**

- With oversight of both agriculture and textile aspects, the board can develop comprehensive skill development and training programs that cover the entire value chain. This helps in creating a skilled workforce that understands the industry's intricacies.
- The board can work on latest training programmes with industries and educational institutions to develop curricula that align with industry needs, ensuring a steady supply of skilled professionals.

6. **Financial Support and Investment:**

- Consolidating financial support schemes under a single regulatory board can lead to more efficient allocation of resources making One Nation One Policy
- Funding Programs: The board can collaborate with financial institutions to create funding programs that provide financial support to small and medium-sized enterprises in the textile sector.
- Risk Mitigation: Implementing mechanisms to mitigate financial risks, such as market fluctuations and currency exchange rates, can stabilize the industry

7. **Sustainability Integration:**

- A unified approach allows for better integration of sustainability initiatives across the value chain. From sustainable farming practices to eco-friendly manufacturing processes, the board can enforce and incentivize practices that benefit the environment and society.
- Environmental Practices: The board can promote sustainable and eco-friendly practices within the industry, addressing concerns related to water usage, waste management, and energy efficiency.
- Certification for Sustainability: Establishing criteria for and promoting certifications related to sustainable and ethical production practices can enhance the industry's image.

8. **Global Competitiveness:**

- Coordinated efforts can enhance the global competitiveness of the Indian cotton and textile industry. The board can work on aligning industry practices with international standards and addressing challenges related to market access and trade barriers.

9. **Quality Control and Standards:**

- Certification: The board can establish and monitor quality standards for textile products. This ensures that Indian textiles meet international quality benchmarks, enhancing the industry's reputation.
- Compliance: Implementing and enforcing industry standards can improve compliance with environmental regulations and ethical manufacturing practices.

In short, a regulatory board observes and nurtures the entire value chain of the cotton and textile industry and board can play a pivotal role in fostering collaboration, efficiency, and sustainable growth. Such an approach ensures that the diverse stakeholders, from farmers to exporters, work in tandem to realize the long-term vision of 'farm to fashion' and unlock the full potential of the Indian cotton and textile sector.

# સ્ટાર્ટઅપ ઇન્વેસ્ટર્સની માર્ગદર્શિકા




આખી દુનિયામાં આજે સ્ટાર્ટઅપને લઈને ખૂબ ચર્ચાઓ ચાલી રહી છે, જે યોગ્ય પણ છે જ. સમયની સાથે સાથે માનવજીવનમાં સુવિધાઓ અને સગવડમાં વધારો થયો છે, સાથે સાથે ઘણા નવા, જે પહેલાંના અનુભવેલા પડકારો પણ સામે આવે છે. બિઝનેસનું સ્વરૂપ પણ બદલાતું જાય છે અને તેને ચલાવવાનાં સાધનો પણ બદલાતાં જાય છે ત્યારે સ્વાભાવિક છે કે કોઈ પણ વ્યક્તિને જે પાછળનાં ૨૦ વર્ષમાં આવેલા ટેક્નૉલૉજિકલ ફેરફારો સાથે પદ્ધતિ પ્રમાણે બિઝનેસમાં જવાની ઈચ્છા થાય. એક આંકડા મુજબ ભારત સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં વિશ્વમાં ૪થા ક્રમ પર છે. ભારતમાં ૨૦૨૩માં ૧,૦૦,૦૦૦થી પણ વધુ સ્ટાર્ટઅપ રજિસ્ટર થયાં છે.

બિઝનેસની પોતાની આગવી શૈલી પ્રમાણે ઉદ્યોગસાહસિકતા એ સીધો સપાટ રસ્તો નથી, એ ઉતારચઢાવ સાથેની સફર છે. આજે થોડાં યુનિકોર્ન અને અમુક સફળ સ્ટાર્ટઅપની સાથે અનેક નિષ્ફળ સ્ટાર્ટઅપ પણ છે જ. ત્યારે એક ઈન્વેસ્ટર તરીકે અમુક પાયાની વિગતો આપણા લક્ષ્યમાં હોય તો સ્ટાર્ટઅપની પસંદગીમાં ઘણુંખરું કામ આવે. નીચે અમુક ધ્યાનમાં લેવા જેવી બાબતોની સાથે ઈન્વેસ્ટમેન્ટ કર્યા પહેલાંની પદ્ધતિની આપણે ચર્ચા કરીશું.

**1. સંભવિત બજારનું મૂલ્યાંકન**

ઘણી વખત સ્ટાર્ટઅપના ઉમદા મિશન પર આપણું હૃદય આવી જતું હોય છે, પરંતુ ઘણી વખત



**Amit Parikh**
Chairman, Start-Up & Innovation Committee, GCCI

એવું બનતું હોય છે કે સરખા અથવા તો સમાંતર ઉમદા મિશનનાં સ્ટાર્ટઅપ્સ માર્કેટમાં હાજર હોય જ છે, જેથી એ અત્યંત આવશ્યક છે કે માર્કેટમાં સ્ટાર્ટઅપ્સની કેટલી ડિમાન્ડ છે, સાથે સાથે આવા જ આઈડિયાવાળાં સ્ટાર્ટઅપ્સ માર્કેટમાં છે કે નહીં? સ્ટાર્ટઅપને કેટલી હરીફાઈઓનો સામનો કરવાનો છે? માર્કેટમાં નવું છે તો ખરેખર માર્કેટને નવા તરીકેથી પ્રવેશ (પેનિટ્રેટ) કરી શકે એમ છે કે નહીં? માર્કેટમાં ખરેખર તેની આવશ્યકતા છે કે નહીં? તે કંઈ હાલની અવ્યવસ્થાના જવાબરૂપે ઊભું રહી શકે એમ છે? આ બધાં જ પાસાંઓનો વિચાર કરવો અત્યંત આવશ્યક છે. ઘણી વખત ફાઉન્ડર્સ હાલના કસ્ટમર્સના ફીડબેક પરથી પણ આગળના પ્લાન બનાવી શકે. સ્ટાર્ટઅપના માર્કેટનો વર્તમાન અને સંભવિત ભવિષ્યનો પાકો ચિતાર લેવો અત્યંત આવશ્યક છે. ત્યાર બાદ જ સ્ટાર્ટઅપની પસંદગી થવી જોઈએ

**2. ફાઉન્ડરના વ્યક્તિત્વની ચકાસણી**

ઘણા લોકોને આ એક સામાન્ય વાત લાગશે, પરંતુ ઈન્વેસ્ટમેન્ટના મુદ્દે આ એક અલગ જ મહત્ત્વ ધરાવે છે, જ્યારે કોઈ પણ સ્ટાર્ટઅપમાં ઈન્વેસ્ટમેન્ટ કરો છો ત્યારે ફાઉન્ડર અત્યંત મહત્ત્વનો રોલ ભજવે છે. તે ફ્રન્ટ સીટ પરના ડ્રાઈવર છે. તેની નીતિમત્તા અને ધંધાને ચલાવવાની મજબૂત ઈચ્છાશક્તિની સાથે જે તે વિષયનું જ્ઞાન અને અનુભવ ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. આજના ટેક્નૉલૉજીના જમાનામાં આ વસ્તુ જાણવી ઘણી સરળ છે. એક તો વાતચીત દરમિયાન તેને જાણી શકો, બીજું લિન્કડિન કે ટ્વિટર વગેરે માધ્યમથી માહિતી મેળવી શકો છો .

**3. એકમમાં પૈસા વાપરવાની પદ્ધતિ પર ધ્યાન**

એક ઈન્વેસ્ટર તરીકે એ ખૂબ જરૂરી મુદ્દો છે કે એકમમાં આવનારા પૈસાને ફાઉન્ડર શા માટે અને શેને માટે વાપરવાનું વિચારી રહ્યા છે. તેથી તેમના હાલમાં થતા ખર્ચ વ્યવહાર અને ભવિષ્યના ખર્ચ વ્યવહારની પૂરતી નોંધ લો. ફાઉન્ડર, જે પોતાના માટે વેતન નક્કી કરી રહ્યો છે અને બીજાને આપી





રહ્યો છે તેને બરાબર લક્ષ્યમાં લો અને એ પણ વિચારો કે ભવિષ્યના ઉદ્યોગ એકમના ઉચ્ચ લક્ષ્યાંકો કેટલામાં અને કેવી રીતે સિદ્ધ થઈ શકે તેમ છે. ઘણી વખત ફાઉન્ડર કરતાં તમારો બહોળો અનુભવ વધુ વ્યવસ્થિત હોઈ શકે છે. આથી એકમના ખર્ચની સ્થિતિની બરાબર મુલવણી થવી જોઈએ, પછી જ ઈન્વેસ્ટમેન્ટ માટે આગળ વધવું જોઈએ.

### 4. યોગ્ય મૂલ્યાંકન

એક સફળ ઈન્વેસ્ટર તરીકે સ્ટાર્ટઅપનું સાચું મૂલ્યાંકન કરાવવું અત્યંત આવશ્યક છે, જેને માટે તમે કોઈ અનુભવીની સેવા પણ લઈ શકો છો. યોગ્ય મૂલ્યાંકન તમને સ્ટાર્ટઅપની સાચી પરિસ્થિતિથી વાકેફ કરાવશે, જેથી તમે સંભવિત જોખમ અને આવકનો સાચો અંદાજો લગાવી શકો છો. વળી યોગ્ય મૂલ્યાંકન તમને ઈન્વેસ્ટમેન્ટ અને બિઝનેસમાં રોકાણમાં વાટાઘાટ કરવાની પરિસ્થિતિને સુદૃઢ કરે છે. સાથે સાથે તમને પોતાને પણ સ્ટાર્ટઅપ પાસેની અપેક્ષામાં યોગ્ય માર્ગદર્શન આપે છે.

### 5. પૂર્ણ નિવેશનો એક અંશ સ્ટાર્ટઅપમાં

હાલના માર્કેટના ટ્રેન્ડને જોઈને પોતાની અન્ય નિવેશવ્યવસ્થાને ક્યારેય ભૂલવી ના જોઈએ. આપણા ઈન્વેસ્ટમેન્ટના અમુક અંશ જ સ્ટાર્ટઅપમાં ઈન્વેસ્ટ કરવા જોઈએ. હરેક નજરમાં આવેલું અને સારા લાગેલા સ્ટાર્ટઅપમાં પૈસા રોકવાથી ઘણી વાર મોટા નુકસાનનો પણ સામનો કરવો પડી શકે, જેથી વ્યવહારુ નિવેશની ગણતરી અને આર્થિક વ્યવસ્થાની ગણતરી કરીને સ્ટાર્ટઅપમાં ઈન્વેસ્ટમેન્ટ કરવું જોઈએ.

### 6. ટીમશક્તિનું અવલોકન

કોઈ પણ એકમમાં જેમ પ્રમોટર મહત્ત્વનું સ્થાન ધરાવે છે તેવી રીતે જ તેની ટીમ પણ અત્યંત મહત્ત્વનું સ્થાન ધરાવે છે. કોઈ પણ ઔદ્યોગિક એકમનો વિકાસ અને વિસ્તાર તેની ટીમની આવડત અને કાર્યકુશળતા પર ઘણો જ આધાર રાખે છે. માત્ર એક જ પ્રમોટરવાળા ઔદ્યોગિક એકમો પાસે સમાંતર કાર્યક્ષમતાવાળા કેટલા સાથીદાર છે એ બધું ચકાસવું અત્યંત આવશ્યક છે, નહીં તો આગળ જતાં એકમના વિસ્તારમાં અડચણ આવી શકે છે.

### 7. એકમનું કાયદાકીય બંધારણ

કોઈ પણ વ્યક્તિ હોય કે એકમ, કાયદાકીય રચના જીવનમાં મોટો ભાગ ભજવે છે. આપણે બધા દેશ અને સમાજના કાયદાઓથી બંધાયેલા છીએ. એકમ કયા કાયદાના સાપેક્ષમાં રજિસ્ટર થયું છે તે જાણવું અત્યંત આવશ્યક છે. અત્યારે LLP , PVT LTD, LTD જેવા કોઈ પણ ભારત સરકારના કાયદાના અનુસંધાનમાં બનેલું છે, જેના પરથી ઈન્વેસ્ટરને અંદાજ આવશે કે આ એકમમાં ઈન્વેસ્ટ કરવાથી કેટલા અને કેવા કાયદાકીય દાયિત્વનું વહન કરવાનું રહેશે. કોઈ પણ કારણસર આગળ કોઈ કાયદાકીય ગુંચવણ ઊભી થાય તો તેની માહિતી પહેલાંથી જ આપણી પાસે હોય. આથી કાયદાના બધા દસ્તાવેજોને ચકાસવા તથા દરેક માહિતી લેવી.

### 8. વિવિધતા

એવું કહેવાય છે ને કે આપણે આપણાં બધાં ઈંડાં એક બાસ્કેટમાં ક્યારેય ના મૂકવા. એક જાય તો બધું જાય. આથી હંમેશાં જો વાર્ષિક આંશિક રકમ સ્ટાર્ટઅપમાં ઈન્વેસ્ટ કરતા હોવ તો અલગ અલગ પાંચ સ્ટાર્ટઅપમાં રોકવી. તમે કોઈ એક સ્ટાર્ટઅપમાં વધુ પોટેન્શિયલ જોઈ રહ્યા હોવ તો તેમાં પણ ધીરે ધીરે સમયાંતરે પૈસા રોકવા, એકસાથે નહીં અને બાકીના પૈસાને અલગ અલગ સ્ટાર્ટઅપમાં નાખવા, જેથી કોઈ એક માર્કેટ કરવટ બદલે અને નકારાત્મક પરિણામ આવે તો બધા પૈસા ના જાય, પણ અમુક જ જાય અને બીજે પોઝિટિવ થવાની સંભાવના બની રહે.

ઉપર દર્શાવેલી બધી જ પદ્ધતિ સાથે એક ઈન્વેસ્ટર તરીકે હંમેશા યાદ રાખવું બધી વસ્તુઓને ધ્યાનમાં લીધી પછી છેલ્લે તમારો પોતાનો ધંધાનો અનુભવ અને કુનેહ એમ કહે કે કોઈ સ્ટાર્ટઅપ ખરેખર સામાજિક અવ્યવસ્થાને વ્યવસ્થામાં બદલી રહ્યું છે અને માર્કેટ સ્વીકૃતિ લઈને ચાલી રહ્યું છે તો તમે નવી શોધોના ઈંધણ બનવાનું સર્વતોત્કૃષ્ટ કાર્ય કરી રહ્યા છો. નવા યુગમાં નવા બિઝનેસનો રાજમાર્ગ તમારી તરફ ખુલ્લો છે અને તમારી રાહ જોઈ રહ્યો છે.



# જંગલનાં વૃક્ષોની સંખ્યા ઘટાડતી પ્રોડક્ટ્સની આયાત યુરોપ અટકાવશે



## નવી પ્રોડક્ટ્સની નિકાસ કે માર્કેટિંગ કરનારે પુરવાર કરવું પડશે કે તેણે તૈયાર કરેલી પ્રોડક્ટ્સ છેલ્લા થોડા મહિનાઓમાં કાપવામાં આવેલાં જંગલનાં વૃક્ષોમાંથી બનાવવામાં આવી નથી.

યુરોપિયન સંઘના દેશો હવે જંગલ ઓછું ન કરે તેવાં ઉત્પાદનોનો જ વપરાશ કરવા માગે છે. સમગ્ર વિશ્વમાં જંગલનું આવરણ જળવાઈ રહે તેવી નેમ સાથે આ આયોજન કરવામાં આવ્યું છે. ભારત હોય કે ગુજરાત હોય, વન-જંગલો ખતમ થઈ રહ્યાં છે. વૃક્ષાચ્છાદિત ધરતી વૃક્ષહીન કે બોડી થઈ રહી છે. તેથી વાતાવરણમાં ગરમી વધી રહી છે. હવે યુરોપિયન સંઘના દેશોએ વન-જંગલના પ્રમાણમાં ઘટાડો કરતાં પ્રોડક્ટ્સનો વપરાશ ઘટાડવા માટે પગલાં લેવા માંડ્યાં છે. તેના થકી વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઇડ ઓછો થાય અને વાતાવરણ-પર્યાવરણ શુદ્ધ બને, ગરમીમાં ઘટાડો થાય અને મોસમની અનિશ્ચિતતાઓ ઓછી થાય તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. કાર્બન ઉત્સર્જન કરતાં ઉત્પાદનોનો વપરાશ યુરોપિયન સંઘના દેશોમાં ઘટે તે માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ધરતી વૃક્ષાચ્છાદિત રહે તે માટેના આ પ્રયાસો છે.

પ્રસ્તુત ધ્યેય સાથે યુરોપિયન સંઘના દેશએ કેટલાંક નિયંત્રણો લાગુ કર્યાં છે. વૃક્ષો ન ઘટાડે તેવી પ્રોડક્ટ્સનો જ ઉપયોગ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તેનાથી પણ કાર્બન ઉત્સર્જન ઘટશે અને ધરતી પરની વૃક્ષ અને છોડવાઓની વિવિધતા જળવાઈ રહેશે. આ નિયમો 29મી જૂન, 2023થી અમલમાં મૂકવામાં આવ્યા છે. શહેરીકરણને કારણે ખેતીની જમીનમાં થઈ રહેલા ઘટાડા પર નિયંત્રણ આવે તે માટે પણ આ નિયંત્રણો લાવવામાં આવી રહ્યાં છે. આ નિયંત્રણ આવતાં નવી પ્રોડક્ટ્સની નિકાસ કરનાર કે માર્કેટિંગ કરનારે પુરવાર કરવું પડશે કે તેણે જે પ્રોડક્ટ્સ તૈયાર કરી છે તે છેલ્લા થોડા મહિનાઓમાં કાપવામાં આવેલાં જંગલની વસ્તુઓમાંથી બનાવવામાં આવી નથી. જંગલનું આવરણ ધરતી પરથી ઓછું કરવામાં તેનો કોઈ જ ફાળો નથી.

આ નવા નિયમનું પાલન કરવા માટે 27 મહિનાનો સમય આપવામાં આવ્યો છે. નાના અને મધ્યમ કદના ઔદ્યોગિક એકમોને આ નિયમોનું પાલન કરવા માટે થોડા વધુ મહિનાઓ આપવામાં આવશે. આ નિયમો લાવવા પાછળનો ઉદ્દેશ્ય જંગલનું આવરણ ઓછું કરતાં ઉત્પાદનોનો

વપરાશ ઘટાડવાનો છે. માત્ર યુરોપિયન સંઘમાં જ નહીં, પણ દુનિયાભરના દેશોમાં વનનું આવરણ ઓછું ન થાય તે માટે આ નિયમોના માધ્યમથી પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ નિયમોનો અમલ કરવાથી કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થશે. યોજનાના અમલથી વર્ષે દહાડે 320 લાખ મેટ્રિક ટન કાર્બનનો ઘટાડો થવાનો અંદાજ મૂકવામાં આવી રહ્યો છે.

નિયમોનું પાલન ન કરનારને દંડ પણ કરવામાં આવે છે. ડિફોરેસ્ટેશન ફ્રી પ્રોડક્ટ્સ અંગેના નિયમોનો ભંગ કરનારી કંપનીના યુરોપિયન સંઘના દેશોમાંની કુલ નિકાસની ચાર ટકા રકમ જેટલો દંડ કરવામાં આવશે. તેને થતા આર્થિક લાભના પ્રમાણમાં દંડની રકમમાં વધારો કરી શકાય તેમ છે. તેમને જાહેર ભંડોળનો લાભ આપવામાં આવશે નહીં. આ કંપનીઓ સાથે નવા કરાર કરવામાં આવશે નહીં. પબ્લિક પ્રોક્યોરમેન્ટ સિસ્ટમમાંથી થોડા સમયગાળા માટે આ કંપનીને બહાર કાઢી નાખવામાં આવે તેવી વ્યવસ્થા પણ ડિફોરેસ્ટેશન ફ્રી પ્રોડક્ટ્સના નિયમનો ભંગ કરનાર માટે કરી દેવામાં આવી છે. આ નિયમોનો વારંવાર ભંગ કરનારાઓ પર પ્રતિબંધ આવી શકે છે.

જંગલોનું આવરણ ઓછું ન થયું હોય તેવી જ પ્રોડક્ટ્સને માર્કેટ પૂરું પાડવાના યુરોપિયન સંઘના દેશોના નિયમો અંગે વિશ્વ વેપાર સંઘની કૃષિઊપજો અંગેની કમિટી સમક્ષ ભારત સરકારે કેટલાક સવાલો ઉઠાવ્યા છે. ભારત સરકારનું માનવું છે કે 2020 પછી ઘણા દેશોના જંગલના આવરણમાં ઘટાડો થઈ રહ્યો હોવાથી આ દેશો સામે યુરોપિયન સંઘના નવા નિયમો ભેદભાવ ઊભા કરે તેવા છે. યુરોપિયન સંઘના દેશો કહે છે કે તેમણે જંગલના આવરણમાં ઘટાડો ન કરે તેવી પ્રોડક્ટ્સનો જ વપરાશ કરવા માટે કરેલા નિયમથી કોઈ સામે ભેદભાવ કરવામાં આવતા નથી. આ સાથે જ તેમણે ભારતને ખાતરી આપી છે કે આ પગલાં કે નિયમોને કારણે તેમના વેપાર પર કોઈ જ વિપરીત અસર પડશે નહીં. તેમના આ નિયમોને ડિફોરેસ્ટેશન ફ્રી પ્રોડક્ટ્સ તરીકે ઓળખાવવામાં આવે છે. તેને માટેનાં ધારાધોરણો સમ્યક રીતે નક્કી કરવામાં આવ્યાં છે. તાજેતરમાં જ મળેલી વિશ્વવ્યાપાર સંઘની કૃષિને લગતી બાબતોની કમિટીની મીટિંગમાં ભારતે યુરોપિયન સંઘના દેશોના ડિફોરેસ્ટેશન અંગેના નિયમો વિશે સ્પષ્ટતા કરવાની માગણી કરી છે. 2020ની સાલ પછીની પ્રોડક્ટ્સ માટે આ જોગવાઈ

## જંગલોનું આવરણ ઓછું ન થયું હોય તેવી જ પ્રોડક્ટ્સને માર્કેટ પૂરું પાડવાના યુરોપિયન સંઘના દેશોના નિયમો અંગે વિશ્વ વેપાર સંઘની કૃષિઊપજો વિશેની કમિટી સમક્ષ ભારત સરકારે સવાલો ઉઠાવ્યા

## 479 પ્રોડક્ટ્સની નિકાસ પર ફોકસ કરાશે

યુરોપિયન સંઘના દેશોમાં ભારતની 479 પ્રોડક્ટ્સની નિકાસ કરે છે. તેમાં આવનારાં વર્ષોમાં વધુ પ્રોડક્ટ્સનો સમાવેશ કરવામાં આવશે. અત્યારે 479 પ્રોડક્ટ્સ પર જ ફોકસ કરવામાં આવેલું છે.

યુરોપના દેશોની કૉફીની જરૂરિયાતના 50 ટકા જરૂરિયાત ભારતના નિકાસકારો પૂરી કરે છે.

- યુરોપના દેશોની રબરનાં ઉત્પાદનોની કુલ જરૂરિયાતના 25 ટકા જરૂરિયાત ભારતના નિકાસકારો સંતોષે છે.
- યુરોપિયન સંઘના દેશોની ચામડાનાં ઉત્પાદનોની ખાસ્સી જરૂરિયાત ભારતના નિકાસકારો સંતોષે છે.
- જંગલમાં તૈયાર થતા મધનો નાનો જથ્થો પણ યુરોપિયન સંઘના દેશોમાં ભારત મોકલે છે.
- આ પ્રોડક્ટ્સ તૈયાર કરવા માટે આદિવાસીઓનું શોષણ ન કરવામાં આવ્યું હોવાનું પણ તેમને પ્રસ્થાપિત કરવું જરૂરી છે...

લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયને કારણે ભારતની 130 કરોડ ડૉલરની નિકાસ પર અવળી અસર પડે તેમ છે. યુરોપના કોઈ દેશ હોય કે પછી દુનિયાના અન્ય કોઈ દેશમાંથી આવેલી પ્રોડક્ટ્સ હોય તે બનાવવામાં જંગલ ન કપાયેલાં હોવાં જોઈએ. આ મૂળ મુદ્દાને ધ્યાનમાં રાખીને જ તમામ નિયમો તૈયાર કરવામાં આવેલા છે. જોકે ભારતનું માનવું છે કે નવતર જોગવાઈઓને કારણે હાઈ રિસ્ક અને લો રિસ્કવાળા દેશો વચ્ચે ભેદભાવ થઈ રહ્યો છે. ભારતનો સવાલ છે કે કોઈને પણ અન્યાય ન થાય તે રીતે નિયમોનો અમલ કઈ રીતે કરવામાં આવશે. અમારા મતે તો આ વિશ્વ વેપાર પર છૂપી રીતે લગાડવામાં આવી રહેલા અંકુશો જ છે. આ નિયમોને કારણે કોકો, કૉફી, ઑઇલ પામ, રબરનાં ઉત્પાદનો, સોયાબીન, સોયાબીનનો લોટ, સોયા ઑઇલ, ગ્લિસરોલ, નૅચરલ રબરનાં ઉત્પાદનો, તેલ, ઈંધણ, કાગળ અને પ્રિન્ટેડ બુક્સની નિકાસ પર અવળી અસર પડશે. તેના જવાબમાં યુરોપિયન સંઘના દેશોએ જણાવ્યું છે કે કોઈ પણ દેશ કે કોઈ પણ દેશનાં ઉત્પાદનોની નિકાસને મુદ્દે ભેદભાવ ઊભા થશે નહીં. યુરોપિયન સંઘના દેશોની અંદર કે પછી બહાર દરેક કૉમોડિટી માટે આ નિયમો એકસમાન રીતે જ લાગુ કરવામાં આવશે. કોઈ પણ દેશમાંથી આવતી પ્રોડક્ટ્સ પર પ્રતિબંધ લગાડવામાં આવ્યો નથી. નવાં તૈયાર કરવામાં આવેલાં નિયંત્રણો કે નિયમોમાં નક્કી કરવામાં આવેલાં ધારાધોરણોને જ આદર્શ ધોરણો ગણીને પ્રોડક્ટ્સ કે ચીજવસ્તુઓનું વર્ગીકરણ કરવામાં આવશે. જે તે પ્રોડક્ટ્સ તૈયાર કરવા માટે જંગલ કેટલું કાપવું પડ્યું છે અને ખેતીની જમીનનું કેટલું વિસ્તરણ કરવામાં આવ્યું છે તેને પણ ધ્યાનમાં લઈને પછી જ તેને માટે નિર્ણય લેવામાં આવશે. દરેક દેશને આ ધારાધોરણો એકસમાન રીતે લાગુ કરવામાં આવશે. વૈજ્ઞાનિક ઢબે તૈયાર કરવામાં આવેલા આંકડાઓને આધારે યુરોપિયન સંઘના દેશો હવે જંગલ ઓછું ન કરે તેવાં ઉત્પાદનોનો જ વપરાશ કરવા માગે છે. સમગ્ર વિશ્વમાં જંગલનું આવરણ જળવાઈ રહે તેવી નેમ સાથે આ આયોજન કરવામાં આવ્યું છે. ભારત હોય કે ગુજરાત, વન-જંગલો ખતમ થઈ રહ્યાં છે. વૃક્ષાચ્છાદિત ધરતી વૃક્ષહીન કે બોડી થઈ રહી છે. તેથી વાતાવરણમાં ગરમી વધી રહી છે. હવે યુરોપિયન સંઘના દેશોએ વન-જંગલના પ્રમાણમાં ઘટાડો કરતી પ્રોડક્ટ્સનો વપરાશ

# ડિફોરેસ્ટેશન ફ્રી પ્રોડક્ટ્સના નિયમોની ભારત પર પડનારી અસર

ડિફોરેસ્ટેશન ફ્રી પ્રોડક્ટ્સના નિયમોને કારણે ભારતમાંથી નિકાસ કરવામાં આવતી 479 પ્રોડક્ટ્સની નિકાસ પર અવળી અસર પડશે. તેમાં સોયા, કૉફી, કોકો, ઑઇલ પામ, રબર, ચામડું, ચૉકલેટ, પામનટ્સ, પામ ઑઇલના ડેરિવેટિવ્સ, ગ્લિસરોલ, નૅચરલ રબરનાં ઉત્પાદનો, સોયાબીન, સોયાબીનનો લોટ, ઈંધણનાં લાકડાં, લાકડાનાં ઉત્પાદનો, પેપરનો પલ્પ અને પેપર, પ્રિન્ટેડ બુક્સની નિકાસ પર અવળી અસર પડશે. 29મી જૂન, 2023 કે તેના પછી તૈયાર કરવામાં આવેલાં ઉત્પાદનો માટે નવા નિયમો લાગુ કરવામાં આવશે. 30મી ડિસેમ્બર, 2024 અથવા તો 30મી જૂન, 2025 (નાના અને મધ્યમ કદના ઔદ્યોગિક એકમો માટે)ના દિનથી યુરોપના બજારમાં મૂકવામાં આવનારી પ્રોડક્ટ્સ માટે નવી જોગવાઈ લાગુ કરવામાં આવશે. તેઓ ડિફોરેસ્ટેશન ફ્રી પ્રોડક્ટ્સ જ યુરોપિયન સંઘના બજારમાં મૂકી શકશે. જંગલની જમીનને ખેતીની જમીનમાં રૂપાંતરિત કરીને ખેતી ન કરી હોય તેવી જમીનની ઊપજોનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલી પ્રોડક્ટ્સને જ તમે યુરોપિયન સંઘના દેશનાં બજારોમાં મૂકી શકશો. 31મી ડિસેમ્બર, 2020 પછી જંગલના આવરણને ઓછું કર્યા વિનાની જમીન પર જ પકાવવામાં આવેલી પ્રોડક્ટ્સનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલી વસ્તુઓ યુરોપિયન સંઘના બજારમાં વેચી શકાશે. વસ્તુઓનું ઉત્પાદન કરતા દેશના ઉત્પાદન અંગેના નિયમો પ્રમાણે ઉત્પાદન કરવામાં આવેલું હોવું જરૂરી છે. જમીનના વપરાશના કાયદા, પર્યાવરણના રક્ષણના કાયદા, જંગલની જાળવણીને લગતા નિયમો, બાયોડાયવર્સિટીની જાળવણીના નિયમોનો ભંગ કર્યા વિના જ તેનો ઉપયોગ કરેલો હોવો જોઈએ. આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ માનવઅધિકારનું જતન પણ થયેલું હોવું જોઈએ. શ્રમિકોને લગતા કાયદાઓનું પણ પાલન થયેલું હોવું જોઈએ. યુરોપિયન સંઘના બજારમાં પ્રોડક્ટ્સ મૂકનાર કંપનીએ જ તેની પ્રોડક્ટ્સ ડિફોરેસ્ટેશન ફ્રી હોવાનું પ્રસ્થાપિત કરતું પ્રમાણપત્ર રાષ્ટ્રીય સ્તરની સત્તા પાસેથી મેળવીને રજૂ કરવાનું રહેશે. યુરોપિયન કમિશને ઊભી કરેલી ઇન્ફોર્મેશન સિસ્ટમમાં તે વિગતો અપલોડ કરવાની રહેશે. રાષ્ટ્રીય સત્તાવાળાઓએ તેમના પ્રોડક્ટ્સની નિયમિત ચકાસણી પણ કરવાની રહેશે.



ઘટાડવા માટે પગલાં લેવા માંડ્યાં છે. તેના થકી વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઇડ ઓછો થાય અને વાતાવરણ-પર્યાવરણ શુદ્ધ બને, ગરમીમાં ઘટાડો થાય અને મોસમની અનિશ્ચિતતાઓ ઓછી થાય તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. કાર્બન ઉત્સર્જન કરતાં ઉત્પાદનોનો વપરાશ યુરોપિયન સંઘના દેશોમાં ઘટે તે માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ધરતી વૃક્ષાચ્છાદિત રહે તે માટેના આ પ્રયાસો છે.

પ્રસ્તુત ધ્યેય સાથે યુરોપિયન સંઘના દેશએ કેટલાંક નિયંત્રણો લાગુ કર્યાં છે. વૃક્ષો ન ઘટાડે તેવી પ્રોડક્ટ્સનો જ ઉપયોગ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તેનાથી પણ કાર્બન ઉત્સર્જન ઘટશે અને ધરતી પરની વૃક્ષ અને છોડવાઓની વિવિધતા જળવાઈ રહેશે. આ નિયમો 29મી જૂન, 2023થી અમલમાં મૂકવામાં આવ્યા છે. શહેરીકરણને કારણે ખેતીની જમીનમાં થઈ રહેલા ઘટાડા પર નિયંત્રણ આવે તે માટે પણ આ નિયંત્રણો લાવવામાં આવી રહ્યાં છે. આ નિયંત્રણો આવતાં નવી પ્રોડક્ટ્સની નિકાસ કરનાર કે માર્કેટિંગ કરનારે પુરવાર કરવું પડશે કે તેણે

**ફોસાઇલ ફ્યુઅલનો વપરાશ ઘટાડવા તૈયાર ન થાય તો પ્લાસ્ટિકનું પ્રોડક્શન ચાલુ જ રહેવાનું છે.**

**કોઈ પણ દેશ પર્યાવરણને સૌથી વધુ નુકસાન પહોંચાડતા ફોસાઇલ ફ્યુઅલનો વપરાશ ઘટાડવા કે બંધ હજીય કોઈ પણ દેશ તૈયાર જ નથી.**

જે પ્રોડક્ટ્સ તૈયાર કરી છે તે છેલ્લા થોડા મહિનાઓમાં કાપવામાં આવેલા જંગલની વસ્તુઓમાંથી બનાવવામાં આવી નથી. જંગલનું આવરણ ધરતી પરથી ઓછું કરવામાં તેનો કોઈ જ ફાળો નથી.

આ નવા નિયમનું પાલન કરવા માટે 27 મહિનાનો સમય આપવામાં આવ્યો છે. નાના અને મધ્યમ કદના ઔદ્યોગિક એકમોને આ નિયમોનું પાલન કરવા માટે થોડા વધુ મહિનાઓ આપવામાં આવશે. આ નિયમો લાવવા પાછળનો ઉદ્દેશ્ય જંગલનું આવરણ ઓછું કરતાં ઉત્પાદનોનો વપરાશ ઘટાડવાનો છે. માત્ર યુરોપિયન સંઘમાં જ નહીં, પણ દુનિયાભરના દેશોમાં વનનું આવરણ ઓછું ન થાય તે માટે આ નિયમોના માધ્યમથી પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ નિયમોનો અમલ કરવાથી કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થશે. યોજનાના અમલથી વર્ષેદહાડે 320 લાખ મેટ્રિક ટન કાર્બનનો ઘટાડો થવાનો અંદાજ મૂકવામાં આવી રહ્યો છે.

નિયમોનું પાલન ન કરનારને દંડ પણ કરવામાં આવે છે. ડિફોરેસ્ટેશન ફ્રી પ્રોડક્ટ્સ અંગેના નિયમોનો ભંગ કરનારી કંપનીના



# પર્યાવરણ જાળવણી એ વિશ્વના દેશોનો નર્યો દંભ છેઃ મહેશ પંડ્યા



**મહેશ પંડ્યા**
**પર્યાવરણ નિષ્ણાત**

પર્યાવરણ મિત્રના મહેશ પંડ્યાનું કહેવું છે, “ડિફોરેસ્ટેશન ફ્રી પ્રોડક્ટ અંગેનો નિયમ પાળવો કઠિન છે. તેનાથી કરપ્શન પણ વધશે. ભારતમાં નવા ઔદ્યોગિક પ્રોજેક્ટનો અમલ થાય છે ત્યારે સંખ્યાબંધ વૃક્ષો કપાય છે, પરંતુ કેટલા ઝાડ કપાયાં તેનો રેકૉર્ડ હોતો જ નથી. બીજી તરફ સુપ્રીમ કોર્ટે છૂટ આપી છે અને પ્રોજેક્ટ કરવા માટે રિઝર્વ ફૉરેસ્ટ કાપવામાં આવે તો તેની કિંમત ચૂકવવા જણાવ્યું છે. આ કિંમત નોમિનલ હોય છે. આ કિંમત એકત્રિત કરીને તેમાંથી કેમ્પા ફંડ બનાવવામાં આવે છે. આ કેમ્પા ફંડનો ઉપયોગ જંગલ વિકસાવવા માટે જ કરવો જોઈએ. ભારત સરકારનો આ નિયમ ચાલુ રહે તો સ્ટેટ ફૉરેસ્ટ રિપોર્ટમાં દર બે વર્ષે જોવા મળે છે. આ સંજોગોમાં યુરોપિયન સંઘના ડિફોરેસ્ટેશન ફ્રી પ્રોડક્ટ્સના નિયમનું પાલન કરવું કઠિન બની જશે.” જંગલની જમીન અલગ તારવીને તેમાં ઔદ્યોગિક પ્રોજેક્ટ કરવામાં આવ્યા હશે તો તે પ્રોડક્ટ્સનો પણ યુરોપિયન સંઘના દેશો ખરીદવાનો ઇનકાર કરી દે તેવી સંભાવના હોવાથી તેની અસર પણ આ પ્રોજેક્ટના અમલ પછી બનનારી પ્રોડક્ટસની એક્સપોર્ટ પર પડતી જોવા મળશે.

મહેશ પંડ્યાનું કહેવું છે, “પર્યાવરણની જાળવણી કરવા પોતે ઍક્ટિવ છે તે બધા જ દેશોને બતાવવું છે. તેમને પણ ભારતમાં ઇન્વેસ્ટમેન્ટ કરીને ભારતના બજારનો લાભ લેવો જ છે. યુરોપિયન સંઘના દેશો દૂધે ધોયેલા નથી. યુરોપિયન સંઘના દેશો પણ તે બતાવવાની કોશિશ કરી રહ્યા છે કે પર્યાવરણ બચાવવા સક્રિય છે, પરંતુ તેમાંય છેતરપિંડી થવાની સંભાવના છે. તેઓ તેમના નિયમોનું મોનિટરિંગ કરવા માટે ખાસ કમિટીની રચના પણ કરશે, પરંતુ આ કમિટીઓ પણ આ રીતે વન કાપીને તેમાં પ્રોજેક્ટ કરવામાં આવ્યા છે તે બાબત સામે આંખ આડા કાન કરી શકે છે. તેમને પણ પોતાની પ્રોડક્ટ્સના માર્કેટનું ડેવપલમેન્ટ કરવામાં રસ જ છે. યુરોપિયન સંઘના દેશોને પણ ભારતના પર્યાવરણની બહુ પડી નથી. તેમને માત્ર પર્યાવરણની જાળવણી માટે કામ કરતા હોવાનું બતાવવામાં કે દેખાવ કરવામાં જ રસ છે.”

આ રહ્યો તેનો પુરાવો. મહેશ પંડ્યા કહે છે, “કોઈ પણ દેશ પર્યાવરણને સૌથી વધુ નુકસાન પહોંચાડતાં ફોસાઈલ ફ્યુઅલનો વપરાશ ઘટાડવા કે બંધ કરવા હજીય તૈયાર જ નથી. ફોસાઈલ ફ્યુઅલનો વપરાશ ઘટાડવા તૈયાર ન થાય તો પ્લાસ્ટિકનું પ્રોડક્શન ચાલુ જ રહેવાનું છે. ફોસાઈલ ફ્યુઅલનો ઉપયોગ ચાલુ રહેશે તો કદડો બન્યા જ કરશે. આ કદડો વધુ નુકસાન ન કરે તે માટે પ્લાસ્ટિક બનાવવામાં આવે છે. પ્લાસ્ટિક બનાવવાનું ચાલુ જ રહેવાનું છે. બીજી તરફ તેઓ પ્લાસ્ટિક ટ્રીટી પણ કરી રહ્યા છે. પ્લાસ્ટિક ટ્રીટીમાં એવું છે કે પ્લાસ્ટિક પ્રોડક્શન ઘટાડો અને પ્લાસ્ટિક પોલ્યુશન ઘટાડો, પરંતુ પ્લાસ્ટિક પ્રોડક્શન ઘટાડવા માટે સૌથી પહેલી જરૂરિયાત ફોસાઈલ ફ્યુઅલના વપરાશમાં ઘટાડો કરવો જરૂરી છે. ફોસાઈલ ફ્યુઅલ વપરાતું રહેશે તો તેનો કદડો બનતો જ રહેશે. પ્લાસ્ટિક પણ બનતું જ રહેશે. સમગ્રતયા પર્યાવરણની જાળવણી એ લોકોની આંખમાં ધૂળ નાખવાની કવાયત જ છે.”

ડિફોરેસ્ટેશન અંગેના ડેટા તો આખરે ભારત સરકાર જ આપવાની છે. ભારત સરકારને પણ વિકાસ કરવો છે. ભારત સરકાર ખોટા ડેટા આપીને કહેશે કે તમે અમારે ત્યાં વિકાસ કરવા માટે ઇન્વેસ્ટમેન્ટ લઈને આવો. જ્યારે બિઝનેસની વાત આવશે તો યુરોપિયન સંઘના દેશો પણ બધું જ બરાબર કરવામાં આવ્યું હોવાનું સ્વીકારીને ઇન્વેસ્ટમેન્ટ લઈને આવી જશે. આમ બે દેશમાંથી એક પણ દેશ પવિત્ર ગાય નથી. ડિફોરેસ્ટેશન ફ્રી પ્રોડક્ટ્સના મોરચે કોઈ ભલીવાર થાય તેવું મને જણાતું નથી. માત્ર તેમને બતાવવું જ છે કે તેઓ પર્યાવરણની જાળવણી માટે સક્રિય છે. યુરોપિયન સંઘના દેશોએ ડાઇઝ અને ઇન્ટરમીડિયેટ્સ બનાવવાનું બંધ કરીને ભારત સહિતના દેશોમાં તે બનાવડાવવાનું ચાલુ કર્યું છે. પોતાનું ઘર ચોખ્ખું કરીને બીજાના ઘરમાં કદડો કરવાની આ કવાયત ગણાય છે. તેમાં માનવજાતિના હિતમાં પર્યાવરણને બચાવવાની વાત જ રહેતી નથી. પોતે ચોખ્ખા રહીને બીજાના દેશને બગાડી રહ્યા છે. હવે એમ કહેવા માગે છે કે અમે તો ચોખ્ખા છીએ અને બીજા દેશોને પણ ચોખ્ખા રાખવા માટેની કવાયત કરી રહ્યા છીએ. આ રીતે ત્રીજા વિશ્વના દેશોને પ્રદૂષણ ભેટમાં આપી રહ્યા હોવાના આક્ષેપમાંથી બચવાની કોશિશ કરી રહ્યા છે. હવે એવું જતાવવા માગે છે કે તેઓ-ત્રીજા વિશ્વના દેશો ચોખ્ખા હોય તો જ અમે તેમની સાથે બિઝનેસનો વહેવાર રાખવા માગીએ છીએ. આ માત્ર દરેકની આંખોમાં ધૂળ નાખવાની કવાયત બની રહેશે.

યુરોપિયન સંઘના દેશોમાંની કુલ નિકાસના ચાર ટકા રકમ જેટલો દંડ કરવામાં આવશે. તેને થતાં આર્થિક લાભના પ્રમાણમાં દંડની રકમમાં વધારો કરી શકાય તેમ છે. તેમને જાહેર ભંડોળનો લાભ આપવામાં આવશે નહીં. આ કંપનીઓ સાથે નવા કરાર કરવામાં આવશે નહીં. પબ્લિક પ્રોક્યોરમેન્ટ સિસ્ટમમાંથી થોડા સમયગાળા માટે આ કંપનીને બહાર કાઢી નાખવામાં આવે તેવી વ્યવસ્થા પણ ડિફોરેસ્ટેશન ફ્રી પ્રોડક્ટ્સના નિયમનો ભંગ કરનાર માટે કરી દેવામાં આવી છે. આ નિયમોનો વારંવાર ભંગ કરનારાઓ પર પ્રતિબંધ આવી શકે છે.

જંગલોનું આવરણ ઓછું ન થયું હોય તેવી જ પ્રોડક્ટ્સને માર્કેટ પૂરું પાડવાના યુરોપિયન સંઘના દેશોના નિયમો અંગે વિશ્વ વેપાર સંઘની કૃષિઊપજો અંગેની કમિટી સમક્ષ ભારત સરકારે કેટલાક સવાલો ઉઠાવ્યા છે. ભારત સરકારનું માનવું છે કે 2020 પછી ઘણા દેશોના જંગલના આવરણમાં ઘટાડો થઈ રહ્યો હોવાથી આ દેશો સામે યુરોપિયન સંઘના નવા નિયમો ભેદભાવ ઊભા કરે તેવા છે. યુરોપિયન સંઘના દેશો કહે છે કે તેમણે જંગલના આવરણમાં ઘટાડો ન કરે તેવી



પ્રોડક્ટ્સનો જ વપરાશ કરવા માટે કરેલા નિયમથી કોઈ સામે ભેદભાવ કરવામાં આવતા નથી. આ સાથે જ તેમણે ભારતને ખાતરી આપી છે કે આ પગલાં કે નિયમોને કારણે તેમના વેપાર પર કોઈ જ વિપરીત અસર પડશે નહીં. તેમના આ નિયમોને ડિફોરેસ્ટેશન ફ્રી પ્રોડક્ટ્સ તરીકે ઓળખાવવામાં આવે છે. તેને માટેનાં ધારાધોરણો સમ્યક રીતે નક્કી કરવામાં આવ્યાં છે. તાજેતરમાં જ મળેલી વિશ્વવ્યાપાર સંઘની કૃષિને લગતી બાબતોની કમિટીની મીટિંગમાં ભારતે યુરોપિયન સંઘના દેશોના ડિફોરેસ્ટેશન અંગેના નિયમો અંગે સ્પષ્ટતા કરવાની માગણી કરી છે. 2020ની સાલ પછીની પ્રોડક્ટ્સ માટે આ જોગવાઈ લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયને કારણે ભારતની 130 કરોડ ડૉલરની નિકાસ પર અવળી અસર પડે તેમ છે. યુરોપના કોઈ દેશ હોય કે પછી દુનિયાના અન્ય કોઈ દેશમાંથી આવેલી પ્રોડક્ટ્સ હોય તે પ્રોડક્ટ્સ બનાવવામાં જંગલ ન કપાયેલાં હોવાં જોઈએ. આ મૂળ મુદ્દાને ધ્યાનમાં રાખીને જ તમામ નિયમો તૈયાર કરવામાં આવેલા છે. જોકે ભારતનું માનવું છે કે નવતર જોગવાઈઓને કારણે હાઈ રિસ્ક અને લૉ રિક્સ વાળા દેશો વચ્ચે ભેદભાવ થઈ રહ્યો છે. ભારતનો સવાલ છે કે કોઈને પણ અન્યાય ન થાય તે રીતે નિયમોનો અમલ કઈ રીતે કરવામાં આવશે. અમારા મતે તો આ વિશ્વ વેપાર પર છુપી રીતે લગાડવામાં આવી રહેલા અંકુશો જ છે. આ નિયમોને કારણે કોકો, કૉફી, ઑઈલ પામ, રબરનાં ઉત્પાદનો, સોયાબીન, સોયાબીનનો લોટ, સોયા ઑઈલ, ગ્લિસરોલ, નૅચરલ રબરનાં ઉત્પાદનો, તેલ, ઈંધણ, કાગળ અને પ્રિન્ટેડ બુક્સની નિકાસ પર અવળી અસર પડશે. તેના જવાબમાં યુરોપિયન સંઘના દેશોએ જણાવ્યું છે કે કોઈ પણ દેશ

**યુરોપના દેશોને ઇકોફ્રેન્ડલી પ્રોડક્ટ્સ આપવા જાય ત્યારે પણ તેઓ તેને પ્રમોટ કરવાને બદલે ઓછા ભાવે મળતી પ્રદૂષણ વધારતી પ્રોડક્ટ્સ જ ખરીદે છે.**

# ડિફોરેસ્ટેશન ફ્રી પ્રોડક્ટ્સના કૉન્સેપ્ટનો રાઇટ સ્પિરિટમાં અમલ કરાવોઃ શૈલેશ પટવારી

ડિફોરેસ્ટેશન ફ્રી પ્રોડક્ટ્સ અંગે વાતચીત કરતાં નરોડા એન્વિરો પ્રોજેક્ટ લિમિટેડના પૂર્વ પ્રમુખ શૈલેશ પટવારીનું કહેવું છે, "હવે ગ્લોબલ વૉર્મિંગ અંગે દરેક દેશોમાં જાગૃતિ આવી છે. ત્સુનામી, સાઇક્લોન અને ઈરેટિક વરસાદ અને પૂર તેનો નિર્દેશ આપે છે. તેથી ક્લાઇમેટની જાળવણી કરવી અનિવાર્ય છે. આ એક વેક અપ કૉલ (દરેકને જાગૃત થઈ જવાની ઘડી આવી ચૂકી હોવાનો નિર્દેશ) છે. ક્લાઇમેટની જાળવણી કરવી એ સમયની જરૂરિયાત છે. પર્યાવરણની જાળવણી કરવાનો સમય આવી ગયો છે."

પર્યાવરણની જાળવણી માટે દરેક નિયમનો અમલ કરવો અનિવાર્ય બની ગયો છે. શૈલેશ પટવારીનું કહેવું છે, "ડિફોરેસ્ટેશન ફ્રી પ્રોડક્ટ્સના કૉન્સેપ્ટનો રાઇટ સ્પિરિટમાં અમલ થવો જોઈએ. વિકસિત દેશોએ આ બાબતમાં સૌથી વધુ આક્રમકતા સાથે પહેલ કરવી જોઈએ. અત્યારે અમેરિકા ગ્લોબલ વૉર્મિંગ ઘટાડવા માટેના કોઈ પણ આયોજનમાં સહભાગી થતું નથી. ડિફોરેસ્ટેશન ફ્રી પ્રોડક્ટ્સની જોગવાઈ વિશ્વના દરેક દેશોને માટે લાગુ કરવી જોઈએ. અમેરિકા તો ટ્રીટીમાં પણ સહી નથી કરતું. ડેવલપિંગ કન્ટ્રીના વિકાસમાં અવરોધ ઊભો કરવા માટે તેનો ઉપયોગ ન થવો જોઈએ. ભારતમાંથી થતી નિકાસમાં અવરોધ ઊભો કરવા માટે જ તેનો ઉપયોગ ન કરવો જોઈએ. પેસ્ટિસાઇડનો ઉપયોગ અમેરિકા બંધ કરતું નથી, પરંતુ બીજા દેશોએ તે બંધ કરવું તેઓ આગ્રહ રાખી રહ્યું છે. આ ઉચિત નથી."



**શૈલેશ પટવારી, પૂર્વ પ્રમુખ નરોડા એન્વિરો પ્રોજેક્ટ લિ.**

શૈલેશ પટવારી કહે છે, "યુરોપના દેશોને ઇકોફ્રેન્ડલી પ્રોડક્ટસ આપવા જાય ત્યારે પણ તેઓ તેને પ્રમોટ કરવાને બદલે ઓછા ભાવે મળતા પ્રોડક્ટ્સ જ ખરીદવાનું પસંદ કરે છે. તે વખતે તેઓ પૈસા બચાવવા માટે પોલ્યુશન વધારતી પ્રોડક્ટ્સને જ પસંદ કરે છે. ઇકોફ્રેન્ડલી પ્રોડક્ટ્સ માટે વધારાના કરેલા ખર્ચ પ્રમાણે ઊંચી કિંમત ચૂકવવા તેઓ તૈયાર નથી. આ દરેક દેશના વેપારમાં ચાલતી વાસ્તવિકતા જ છે. પરિણામે ડિફોરેસ્ટેશન ફ્રી પ્રોડક્ટ્સ એ વિકાસની કેડી પર આગળ વધી રહેલા દેશો પર અંકુશ લાવીને પોતાનો બિઝનેસ વધારવાની કવાયત જ છે."

યુરોપના દેશો અત્યારે પ્રદૂષણ ફેલાવે જ છે. તેઓ કાર્બન ઉત્સર્જન બેફામ કરી જ રહ્યા છે. તેઓ વિકસિત દેશોને કહે છે કે તમે કાર્બન ઉત્સર્જન ઓછું કરો તો અમે તેના બદલાં તમને પૈસા આપીશું. આ રીતે બીજા દેશના ઉત્પાદકોને કાર્બન ઉત્સર્જન ઓછું કરવા માટે પૈસા ચૂકવવાની લાલચ આપી રહ્યા છે. તેમના પોતાના દેશના કાર્બન ઉત્સર્જનમાં અત્યારના લેવલથી વધુ કોઈ ઘટાડો થઈ જ શકે તેમ ન હોવાનું માનીને તેઓ આ વલણ અપનાવી રહ્યા છે. આ પોલ્યુશન કરતાં રહો અને તેને માટે કિંમત ચૂકવતા રહોનો અભિગમ યુરોપિયન સંઘના દેશો અને વિકસિત દેશો અપનાવી રહ્યા હોવાનું જણાઈ રહ્યું છે. આ જ હેતુથી કાર્બન ક્રેડિટનો કૉન્સેપ્ટ ડેવલપ કરવામાં આવ્યો છે. હવે પે એન્ડ પોલ્યુટનો સમય પણ રહ્યો નથી. પ્રદૂષણ ઘટાડવા માટે પગલાં લેવાની તાકીદની જરૂરિયાત ઊભી થઈ ચૂકી છે. કાર્બન ઉત્સર્જન ઘટાડવું એ દરેકની જરૂરિયાત છે. માત્ર ભારત જેવા વિકાસશીલ દેશોની જ જરૂરિયાત છે તેવું નથી. ક્લાઇમેટ ચેન્જ અટકાવવા માટે આજે દુનિયાના દરેક દેશોએ સક્રિય થવું પણ જરૂરી છે. .

---

કે કોઈ પણ દેશનાં ઉત્પાદનોની નિકાસને મુદ્દે ભેદભાવ ઊભા થશે નહીં. યુરોપિયન સંઘના દેશોની અંદર કે પછી બહાર દરેક કૉમોડિટી માટે આ નિયમો એકસમાન રીતે જ લાગુ કરવામાં આવશે. કોઈ પણ દેશમાંથી આવતી પ્રોડક્ટ્સ પર પ્રતિબંધ લગાડવામાં આવ્યો નથી. નવાં તૈયાર કરવામાં આવેલાં નિયંત્રણો કે નિયમોમાં નક્કી કરવામાં આવેલાં ધારાધોરણોને જ આદર્શ ધોરણો ગણીને પ્રોડક્ટ્સ કે ચીજવસ્તુઓનું વર્ગીકરણ કરવામાં આવશે. જે તે પ્રોડક્ટ્સ તૈયાર કરવા માટે જંગલ કેટલું કાપવું પડ્યું છે અને ખેતીની જમીનનું કેટલું વિસ્તરણ કરવામાં આવ્યું છે તેને પણ ધ્યાનમાં લઈને પછી જ તેને માટે નિર્ણય લેવામાં આવશે. દરેક દેશને આ ધારાધોરણો એકસમાન રીતે લાગુ કરવામાં આવશે. વૈજ્ઞાનિક ઢબે તૈયાર કરવામાં આવેલા આંકડાઓને આધારે ક્રાઈટેરિયા કમિશન દ્વારા આ અંગે નિર્ણય લેવામાં આવશે. આ આકારણીમાં ઓછા જોખમવાળા અને વધુ જોખમવાળા દેશ નક્કી કરવામાં આવશે. જોકે તેને માટે વધારાની સ્ક્રુટિની-ચકાસણી કરવામાં આવશે. આ ચકાસણી કરવામાં પૂરતી કાળજી લેવામાં આવશે.

આ ઉદ્દેશ્ય સાથે નિયુક્ત કરવામાં આવનારી સભ્યદેશોની સક્ષમ સત્તા સાથે સંકળાયેલા અધિકારીઓએ હાઈ રિસ્કની કૅટેગરીમાં આવતા દેશોમાંના 9 ટકા ઑપરેટર્સની, સ્ટાન્ડર્ડ રિસ્કમાં આવતા દેશના 3 ટકા ઑપરેટર્સની અને ઓછા રિસ્કની કૅટેગરીમાં આવતા દેશોમાં એક ટકા ઑપરેટર્સની ચકાસણી કરવાની રહેશે. આ ચકાસણી કરવામાં પણ પૂરતી કાળજી લેવામાં આવશે. હાઈ રિસ્ક કે પછી લો રિસ્કને કારણે તેમની ચકાસણી કરવામાં વધુ ચુસ્તી કે વધુ ઉદારતા રાખવામાં આવશે નહીં. આમ ચકાસણી માટેનાં ધારાધોરણો દરેક માટે એકસમાન જ રાખવામાં આવશે. ચકાસણી દરમિયાન લેવામાં આવેલા દરેક પગલાનું પગેરું મેળવી શકાય તેનું પણ ધ્યાન રાખવામાં આવશે. ઉદાહરણ આપીને વાત કરવામાં આવે તો કેટલાક પ્રોડક્ટ્સ તૈયાર કરવામાં નક્કી કરેલા નિયંત્રણો-નિયમોનું પાલન ન કરવામાં આવ્યું હોય અથવા તો તેને મચેડીને રસ્તો કાઢી લેવામાં આવ્યો હોય તો તેવા સંજોગોમાં ઑપરેટરે વધુ ચુસ્ત ચકાસણી કરવાની રહેશે અને સક્ષમ સત્તાવાળાઓને તત્કાળ તેની જાણકારી આપવાની રહેશે. ભારત સરકાર આ મુદ્દે વિશ્વ વેપાર સંઘના ફોરમ પર અને યુરોપિયન સંઘના ડિફોરેસ્ટેશનના નિયમો તૈયાર કરનારા સમૂહ બંને સ્તરે ચર્ચાવિચારણા કરી રહી છે અને આ નિયમો અમલમાં આવે તે પૂર્વે તમામ નિયમો અંગે સ્પષ્ટતા કરી કરાવી લેવા માગે છે.

## ભારતમાં હરણફાળ ભરી રહી છે

# ડ્રોન ઈન્ડસ્ટ્રી

## એક જ વર્ષમાં ડ્રોન ટેક્નોલૉજીના સ્ટાર્ટઅપ્સની સંખ્યામાં 70 ટકાનો વધારો થયો

ઇન્ટરનેટથી માંડીને ઈવી સુધી, ભારતમાં હાલ ટેક્નોલૉજીનો સુવર્ણ યુગ ચાલી રહ્યો છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેક્નોલૉજીમાં ભારત વિશ્વના અન્ય દેશો સાથે કદમ મિલાવીને ચાલી રહ્યું છે. ડ્રોન ટેક્નોલૉજી પણ તેમાં અપવાદ નથી. આજે ભારતમાં રિયલ એસ્ટેટ, ઈ-કૉમર્સ, કૃષિ, ઊર્જા, મીડિયા અને એન્ટરટેઈનમેન્ટ સહિત અનેક ક્ષેત્રોમાં ડ્રોનનો બહોળો ઉપયોગ થઈ રહ્યો છે. ડ્રોનનો ઉપયોગ સૌપ્રથમ ડિફેન્સ માટે મિલિટરીમાં શરૂ કરાયો હતો. ત્યાર બાદ આ પ્રભાવશાળી ટેક્નોલૉજીનો ઉપયોગ મેપિંગ, સર્વેલન્સ, ઈન્સ્પેક્શનથી માંડીને એન્ટરટેઈનમેન્ટ સેક્ટરમાં પણ થવા માંડ્યો છે.

ડ્રોન ટેક્નોલૉજીના વિકાસમાં રેડિયો કૉમ્યુનિકેશન અને સ્માર્ટફોન્સનો ફાળો ખૂબ મોટો છે. રેડિયો કૉમ્યુનિકેશન ઍરક્રાફટને કંટ્રોલ કરવામાં મદદ કરે છે, જ્યારે સ્માર્ટફોન્સના વ્યાપક ઉપયોગને કારણે માઈક્રોકન્ટ્રોલર્સ, ચિપ્સ, એક્સલેરોમીટર, કૅમેરા અને અન્ય સેન્સર્સના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. આના કારણે સ્થાનિક સ્તરે ડ્રોનના ઉત્પાદનને પ્રોત્સાહન મળ્યું છે. વળી, ડ્રોનની ડેટા કલેક્ટ કરવાની અને કૉમ્પ્યુટિંગની ક્ષમતામાં નોંધપાત્ર વધારો થયો છે.

ભારતમાં વિવિધ ક્ષેત્રે ડ્રોનનો ઉપયોગ વધતાં ઘણાં સ્ટાર્ટઅપ્સ અને કંપનીઓએ ડ્રોનના ઉત્પાદન અને ઍપ્લિકેશન ડેવલપમેન્ટમાં ઝંપલાવ્યું છે. તેને કારણે ભારતમાં ડ્રોન ઈન્ડસ્ટ્રી ઝડપથી વિકસી રહી છે. આ ઉપરાંત ભારતીય સ્ટાર્ટઅપ્સ ડ્રોન ટેક્નોલૉજીને સુધારવા અને સરળ બનાવવાની દિશામાં પણ સક્રિય છે. આવી કંપનીઓને પ્રોત્સાહન આપવા માટે કૉર્પોરેટ્સ પણ ઉત્સાહભેર ડ્રોન કંપનીઓમાં રોકાણ કરી રહ્યાં છે. વર્ષ 2023માં જ ભારતમાં ડ્રોન ટેક્નોલૉજીમાં કામ કરતાં સ્ટાર્ટઅપ્સની સંખ્યા 157થી વધીને 267 થઈ ગઈ હતી. અર્થાત્, એક જ વર્ષના ગાળામાં ડ્રોન ટેક્નોલૉજી પર કામ કરતાં સ્ટાર્ટઅપ્સની સંખ્યામાં 70 ટકાનો વધારો થયો હતો. જોકે હજુ સુધી ડ્રોન ઍપ્લિકેશનની સાઈબર સિક્યોરિટી એક વિકટ સમસ્યા છે. આ ઉપરાંત ડ્રોનનો દુરુપયોગ ન થાય તે માટે ભારત સરકારે પણ તેના ઉપયોગ માટે રજિસ્ટ્રેશન અને પરવાનગી લેવાની મર્યાદા લાદી છે.



## ભારતમાં હાલ આ ક્ષેત્રોમાં સૌથી વધારે ડ્રોન ટેક્નૉલૉજીનો ઉપયોગ થઈ રહ્યો છે.




બીજી બાજુ, ભારત સરકાર કૃષિ સહિત અન્ય અનેક ક્ષેત્રોમાં ડ્રોનનો ઉપયોગ વધે તે માટે સક્રિય રીતે પ્રયત્નશીલ છે. 'નમો ડ્રોન દીદી યોજના' એ તેનું તાજેતરનું ઉદાહરણ છે. આ યોજના માટે સરકારે રૂ. 1260 કરોડથી વધારેનું બજેટ ફાળવ્યું છે. તેમાં 15,000 જેટલાં સેલ્ફ હેલ્પ ગ્રુપ્સને સરકાર 20 ટકા કિંમતે ડ્રોન આપશે. આ ડ્રોન્સની મદદથી તેઓ ભાડાની આવક ઊભી કરી શકશે. એટલે કે કોઈ ખેડૂતને પોતાના ખેતરમાં દવા કે ખાતર છાંટવા માટે ડ્રોનની જરૂર પડે. આ ઉપરાંત ગામડાની યુવતીઓને ડ્રોન ઉડાડવાની અને રિપેર કરવાની તાલીમ આપવામાં આવશે. આ તાલીમ લઈને તેઓ ડ્રોન ઉડાડીને વર્ષે રૂ. 1 લાખથી વધુની કમાણી કરી શકશે. આ યોજના થકી સરકારે એક કાંકરે ઘણાં પક્ષી મારવાની કોશિશ કરી છે. પહેલું, ટેક્નૉલૉજીની તાકાતથી ગામડાની મહિલાઓ પૂરક આવક ઊભી કરી શકશે અને આત્મનિર્ભર બની શકશે. બીજું, ડ્રોનની મદદથી નેનો યુરિયા અને નેનો ડીએપીનો છંટકાવ થઈ શકે છે. આથી ખેડૂતો યુરિયાના બદલે આ ખાતરોના વપરાશ તરફ વળશે. તેનાથી સરકારે હાલ યુરિયાની વિદેશથી આયાત કરવા માટે જે વિદેશી હૂંડિયામણ ખર્ચ કરવું પડે છે તેની જંગી બચત થશે. ડ્રોનથી માણસો કરતાં વધારે ઝડપથી જંતુનાશક દવા-ખાતરનો છંટકાવ થઈ શકે છે. આથી કૃષિ ક્ષેત્રે ડ્રોનના ઉપયોગથી ઉત્પાદનમાં પણ વધારો જોવા મળશે. કૃષિ ક્ષેત્રે ડ્રોનનો ઉપયોગ વ્યાપક બને તે માટે સરકારે જ 'નમો ડ્રોન દીદી યોજના' અંતર્ગત ડ્રોન માટે જંગી ફંડ ફાળવીને શ્રીગણેશ કરી દીધા છે. અગાઉ સરકારે વર્ષ 2021માં ડ્રોન અને ડ્રોન કૉમ્પોનન્ટના ઉત્પાદકો માટે પ્રોડક્શન લિન્ક્ડ ઇન્સેન્ટિવ સ્કીમ જાહેર કરી હતી અને તેના માટે રૂ. 120 કરોડ ફાળવ્યા હતા.

### ભારત સરકાર ડ્રોન ઇન્ડસ્ટ્રીને પ્રોત્સાહન આપવા પ્રયત્નો કરી રહી છે.

ડ્રોનનું ઉત્પાદન કરતી ઇન્સાઇડ FPV કંપનીના ફાઉન્ડર અને સીઈઓ અર્થ ચૌધરી જણાવે છે, "ડ્રોન ઇન્ડસ્ટ્રીને પ્રોત્સાહન આપવા માટે સરકારે ઘણાં પગલાં ભર્યાં છે. વર્ષ 2022માં તેમણે ડ્રોનની આયાત પર પ્રતિબંધ મૂકી દીધો. તેનાથી સ્થાનિક સ્તરે ડ્રોનના ઉત્પાદનને પ્રોત્સાહન મળ્યું. 2021માં તેમણે ડ્રોન શક્તિ અને PLI સ્કીમ લાવતા આ સેક્ટરમાં આવવા ઘણી કંપનીઓ



**અર્થ ચૌધરી**
CEO, ઇન્સાઇડ FPV

### કૃષિ ક્ષેત્રે ડ્રોનની ખરીદી પર મળી રહી છે આર્થિક સહાય:

ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર ડ્રોન ટેક્નૉલૉજીને પ્રોત્સાહન આપવા માગે છે. કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા ઇન્ડિયન કાઉન્સિલ ઑફ ઍગ્રિકલ્ચરલ રિસર્ચ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર જેવી સંસ્થાઓ દ્વારા ડ્રોનની ખરીદી પર 100 ટકા આર્થિક સહાય આપવામાં આવે છે, જ્યારે FPO દ્વારા ડ્રોનની ખરીદી પર 75 ટકા અને સ્વતંત્ર ખેડૂત દ્વારા ડ્રોનની ખરીદી પર 50 ટકા સુધી સહાય મળે છે. આ તમામ શ્રેણીમાં ડ્રોનદીઠ મહત્તમ રૂ. 10 લાખની સહાય મળે છે. સરકારના પ્રયત્નો અને ખેડૂતોના ટેક્નૉલૉજી તરફ બદલાતા વલણને જોતાં આગામી સમયમાં ભારતમાં ડ્રોનનું માર્કેટ હરણફાળ ભરશે તે વાતમાં બેમત નથી.



આકર્ષાઈ. અગાઉ ફક્ત ડિફેન્સમાં વપરાતાં ડ્રોન્સ હવે સરકારના પ્રયત્નોને કારણે રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ, સર્ચ, રેસ્ક્યુ, એન્ટરટેઇનમેન્ટ એમ અનેક ક્ષેત્રે વપરાઈ રહ્યા છે."

હાલ ભારતમાં ડ્રોન મોંઘાં હોવાને કારણે મોટા ભાગની કંપનીઓ ડ્રોન-ઍઝ-અ-સર્વિસ મૉડેલનો ઉપયોગ કરી રહી છે. એટલે કે તેઓ પોતાના કામ માટે ડ્રોન ભાડે લઈ લે છે. આથી

## એક સમયે મિલિટરીમાં જ વપરાતું ડ્રોન હવે હેલ્થકૅર, ઇન્ફ્રાસ્ટ્રક્ચર, રિસર્ચ ઍન્ડ ડેવલપમેન્ટ અને મનોરંજન માટે વપરાતું થઈ ગયું છે

ડ્રોન્સ ભાડે આપતી કંપનીઓના બિઝનેસમાં પણ વધારો થયો છે. આ સાથે જ ડ્રોન ચલાવવાની કુશળતા ધરાવતા લોકોની પણ ડિમાન્ડ વધી રહી છે. ડ્રોન ચલાવવાની તાલીમ આપવા માટે ભારતમાં રિમોટ પાઇલટ ટ્રેનિંગ ઓર્ગેનાઇઝેશન (RPTO) ચાલી રહ્યાં છે. તેમાં તાલીમ લઈને યુવાનો મહિને ડ્રોન ઉડાવીને રૂ. 15,000થી રૂ. 30,000 સુધીનો પગાર મેળવી શકે તેવી વ્યવસ્થા પણ સરકાર ઊભી કરી રહી છે.

દાખલા તરીકે અતિવૃષ્ટિ, વાવાઝોડા કે દુષ્કાળ જેવી પ્રાકૃતિક હોનારતને કારણે દેશના જે-તે વિસ્તારમાં ઊભા પાકને નુકસાન થયું હોય તો ડ્રોનની મદદથી તે વિસ્તારનો એરિયલ સરવે કરવો સરળ બની જાય છે. ડ્રોનની મદદથી ફોટા પાડીને તેને પાક વીમો લેવા માટે પુરાવા તરીકે

## ભારતમાં 38.5 ટકાના સર્વગ્રાહી વિકાસદર સાથે ડ્રોન ઇન્ડસ્ટ્રી વિકસશે:




**મિહિર શાહ**
**Founder, એગ્રીઓન ફાર્મટિક**

વર્ષ 2020માં વૈશ્વિક કૃષિ ડ્રોનનું માર્કેટ $0.88 બિલિયન (લગભગ રૂ. 7340 કરોડ) જેટલું હતું. વર્ષ 2030 સુધીમાં આ માર્કેટ વધીને $5.89 બિલિયન (રૂ. 49140 કરોડ) જેટલું થવાની સંભાવના છે. આમ વર્ષ 2021થી 2030 સુધીમાં આ માર્કેટ 22.4 ટકાના સર્વગ્રાહી વિકાસદર સાથે વિકસવાની શક્યતા છે. ફ્રોસ્ટ અને સુલિવનના સરવે મુજબ ભારતમાં કૃષિ ક્ષેત્ર 2030 સુધીમાં 22.4 ટકાના સર્વગ્રાહી વિકાસદર સાથે આગળ વધતું જોવા મળશે. વર્ષ 2030 સુધીમાં ખેડૂતો હાલ ખેતીની મશીનરી પાછળ જેટલો ખર્ચ કરે છે તેના બે ટકા રકમ ડ્રોન પાછળ ખર્ચાતી જોવા મળશે. ડ્રોન કૃષિ ક્ષેત્રે અનેક સમસ્યાઓનું અસરકારક સમાધાન પૂરું પાડીને ભારતની જીડીપીને 1.5 ટકા જેટલી બૂસ્ટ કરે તેવી શક્યતા છે. તેનાથી નાનાં શહેરો અને ગામડાંમાં 5 લાખથી વધુ લોકો માટે રોજગારીની તકો પણ ઊભી થશે. ભારતમાં આજની તારીખે 85 ટકા ખેડૂતો સીમાંત અને નાના ખેડૂતો એટલે કે 2 એકરથી ઓછી જમીન ધરાવનારા છે. આવા નાના ખેડૂતો ડ્રોન ટેક્નૉલૉજી પાછળ મોટો ખર્ચ કરી શકે તેમ નથી. આથી તેમને જરૂર હોય ત્યારે તેઓ ડ્રોન સેવા આપતી કંપનીને પૈસા ચૂકવીને ડ્રોન ભાડે લઈ લે છે. સરકાર પણ ડ્રોનના ઉપયોગના આ મૉડેલને પ્રોત્સાહન આપી રહી છે. ખેડૂતો માટેના સરકારી પૉર્ટલ પર ડ્રોન સેવા ભાડે આપતી કંપનીઓનું લિસ્ટ પણ જોવા મળે છે. ડ્રોન સેવા પૂરી પાડતી ઍગ્રીઓન ફાર્મટેકના સ્થાપક મિહિર શાહ જણાવે છે, "ડ્રોન થકી નેનો યુરિયા ટેક્નૉલૉજીનો લાભ ખેડૂતો સુધી પહોંચી રહ્યો છે. તેનાથી તેમની ઉત્પાદકતામાં વૃદ્ધિ થાય છે. ગુજરાતના 11,000થી વધુ ખેડૂતો આ સુવિધાનો લાભ મેળવી ચૂક્યા છે." ગુજરાતના ખેડૂતોમાં ડ્રોન ટેક્નૉલૉજી અંગે જાગૃતિ આવી રહી છે અને તેના લાભ દેખાતાં હવે તેઓ પોતાને ડ્રોન ખરીદવું ન પરવડતું હોય તો પણ કંપનીઓને રૂપિયા ચૂકવી ડ્રોન સેવા મેળવી રહ્યા છે.



હવ્યાસ કે એસ
CEO, બીગલ એગ્રિટેક

ખેડૂતો સબમિટ કરી શકે છે. ઈન્શ્યૉરન્સ કંપનીઓ માટે આથી ક્લેઈમ ડિસબર્સમેન્ટની પ્રક્રિયા પહેલાં કરતાં સરળ બની જાય છે.

ભારતમાં કૃષિ ક્ષેત્રે ડ્રોનનો વિશાળ પાયે ઉપયોગ થઈ રહ્યો છે. નાના ખેડૂતો સુધી ડ્રોન ટેક્નૉલૉજી હજુ સુધી વ્યાપક પાયે પહોંચી નથી, પરંતુ કૉર્પોરેટ ફાર્મિંગ અને ફૂડ પ્રોસેસિંગ કરતી કંપનીઓ આ ટેક્નૉલૉજીનો મહત્તમ ઉપયોગ કરી રહી છે. ડ્રોન સર્વિસ આપતી બીગલ ઍગ્રિટેક કંપનીના સીઈઓ અને કો-ફાઉન્ડર હવ્યાસ કે એસ જણાવે છે, “ભારતમાં ડ્રોનનો વધારે ઉપયોગ લૅન્ડ માર્કિંગ અને ક્રોપ ઍનાલિસિસ માટે થઈ રહ્યો છે. ડ્રોન ટેક્નૉલૉજીનો મહત્તમ ઉપયોગ ફૂડ કૉન્ટ્રાક્ટિંગ કે ઍગ્રિકલ્ચર સેક્ટર સાથે જોડાયેલી કૉર્પોરેટ કંપનીઓ અને સરકાર દ્વારા કરવામાં આવી રહ્યો છે. તે આ ટેક્નૉલૉજીના ઉપયોગથી કયા વિસ્તારમાં કયા પાકનું વાવેતર થયું છે, અંદાજિત ઉત્પાદન કેટલું છે, પ્રાકૃતિક આફતના કિસ્સામાં કેટલું નુકસાન થયું તેનો અંદાજ માંડી શકાય છે.” સૅટેલાઇટ ઈમેજની ટેક્નૉલૉજી ઘણા સમયથી છે, પરંતુ તેની મર્યાદા એ છે કે તે તસવીરો ડ્રોન જેટલી સ્પષ્ટ હોતી નથી. આથી જો કોઈ વિસ્તારનો એકદમ સ્પષ્ટ ચિતાર જોઈતો હોય તો તેમાં ડ્રોન જ વધુ ઉપયોગી નીવડે છે. આ ડ્રોન્સ ડેટા પણ કલેક્ટ કરે છે. ફૂડ પ્રોસેસિંગ કે ઍગ્રિકલ્ચર સાથે સંકળાયેલી કંપનીઓ પછી તે ડેટાનો ઉપયોગ ફ્યુચર ટ્રેન્ડ કે ડિમાન્ડનો અંદાજ માંડવા માટે કરે છે. સરકાર પણ કૃષિ ક્ષેત્રને લગતા મહત્વના નિર્ણયો આ ડેટાના આધારે કરી શકે છે. ઘણાં રાજ્યની સરકારો કયા વિસ્તારમાં કયા પાકનું કેટલું વાવેતર થયું તેનો સરવે કરવા માટે પણ ડ્રોનનો ઉપયોગ કરે છે. તેનાથી જે-તે પાકના ડિમાન્ડ-સપ્લાયનો અંદાજ માંડી શકાય છે.

# વિવિધ ક્ષેત્રોમાં કેવી રીતે થઈ શકે ડ્રોનનો ઉપયોગ?



| કૃષિ: | ઇન્ફ્રાસ્ટ્રક્ચર | માઇનિંગ | ઇન્શ્યૉરન્સ | મીડિયા અને મનોરંજન |
|---|---|---|---|---|
| - વાવેતરનો અંદાજ માંડવા<br>- પાકને નુકસાનનો ક્યાસ કાઢવા<br>- પાક વીમાના ક્લેઇમ માટે પુરાવા એકઠા કરવા<br>- જંતુનાશક દવા કે ખાતર છાંટવા માટે | -ઇન્ડસ્ટ્રિયલ ઇન્સપેક્શન<br>- 3D વીડિયો મેપિંગ<br>- વિસ્તારનું ઓડિટ કરવા<br>- ટાઉન પ્લાનિંગ<br>- સાઇટ મૅનેજમેન્ટ | - થર્મલ ઇમેજિંગ<br>- ટેરેન મેપિંગ<br>- માઇનિંગ સાધનોનું ઇન્સ્પેક્શન<br>- પરિવર્તનની આકારણી કરવા માટે | - ખોટા કેસ પકડી પાડવા<br>- જોખમ સમજી કિંમત નિશ્ચિત કરવા<br>- કૃષિ ક્ષેત્રે પાકના નુકસાનનો ડેટા કલેક્ટ કરવા<br>- કેસને લગતા પુરાવા એકઠા કરવા | - એરિયલ ડોક્યુમેન્ટરી<br>- એરિયલ ફોટોગ્રાફી<br>- સિનેમેટોગ્રાફી<br>- ડ્રોન શો |

# હાલ ડ્રોન ટેક્નૉલૉજી કેમ મોંઘી છે?

ભારતમાં રૂ. 6000થી માંડીને રૂ. 20 લાખ સુધીના ડ્રોન્સ મળે છે. ભારતીય બજારમાં કૃષિ ક્ષેત્રે વપરાતા ડ્રોન રૂ. 4 લાખથી રૂ. 15 લાખ સુધીમાં મળે છે. ડ્રોનની ઊંચી કિંમત પાછળનું મુખ્ય કારણ એ છે કે ડ્રોન બનાવવા માટે જરૂરી સ્પેરપાર્ટ્સ વિદેશથી આયાત કરવા પડે છે. ભારત સરકારની પૉલિસી મુજબ આખા ડ્રોન વિદેશથી આયાત કરી શકાતાં નથી. તેના નાના-નાના પાર્ટ્સ આયાત કરીને તેને ઍસેમ્બલ કરવા પડે છે. અત્યાર સુધી સેમિકન્ડક્ટર્સ માટે ભારતે અન્ય દેશો પર મદાર બાંધવો પડી રહ્યો છે. ભારતની ઈલેક્ટ્રોનિક ઈન્ડસ્ટ્રી ડ્રોન માટે જરૂરી તમામ પાર્ટ્સનું ઉત્પાદન ન કરતી હોવાને કારણે ભારતમાં ડ્રોનની કિંમત ઘણી ઊંચી છે. જો ડ્રોનનું વિશાળ પાયે સ્થાનિક ઉત્પાદન શરૂ થાય અને તેની કિંમત નીચી આવે તો નાના ખેડૂતો પણ ડ્રોન વસાવતા થઈ જશે.



# સફળતાનાં પાંચ સૂત્રો, ફૉલો કરશો તો સફળતા તમને શોધતી આવશે

હવે જમાનો કટ્ટર પ્રતિસ્પર્ધાનો થઈ ગયો છે. બે-ત્રણ વર્ષમાં કોઈ સ્ટાર્ટઅપ 100 કરોડના વૅલ્યુએશન ધરાવતી યુનિકોર્ન કંપની બની જાય તો તેને જોઈને બિઝનેસ-ઉદ્યોગ ક્ષેત્રે ઝંપલાવનાર પોતાની કંપની પણ આ રીતે ક્યારે સફળ થશે તે માટે અધીરા થઈ જાય છે. એટલું જ નહીં, રૂ. 15-20 કરોડનું ટર્નઓવર ધરાવતાં ઘણાં સ્ટાર્ટઅપ્સના ફાઉન્ડર્સ તો પ્રતિસ્પર્ધા અને સ્ટ્રેસના કારણે ડિપ્રેશન અને હતાશાનો ભોગ બનતા પણ જોવા મળે છે. ઘણા આંત્રપ્રોન્યોર્સને પ્રારંભિક તબક્કે સફળતા મેળવ્યા બાદ તેને લાંબો સમય ટકાવી રાખવામાં મુશ્કેલી પડી રહી છે. બિઝનેસ ક્ષેત્રે ઝંપલાવનાર વ્યક્તિના ગણિત સાથે તેના હોંસલા પણ મજબૂત હોવા જોઈએ. આંત્રપ્રોન્યોર્સે સફળતા મેળવવા માટે શું કરવું જોઈએ અને કેવું માઈન્ડસેટ રાખવું જોઈએ તે અંગે જાણીતા મોટિવેશનલ સ્પીકર સંજય રાવલે ગુજરાત ઉદ્યોગજગતની ચર્ચામાં વિનોદ માલવિયા સાથે ચર્ચા કરી હતી. આ વાર્તાલાપમાં તેમણે ભારતીય સંસ્કૃતિ તથા પારિવારિક મૂલ્યોને પણ વ્યક્તિની સફળતા માટે ખૂબ જ મહત્વનાં ગણાવ્યાં હતાં. વિનોદ માલવિયા સાથે તેમની ચર્ચાના અંશો અહીં પ્રસ્તુત છે.

ઉદ્યોગસાહસિકતામાં ઝંપલાવનાર યુવાનો મહદંશે માને છે કે સ્ટ્રૅટેજી, પ્લાનિંગ અને એક્ઝિક્યુશનથી સફળતા મળે છે, પરંતુ સંજયભાઈ રાવલના વિચારો થોડા જુદા છે. તેઓ જણાવે છે, “મૂળ ખોટ આપણી એજ્યુકેશન સિસ્ટમમાં છે. આપણને રૂ. 100ની વસ્તુ રૂ. 200માં વેચતાં શીખવાડવામાં આવે છે, પરંતુ એ વસ્તુ રૂ. 50માં પણ ન વેચાય તો શું કરવું તે શીખવવામાં આવતું નથી. આપણે બધા સફળતા માટેની જ તૈયારી કરીએ છીએ, પરંતુ બિઝનેસમાં ધાર્યું ન થાય તો શું કરવું તેની તૈયારી કોઈ કરતું નથી એટલે જ બધા ડિપ્રેસ અને હતાશ થાય છે.”

સંજય રાવલનું સ્પષ્ટ માનવું છે કે બિઝનેસમેને નિષ્ફળતાને સાથે લઈને ચાલવાની આદત પાડવી જોઈએ. તેમણે જણાવ્યું, “નાના ઉદ્યોગોએ વિચારવું જોઈએ કે હું જે કરીશ તે શ્રેષ્ઠ રીતે કરીશ. ભલે નાની લારી, નાની ગલ્લો કે નાની ઑફિસ હોય. 5 કરોડની કંપની અને 10 જણનો સ્ટાફ હોય તો પણ આંત્રપ્રોન્યોરે એમ જ માનવું કે હું ધીરુભાઈ જ છું. મારી ઑફિસમાં ક્યાંય ડસ્ટ કે જાળાં ન હોવાં જોઈએ, બધું જ અપ ટુ ડેટ હોવું જોઈએ. વાસ્તવમાં

**મોટિવેશનલ સ્પીકર સંજય રાવલે બિઝનેસમાં સફળતા મેળવવા અને ટકાવી રાખવાનાં સોનેરી સૂત્રો શૅર કર્યાં**

**ભગવાન તો આપણને દરિયો આપવા તૈયાર છે, આપણે જ ચમચી લઈને ઊભા છીએ**



## મોટિવેશનલ સ્પીકર સંજય રાવલે સફળતાનાં પાંચ સૂત્રો અંગે વાત કરી હતી

**01**

### જે કામ કરો, શ્રેષ્ઠ રીતે કરો:

સવારથી સાંજ સુધી આપણે જે કામ કરીએ તે આપણી ક્ષમતા પ્રમાણે શ્રેષ્ઠ રીતે કરવું જોઈએ. દાખલા તરીકે, વૉલેટમાં નોટો સરસ રીતે ગોઠવીને રાખો, ગાડી પાર્ક કરો તો એકદમ સરસ રીતે કરો વગેરે. આમ દરેક નાનાં મોટાં કામ સારી રીતે કરવાનો પ્રયત્ન કરો.

**02**

### ભગવાન પર ભરોસો રાખો:

આખું વિશ્વ ઈશ્વર છે એમ સમજી સર્વેનો સ્વીકાર કરતાં શીખો. સફળતા ઈશ્વર આપે છે તો નિષ્ફળતા પણ એ જ આપે છે. યાદ રાખો કે મેરા હૈ સૌ જાવે નહીં, જો જાવે વો મેરા નહીં. આથી આપણું અણધાર્યું થાય તો પણ ઈશ્વર પર શ્રદ્ધા રાખો.

**03**

### મા-બાપને માન આપો:

આ વિશ્વમાં માત્ર મા-બાપ જ આપણી પ્રગતિ ઇચ્છે છે. તેમનાથી મોટા દેવ કે ભગવાન નથી. આપણે ભગવાનને નથી જોયા, પણ માતા-પિતાને જોયાં છે. શક્ય હોય તો જૉઈન્ટ ફૅમિલીમાં રહો. સવજીભાઈ ધોળકિયા સહિતના ઘણા સફળ બિઝનેસમેન જૉઈન્ટ ફૅમિલીમાં જ રહે છે. સાવરણીની સળીઓ ભેગી હોય તો કચરો કાઢે અને છૂટી પડે તો પોતે કચરો બની જાય.

**04**

### જીવનસાથી સાથે સુમેળભર્યા સંબંધો રાખો:

માતા-પિતા, ભાઈ-બહેન અને જીવનસાથી ઈશ્વર જ નક્કી કરીને મોકલે છે. આથી મૅરેજ લાઈફ સ્ટ્રૉન્ગ હોવી જોઈએ. જો ઘરે કંકાસ અને ઝઘડા ચાલતા હોય તો ગમે તેટલાં પ્લાનિંગ કરો, ધંધો જામતો નથી. ઘરના મોરચે શાંતિ જળવાય તે માટે સદાય પ્રયત્નશીલ રહો.

**05**

### દાન આપવા માટે રાહ ન જોશો:

જ્યારે તમે કરોડપતિ થાવ ત્યારે ડોનેશન કરો તો તેનો કોઈ મતલબ નથી. તમારી પાસે 100 રૂપિયા હોય અને એમાંથી 10 રૂપિયા તમે કોઈને આપો તો તે મોટી વાત છે. હંમેશાં બીજાને મદદરૂપ થવાની ભાવના રાખો. આ દુનિયામાં ગુલાબ વાવો તો ગુલાબ ઊગે, કાંટા વાવો તો કાંટા ઊગે અને થોરિયાં વાવો તો થોરિયાં જ ઊગે. ઘર-પરિવારમાં કોઈને જરૂર જણાય તો તેને મદદ કરવામાં પાછા ન પડશો.



આંત્રપ્રોન્યોર્સ પોતાનું માઈન્ડસેટ બદલવાના બદલે બીજાનું જોઈને પોતાની પાસે જે નથી તેની કલ્પના કરે છે, અને જે છે એને સુધારવાનો પ્રયત્ન નથી કરતા. આ કારણે જ તેઓ દુઃખી થાય છે.”

પોતાના જીવનનો જ દાખલો આપીને તેમણે જણાવ્યું, “હું કૉલેજમાં હતો ત્યારે વેઈટર હતો, આજે મારી પોતાની હોટેલ છે. મેં ક્યારેય વિચાર્યું નહોતું કે મારી પોતાની હોટેલ થશે. એક સમયે હું 100 ફૂટની ઑફિસમાં બેસતો હતો, આજે ઑફિસ 7000 ફૂટની છે. મેં 5000થી વધુ પુસ્તકો અને 450 જેટલી બાયોગ્રાફી વાંચી છે. જે જે સફળ લોકો છે તેમણે ક્યારેય ભવિષ્યમાં શું કરીશું તે અંગે વિચાર્યું નહોતું. તેમણે ફક્ત પોતાના શ્રેષ્ઠ પ્રયત્નો પર જ ફોકસ કર્યું હતું. બીજાના જીવનમાંથી પ્રેરણા મેળવવી ઠીક છે, પરંતુ તમે જે પણ કરો તે બેસ્ટ કરવાની માનસિકતા રાખશો તો તમને નસીબ ક્યાં પહોંચાડશે તેની તમે કલ્પના પણ નહીં કરી હોય. ભગવાન તો આપણને દરિયો આપવા તૈયાર છે, આપણે જ ચમચી લઈને ઊભા છીએ.”

### માતા-પિતા અને પરિવારને જીવનમાં અગ્રેસર રાખવા સફળતા માટે જરૂરી છે

આ ફિલોસૉફી સામે ઘણા એવી પણ દલીલ કરે કે વર્તમાનમાં પરફેક્શન લાવવા પર ફોકસ કરીએ, પરંતુ કલ્પના અને ભવિષ્યની વ્યૂહરચના ન હોય તો માણસનો વિકાસ સંભવ બને ખરો? તેના જવાબમાં સંજય રાવલે જણાવ્યું કે તમે વિશ્વના અગ્રણી ધનાઢ્યોના જીવનનો અભ્યાસ કરો તો સમજાશે કે તેમણે ક્યારેય સ્ટ્રૅટેજી બનાવી નહોતી. સ્ટ્રૅટેજી જરૂરી છે, પરંતુ એ વાત પણ એટલી જ સાચી છે કે અમુક ચીજો આપણા હાથમાં છે, જ્યારે અમુક આપણા કાબૂમાં નથી. તેમણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જીવનનું ઉદાહરણ ટાંકતાં જણાવ્યું કે ચા વેચતી વખતે તેમણે ક્યારેય કલ્પના પણ કરી હશે કે તે ભવિષ્યમાં મુખ્યમંત્રી કે વડાપ્રધાન બનશે?

તેઓ MLA બન્યા વિના સી.એમ બન્યા અને MP બન્યા વિના વડા પ્રધાન બન્યા. એ રીતે તમે કરસનભાઈ પટેલ, બાલાજી વેફર્સ, સ્ટીવ જોબ્સ, વોરેન બફેટ કોઈનું પણ જીવનદર્શન કરો, તેમણે કોઈ મોટિવેશનલ સ્પીકરોને સાંભળ્યા નથી, પરંતુ જીવનમાં નાની-નાની ચીજો શ્રેષ્ઠ રીતે કરવાથી તમે એ જગ્યાએ પહોંચી શકો છો જ્યાં તમે પોતે પણ કલ્પના નહીં કરી હોય. દાખલા તરીકે, કચરો વાળવા, ટેબલ સાફ કરવા, નહ્વા કે કપડાં ચીવટથી પહેરવા જેવી રોજિંદી ચીજો પણ તમે તમારી શ્રેષ્ઠ ક્ષમતા મુજબ કરો તો કુદરત તમને ચોક્કસ આપે જ છે.

બે-ત્રણ કરોડનું ટર્નઓવર ધરાવતા ઘણા નાના વેપારીઓ એવા પણ છે જે પરફેક્શનથી કામ કરવા માગે છે, તે માટે આયોજન પણ કરે છે, પરંતુ તેનું એક્ઝિક્યુશન નથી કરી શકતા. તેના જવાબમાં સંજય રાવલે જણાવ્યું, “તેનો જવાબ આપણી સનાતન સંસ્કૃતિની તાકાતમાં રહેલો છે. હું દરેક સેમિનારમાં પાંચ ચીજો વિશે અવશ્ય વાત કરું છું, જેના પર વ્યક્તિ ફોકસ કરે, તો તેમના જીવનમાં બાકી બધું આપોઆપ ગોઠવાઈ જાય છે. હંમેશાં યાદ રાખવું કે ઈશ્વરના પ્લાન મોટા છે. હું ડૉક્ટર બનવા માગતો હતો. બધું જ બરાબર કર્યા છતાં દસમા ધોરણમાં બોર્ડમાં મને 54 ટકા આવ્યા. હું ડૉક્ટર ન બની શક્યો, આજે તમારી સામે ઈન્ટરવ્યુમાં બેઠો છું.”

સંજય રાવલે વધુમાં જણાવ્યું કે આજકાલ લોકોને બહારથી ફળ-ફૂલ બતાવવાં છે, પરંતુ મૂળિયામાં પાણી નાખવું નથી. આપણું કલ્ચર અને પારિવારિક મૂલ્યો આપણને મૂળિયાનું સીંચન કરતા શીખવે છે. બિઝનેસ માટે દિમાગની સાથે સાથે દિલનો પણ ઉપયોગ કરવો જોઈએ. બિઝનેસ એ દિમાગની રમત છે, પરંતુ ઘણા લોકો ફક્ત દિમાગ જ એટલી હદે ઉપયોગ કરે છે કે બ્રેઈન સ્ટ્રોક આવી જાય છે. બીજી બાજું હૃદયનો બિલકુલ ઉપયોગ ન કરે તેવા લોકો હૃદયને લગતી બીમારીઓનો ભોગ બને છે. હકીકતમાં બંનેના સમન્વયથી બિઝનેસ ચલાવવો જોઈએ. બિઝનેસ સોશિયલ લાઈફના ભોગે ન કરવો જોઈએ. ખાલી બિઝનેસમાં જ સફળ હશો અને પારિવારિક જીવન ડામાડોળ હશે તો જીવનમાં વહેલા થાકી જશો. તેમણે એમ પણ ભારપૂર્વક જણાવ્યું કે તન અને મન મસ્ત હોય તો ધન આવે. આથી શરીરને સુડોળ રાખવા પાછળ અને સારા સ્વાસ્થ્ય પાછળ પણ સમય ફાળવવો જોઈએ.

વાર્તાલાપમાં સંજય રાવલે તેમની સફળતામાં પુસ્તક વાંચનને ખૂબ મહત્ત્વનું ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે પુસ્તકો મગજ માટે ઑક્સિજનનું કામ કરે છે. આજકાલ લોકો વાંચનથી વિમુખ થઈ રહ્યા છે, પરંતુ પુસ્તકો વંચાતાં ન હોય તો પણ આસપાસ રાખવાં જોઈએ. તેનાં અલગ વાઈબ્રેશન્સ હોય છે. આંત્રપ્રોન્યોરે પહેલાં પોતાનું સાંસ્કૃતિક ઘડતર કરવું જોઈએ, પછી તન-મનના સ્વાસ્થ્ય પર ફોકસ કરવું જોઈએ અને છેલ્લે પ્લાનિંગ, ઇન્વેસ્ટમેન્ટ વગેરે ધંધાકીય પરિબળો પર ફોકસ કરવું જોઈએ. આજકાલ આ ક્રમ સાવ ઊંધો થઈ ગયો હોવાને કારણે મોટા ભાગના આંત્રપ્રોન્યોર્સ સંઘર્ષ કરી રહ્યા છે.

તેમણે સ્પષ્ટ સવાલ ઉઠાવ્યો, “આખરે સક્સેસની પરિભાષા શું છે? 100 કરોડ, 500 કરોડ? મારી પાસે કરોડો રૂપિયા નથી, પરંતુ પથારીમાં પડતાં સાથે જ ઊંઘ આવી જાય છે. સિકંદર પણ છેલ્લે બે હાથ ખુલ્લા મૂકીને જ દુનિયામાંથી વિદાય થયો હતો. પૈસા પાછળ માણસ ગાંડો થઈને દોડે તે ખોટી વાત છે.”

## રોજેરોજ જે કામ કરો તે શ્રેષ્ઠ કરશો તો કુદરત આપોઆપ તમારા પર સફળતા વરસાવશે

તેમણે જણાવ્યું કે યુવા આંત્રપ્રોન્યોર્સ આ વાતને સાઈકોલૉજિકલ રીતે સ્વીકારી લે તો તે ડિપ્રેશન કે ફ્રસ્ટ્રેશનમાં આવે જ નહીં. ઘણા એવા પણ સાહસિકો છે કે જેમનું 20 કરોડનું ટર્નઓવર છે, પરંતુ તેઓ રૂ. 500 કરોડે પણ કેમ નથી પહોંચ્યા તે વિચારીને હતાશ છે. અરે, પાંચ વર્ષ 20 કરોડ ટર્નઓવર પર ચાલશે, અચાનક તે રૂ. 100 કરોડ પર પણ પહોંચી જશે. આથી ઈશ્વરમાં શ્રદ્ધા રાખીને વર્તમાનમાં પોતાનું શ્રેષ્ઠ પરફોર્મન્સ આપવા પર જ દરેકે ફોકસ કરવું જોઈએ. સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો મહેનત કરો, સારું જીવન જીવવાની કોશિશ કરો, સાઈકોલૉજિકલ ડેવલપમેન્ટ પર ફોકસ કરો. જે કરો તે સારું કરો, તેનો સંતોષ રાખો અને વિકસવા માટે મહેનત કરો. આમ કરવાથી તમે તમારી ઉદ્યોગસાહસિકતાની યાત્રામાં ક્યારેય નાસીપાસ થશો નહીં.

સંજય રાવલે જણાવ્યું કે, “હવે જમાનો એવો આવી ગયો છે કે લોકોને લાગે છે કે બાળક પણ નવ ને બદલે સાત મહિને આવી જાય તો સારું. ધીરજ ખૂટી રહી છે. મને મર્સિડીઝ ખરીદતાં 30 વર્ષ થઈ ગયાં, પરંતુ હવે બધાને બધું જ જલદી જોઈએ છે. ઘણા યુવાનો બૅન્કમાંથી લોન લઈને જલસા કરવા માટે ખર્ચ કરે છે. હવેના લોકોમાં ધીરજ અને નિષ્ફળતાને હૅન્ડલ કરવાની ક્ષમતા ઘટી રહી છે.





સફળતા સાચવવી અલગ વાત છે, પરંતુ સફળ ન થાવ તો કેવી રીતે પોતાની જાતને સાચવશો તે મહત્ત્વનું છે.”

બાળઉછેરમાં માતા-પિતાની જવાબદારી અંગે વાત કરતાં તેમણે જણાવ્યું કે માતા-પિતાએ બાળકોને વૅલ્યુ ફૉર મનીના પાઠ શીખવાડવા ખૂબ જરૂરી છે. દાખલા તરીકે, થિયેટર્સમાં રૂ. 500ની પૉપકૉર્ન મળે છે. અરે, કરોડપતિ હોય તે પણ આ ખર્ચ ન કરે. આટલા રૂપિયામાં 10 કિલો પૉપકૉર્ન ખરીદી શકાય. આ પાઠ બાળકોને ભણાવવા જરૂરી છે. આપણે એ સમજવું જરૂરી છે કે ઈશ્વરે આપણને આ પૃથ્વી પર કોઈ કારણથી મોકલ્યા છે. આપણને નિષ્ફળતા મળે તો સમજવું કે આ રસ્તો ભગવાને આપણા માટે ચૂઝ નથી કર્યો. તેમણે એમ પણ કહ્યું કે બિઝનેસમાં સફળ થવાની કોઈ મોટી ફિલોસૉફી હોત તો દરેક કરોડપતિ બિઝનેસમેનના છોકરા કરોડપતિ જ થાત, પરંતુ એવું નથી. તમારા સારા વિચારો, સારા આચરણ જ તમને એ પરમ શક્તિ સાથે કનેક્ટ કરે છે, જે પછી તમારા પર અપાર કૃપા વરસાવે છે. પોતાના જીવનનું ઉદાહરણ આપતાં તેમણે કહ્યું, “જો હું ડૉક્ટર બન્યો હોત કે હીરાના ધંધામાં નુકસાન ન કર્યું હોત તો આજે ગુજરાતની મોટામાં મોટી યુનિવર્સિટી બનાવવામાં નિમિત્ત ન બની શક્યો હોત.”

સંજય રાવલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું સ્કિલ ઇન્ડિયાનું સપનું સાકાર કરવા માટે આણંદ નજીક 650 એકર જમીનમાં સ્કિલ યુનિવર્સિટી બનાવી રહ્યા છે. આ યુનિવર્સિટી અમદાવાદ, ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓ કરતાં અલગ જ હશે. તેમાં સંજય રાવલના સંસ્કૃતિના જ્ઞાન અને અધ્યાત્મનું ડહાપણ પણ ઉમેરાશે. આ યુનિવર્સિટી ઊભી કરવા પાછળનો આશય જણાવતાં તેમણે કહ્યું, “મેં આખા વિશ્વમાં ટ્રાવેલ કરીને 500-600 કૉલેજોની મુલાકાત લીધી છે. બધે જ શિક્ષણ ખાડે ગયું છે. બાળમંદિરમાં ત્રણથી તેર વર્ષ સુધી જ્યારે બાળકનું સૌથી વધારે ઘડતર થતું હોય ત્યાં રૂ. 10,000ના પગારવાળા સાધારણ શિક્ષકો છે. અને કોલેજોમાં જ્યાં વિદ્યાર્થીઓ પણ નથી ત્યાં શિક્ષકોને રૂ. 1.50 લાખના પગાર મળે છે. આજે 1.5 વર્ષમાં પૂરો થતો એન્જિનિયરિંગનો કોર્સ 5 વર્ષ સુધી ચલાવાય છે. એ રીતે આર્કિટેક્ટનો કોર્સ પણ 2.5 વર્ષમાં પૂરો થઈ શકે તેમ છે. આમ શિક્ષણનું વ્યાપારીકરણ થઈ ગયું છે. વળી, આપણે ફક્ત ટૉપરને જ મહત્ત્વ આપીએ છીએ. 70 ટકાથી ઓછા આવતા હોય તે વિદ્યાર્થીઓનું શું?” આ નવીન વિચાર સાથે તેમણે સ્કિલ યુનિવર્સિટી બનાવવાનો નિર્ણય લીધો છે. આજે ધાતુ બનાવતાં આવડતી હોય તે વ્યક્તિ મહિને લાખ રૂપિયા કમાઈ શકે છે, સારા વાળ કાપનાર દરરોજના રૂ. 5000 કપાઈ શકે છે. ટોચની બિઝનેસ સ્કૂલમાંથી પાસ થનાર વિદ્યાર્થીઓ પણ એટલો જ પગાર મેળવે છે. તો શા માટે એવી તાલીમશાળાઓ ન બનાવવી, જેમાં અમુક મહિનાના કોર્સમાં જરૂરી આવડત કેળવી વ્યક્તિ મહિને રૂ. 50,000ની આવક ઊભી કરી શકે?

વિદ્યાર્થીઓ રેગ્યુલર ડિગ્રી કોર્સ સાથે આ કોર્સ કરી શકશે. તેમાં ઍડમિશન ક્રાઈટેરિયા પણ અલગ જ હશે. જે કોર્સ માટે જે આવડતની જરૂર હશે તેને ટકાવારી જોયા વિના ઍડમિશન આપવામાં આવશે. જેમ કે, સારું ડ્રૉઈંગ કરનાર ટેટૂ આર્ટિસ્ટ બનવા માગતો હશે તો તેની ટકાવારીને નજરઅંદાજ કરીને તેને ઍડમિશન આપવામાં આવશે. સંજય રાવલનું માનવું છે કે આજે જ્યારે દેશ 5 ટ્રિલિયન ડૉલરની ઈકૉનૉમી બનવાનું સપનું જોઈ રહ્યો છે ત્યારે લોકોને તૈયાર કરવા પણ જરૂરી છે. મોટી હોટેલ્સ બનશે, તો તેમાં મહેમાનોની આગતાસ્વાગતા માટે તાલીમ ધરાવતા સ્ટાફની પણ એટલી જ જરૂર પડશે. આ અછત પુરાય અને યુવાનોને રોજગારી મળે તે આશયથી ગુજરાતમાં વિશાળ સ્કિલ યુનિવર્સિટી આકાર લઈ રહી છે. ગુજરાતમાં ઉદ્યોગ-ધંધા કે અન્ય ક્ષેત્રે 250 જેટલી સ્કિલ્સ ખૂબ ઉપયોગી થઈ પડે તેમ છે. આ તમામની તાલીમ યુનિવર્સિટીમાં આપવામાં આવશે.

સંજય રાવલે શિક્ષણપદ્ધતિમાં સમૂળગું પરિવર્તન લાવવાની હિમાયત કરતાં જણાવ્યું, “સ્કૂલમાં 5000 બાળકો વચ્ચે 1 હાર્મોનિયમ હોય તો સંગીતકારો તૈયાર કેવી રીતે થાય? શનિવારે ફક્ત 15 મિનિટ કસરત કરીને બાળકને નિયમિત વ્યાયામની આદત કેવી રીતે પાડી શકાય? હવે નવી એજ્યુકેશન પૉલિસી અંતર્ગત બાળક છઠ્ઠા ધોરણમાં હોય ત્યારથી જ કારકિર્દીની દિશા નક્કી કરી શકે, તે માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમને શાળામાં મળે તે પ્રકારની ગોઠવણ કરાઈ રહી છે.” તેમણે છેલ્લે જણાવ્યું કે માતા-પિતાએ બાળકોના માલિક નહીં, પરંતુ ટ્રસ્ટી તરીકે રહેવું જોઈએ. બાળક ફક્ત સી.એ કે ડૉક્ટર બને તો જ પૈસા કમાશે તેવી માનસિકતામાંથી બહાર આવવા માતા-પિતાએ પ્રયત્ન કરવો જોઈએ. અંતે એટલું ખાસ યાદ રાખવું જોઈએ કે સંસ્કાર હશે તો પૈસા આવશે જ આવશે, પરંતુ સંસ્કાર નહીં હોય તો પૈસા હશે તે પણ જતા રહેશે. જો આ પાયાના સિદ્ધાંતો પકડી રાખીશું તો સાત પેઢી સુધી કોઈ વાંધો આવશે નહીં.

INTERVIEW

# સ્ટાર્ટઅપ્સમાં
# કોઈ ઇન્વેસ્ટર રોકાણ કરવા માટે ક્યારે તૈયાર થાય?

શું તમે ક્યારેય ઘરના વડીલને એવું કહેતા સાંભળ્યા છે, “બિઝનેસ કરવો આપણું કામ નહીં, એ તો બહુ પૈસા હોય એ જ કરી શકે.” ગુજરાતને આમ તો ઉદ્યોગસાહસિકોની ભૂમિ કહેવામાં આવે છે, પરંતુ એક દાયકા પૂર્વે સુધી ગુજરાતમાં લોકોની માનસિકતા એવી જ હતી કે જેમના બાપ-દાદા ધંધો કરતા હોય, જેની પાસે બહુ પૈસા હોય એ જ બિઝનેસ કરી શકે. આથી મધ્યમ વર્ગના અનેક યુવાનોનું પોતાનો બિઝનેસ ઊભું કરવાનું સપનું આર્થિક જવાબદારીઓના બોજમાં કચડાઈ જતું હતું, પરંતુ હવે સમય બદલાયો છે. યુવાનો ગર્વથી પોતાની ઓળખ સ્ટાર્ટઅપ ફાઉન્ડર તરીકે આપતા થયા છે. એટલું જ નહીં, તેમને સમાજ, પરિવાર અને નાણાકીય સંસ્થાનો પણ પૂરતો ટેકો મળી રહે છે. આથી જ GVFL (ગુજરાત વેન્ચર ફાઇનાન્સ લિમિટેડ)ના પ્રમુખ અને CEO મિહિર જોશી જણાવે છે કે ભારતમાં 25થી 30 વર્ષની વયના યુવાનો જો પોતાનો બિઝનેસ શરૂ કરવા માગતા હોય તો હાલ તેમના માટે સુવર્ણકાળ ચાલી રહ્યો છે. મિહિર જોશીએ ‘ગુજરાત ઉદ્યોગજગતની ચર્ચા’માં GCCIના વિશાલ ગુનાની સાથે સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ અંગે વિગતે વાત કરી હતી.

GVFLના પ્રમુખ અને CEO મિહિર જોશી આ ક્ષેત્રે 22 વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે. તેમણે રૂ. 500 કરોડના ઈન્વેસ્ટમેન્ટથી અનેક એન્ટરપ્રાઈઝ બનાવી છે, તેમનું બજારમાં મૂલ્ય ઊભું કર્યું છે. આ ઉપરાંત કંપનીમાંથી સમયસર એક્ઝિટ લેવાની તેમની કુનેહ પણ વખાણવાલાયક છે. ધીરુભાઈ અંબાણી, ગૌતમ અદાણી સહિત અનેક અગ્રણી ઉદ્યોગસાહસિકોની ભૂમિ ગણાતું

**આંત્રપ્રોન્યોરશિપમાં ઝંપલાવવા માગતા સાહસિકોને હવે ઇન્વેસ્ટમેન્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને એમ્પ્લૉયીઝ સરળતાથી મળી જાય છે.**

**બિઝનેસ શરૂ કરવા માટે અત્યાર જેટલો અનુકૂળ માહોલ અગાઉ ક્યારેય નહોતો.**






ગુજરાત બૅન્ગલોરની જેમ ઈનોવેશન હબ ક્યારે બનશે તેના જવાબમાં મિહિર જોશીએ જણાવ્યું કે આ સમજવા માટે છેલ્લાં 10 વર્ષમાં શું બદલાયું તે વિશે ચિંતન કરવું જરૂરી છે. તેમણે કહ્યું, “ગુજરાતીઓમાં બિઝનેસની તક પારખવાની કુનેહ છે, ઉદ્યોગસાહસિકતા તેમના લોહીમાં છે, પરંતુ 10 વર્ષ પહેલાં ગુજરાતમાં કહેવાતું હતું કે બાપદાદાની સંપત્તિ હોય તો જ ધંધો કરાય. જો પૈસા ન હોય તો ધંધાનું વિચારી જ ન શકાય. પછી તો તમારે સારી ડિગ્રી લેવાની અને ક્યાંક નોકરી શોધી લેવાની. ધંધા માટે ફૅક્ટરી નાખવી પડે, જમીન ખરીદવા માટે પૈસા જોઈએ. હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. તમે ફૅક્ટરી નાખ્યા વિના પણ ગમે ત્યાંથી પ્રોડક્ટ બનાવી શકો છો. અગાઉ પ્રોડક્ટ વેચવા માટે ડિસ્ટ્રિબ્યુટરની જરૂર પડતી હતી. હવે તમે તમારી પ્રોડક્ટ સીધી ઈન્ટરનેટ પર વેચી શકો છો. અગાઉ તમારી પાસે મોટી ગાડી ન હોય તો કર્મચારીઓ તમારી સાથે કામ કરવા તૈયાર નહોતા થતા. વેન્ડર અને સપ્લાયર પણ આવા ઉદ્યોગસાહસિક પર વિશ્વાસ ન મૂકતા. હવે એવું નથી. સ્ટાર્ટઅપ શરૂ કરવા તમારે મોટી ગાડી રાખવાની જરૂર નથી. સ્ટાર્ટઅપ્સને વેન્ડર પણ મળી જાય છે અને કર્મચારીઓ પણ નાની કંપનીઓ સાથે કામ કરવા તૈયાર થઈ જાય છે.”

**ગુજરાતના સ્ટાર્ટઅપમાં રોકાણ કરવા મુંબઈ, દિલ્હી અને બૅન્ગલોરથી પણ ઇન્વેસ્ટર્સ આવે છે.**

આજે બિઝનેસ શરૂ કરનાર પાસે પોતાની ઑફિસ સ્પેસ ન હોય તો કર્મચારીઓ વર્ચુઅલ એન્વાયર્નમેન્ટ અને વર્ક ફ્રોમ હોમ કરવા પણ તૈયાર થઈ જાય છે. છેલ્લાં દસ વર્ષમાં ઉદ્યોગસાહસિકતા અને સ્ટાર્ટઅપ અંગે લોકોના વિચારમાં ખાસ્સુ પરિવર્તન આવ્યું છે. સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ મૅચ્યોર થઈ ગઈ છે અને લોકો હવે નવો બિઝનેસ કરનાર વ્યક્તિ પર વિશ્વાસ મૂકતા થયા છે. એક સમય હતો જ્યારે ઍન્જલ ઈન્વેસ્ટર શબ્દ બધા માટે નવો હતો. જો બિઝનેસ કરવો હોય તો HNI (હાઈ નેટ વર્થ ઈન્ડિવિજ્યુઅલ) જેની પાસે ખૂબ પૈસા હોય તેમના પર મદાર રાખવો પડતો હતો. જો HNIને ઉદ્યોગસાહસિકતાના આઈડિયા પર વિશ્વાસ ન બેસે તો તેવા

# સ્ટાર્ટઅપમાં ઇન્વેસ્ટમેન્ટ કેવી રીતે કરી શકાય?

જો તમારી પાસે પૈસા હોય તો તમે ઈન્વેસ્ટર તરીકે સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમનો હિસ્સો બની શકો છો. આજે માર્કેટમાં ઘણાં ઍન્જલ ઈન્વેસ્ટર્સ પ્લૅટફૉર્મ છે. આ પ્લૅટફૉર્મ સ્ટાર્ટઅપ્સને પ્રપોઝલ મોકલવા માટે પ્રોત્સાહન આપે છે. જો એ પ્રસ્તાવ પસંદ આવે તો તેઓ આગળ ઍન્જલ ઈન્વેસ્ટરને રેકમેન્ડ કરે છે. જે ઈન્વેસ્ટરને સ્ટાર્ટઅપ ઈવેલ્યુએશનનું સંગીન જ્ઞાન ન હોય તે આવા પ્લૅટફૉર્મનો ભાગ બનીને ઈન્વેસ્ટર તરીકેની યાત્રા શરૂ કરી શકે છે. આ ઉપરાંત તે કોઈ ઈન્ક્યુબેટર સાથે પણ જોડાઈ શકે છે. હાલ માર્કેટમાં 200થી 400 જેટલાં વેન્ચર ફંડ ચાલી રહ્યાં છે, ઈન્વેસ્ટર તેનો હિસ્સો પણ બની શકે છે. હા, સ્ટાર્ટઅપ્સમાં રિટેલ ઈન્વેસ્ટર જોડાઈ શકતા નથી. રોકાણકારે ઓછામાં ઓછું રૂ. 1 કરોડનું રોકાણ કરવું પડે છે. સ્ટાર્ટઅપમાં રોકાણ થોડું જોખમી છે. વળી, તેમાં રિટર્ન મેળવવા માટે પાંચ-છ વર્ષ ધીરજ રાખવી પડે છે.

સ્ટાર્ટઅપ્સમાં રોકાણ કરવા માગતા ઈન્વેસ્ટરે પણ જોવું જોઈએ કે કયા સ્ટાર્ટઅપ રેલેવન્ટ ટેક્નૉલૉજી કે સૉફ્ટવેર પર કામ કરે છે. એક વખત સારું સૉફ્ટવેર બનાવે અને તેને વૈશ્વિક સ્તરે સ્કેલ-અપ કરે તો તેમાંથી સ્ટાર્ટઅપને સતત આવક થયા જ કરે છે અને એક જ વખતની મહેનત પર સ્ટાર્ટઅપ સારા રૂપિયા કમાઈ શકે છે, ઉપરાંત કંપનીની વૅલ્યુ ક્રિયેટ થાય છે. ભારતમાં એવાં ઘણાં સ્ટાર્ટઅપ્સ છે જે એક વખત સારું સૉફ્ટવેર કે વેબસાઈટ બનાવીને તેના પર ખૂબ સારું રિટર્ન મેળવી રહ્યાં છે. ઈન્વેસ્ટરે આવાં સ્ટાર્ટઅપ પર નજર રાખવી જોઈએ. ઍન્જલ ઈન્વેસ્ટર્સ સ્ટાર્ટઅપમાં પ્રારંભિક તબક્કે રોકાણ કરે છે, આથી તેમનું રિસ્ક ઘણું મોટું હોય છે. તેઓ 10 સ્ટાર્ટઅપમાં ઈન્વેસ્ટ કરે તેમાંથી માંડ 1-2 સફળ થાય છે, પરંતુ પ્રારંભિક તબક્કે રોકાણ કર્યું હોવાથી જે કંપની ગ્રો કરે તેમાં તેમને રિટર્ન ખૂબ સારું મળે છે.

જેમ સ્ટૉકમાં સીધું રોકાણ કરવાથી પૈસા ગુમાવવાનું જોખમ વધારે રહે છે અને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણથી આ જોખમ ઘટી જાય છે એ જ રીતે સ્ટાર્ટઅપમાં ઓછું જોખમ લેવા માગતા હોવ તો વેન્ચર ફંડમાં પૈસા રોકી શકો છો, પરંતુ આ માટે પણ તમારે રૂ. 1 કરોડના રોકાણની તૈયારી રાખવી પડે છે. હવે માર્કેટમાં ઘણા ફંડ ઈન્વેસ્ટર પાસેથી રૂ. 25 લાખ લઈને 25 સ્ટાર્ટઅપમાં 1-1 લાખ રોકે છે, પરંતુ મિહિર જોશી ઈન્વેસ્ટર્સને આ રસ્તો લેવાની સલાહ આપતા નથી. તેમનું માનવું છે કે જે ઈન્વેસ્ટરને સ્ટાર્ટઅપ રિસ્ક ન સમજાતું હોય, પૈસા કયા સ્ટાર્ટઅપમાં રોકવા તેની સૂઝ ન હોય તેમણે આ રસ્તો પસંદ કરવો જોઈએ નહીં.



**એક જ ઇન્ડસ્ટ્રીમાં મલ્ટિપલ સ્ટાર્ટઅપ્સ હોય તો પણ બધાં સફળ નથી થતાં, બધાંને ફંડિંગ નથી મળતું.**

સંજોગોમાં આંત્રપ્રોન્યોર માટે ફંડ ઊભું કરવું મુશ્કેલ થઈ જતું હતું. હવે ઍન્જલ ઈન્વેસ્ટર્સ સ્ટાર્ટઅપને પૈસા આપવા ઉત્સુક છે. એટલું જ નહીં, ઠેર ઠેર સ્ટાર્ટઅપ્સ માટે ઈન્ક્યુબેશન અને એક્સલરેટર્સ બની ગયાં છે. તેઓ શરૂઆતના સમયમાં સ્ટાર્ટઅપ્સને જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ફંડિંગ અને માર્ગદર્શન આપે છે. અર્થાત્, પ્રારંભિક તબક્કાની સ્ટાર્ટઅપ્સની બધી જ જરૂરિયાતો આ સેન્ટર્સ પૂરી કરે છે. પહેલાં ઉદ્યોગસાહસિકોએ પોતાનાં સર્વર્સ ઊભાં કરવા પડતાં હતાં, હવે ક્લાઉડ સ્ટોરેજથી કામ થઈ જાય છે. આમ દરેક પગલે ઉદ્યોગસાહસિકોની યાત્રા પહેલાં કરતાં વધારે સરળ બની છે.

મિહિર જોશી જણાવે છે, “ગુજરાતીઓને બિઝનેસમાં તક સમજાય છે, પરંતુ પહેલાં તો બિઝનેસ શરૂ કરવા માટેના પહેલા જ સ્ટેપમાં ઘણી મર્યાદા આવી જતી હતી. માતા-પિતા કહેતાં કે પૈસા હશે તો જ બિઝનેસ કરી શકાય. લોકોને નવા ઉદ્યોગસાહસિક પર ભરોસો નહોતો. બિઝનેસ સ્ટાર્ટ કરવા દેખાવ કરવો પડતો હતો. હવે એવું નથી. તમે બિઝનેસની તક વિશે ખૂલીને વાત કરી શકો છો. ફૅમિલી નહીં સમજે તો ઈન્ક્યુબેટર કે એક્સેલરેટર સમજશે. ત્યાં તમને બિઝનેસ સેટ-અપ કરવા માટેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર મળી જશે. કંપનીને સ્કેલ-અપ કરવા માટે જરૂરી મેન્ટરશિપ પણ મળી રહેશે. ઘણા યુવાનો તો યુટ્યુબ વિડિયો જોઈને પણ કંપની કેમ ચલાવવી અને સ્કેલ-અપ કરવી તે શીખી જાય છે. આમ હવે પરિસ્થિતિ એવી છે કે તમે ચાલવાનું શરૂ કરશો તો રસ્તો બનતો જશે. આ ઉપરાંત ટેક્નૉલૉજીએ તમને એટલી તાકાત આપી છે કે તમે વિશ્વમાં કોઈની પણ સાથે જોડાઈ શકો છો.”

બૅન્ગલોર આંત્રપ્રોન્યોરશિપમાં અગ્રેસર હોવાનું કારણ સમજાવતાં તેમણે કહ્યું કે દેશમાં સર્વપ્રથમ બૅન્ગલોરમાં આઈટી કંપનીઓ આવી અને ટેક્નૉલૉજી રિવૉલ્યુશન જોવા મળ્યું. ત્યાં ઈન્ટરનેટ એક્સેસ વહેલું મળતાં સ્થાનિક યુવાનોએ આંત્રપ્રોન્યોરશિપનું વહેલું કેપિટલાઈઝેશન કરવાનું શરૂ કર્યું. હવે પરિસ્થિતિ એવી છે કે ઈન્ટરનેટ દેશના ખૂણેખૂણે પહોંચી ગયું છે. ટાયર-ટુ અને ટાયર-થ્રી શહેરોમાંથી પણ હવે ઉદ્યોગસાહસિકો ઊભરીને બહાર આવી રહ્યા

## કયા સેક્ટરમાં ગ્રોથ જોવા મળી શકે છે?

મિહિર જોશીના મતે કન્ઝમ્પશન, હેલ્થકૅર અને ESG એ ત્રણ સેક્ટર આગામી સમયમાં વિકસતાં જોવા મળશે. ભારતના GDP ગ્રોથમાં 50થી 60 ટકા ફાળો તો કન્ઝમ્પશનનો છે. આ ઉપરાંત હેલ્થકૅર ક્ષેત્રે સપ્લાય ચેઈનમાં ઘણાં બિઝનેસ મૉડેલનો સ્કોપ છે. આ ઉપરાંત નજીકના ભવિષ્યમાં ESG (એન્વાયરમેન્ટ, સોશિયલ, કૉર્પોરેટ ગવર્નન્સ) સરકાર ફરજિયાત બનાવી દેશે. તેમાં પણ હવે બિઝનેસ ગ્રોથનો ખાસ્સો સ્કોપ છે.

## ઇન્વેસ્ટર શું જોઈને કંપનીમાં ઇન્વેસ્ટ કરે છે?




છે. નાના શહેરમાં બેસીને તેઓ આખા દેશ અને આખા વિશ્વ સુધી પહોંચી શકે છે અને તેમના બિઝનેસને સ્કેલ-અપ કરી શકે છે. તેમણે સ્પષ્ટ જણાવ્યું કે ઈન્વેસ્ટરને કારણે વી.સી. ઈકોસિસ્ટમ વાઈબ્રન્ટ બને છે તેવું નથી. લોકલ ઈકોસિસ્ટમ જેટલી સારી હોય તેટલી ઈન્વેસ્ટર્સને ત્યાં રોકાણ કરવા આવવાની ફરજ પડે છે. આજે દર અઠવાડિયે મુંબઈ, બૅન્ગલોર અને દિલ્હીથી ઈન્વેસ્ટર્સ અમદાવાદમાં સ્ટાર્ટઅપ્સને મળવા માટે આવે છે. આ ઉપરાંત સ્થાનિક ઈવેન્ટ્સ પણ મોટા પાયે રોકાણકારોને આકર્ષે છે. બીજું, બૅન્ગલોર જેવા શહેરમાં હવે ટીમ બનાવવી, કર્મચારીઓને ટકાવી રાખવા મુશ્કેલ છે. ઉપરાંત કૉસ્ટ ઊંચી છે. અમદાવાદ જેવાં શહેરોમાં સારી ટૅલન્ટ સરળતાથી મળી રહે છે. મિહિર જોશી ભારપૂર્વક જણાવે છે, “મને આજ સુધી કોઈએ એવું નથી કહ્યું કે ગુજરાતમાં ટૅલન્ટ શોધવામાં મુશ્કેલી પડી રહી છે.”

સમયની સાથે કર્મચારીઓની માનસિકતા પણ બદલાઈ છે. અગાઉ લોકો ફક્ત મોટી કંપનીમાં જ કામ કરવા માગતા હતા, પરંતુ હવે લોકો સમજી રહ્યા છે કે મોટી કંપનીમાં સેલરી સારી મળશે, પરંતુ તમે 10 વર્ષ મોટી કંપનીમાં કામ કરશો અને પાંચ વર્ષ સ્ટાર્ટઅપમાં કામ કરશો તો તમને તમારા ગ્રોથમાં ફરક જોવા મળશે. સ્કેલિંગ કંપનીમાં કામ કરવાથી કર્મચારીઓનો પણ સારો ગ્રોથ થાય છે. તેમને એક વિકસતી કંપનીનો ભાગ બનવાનો મોકો અને વેલ્થ ક્રિયેશનની તક મળે છે. મિહિર જોશી કહે છે, “25થી 30 વર્ષના યુવાનો માટે સ્ટાર્ટઅપ કરવાની આકર્ષક તક છે. ભારતમાં અગાઉ આવી તક હતી જ નહીં. આવનારાં 10 વર્ષ તેમના માટે ખૂબ સારો સમય લઈને આવશે. અત્યારે તેમની પાસે કૅપિટલ, મજબૂત ઈકોસિસ્ટમ, રેગ્યુલેટરી સપોર્ટ અને તક ભરપૂર પ્રમાણમાં ઉપલબ્ધ છે.”

મિહિર જોશી જે સંસ્થા સાથે જોડાયેલા છે તે GVFLની સ્થાપના 1990માં થઈ હતી. એ સમયે દેશમાં સ્ટાર્ટઅપ જેવો કૉન્સેપ્ટ હતો જ નહીં. આ કંપની શરૂ થઈ તેનો રસપ્રદ કિસ્સો શૅર કરતાં તેમણે જણાવ્યું, “1990માં વર્લ્ડ બૅન્કને એવો વિચાર આવ્યો કે અમારી

## નિષ્ફળ જાવ તો પણ આંત્રપ્રોન્યોરશિપ પર હાથ જરૂર અજમાવો:

સ્ટાર્ટઅપ ફાઉન્ડર્સ માટે અગત્યનો મેસેજ આપતા મિહિર જોશીએ જણાવ્યું કે સ્ટાર્ટઅપની જર્ની કાંટાળી છે પરંતુ તેની સામે જે રિવોર્ડ મળે છે તે ઘણો સંતોષકારક છે. નાની ઉંમરથી જ જોખમ ખેડી યુવાનોએ આંત્રપ્રોન્યોરશિપમાં ઝંપલાવવું જોઈએ. રિસ્ક લેશો તો રિવોર્ડ મળશે. વળી, નિષ્ફળ જનારા ઉદ્યોગ સાહસિકોની પણ સમાજમાં હવે બોલબાલા છે. એક કે બે વાર બિઝનેસમાં નિષ્ફળ ગયેલા આંત્રપ્રોન્યોર્સ ઈન્ફ્લુએન્સર તરીકે આજે માર્કેટમાં પૂછાય છે. આથી નિષ્ફળ થવાનો ડર છોડીને દરેકે આંત્રપ્રોન્યોરશિપ પર હાથ અજમાવો જોઈએ.



પાસે જે પૈસા છે તે અમે ભારતને આપવા માગીએ છીએ. તેથી તેમણે ભારતમાં વેન્ચર કૅપિટલિસ્ટ તરીકે કામ કરે તેવી સંસ્થા બનાવવા જણાવ્યું. એ સમયે તેનો આશય એવી ટેક્નૉલૉજીને પ્રોત્સાહન આપવાનો હતો જે માર્કેટને ડિસરપ્ટ કરી શકે. આવી ટેક્નૉલૉજીને સમાજ સુધી પહોંચાડવા પૈસાની જરૂર હતી. જો આંત્રપ્રોન્યોરને પૈસા ન મળે તો તે ટેક્નૉલૉજીનો લાભ સમાજ સુધી ન પહોંચી શકે. આ માટે વી.સી. કૅપિટલિસ્ટ સંસ્થાની જરૂર પડી.” આમ વર્લ્ડ બૅન્કના વિચારને કારણે પહેલાં ક્યારેય કોઈએ વિચાર્યું ન હોય, જેનો પ્રયોગ ન થયો હોય તેવી ટેક્નૉલૉજી સમાજ સુધી પહોંચતી થઈ. તેમાં ઇન્વેસ્ટર્સ અને ઉદ્યોગસાહસિકો વચ્ચે પાર્ટનરશિપની એક સમજણ ઊભી થઈ. ઇન્વેસ્ટર્સ પૈસા લગાવે, ઉદ્યોગસાહસિક ટેક્નૉલૉજીનું દિમાગ દોડાવે. જો કૉમર્શિયલ રીતે આઇડિયા સફળ થાય તો બંનેને લાભ મળે. આ રીતે નવા નવા આઇડિયા પ્રોટોટાઇપમાં રૂપાંતરિત થઈને પાઇલટ લેવલ પર પહોંચતા થયા, પરંતુ એ સમયે મર્યાદા એ હતી કે ફંડિંગના મલ્ટિપલ રાઉન્ડ્સ નહોતા થતા. એક વખત સંસ્થા બે કરોડ નાખે, અને ટેક્નૉલૉજી સ્થાનિક સ્તરે સફળ થાય તો પણ તેને રાષ્ટ્રીય સ્તર સુધી પહોંચાડવા કે સ્કેલ-અપ કરવા માટે જરૂરી કૅપિટલની અછત હતી. વળી, એ જમાનામાં પણ ઇન્વેસ્ટમેન્ટ મેળવ્યા પછી 30-40 ટકા સ્ટાર્ટઅપ સર્વાઇવ નહોતા કરતા.

જેમ જેમ સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ વિકસી, અમુક કંપની ફંડિંગ મેળવીને એટલી મોટી થઈ કે રોકાણકારોને તેમના ઇન્વેસ્ટમેન્ટ સામે ઘણું સારું વળતર મળી રહ્યું. આ રીતે ઇન્વેસ્ટર્સની ઇકોસિસ્ટમ વિકસી છે. મિહિર જોશી જણાવે છે, “વેન્ચર કૅપિટલિસ્ટની ઇકોસિસ્ટમ અરસપરસ જોડાયેલી છે અને બધા એકબીજાને ઓળખે છે. તેઓ ઇન્ક્યુબેટર અને એક્સલરેટરની પ્રવૃત્તિઓ પર નજર રાખે છે. એક વી.સી. જ્યાં ઇન્વેસ્ટ કરે તેના પર બીજા વી.સી. ધ્યાન રાખે છે. આમ સ્પાઇરલ ઇમ્પેક્ટ આવે છે. કોઈ ઇન્વેસ્ટર રોકાણ કરે, પછી સ્ટાર્ટઅપ ફંડને સારી રીતે એક્ઝિક્યુટ કરે તો ફંડિંગનો બીજો અને ત્રીજો રાઉન્ડ થાય છે. જો ફર્સ્ટ રાઉન્ડમાં 1000 કંપની હોય તો તે બધાના જ રડારમાં હોય છે. પછીના રાઉન્ડમાં 300 કંપની આવે તો તેમાં બધા રોકાણકારો પૈસા રોકવા ઉત્સુક હોય છે. જેમ જેમ રાઉન્ડ વધે તેમ મોટા ઇન્વેસ્ટર્સ માટે કંપનીની સંખ્યા ઘટતી જાય છે.”

ઘણા ઇન્વેસ્ટર્સ એવા પણ છે જે રૂ. 200-500 કરોડથી ઓછું રોકાણ કરતાં જ નથી. તેઓ જણાવે છે કે, કંપની ઇનોવેશન કે ટેક્નૉલૉજીથી કોઈ સમસ્યાનો ઉકેલ પ્રસ્તુત કરતી હોય તો રોકાણકારોને તેમાં રસ પડે છે. તેમાં એ પણ પ્રશ્ન ઊભો થાય કે કોઈ નવો વિચાર લઈને આવેલી કંપની હોય જેની માર્કેટ સાઇઝ રૂ. 1000 કરોડની હોય અને કોઈ બીજી કંપની એવી હોય જેની માર્કેટ સાઇઝ રૂ. 10,000 કરોડની હોય તો ઇન્વેસ્ટર શેમાં રોકાણ કરશે? તેના જવાબમાં મિહિર જોશીએ જણાવ્યું કે ફ્લિપકાર્ટ આમ તો એમેઝોનની નકલ છે, પરંતુ તેણે ઉત્પાદકોને તેમનાં ઉત્પાદન સીધાં ગ્રાહક સુધી પહોંચાડવાની તક આપી છે. અગાઉ મૅન્યુફૅક્ચરર પાસેથી માલ ડિસ્ટ્રિબ્યુટર, મલ્ટિપલ ચૅનલ થકી રિટેલર અને રિટેલર મારફતે ગ્રાહક સુધી પહોંચતો હતો. વચ્ચેના લોકો પ્રોડક્ટમાં કશી વૅલ્યુ એડિશન નહોતા કરતા, પરંતુ તેમને કારણે રૂ. 10ની વસ્તુ ગ્રાહક સુધી પહોંચતાં સુધીમાં રૂ. 100ની થઈ જતી હતી. ઈ-કૉમર્સ કંપનીઓએ મૅનુફૅક્ચરરથી સીધી ગ્રાહક સુધી પ્રોડક્ટ પહોંચતી કરી છે. આ ઉપરાંત ઘણી બધી ઈ-કોમર્સ કંપનીઓમાં જે ટેક્નૉલૉજી ફ્રન્ટ પર મજબૂત હશે, તે સફળ થશે. આમ એક જ ઇન્ડસ્ટ્રીમાં મલ્ટિપલ સ્ટાર્ટઅપ્સ કે કંપનીઓ હોય તો પણ તમામ ફંડિંગ મેળવવામાં સફળ થતી નથી. તેના માટે બિઝનેસ મૉડેલમાં કંઈક અલગ કરવું પડે છે.

મિહિર જોશીએ જણાવ્યું કે, “બિઝનેસ શરૂ કરવા માગતા ઉદ્યોગસાહસિકને શરૂઆતમાં ઇન્ક્યુબેટર, એક્સલરેટરની મદદથી ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને રૂ. 25-50 લાખનું ફંડિંગ મળી જાય છે. આમ કરવાથી સ્ટાર્ટઅપને આઇડેન્ટિટી મળે છે, સારી ટીમ મળે છે અને એ સપોર્ટ સાથે તે પ્રોડક્ટનું પહેલું વર્ઝન બહાર પાડે છે. તેને જોઈને ઍન્જલ ઇન્વેસ્ટર્સ કંપની સાથે જોડાય છે.” આ રીતે ધીરે ધીરે કંપનીની સાઇઝ અને ફંડિંગની રકમ વધતી જાય છે, પરંતુ આંત્રપ્રોન્યોર માટે જે પણ ફંડિંગ મળે તેમાંથી પોતાનું કામ શ્રેષ્ઠ રીતે કરવું ખૂબ જરૂરી છે. જો સ્ટાર્ટઅપ સારું કામ કરે, પ્રોડક્ટની માર્કેટ સાઇઝ મોટી હોય અને વૅલ્યુ ક્રિએશનના સ્કોપ હોય તો રોકાણકારો આપોઆપ કંપની તરફ આકર્ષાય છે. ઘણી વાર તો સ્ટાર્ટઅપ્સને પણ ખ્યાલ નથી આવતો કે કંપની ક્યારે આટલા મોટા પાયા પર પહોંચી ગઈ. સ્ટાર્ટઅપ એક એવી યાત્રા છે જેમાં પાંચ-છ વર્ષમાં તમે સફળતાના

## ઇન્વેસ્ટર્સ સ્મૉલ-મીડિયમ ઇન્ડસ્ટ્રીમાં રોકાણ કરતાં કેમ ખચકાય છે?

**રૂ. 5થી 25 કરોડનું ટર્નઓવર કરી રહેલી સ્મૉલ અને મીડિયમ ઇન્ડસ્ટ્રી ભાગ્યે જ ઇન્વેસ્ટર્સનું ધ્યાન ખેંચે છે. તેમને ફંડ માટે બૅન્ક ડેટ પર વધારે મદાર બાંધવો પડે છે. તે પાછળનું કારણ સમજાવતાં મિહિર જોશીએ જણાવ્યું કે નાના-મધ્યમ ઉદ્યોગોમાં ધંધાનો વિકાસ માર્કેટના ઉતાર-ચડાવ પર નિર્ભર છે. પાંચ વર્ષની કૅપેક્સ સાઈકલમાં 1થી 1.5 વર્ષ સારું જાય અને પછી સાઇકલ નીચે તરફ ચાલે. તેવા સમયે સ્ટીલ જેવી ઇન્ડસ્ટ્રીમાં ઊંચા મેનપાવર અને ફ્યુઅલ કૉસ્ટને કારણે ઉદ્યોગોને બ્રેક-ઈવન પર પહોંચવામાં પણ મુશ્કેલી પડે છે. કૉમોડિટી સાથે સંકળાયેલા કોઈ પણ બિઝનેસમાં ગ્લોબલ સપ્લાય ચેઇન ક્યાંક ખોરવાય તો બિઝનેસ હચમચી જાય છે. આવી ઈવેન્ટ્સનો તાગ મેળવવો, અને તેને કંટ્રોલ કરવી ખૂબ મુશ્કેલ છે. આ કારણે નાના-મધ્યમ ઉદ્યોગો વેન્ચર કૅપિટલ કૉમ્યુનિટી અવોઇડ કરે છે. આ ઉપરાંત તેમાં રિટર્ન ઑન ઇન્વેસ્ટમેન્ટ સ્ટાર્ટઅપ્સ જેટલું આકર્ષક મળતું નથી. નાના-મધ્યમ ઉદ્યોગો માટે હવે ફંડ રેઇઝ કરવા માટે SME IPO સારા વિકલ્પ બની ગયા છે. IPO વખતે કંપની ઑપ્ટિમમ વૅલ્યુ પર પહોંચે છે. ઘણા ઇન્વેસ્ટર્સ એ પણ જુએ છે કે આગામી ત્રણેક વર્ષમાં કંપની IPO લાવવાનું આયોજન કરી રહી છે કે નહીં. જો કંપની રૂ. 5000 કરોડનો IPO લાવે તો ઇન્વેસ્ટર પોતાના રૂ. 50 કરોડ તો સરળતાથી કાઢી શકે છે.**



શિખરે પહોંચી શકો છો, અને આ યાત્રા દરેક આંત્રપ્રોન્યોર માટે ખૂબ રિવોર્ડિંગ છે.

સ્ટાર્ટઅપ્સ ફાઉન્ડર્સને ઘણા એવી પણ સલાહ આપે છે કે શક્ય હોય ત્યાં સુધી સ્થાપકે પોતાના જ પૈસા લગાવવા જોઈએ, ઇન્વેસ્ટર્સ પાસેથી પૈસા લેવા જોઈએ નહીં, કારણ કે દેવું એક તબક્કે ચૂકવાઈ જાય છે, પરંતુ જ્યારે સ્ટાર્ટઅપ્સ કોઈ ઇન્વેસ્ટરને ઈક્વિટીમાં હિસ્સો આપે, તે જીવનપર્યંત ચાલુ જ રહે છે અને જેમ જેમ કંપની મોટી થતી જાય તેમ તેમ ઇન્વેસ્ટરના હિસ્સામાં જતી રકમ પણ વધતી જ જાય છે. તો આખરે સ્ટાર્ટઅપ્સે શું કરવું જોઈએ? તેના જવાબમાં મિહિર જોશીએ જણાવ્યું, "પહેલાંના સમયમાં બિઝનેસ શરૂ કરવા માટે વ્યક્તિ પોતાના રૂ. 2-3 કરોડ ન રોકે ત્યાં સુધી કશું થતું નહોતું, પરંતુ હવે સ્ટાર્ટઅપ આંત્રપ્રોન્યોર્સ સ્માર્ટ થઈ ગયા છે. માર્કેટમાં સરળતાથી પૈસા મળી રહ્યા છે તો તે પોતાના કેમ લગાવે? આજે પણ 10માંથી 5થી 6 સ્ટાર્ટઅપ એવાં જ હશે જેમણે પોતાનાં સગાંસંબંધી કે મિત્રો પાસેથી ફંડ લીધું હશે, પરંતુ તેમાંથી 4 સ્ટાર્ટઅપ એવાં પણ હશે જે પોતાનો અંગત 1 પણ રૂપિયો લગાવ્યા વિના આગળ વધ્યાં છે. જ્યારે કોઈ ઇન્વેસ્ટર તમને બિઝનેસમાં પોતાના રૂપિયા લગાવવાની સલાહ આપે તો સમજવું કે તમારા બિઝનેસ મૉડેલમાં હજુ સુધી એક્સાઇટમેન્ટ નથી."

સ્ટાર્ટઅપ્સનાં વૅલ્યુએશન પણ ઘણા લોકોને સમજાતાં નથી. દાખલા તરીકે, કોઈ કંપનીનું વૅલ્યુએશન રૂ. 7000 કરોડનું બોલાતું હોય, પરંતુ માર્કેટમાં તે કંપની વેચાવા નીકળે તો કોઈ રૂ. 2 કરોડ પણ આપવા તૈયાર થતું નથી. સ્ટાર્ટઅપના વૅલ્યુએશનની પ્રક્રિયા અંગે વાત કરતા મિહિર જોશીએ જણાવ્યું કે ઇન્વેસ્ટર હંમેશાં કંપનીના ફ્યુચર ગ્રોથ સામે જોઈને ઇન્વેસ્ટ કરે છે. દાખલા તરીકે કોઈ ઇન્વેસ્ટરને કંપનીમાં પોટેન્શિયલ દેખાય અને તે રૂ. 10 કરોડ રોકીને 10 ટકા સ્ટેક લે તો તે કંપનીનું વૅલ્યુએશન સીધું રૂ. 100 કરોડ થઈ જાય છે. તેનો અર્થ એ નથી કે કંપનીનું વાસ્તવિક વૅલ્યુએશન એટલું છે. ઇન્વેસ્ટર જ્યારે પણ કંપનીમાં પૈસા રોકે ત્યારે ભવિષ્યમાં કંપની કેટલી વિકસી શકશે તેના આધાર પર રોકાણ કરે છે. વળી, કંપનીના અર્લી સ્ટેજ પર ઇન્વેસ્ટ કરનારા પાસે નફો કમાવાની વધારે તક હોય છે. કંપની અમુક હદ સુધી વિકસી જાય પછી ઇન્વેસ્ટ કરનારની કમાણી મર્યાદિત થઈ જાય છે. કંપની અગાઉથી જ 30-40 ટકા સ્ટેક કોઈ ઇન્વેસ્ટરને આપી ચૂકી હોય તો પાછળથી પ્રવેશ લેનાર ઇન્વેસ્ટરને ખાસ ઇન્સેન્ટિવ દેખાતું નથી.

મિહિર જોશીએ ગૂગલ, ફેસબુક, ટિકટોક જેવી અગ્રણી કંપનીઓનું ઉદાહરણ આપતાં જણાવ્યું કે આ કંપનીઓ પબ્લિક માટે સાવ ફ્રીમાં સર્વિસ પૂરી પાડતી હતી, પરંતુ ઇન્વેસ્ટરે એ જોયું કે આ ટેક્નૉલૉજીને ફંડ મળશે, તે વિકસશે, સમગ્ર દુનિયામાં પહોંચશે અને લોકોની આદત બની જશે તો ભવિષ્યમાં તેમાંથી કોઈ પણ રીતે કમાણી કરી જ શકાશે. આ આશા સાથે તેમણે કંપનીમાં પૈસા રોક્યા હતા. આ જ રીતે કોઈ પણ સ્ટાર્ટઅપમાં પૈસા રોકનાર ભવિષ્યની આશા પર મદાર બાંધીને જ રોકાણ કરે છે.



# ગુજરાતના ઉદ્યમીઓ ઇનોવેટર્સને ટેકો આપવા આગળ આવે



ભારત આગામી સમયમાં 5 ટ્રિલિયન ડૉલર ઈકૉનૉમી બનવાનું લક્ષ્ય ધરાવે છે. તેના માટે સરકાર મેક ઈન ઈન્ડિયા, વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ જેવી અનેક પહેલ હાથ ધરી રહી છે. ટેક્નૉલૉજીના ઝડપી વિકાસ સાથે ઉદ્યોગો નવી દિશામાં શોધ કરે, માનવકલ્યાણ થાય તે માટે સતત પ્રયત્નો હાથ ધરાઈ રહ્યા છે. ચંદ્રયાન લેન્ડિંગ, ગામડેગામ સુધી પહોંચેલી UPI સુવિધા એ પુરવાર કરે છે કે ભારત ઈનોવેશનમાં ક્યાંય પાછળ નથી. વળી, ઈનોવેશન ભારતનાં શહેરોમાં જ થઈ રહ્યું છે તેવું નથી. વાસ્તવમાં તો ઈનોવેશનને સમજવા ભારતનાં ગામડાંને સમજવાં પડે. ભારતનાં નાનાં ગામડાંમાં એવા ઘણા ઈનોવેટર્સ છે જેના સુધી આપણે હજુ પહોંચી જ નથી શક્યા. શોધયાત્રા અને તેના જેવી જ અનેક પહેલથી ભારતના ખૂણેખૂણાના ઈનોવેટર્સ સુધી પહોંચનાર IIMના પ્રોફેસર અને હની બી નેટવર્કના સ્થાપક ડૉ. અનિલ ગુપ્તાએ ઉદ્યોગો અને ઈનોવેશન અંગે તેમના વિચાર 'ગુજરાત ઉદ્યોગજગતની ચર્ચા'માં અદિતિ શાહ સાથે શૅર કર્યા હતા. તેઓ સાત્ત્વિક ફૂડ ફેસ્ટિવલ, જ્ઞાન, સૃષ્ટિ જેવી અનેક સંસ્થાઓ અને પહેલ સાથે જોડાયેલા છે. તેમણે નાના ઈનોવેટર્સ મોટા શહેરની કંપનીઓ, MNC સાથે કેવી રીતે જોડાઈ શકે, ગ્રાસરૂટ લેવલ ઈનોવેશનને MSME કેવી રીતે અમલમાં મૂકી શકે તે અંગે પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

ઈનોવેશન કોને કહેવાય તેની પરિભાષા અંગે પણ ખાસ્સા મતમતાંતર જોવા મળે છે. ઘણા લોકો માને છે કે સાવ નવો જ આઈડિયા હોય, તેને ઈનોવેશન ગણાય. ઘણા એવું પણ માને છે કે જૂની

**વર્કર્સના ફક્ત હાથ-પગ જ નહીં, દિમાગનો પણ ઉપયોગ થવો જોઈ, તેમને ઇનોવેશનની તક આપવી જોઈએ**

**ગ્રાસ રૂટ લેવલે વધુ ઇનોવેશન કરવામાં આવે તો MSME લાભ મેળવી શકે**



ચીજ કે પદ્ધતિને રિડિઝાઈન કરવાને ઈનોવેશન ગણી શકાય. તે અંગે સ્પષ્ટતા કરતાં ડૉ. અનિલ ગુપ્તાએ જણાવ્યું, "કોઈ પણ ઈનોવેશનનાં ચાર પાસાં છે- મટીરિયલ, પ્રક્રિયા, વપરાશ અને ડિલિવરી સિસ્ટમ. ઉબર માર્કેટમાં આવ્યું ત્યારે અન્ય ટૅક્સીસેવાઓ ચાલતી જ હતી, અને ઑનલાઈન બુકિંગની પણ સુવિધા હતી, પણ ઉબરમાં નવીનતા એ હતી કે જે ડ્રાઈવર ઉબર સાથે કામ કરે તે બીજા સાથે પણ કામ કરી શકે. આમ મટીરિયલ, મેથડ કે ઍપ્લિકેશનમાં કોઈ ઈનોવેશન નહોતું. આમ છતાં આ આઈડિયાને ઈનોવેટિવ ગણી શકાય. એ રીતે એસ્પિરિન ગોળી ઘણી જૂની છે, પરંતુ પાછળથી ખબર પડી કે માથાના દુઃખાવા માટે લેવાતી એસ્પિરિન લોહીને પાતળું કરે છે. કોવિડમાં ઘણી દવાઓને રિપર્પઝ કરવામાં આવી. તેને ઈનોવેશન કહેવામાં આવે છે. એ રીતે લીમડાના પેસ્ટિસાઈડથી જંતુઓ મરે છે, પરંતુ સૂર્યપ્રકાશથી તે ડિગ્રેડ થઈ જતું હતું. તેના સ્ટોરેજ માટે સ્ટેબલ કમ્પાઉન્ડ શોધ્યું તો તે ઈનોવેશન થઈ ગયું."



પદ્ધતિ, મટીરિયલ, ઍપ્લિકેશન કે ડિલિવરી એમાંથી કશામાં પણ નવીન થાય તો તેને ઈનોવેશન ગણાય. તેમણે એક ઈનોવેટર કરણ રાવનું ઉદાહરણ આપતાં કહ્યું કે તેમણે પંખા પર લગાવવા માટે બાયોડિગ્રેડેબલ મટીરિયલમાંથી એવાં ફિલ્ટર બનાવ્યાં, જેનાથી તમારા રૂમની અંદરનો ઍર ક્વોલિટી ઈન્ડેક્સ 350થી 50 પર આવી જાય છે. વળી આ 8થી 9 ફિલ્ટર ફક્ત રૂ. 1200નાં મળે છે.

ભારતનાં શહેરો ઉપરાંત નાનાં ગામડાંમાં પણ સમસ્યાનો ઉકેલ શોધવા અદ્ભુત કલ્પનાશક્તિ અને ક્રિયેટિવિટી ધરાવતા લોકો નવાં નવાં સંશોધનો કરી રહ્યા છે. સિક્કિમ, નાગાલૅન્ડ, બારામુલ્લામાં બાયોએન્ટરપ્રાઈઝ ચાલી રહી છે. કાશ્મીરમાં ઊગતા છોડમાંથી વિદ્યાર્થીઓએ એવું તેલ બનાવ્યું છે, જેનાથી કમરનો દુઃખાવો ગાયબ થઈ જાય છે. આમ પરંપરાગત જ્ઞાનને આધુનિક વિજ્ઞાન સાથે જોડીને પણ ઈનોવેશન કરી શકાય છે.

ડૉ. અનિલ ગુપ્તાનું માનવું છે કે વિદ્યાર્થીઓને આ સમગ્ર પ્રક્રિયાનો હિસ્સો બનાવવો જોઈએ. એક વિદ્યાર્થી જૂથે ઈન્ડસ્ટ્રિયલ ક્લસ્ટરમાં જતાંની સાથે જ જોયું કે મશીન ચલાવવા માટે જે બેલ્ટનો ઉપયોગ કરાતો હતો તે થોડો ઢીલો હતો. તે ફિટ કરીને ઈલેક્ટ્રિસિટી બિલમાં શું ફરક આવે છે તે જોવાનું વિદ્યાર્થીએ સૂચન કર્યું હતું. આમ ઈનોવેશનમાં કૉન્ટ્રિબ્યુટ કરવાની વિદ્યાર્થીઓની ક્ષમતાને ઈન્ડસ્ટ્રીએ ઓછી ન આંકવી જોઈએ.

ડૉ. અનિલ ગુપ્તાએ જણાવ્યું, "બાળકો જે ફાઈનલ યરમાં પ્રોજેક્ટ કરે છે તે પડ્યા રહે છે. આપણા દેશ, રાજ્ય અને MSME સેક્ટર માટે આ ઘણું મોટું નુકસાન છે. તમારી આસપાસ કોઈ કૉલેજ છે, તો તેને ચૅલેન્જ આપો. એક પ્રોજેક્ટ પાંચ ટીમને આપો. જે ટીમ સારું કામ કરે, જેનો પ્રસ્તાવ તમને ગમે તેને ટેકો આપો. સારા પ્રોજેક્ટને ઈનામ આપી બિરદાવો. અરે, ટેક્નૉલૉજી સારી લાગે તો તેનું લાઈસન્સ કરાવી લો. આમ વિદ્યાર્થી કૉલેજમાંથી ફક્ત એન્જિનિયર નહીં, આંત્રપ્રોન્યોર બનીને નીકળશે. વિદ્યાર્થીની પ્રૉબ્લેમ સૉલ્વિંગ સ્કિલ વધશે, તે ઈન્ડસ્ટ્રી માટે લાયક બનશે. જો તમને લાયક લાગે તો તે વિદ્યાર્થીને તમે પણ હાયર કરી લો. આ પ્રક્રિયાથી દેશમાં એન્જિનિયર્સની ગુણવત્તા સુધરશે, રિયલ લાઈફમાં ઉપયોગી પ્રોજેક્ટ્સ બનતા થશે, ઈન્ડસ્ટ્રીની ઉત્પાદકતા વધશે."

તેમણે એમ પણ સૂચન કર્યું કે દેશમાં કૉમ્પ્યુટર સાયન્સ જેવા કોર્સ કરનારા વિદ્યાર્થીઓને વેબસાઈટ બનાવવાની કે સોશિયલ મીડિયા હૅન્ડલ કરવાની જવાબદારી MSME સોંપી દે તો બાળકનો આત્મવિશ્વાસ આસમાન ચૂમશે, અને સાથોસાથ ઈન્ડસ્ટ્રીનાં કામ પણ ઈનોવેટિવ રીતે થતાં રહેશે. જો નાના-મધ્યમ ઉદ્યોગો તેમની આવકના 0.1 ટકા પણ આ પાછળ ખર્ચ કરશે તો દેશમાં ક્રિયેટિવિટી ધરાવતાં બાળકોની લાઈફ બની જશે. ઈનોવેશનનો અર્થ એ નહીં કે તમે પોતે કશું નવું શોધો. તમારી પાસે સમય ન હોય તો તમે ઈનોવેશનમાં રસ ધરાવતાં બાળકોને સપોર્ટ કરીને પણ આ ક્ષેત્રે તમારો ફાળો આપી શકો છો. તેમણે ઈન્ડસ્ટ્રીને સલાહ આપતાં કહ્યું, "સંજય તિલવા નામના યુવાને મગફળી ખોદવાનું અને થ્રેશિંગનું મશીન બનાવ્યું છે. આવા ઈનોવેટર્સને શોધીને તમે તમારી વર્કશૉપમાં બોલાવી શકો છો. તેમની વાતચીત તમારા વર્કર્સ સાથે કરાવો. તેણે મશીન કેવી રીતે ડેવલપ કર્યું તે સમજો. જો વ્યક્તિ ડિપ્લોમા, એન્જિનિયરિંગ કે ટેક્નિકલ નૉલેજ

**વિદ્યાર્થીઓને ઇનોવેશન પ્રક્રિયાનો હિસ્સો બનાવવા જોઇએ**

# સાત્ત્વિક ફેસ્ટિવલઃ નાગાલૅન્ડના અંતરિયાળ વિસ્તારમાંથી આવેલા લોકો ગુજરાતમાંથી પૈસા કમાતાં શીખ્યા

ડૉ. અનિલ ગુપ્તાએ સ્થાનિક વાનગી, દેશી ધાનને શહેરના લોકો સુધી પહોંચાડવા માટે સાત્ત્વિક ફૂડ ફેસ્ટિવલની શરૂઆત કરી હતી, જેને અમદાવાદમાં ખૂબ લોકપ્રિયતા મળી છે. આ ફેસ્ટિવલ ગામના લોકોને શહેરના લોકો સાથે ભોજનના માધ્યમથી જોડે છે. છેલ્લાં પચ્ચીસ વર્ષથી આ ફેસ્ટિવલ સ્થાનિક ધાન, લોકલ વાનગીઓ અને સાત્ત્વિક ભોજનને લોકો સુધી પહોંચાડવાનું કામ કરે છે. ડૉ. અનિલ ગુપ્તાએ જણાવ્યું, "જૈવિક વિવિધતા બચાવવાના પ્રયત્ન સ્વરૂપે સાત્ત્વિક ફૂડ ફેસ્ટિવલની શરૂઆત થઈ હતી. ગુજરાત એક એવી જગ્યા છે જ્યાં ખાવા માટે લોકો લાઈનો લગાવે છે. આ માહોલનો અમે લાભ ઉઠાવ્યો. અહીં વાનગી પ્રતિયોગિતાઓ યોજી, ઓછા તેલ મસાલા સાથે બનતું સાત્ત્વિક ભોજન જે લોકોને રોજેરોજ ખાવા નથી મળતું તે લોકો સુધી પહોંચાડ્યું. કાશ્મીરના બારામુલ્લા, સિક્કિમ, નાગાલેન્ડથી અમે લોકોને અમદાવાદ લાવ્યા. જે લોકો જીવનમાં જિલ્લાની બહાર નહોતા નીકળ્યા તે ચાર દિવસમાં સાત લાખ રૂપિયા કમાયા. તેમણે ગુજરાત પાસેથી ઈમાનદારીથી સારા પૈસા કેવી રીતે કમાઈ શકાય તે શીખ્યું. આ રીતે દેશ સાથે પણ તેમનો લગાવ વધ્યો." હવે ડૉ. ગુપ્તા ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રે ઈનોવેશન લઈને આવતાં ઉદ્યોગસાહસિકોને પણ સાત્ત્વિક ફૂડ ફેસ્ટિવલમાં ભાગ લેવા પ્રોત્સાહન આપી રહ્યા છે, જેમ કે એક ઉદ્યોગસાહસિકે બારીમાં એસીની જેમ લાગી જાય તેવું સોલર કૂકર વિકસાવ્યું હતું, અને તેમને કસ્ટમર ફીડબેક જોઈતા હતા. તેમને સાત્ત્વિક ફૂડ ફેસ્ટિવલમાં હજારો લોકો સુધી પહોંચવાનો મોકો મળ્યો. આવા ફેસ્ટિવલથી ખેડૂતો અને આંત્રપ્રોન્યોર્સને મંચ મળે છે અને બાળકોના મનમાં પણ દેશની સંસ્કૃતિ અને સંસ્કારનાં બીજ રોપાય છે. આ ફેસ્ટિવલમાં ઈન્ટ્રોડ્યુસ થયેલો પપૈયાનો હલવો યુએસમાં પણ પ્રસિદ્ધિ મેળવી ચૂક્યો છે.

## ગુજરાતના આંત્રપ્રોન્યોર્સ અંતરિયાળના ઉદ્યોગસાહસિકોને દેશ સાથે જોડી શકે છે.

વિના મશીન બનાવી શકે, તો આ જ્ઞાન ધરાવતા તમારા વર્કર્સ કેમ નહીં?"

ઘણી એવી ઈન્ડસ્ટ્રીઝ છે, જેમાં વેસ્ટ ઘણો વધારે જાય છે. આવી ઈન્ડસ્ટ્રી વેસ્ટ ઘટાડવાનો કે વેસ્ટનો સદુપયોગ કરવાની ચૅલેન્જ ઈનોવેટર્સને આપી શકે છે. આમ સ્ટુડન્ટ અને ઈન્ડસ્ટ્રી કનેક્શન દેશમાં ઈનોવેશનને પ્રોત્સાહન આપવા માટે ખૂબ જ જરૂરી છે. દેશના નાનામાં નાના ગામડામાંથી આવા ક્રિયેટિવ દિમાગ ધરાવતા ઈનોવેટર્સને શોધી કાઢવા માટે ડૉ. અનિલ ગુપ્તા અને તેમની ટીમ દ્વારા શોધયાત્રા કાઢવામાં આવે છે. ડૉ. ગુપ્તા કહે છે, "આપણા દેશમાં સમસ્યાઓ ઘણી છે. તેના સમાધાનની તલાશમાં અમે શોધયાત્રા શરૂ કરી હતી. આ યાત્રામાં અમે અમારી જાત પાસેથી, અમારી આસપાસના લોકો પાસેથી, પ્રકૃતિ પાસેથી અને સામાન્ય લોકો પાસેથી ઘણું શીખીએ છીએ. શોધયાત્રામાં અમે ગરમીમાં ગરમી પડે ત્યાં અને ઠંડીમાં ઠંડી પડતી હોય તેવી જગ્યાએ જઈએ છીએ. પોતાની જાતને આ પ્રતિકૂળતામાં મૂકવાનો આશય એ છે કે સામેવાળા માણસને તરત ભરોસો થઈ જાય છે કે આ લોકો અહીં ફરવા નથી આવ્યા. આ પ્રક્રિયામાં અમારી વૅલ્યુ સિસ્ટમ અને નૈતિકતા છલકાય તેવા પ્રયત્ન રહે છે. ગાઝીપુર, બલિયામાં જ્યારે 200 લોકો હીટ સ્ટ્રોકથી મૃત્યુ પામ્યા હતા ત્યારે અમે ત્યાં ખેડૂતને મળવા ગયા હતા." તેમણે જણાવ્યું કે ઑસ્ટ્રિયામાં ખેડૂતે ફ્લેક્સ સીડના પૅકેજિંગ પર ગાઝીપુરના ખેડૂતની વિગતો મેળવીને તેનો સંપર્ક કર્યો હતો. એક સમયે ફ્લેક્સ સીડ્સ કે અળશી ફક્ત ઘોડા ખાતા હતા. આજે ઓમેગા-3 અને બીજા ગુણોને કારણે યુરોપ સહિતના દેશોમાં અળશીની ખૂબ ડિમાન્ડ છે. એક સમયે ક્વિન્ટલે રૂ. 100માં વેચાતી અળશીના આજે 100 ગ્રામના રૂ. 100 રૂપિયા મળે છે. આમ હની બી ફાઉન્ડેશનથી ડૉ. ગુપ્તા અને તેમની ટીમ વિચારોનું પરાગીકરણ કરે છે. તેઓ 50મી શોધયાત્રામાં નાગાલૅન્ડ જશે. તેમનું માનવું છે કે આપણો સામાન નાગાલૅન્ડના લોકો રોજ ખરીદે છે, પરંતુ તેમનો સામાન આપણા સુધી પહોંચતો નથી. આપણા ખીસામાંથી તેમના ખીસામાં પૈસા જતા નથી. ગુજરાતના આંત્રપ્રોન્યોર્સ અંતરિયાળના ઉદ્યોગસાહસિકોને દેશ સાથે જોડી શકે છે. આમ કરવાથી દેશની ઘણી સમસ્યાઓનું સમાધાન મળી જશે.



આજે ભારતીયોની કલ્પના અને ક્રિયેટિવિટીથી આકર્ષાઈને મલ્ટિનૅશનલ કંપનીઓ પણ ભારતનાં ગામડાંઓમાં ઈનોવેટર્સ શોધી રહી છે, પરંતુ ભારતના ઉદ્યોગસાહસિકોમાં ઈનોવેશનની ભૂખ ઓછી જોવા મળે છે. મલ્ટિનૅશનલ કંપનીઓ કલાકના લાખો રૂપિયા ખર્ચીને ઈનોવેટર્સ પાસેથી શીખવાની કોશિશ કરે છે, જ્યારે ભારતના ઉદ્યોગસાહસિકોમાં શીખવાનો અભિગમ ઓછો જોવા મળે છે. ડૉ. ગુપ્તા જણાવે છે, "આપણે ભારતમાં વર્કર કે સુપરવાઈઝરના હાથ, આંખ, પગનો ઉપયોગ કરીએ છીએ, પરંતુ તેમના દિમાગનો ઉપયોગ નથી કરતા. આપણે તેમને જ આંત્રપ્રોન્યોર બનાવી દઈએ તો કેવું? કંપની પોતાની આસપાસ ટેક્નોલૉજી પાર્ક બનાવી વર્કર્સને ઉદ્યમી બનાવવા પ્રેરણા આપી શકે છે. વર્કર્સને કહો કે તમે સંશોધન કરો, સારી પ્રોડક્ટ બનાવો, પૈસા કે રિસોર્સની જરૂર પડશે તો હું મદદ કરીશ. ઈક્વિપમેન્ટ જોઈશે તો આપીશ. તમે બનાવો, તેનું માર્કેટિંગ કરવાની અને વેચવાની જવાબદારી મારી. પ્રોડક્ટ તમારી પણ તેના પર પહેલો અધિકાર મારો રહેશે." આમ કરવાથી વર્કર્સ કે સુપરવાઇઝર્સને પણ પ્રોસેસમાં નવીનતા લાવવામાં કે ઈનોવેશન કરવામાં રસ પડતો થશે. તેનો લાભ એકંદરે નાના-મધ્યમ

ઉદ્યોગોને જ થશે.

ડૉ. ગુપ્તાએ વધુમાં જણાવ્યું કે ઉદ્યોગોએ CSR અંતર્ગત ફરજિયાતરૂપે નહીં, પરંતુ સ્વેચ્છાએ વિચારોમાં ઇન્વેસ્ટ કરવું જોઈએ. વર્કર્સને ઈનોવેશનની તક આપવી જોઈએ અને કોઈ વિચાર સારો લાગે તો તેને લાઈસન્સ પણ કરાવી લેવો જોઈએ. ભારતમાં R&D સંસ્થાઓ પણ મોટી સંખ્યામાં ઉપલબ્ધ છે. હની બી, સૃષ્ટિ, જ્ઞાન, NIF જેવી સંસ્થાઓએ અત્યાર સુધી લાખો ઈનોવેટર્સને શોધ્યા છે. તેમના સાથથી સારા ઈનોવેટર સુધી ઉદ્યોગો પહોંચી શકે છે. કોઈ વિચાર સારો લાગે તો તેના મૅન્યુફૅક્ચરિંગનું કામ પણ ઉદ્યોગો હાથમાં લઈ શકે છે. કોઈ પણ નવી પ્રોડક્ટ માટે ત્રણ મહત્ત્વનાં પાસાં છે - ઈનોવેશન, ઈન્વેસ્ટમેન્ટ અને એન્ટરપ્રાઈઝ. આ ત્રણેત્રણ એક વ્યક્તિ પાસે હોય તે શક્ય નથી. સંસ્થાઓ આ ત્રણને જોડવાનું કામ કરે છે. ડૉ. ગુપ્તાએ જણાવ્યું કે GCCI જેવી સંસ્થા સાથે ખભેથી ખભા મિલાવી તેઓ ચાલવા તૈયાર છે. તેમણે કહ્યું કે “હાઈ નેટવર્થ ઇન્ડિવિજ્યુઅલ જેમને લાગે કે તેમણે જીવનમાં બધું જ હાંસલ કરી લીધું છે, તેમની પાસે વધારે પૈસા હોય તો તેમણે થોડા વિચારોમાં પણ ઈન્વેસ્ટ કરવા જોઈએ. તમે વસ્તુઓ માટે વધારે જગ્યા આપશો તો વિચારો માટે ઘણી ઓછી જગ્યા બચશે. તમે જીવનમાં બધું જ મેળવી લીધું હોય તો હવે તમારાં સાધનો વિચારોની ખેતીમાં લગાવો. તમને જે વિચાર સાંભળીને એવું લાગે કે ‘આવું કેવી રીતે થઈ શકે?’ તેમાં પૈસા લગાવો.”

ડૉ. ગુપ્તાએ વધુમાં જણાવ્યું કે સરકાર ઈનોવેશનને પ્રોત્સાહન આપવા માટે ઘણું કરી રહી છે આમ છતાં તેમાં હજુ સુધારાને ઘણો અવકાશ છે, જેમ કે અટલ ઈનોવેશન મિશન અંતર્ગત ઈનોવેટર રૂ. 10 કરોડનું ફંડ લાવે તો તેને સામે સરકાર તરફથી રૂ. 10 કરોડ મળે છે. એ જ રીતે તે રૂ. 2.5 કરોડનું ફંડ લાવે તો સામે એટલા જ રૂપિયા સરકાર આપે છે, પરંતુ પાયાનો પ્રશ્ન એ છે કે ઈનોવેટર્સ પાસે આટલા રૂપિયા હોત તો તેમને સરકાર પાસે જવાની જરૂર જ કેમ પડત. સરકારે ઈનોવેટર્સની ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રૉપર્ટીને જ તેમની ઍસેટ માનીને તેનું મૂલ્ય આંકી આર્થિક સહાય કરવી જોઈએ. આ ઉપરાંત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ સ્કીમ અંતર્ગત પણ પ્રારંભિક તબક્કે અને પ્રોટોટાઈપ ડેવલપ કરવા માટે વિદ્યાર્થીઓને સરકાર તરફથી આર્થિક સહાય મળે છે. દરેક ઈન્ડસ્ટ્રી ક્લસ્ટરમાં R&Dને પ્રોત્સાહન મળે તે માટે સરકાર પ્રયત્નશીલ છે.

ડૉ. ગુપ્તા જણાવે છે, “ઈનોવેશનના પ્રારંભિક સ્તરે રિસ્ક ખૂબ જ વધારે હોય છે. આ તબક્કે કોઈ વેન્ચર કૅપિટલિસ્ટ કે ઍન્જલ ઈન્વેસ્ટર રોકાણ કરવા આગળ આવતા નથી. આ એ સ્ટેજ છે જ્યારે સરકારે આગળ આવવું પડશે. સંપન્ન લોકો ઈનોવેશનમાં પ્રારંભિક તબક્કે ઈન્વેસ્ટ કરતા થાય તો પણ મદદ મળશે. આ રીતે પ્રોટોટાઈપ ટેસ્ટિંગ, પછી પ્રોડક્ટ બને ત્યારે માર્કેટ ટેસ્ટિંગ અને યુઝર ટ્રાયલ માટે પણ ફંડની જરૂર હોય છે. પ્રોડક્ટ બજારમાં જાય ત્યારે વર્કિંગ કૅપિટલ જોઈએ છે. ઈનોવેશનના આ દરેક સ્તરે ઍક્ટરની ભૂમિકા નિશ્ચિત હોય તો આ કામ સરળ બનશે. ગુજરાતમાં સ્પેસ ઈનોવેશન માટે સારા પ્રયત્નો થઈ રહ્યા છે. એક દિવસ આવશે જ્યારે ઈનોવેટર્સ માટેની આ પ્રક્રિયા વધુ સુગમ બની જશે.”

## ઇન્ડસ્ટ્રીના સપોર્ટથી ઇનોવેટર્સ આગળ વધી શકે:ડૉ. અનિલ ગુપ્તા

**ગુજરાત ચેમ્બર ઑફ કૉમર્સના સભ્યોને સંદેશો આપતાં ડૉ. અનિલ ગુપ્તાએ કહ્યું કે તેઓ ઘણી નાની વોલન્ટીર્સની ટીમ સાથે કામ કરી રહ્યા છે. ટ્રાન્સલેશન, એડિટિંગ, ડિઝાઈનિંગ વગેરે અનેક કાર્યોમાં તેમને વધુ લોકોની જરૂર પડે છે. આ ઉપરાંત ઈન્ડસ્ટ્રી રિસોર્સના સ્વરૂપે ફાળો આપીને એન્ટરપ્રાઈઝમાં પાર્ટનર બનીને પણ દેશમાં ઈનોવેશનને પ્રોત્સાહન આપી શકે છે. તેમણે નાના-મધ્યમ ઉદ્યોગોને તેમના વર્કર્સને ઈનોવેશન કરવાની પ્રેરણા આપવા અને તેને સપોર્ટ કરવાની પણ અપીલ કરી હતી.**

તેમણે એમ પણ જણાવ્યું કે નાનાં-મોટાં કામ માટે ઈન્ડસ્ટ્રીને લોકો નથી મળતા તે કામ કૉલેજના વિદ્યાર્થીઓને સોંપી દેવાય તો તેમનો આત્મવિશ્વાસ મજબૂત બનશે. દેશનાં બાળકો અનુભવથી શીખીને કામ કરતાં થશે અને તેમને કામના ઑર્ડર મળશે ત્યારે તેમણે અગાઉ કામ કરેલું હશે તો તેમનો આત્મવિશ્વાસ બુલંદીએ હશે. આવા યુવાનોને નોકરી મેળવવામાં પણ સરળતા રહેશે. આથી સ્ટાર્ટઅપ અને ઈનોવેશન ઈકોસિસ્ટમનો બાળકોને હિસ્સો બનાવવો જોઈએ. નાના આંત્રપ્રોન્યોર ઈનોવેટર્સ પરની 1-1 મિનિટની ફિલ્મને સ્પોન્સર કરશે તો દેશમાં સિનેમૅટોગ્રાફર્સને કામ મળશે, ઈનોવેટર અને આંત્રપ્રોન્યોરને પ્રસિદ્ધિ મળશે. આમ સાથી હાથ બઢાનાની લાગણી સાથે ઉદ્યોગો, એજ્યુકેશન સિસ્ટમ અને ઈનોવેટર્સ આગળ વધશે તો દેશમાં ઈનોવેશનનો સુવર્ણયુગ શરૂ થઈ શકશે.



# Samadhan પૉર્ટલ MSMEની ડિલે પેમેન્ટની અનેક સમસ્યાઓનું એક જ સમાધાન

નાના ઉદ્યોગોની સમસ્યાઓ ઘણી મોટી છે. ખાસ કરીને પેમેન્ટ અટવાઈ જાય તેવા કિસ્સામાં તો નાની ઈન્ડસ્ટ્રીઓને અસ્તિત્વ ટકાવી રાખવામાં પણ મુશ્કેલી પડે છે. ધોરાજીના એક નાના બિઝનેસમૅનનું જ ઉદાહરણ લઈ લો. આ સાહસિકે ગાંઠના પૈસા અને લોન લઈને એક નાનકડી ફૅક્ટરી શરૂ કરી. થોડા સમયમાં મુંબઈથી એક મોટી કંપનીનો રૂ. 1 કરોડથી વધારેનો ઑર્ડર આવ્યો. ઑર્ડર ડિલિવર કર્યા બાદ પેમેન્ટ ન મળ્યું. પરિણામે સાહસિકે કંપની બંધ કરવાની નોબત આવી. જોકે સમાધાન પૉર્ટલ વિશે માહિતી મળતાં તેમણે પૉર્ટલ પર કેસ ફાઈલ કર્યો અને મુંબઈની કંપનીએ ત્રણ જ દિવસમાં રૂ. 1 કરોડનું પેમેન્ટ કરી દીધું. હાલ એ ડિલે પેમેન્ટ પર વ્યાજ ચૂકવવા માટે લડત ચાલુ છે. જોકે 1 વર્ષ સુધી ધોરાજીના એ સાહસિકને તેની પાસે મોટી કંપની સામે લડવા માટે આટલું મોટું હથિયાર છે તેનો ખ્યાલ જ નહોતો.

ભારતમાં માઈક્રો, સ્મૉલ ઍન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝીસ ડેવલપમેન્ટ ઍક્ટ (MSMED) 2006થી અસ્તિત્વમાં છે. આમ છતાં નાના અને મધ્યમ ઉદ્યોગોમાં તેના અંગે મર્યાદિત જાગૃતિ જોવા મળે છે. ફાઈનાન્સ અને પેમેન્ટને લગતી તકલીફો ઉદ્યોગસાહસિકોની યાત્રામાં અવરોધો ઊભા કરે છે, પરંતુ નાના ઉદ્યોગોને તેમનું પેમેન્ટ સમયસર મળે તેના માટે સરકારે સજ્જડ પ્રબંધ કર્યો છે. આ અંગે GCCIના તેજસ મહેતાએ આ વિષયના નિષ્ણાત અને બહોળો અનુભવ ધરાવનાર અર્પિત કચોલિયા સાથે ચર્ચા કરી હતી. FLC ઍડવાઈઝરી પ્રા.લિના સ્થાપક, ડિરેક્ટર અને લીગલ એક્સપર્ટ અર્પિત કચોલિયાને MSEFC (માઈક્રો સ્મૉલ એન્ટરપ્રાઈઝ ફેસિલિટેશન કાઉન્સિલ) સાથે મળીને 10,000થી વધુ નાના-મધ્યમ ઉદ્યોગોને આ વિષય અંગે જાગૃત કરવાનો

**એક નાની કંપનીએ PSU સામે કેસ કર્યો તો રૂ. 20 લાખની આઉટસ્ટૅન્ડિંગ અમાઉન્ટ સામે રૂ. 5 કરોડનું વળતર મળ્યું**

**ફરિયાદ કર્યાના ત્રીજા જ દિવસે ધોરાજીના નાનકડા સાહસિકનું રૂ. 1 કરોડનું પેમેન્ટ મુંબઈની કંપનીએ રીલીઝ કરવું પડ્યું.**



## સમાધાન પૉર્ટલ પર કેસ દાખલ કરવા તમારી પાસે ઉદ્યમ રજિસ્ટ્રેશન હોવું જરૂરી છે

બહોળો અનુભવ છે અને તે અત્યાર સુધી 50થી વધુ સેમિનાર અને વેબિનાર કરી ચૂક્યા છે.

અર્પિત કચોલિયા જણાવે છે, "હું દાવો કરું છું કે જો નાના ઉદ્યોગો MSMED એક્ટને સમજી લે તો તેમને ડિફૉલ્ટરથી ડરવાની જરૂર પડશે નહીં. ઊલટું, ડિફૉલ્ટર તેમનાથી ડરશે." નિયમ મુજબ ઉદ્યોગ માલ કે સર્વિસ પ્રોવાઈડ કરે તેના 45 દિવસની અંદર પેમેન્ટ ન આવે તો તે MSEFCમાં કેસ ફાઈલ કરી શકે છે. આ કાઉન્સિલ સમગ્ર ભારતમાં સક્રિય છે, પરંતુ ગુજરાતમાં તે ખૂબ જ ઍક્ટિવ છે. ત્યાં ફરિયાદ કરીને ઉદ્યોગ પેમેન્ટ ઉપરાંત પેનલ્ટી અને વ્યાજ પણ મેળવી શકે છે. એક નાની કંપનીએ PSU સામે કેસ કર્યો તો રૂ. 20 લાખની આઉટસ્ટૅન્ડિંગ અમાઉન્ટ સામે રૂ. 5 કરોડનું વળતર મળ્યું.

આ કાયદો સ્મૉલ અને માઈક્રો ઈન્ડસ્ટ્રી માટે બનાવવામાં આવ્યો છે. અર્થાત્ જે કંપનીઓનું રૂ. 50 કરોડથી ઓછું ટર્નઓવર હોય અને પ્લાન્ટની મશીનરીનું વૅલ્યુએશન રૂ. 10 કરોડથી ઓછું હોય તેઓ MSMED ઍક્ટ હેઠળ કાઉન્સિલમાં ફરિયાદ કરી શકે છે.

અર્પિત કચોલિયાએ આ અંગે વિસ્તારથી વાત કરતાં જણાવ્યું, "જો તમે SME હોવ તો તમારે પેમેન્ટ અટવાયું હોય તેવા કિસ્સામાં સિવિલ કોર્ટના ધક્કા ખાવાની જરૂર નથી. MSEFC એક એવી કાઉન્સિલ છે જ્યાં ફક્ત નાના ઉદ્યોગોના પેમેન્ટને લગતા જ કેસ ચાલે છે." આથી કાઉન્સિલમાં તમારી સમસ્યાનું ઝડપી નિરાકરણ થાય છે.

જોકે નાના ઉદ્યોગો માટે સૌથી અગત્યની વાત એ છે કે તેમણે સમાધાન પૉર્ટલ પર ફરિયાદ દાખલ કરવી હોય તો તેમની પાસે ઉદ્યમ રજિસ્ટ્રેશન હોવું જરૂરી છે. આ રજિસ્ટ્રેશનમાં તમે બિઝનેસની કઈ ઍક્ટિવિટી પસંદ કરી છે, NIC (નૅશનલ ઈન્ડસ્ટ્રિયલ ક્લાસિફિકેશન) કોડ કયો પસંદ કર્યો છે તેના પર ખાસ ધ્યાન આપવું જોઈએ. તમે જ્યારે કેસ ફાઈલ કરશો ત્યારે ટ્રિબ્યુનલ

## ડોક્યુમેન્ટેશન વ્યવસ્થિત રાખો:

આજે ઘણી સ્મૉલ અને માઈક્રો ઈન્ડસ્ટ્રી અનઓર્ગેનાઈઝ્ડ સેક્ટરમાં આવે છે. આજની તારીખે તેમની મુખ્ય સમસ્યા એ છે કે તેઓ ડૉક્યુમેન્ટેશનમાં પાછા પડે છે, જેમ કે પરચેઝ ઑર્ડર વર્બલી જ લે છે. પરિસ્થિતિ એવી છે કે રૂ. 1 કરોડનો ઑર્ડર હોય તો પણ તમે લેખિતમાં ઑર્ડર માગો તો સામી પાર્ટીને ખોટું લાગી જાય છે. અનઓર્ગેનાઈઝ્ડ સેક્ટરે હવે આ બાબતમાં સુધારો લાવવાની તાતી જરૂર છે. સરકાર દરેક પ્રકારની ઈન્ડસ્ટ્રીને ધ્યાનમાં રાખીને જ ઍક્ટ બનાવે છે, પરંતુ ઈન્ડસ્ટ્રી જેટલી ઓર્ગેનાઈઝ હોય, તેટલું તેના માટે ન્યાય મેળવવો સરળ બને છે. આથી પરચેઝ ઑર્ડર, ડિલિવરી ચલણ, ઈન્વોઈસ બધું જ બરાબર હશે તો કેસ થાય તો તમે પૂરતા પુરાવા રજૂ કરી શકશો. એ રીતે પેમેન્ટ પણ ન આવે તો વધારે પડતી રાહ ન જુઓ. ત્રણ વર્ષથી જૂનો કેસ તમે સમાધાન પોર્ટલ પર દાખલ નહીં કરી શકો. આથી પેમેન્ટ ન આવે તો સમયસર ઈન્ટિમેશન મોકલો, અને પછી પણ પેમેન્ટ ન આવે તો ફરિયાદ કરો.

## MSMEને પેમેન્ટ ન મળે તો સૌથી પહેલાં શું કરવું જોઈએ?

01 **સ્ટેપ 1-** તમે કોઈ કંપનીને ગુડ્સ કે સેવા આપો છો અને ટાઇમ પર પેમેન્ટ ન મળે તો તરત જ સતર્ક થઈ જાવ. પેમેન્ટ મળશે તેની આશામાં વધારે લાંબી રાહ ન જોશો.

02 **સ્ટેપ 2-** ઍગ્રીમેન્ટમાં નિશ્ચિત થયા મુજબ પેમેન્ટની તારીખ વીતી જાય પછી સામે કંપનીને જાણ કરો કે તમે SME છો એટલે કંપનીએ 45 દિવસમાં તમારું પેમેન્ટ કરવું જ પડશે.

03 **સ્ટેપ 3-** જાણ કર્યા બાદ પણ પેમેન્ટ ન આવે તો સમાધાન પૉર્ટલ પર કેસ ફાઈલ કરો. આ પ્રક્રિયા ઑનલાઇન અને ઑફલાઇન થઈ શકે છે.

04 **સ્ટેપ 4-** ફરિયાદ સાથે પરચેઝ ઑર્ડર, ડિલિવરી ચલણ વગેરે જરૂરી દસ્તાવેજો અટૅચ કરો.

05 **સ્ટેપ 5-** ફરિયાદ બાદ સામી પાર્ટીને નોટિફિકેશન જાય છે કે તેની સામે પેમેન્ટ રિલીઝ ન કરવાની ફરિયાદ છે. 70 ટકા કેસમાં આ તબક્કે જ કંપનીઓ પેમેન્ટ કરી દે છે.

06 **સ્ટેપ 6-** ફરિયાદ બાદ પણ કંપની પેમેન્ટ રિલીઝ ન કરે તો કાઉન્સિલમાં કેસ ચાલે છે. MSME યોગ્ય પુરાવા રજૂ કરે તો કાઉન્સિલ તેમની તરફેણમાં ચુકાદો આપી પેનલ્ટી, વ્યાજ સહિત પેમેન્ટ ચૂકવવા જણાવે છે.



## ફરિયાદ દાખલ કરવા માટે કયા કયા ડૉક્યુમેન્ટ્સની જરૂર પડશે?

**સમાધાન પૉર્ટલ પર સૌપ્રથમ તમારે તમારો ઉદ્યમ નંબર નાખવો પડશે. ઉદ્યમમાં તમે જે મોબાઈલ નંબર આપ્યો હશે તેના પર ઓટીપી આવશે. ત્યાર બાદ તમારું ફૉર્મ ઓપન થશે. આ ફૉર્મમાં તમારે તમારી ઉપરાંત સામી પાર્ટીની ઈમેઈલ આઈડી, કૉન્ટેક્ટ નંબર, ઍડ્રેસ વગેરે વિગતો ભરવાની રહે છે. આ સાથે તમારું જે ઈન્વોઈસ ડ્યુ છે તે અટૅચ કરો. ઘણા વેપારીઓ બધાં જ ઈન્વોઈસ અટૅચ કરવાની ભૂલ કરે છે. તમારે ફક્ત એ જ ઈન્વોઈસ અટૅચ કરવાનું છે જેનું પેમેન્ટ બાકી છે. જો વર્ક ઑર્ડર વર્બલી અપાયો હોય તો તમારે ઍફિડેવિટ કરવાનું રહેશે કે તમને વર્ક ઑર્ડર વર્બલી આપવામાં આવ્યો હતો. આટલું કરતાં સાથે જ બાયરને એક મેઈલ જશે કે તેમણે પેમેન્ટ કરવાનું બાકી છે. નિયમ મુજબ મોટી કંપનીઓએ પોતાના ઑડિટમાં કેટલી MSMEનાં પેમેન્ટ બાકી રાખ્યાં છે તે દર્શાવવું પડે છે. આથી ફરિયાદ કરવા પર મોટી કંપનીઓ સામેથી સમાધાન કરવા આવે છે અને નાની ઈન્ડસ્ટ્રીને કેસ ખેંચી લેવાની વિનંતી કરે છે. તમે રૂ. 1નું પેમેન્ટ બાકી હોય તો પણ કેસ ફાઈલ કરી શકો છો. આથી કેસ ફાઈલ કરવા માટે અમાઉન્ટની કોઈ લઘુતમ કે મહત્તમ મર્યાદા નિશ્ચિત કરવામાં આવી નથી. અર્પિત કચોલિયા જણાવે છે, "નાના ઉદ્યોગોએ મોટા ઉદ્યોગ ધંધો નહીં આપે એવા ડરમાંથી બહાર નીકળીને કાયદાનો સહારો લઈને આવા પેચીદા મામલા હૅન્ડલ કરવા જોઈએ. ડર નાની કંપનીઓને હોવો જ ન જોઈએ, મોટી કંપનીઓને હોવો જોઈએ. તે દોષી ઠરે તો તેમને ઈન્ટરેસ્ટ અને પેનલ્ટી ચૂકવવી પડે છે." વળી, કાઉન્સિલમાં વર્ષોવર્ષ સુધી મુદતો પડ્યા કરે તેવું પણ નથી. તેમાં ઝડપથી કેસનો નિકાલ પણ આવે છે અને નાની કંપનીઓને ન્યાય પણ મળે છે.**

આ ચીજો ચેક કરશે. રજિસ્ટ્રેશનમાં તમે જે બિઝનેસ કરો છો તેની કૅટેગરી સાચી હોવી જરૂરી છે. NIC કોડ સાચો હશે તો જ સર્ટિફિકેશન વૅલિડ ગણવામાં આવશે.

અર્પિત કચોલિયા જણાવે છે, "લોકો ઉદ્યમ રજિસ્ટ્રેશનને હળવાશમાં લે છે, પરંતુ કેસ ફાઈલ થાય ત્યારે જ તેમને તેનું મહત્ત્વ સમજાય છે. હું ઉદ્યોગસાહસિકોને ખાસ અપીલ કરું છું કે રજિસ્ટ્રેશન તમારા ઑફિસ બૉય કે ઍકાઉન્ટન્ટના ભરોસે ન રાખશો. તમે પોતે મૅન્યુફૅક્ચરિંગ, NIC કોડ વગેરે વિગતો ચકાસો અને યોગ્ય રીતે રજિસ્ટ્રેશન થાય તેની ખાતરી કરો."

તમે ક્લાયન્ટ સાથે કૉન્ટ્રેક્ટ કરો તે તારીખ પહેલાંથી તમારું ઉદ્યમ રજિસ્ટ્રેશન થયેલું હોવું જરૂરી છે. કોઈ પૈસા ન આપે પછી તમે રજિસ્ટ્રેશન કરાવવા જશો તો તમારો કેસ સમાધાન પૉર્ટલ પર સ્વીકારવામાં આવશે નહીં. આ ઉપરાંત ઘણા ઉદ્યોગસાહસિકો ધીરજના અભાવે કાઉન્સિલની સાથે સાથે સિવિલ કોર્ટમાં પણ કેસ ફાઈલ કરી દેતા હોય છે. તેમણે કાઉન્સિલમાં ફરિયાદ નોંધાવ્યા બાદ અન્ય કોઈ સિવિલ કાર્યવાહી કરવાથી દૂર રહેવું જોઈએ.

જો તમારું રજિસ્ટ્રેશન વૅલિડ હોય તો તમે સમગ્ર ભારતમાં કોઈની પણ સામે કેસ કરી શકો છો. સામી પાર્ટી કોઈ મોટી કંપની હોય, ગવર્નમેન્ટ કંપની હોય કે PSU હોય તો પણ તેની સામે નાના ઉદ્યોગો ફરિયાદ દાખલ કરી શકે છે. વળી, કાયદો નાના ઉદ્યોગોની તરફેણમાં બનાવવામાં આવ્યો છે. એટલે કેસ દાખલ થાય તો પણ તે નાના ઉદ્યોગના જ્યુરિડિક્શનમાં દાખલ થશે. ઘણા વેપારીઓ કેસ કરવામાં ખચકાતા હોવાનું મુખ્ય કારણ એ છે કે તેઓ મુંબઈ, દિલ્હી કે બૅન્ગલોર જેવાં શહેરોમાં અવારનવાર સુનવણી માટે ધક્કા ખાવા પડશે તેવી દહેશતમાં રહે છે, પરંતુ કાયદા મુજબ નાના ઉદ્યોગો મોટી કંપની સામે MSMED અંતર્ગત ફરિયાદ કરે તો મોટી કંપનીએ નાની કંપનીના જ્યુરિડિક્શનમાં આવવું પડે છે. આ કંપની અંતર્ગત તમારું પેમેન્ટ સુરક્ષિત છે અને તમે તેને ક્લેઈમ કરી જ શકો છો.

અર્પિત કચોલિયાએ જણાવ્યું, "MSMED ઍક્ટ 2006થી અમલમાં છે, પરંતુ તે અંગે વ્યાપક જાગૃતિ નથી. ફેડરેશન અને ચેમ્બર જેવી સંસ્થાઓના પ્રયત્નોથી આ ઍક્ટની વિગતો બધા સુધી પહોંચશે. આ ઍક્ટને કારણે દેશમાં હજારો લોકોને અટવાયેલા કરોડો રૂપિયા મળ્યા છે. અગાઉ કંપનીઓ ઉદ્યમ રજિસ્ટ્રેશનને ગંભીરતાથી નહોતી લેતી, પરંતુ હવે તો બૅન્કો પણ ઉદ્યમ રજિસ્ટ્રેશન માગી રહી છે. આથી હવે દરેક સ્તરે જાગૃતિ વધતાં લોકો MSMED ઍક્ટનો વધારે સારો ઉપયોગ કરતા થયા છે અને પોતાના પૈસા કઢાવી રહ્યા છે."

ગુજરાતની કાઉન્સિલ આખા દેશમાં ટોચની ત્રણથી ચાર કાઉન્સિલમાં આવે છે. અર્થાત્, ગુજરાતની કાઉન્સિલ નાના વેપારીઓના પ્રશ્નોનું સમાધાન લાવવા માટે સતત પ્રયત્નશીલ છે. અગાઉ ગુજરાતમાં કાઉન્સિલ ફક્ત ગાંધીનગરમાં જ હતી. હવે સુરત, ભાવનગર, રાજકોટ, અમદાવાદ અને વડોદરા એમ અગ્રણી પાંચ શહેરોમાં રિજ્યોનલ કાઉન્સિલ શરૂ કરવામાં આવશે. આથી રૂ. 50 લાખથી ઓછાનો વિખવાદ હશે તો વેપારી સ્થાનિક કાઉન્સિલમાં ફરિયાદ કરીને સમસ્યાનો નિવેડો લાવી શકશે. તેનાથી મોટી રકમની સમસ્યા હશે તો જ ગાંધીનગર આવવું પડશે. આમ થવાથી નાનાં પેમેન્ટ માટે વેપારીઓને ગાંધીનગર જવા માટે સમય કે પૈસા ખર્ચ થવાની ચિંતા નહીં કરવી પડે. રિજ્યોનલ કાઉન્સિલ ઍક્ટિવ થતાં વેપારીઓના કેસનો ઝડપથી નિકાલ આવશે અને તેઓ પેમેન્ટ વધુ ઝડપથી રિકવર કરી શકશે.



uniza PHARMA DIVISION

PASHUPATI TEXTILE DIVISION




**Mfg. & Exporters of Sustainable Cotton Bales, Yarns, Greige & Finish Fabrics to over 27 Countries**

**CERTIFICATIONS & BRANDS**

better cotton | GLOBAL ORGANIC TEXTILE STANDARD GOTS | PRIMARK | Global Recycled Standard | OEKO-TEX® CONFIDENCE IN TEXTILES STANDARD 100




Manufacturing Facility with approvals :

- PPB-KENYA
- NAFDAC-NIGERIA
- DIGEMID-PERU
- NDA-UGANDA
- CAMBODIA
- YEMEN
- GHANA
- ETHIOPIA

WHO-GMP APPROVED • uniza LIFECARE PVT. LTD. • ISO 9001:2015 CERTIFIED

O : D-707, Ganesh Meridian, Opp. Gujarat High Court, S.G.highway, Ahmedabad-380060
F : Kadi-Detroj road, Balasar, Ta : Kadi-384440, Gujarat, India
E : info@pashupatigroup.in • W : www.pashupatigroup.in • www.unizagroup.com

# GST રિટર્ન ફાઈલ કરતી વખતે શું ધ્યાન રાખવું? કયા સંજોગોમાં રેઈડ પડી શકે?

**ભા**રતમાં વર્ષ 2017થી અમલી બનેલા ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સે વેપાર-ધંધામાં ખાસ્સી પારદર્શકતા લાવી દીધી છે. આમ છતાંય અપ્રત્યક્ષ કરવેરાની આ નવી સિસ્ટમને સમજવામાં અને સ્વીકારવામાં ખાસ્સો સમય લાગી રહ્યો છે. તેમાંય વળી દર મહિને રિટર્ન ભરવાનાં, તમે જે વેપારી સાથે ધંધો કરો છો તેના GST રેકૉર્ડ પર પણ નજર રાખવી વગેરે જવાબદારીઓને કારણે ઘણા વેપારીઓને GSTને રોજબરોજના વ્યવહારમાં અમલી બનાવવામાં મુશ્કેલી પડી રહી છે. GSTને લઈને વેપારીઓને અનેક સળગતા પ્રશ્નો છે. આ તમામને ધ્યાનમાં રાખીને GCCIના GUJC ટાસ્કફોર્સના કો-ચેરમૅન કૌમિલ પટેલે એન. જે. જૈન ઍન્ડ એસોસિયેટ્સના સ્થાપક અને મૅનેજિંગ પાર્ટનર નીતેશ જૈન સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી. આ ચર્ચાને ગુજરાત ઉદ્યોગજગતની ચર્ચાના ત્રણ એપિસોડમાં આવરી લેવાઈ હતી. તેમાં GST એટલે શું, તેમાં શું કરવું, શું ન કરવું, રિટર્ન કેવી રીતે ફાઈલ કરવું ત્યાંથી માંડીને જો ડિપાર્ટમેન્ટના દરોડા પડે તો શું કરવું, શું ન કરવું ત્યાં સુધી દરેક મુદ્દે ખૂબ જ વિગતે ચર્ચા કરવામાં આવી હતી. આ એપિસોડ્સ GST અંગે પાયાની સમજ કેળવવા માગતા સર્વ વેપારીઓ માટે ખૂબ ઉપયોગી બની રહ્યા હતા. આ એપિસોડ્સ વાચકોની સરળતા માટે પ્રશ્નોત્તરી રૂપે અહીં પ્રસ્તુત કરવામાં આવ્યા છે.

**સી.એ. નીતેશ જૈને GSTને લઈને મૂંઝવતા દરેક પ્રશ્નોના આપ્યા સચોટ જવાબ**

**ધંધો ન થયો હોય તે મહિનામાં NIL રિટર્ન ફાઈલ કરતાં પણ ખચકાશો નહીં**






## GST નંબરના આધાર ઑથેન્ટિકેશનથી ફેક ઇન્વોઇસિંગ પર બ્રેક વાગશે

સરકાર હવે આધાર નંબરને GST નંબર સાથે જોડી દેવા માગે છે. આ દિશામાં પહેલું ડગ માંડતાં સરકારે GST નંબરના આધાર ઑથેન્ટિકેશનનો પાઈલટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. તેમાં GST નંબર રજિસ્ટર કરાવવાની અરજી આપશો ત્યારે તમારે આધાર નંબર નાખવો પડશે. આધાર નંબરમાં જે મોબાઈલ નંબર આપ્યો હશે તે નંબર પર ઓટીપી મોકલવામાં આવશે. એ ઓટીપી નાખશો પછી જ રજિસ્ટ્રેશન થશે. હવે સરકાર GST માટે બાયોમેટ્રિક ઑથેન્ટિકેશન પણ કરવાનું વિચારી રહી છે. ગુજરાતમાં તેનો પાઈલટ પ્રોજેક્ટ ચાલુ છે. સિસ્ટમ નવા રજિસ્ટ્રેશન માટે અરજી કરનાર લોકોમાંથી 30 ટકા લોકોને ઑટો સિલેક્ટ કરશે. તેમને ઈ-મેઈલ કે એસએમએસ મારફતે નજીકના કેન્દ્ર પર જઈને બાયોમેટ્રિક ઑથેન્ટિકેશન કરવાનું જણાવવામાં આવશે. ત્યાં બાયોમેટ્રિક સાચા છે તેની ખાતરી કર્યા બાદ જ તેનું GST રજિસ્ટ્રેશન કરવામાં આવશે. આ સમગ્ર કવાયતનો આશય ફેક ઈન્વોઈસિંગ પર રોક લગાવવાનું છે. બાયોમેટ્રિકથી પુરવાર થશે કે ધંધો કરવા માગતી વ્યક્તિ હાજર છે. પાર્ટનરશિપ ફર્મ કે મોટી કંપનીમાં ઘણા ડાયરેક્ટર્સ હોય તો તે તમામે બાયોમેટ્રિક માટે જવાની જરૂર પડશે નહીં, ફક્ત ઑથોરાઈઝ્ડ સિગ્નેટરી, એટલે કે જેની સહી ચાલતી હોય તે જ વ્યક્તિને બાયોમેટ્રિક ઑથેન્ટિકેશન માટે જવાનું રહેશે.

### GST એટલે શું?

ટેક્સ બે પ્રકારના હોય છે - પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ. GST (ગુડ્સ ઍન્ડ સર્વિસ ટેક્સ) એ અપ્રત્યક્ષ ટેક્સ છે. ઈન્કમટેક્સ પ્રત્યક્ષ કર છે. અર્થાત્, તમે જો દસ લાખ રૂપિયા કમાયા તો તેના પર જે ટેક્સ ભરવો પડે તે તમે ભરી દો તેને પ્રત્યક્ષ કર કહેવાય છે. GST આવક પર નહીં, પરંતુ તમે જે માલ કે સેવાનું વેચાણ કરો તેના પર લાગે છે. તમે જેટલું વેચાણ કરશો, તેટલો ટેક્સ લાગતો રહેશે.

## ગુડ્સમાં રૂ. 40 લાખ અને સર્વિસમાં રૂ. 20 લાખથી ઓછું ટર્ન ઓવર હોય તો GST રજિસ્ટ્રેશન ફરજિયાત નથી

### GST નંબર કોને કોને લેવો પડે?

ધંધો કરતા હોય તે તમામે GST નંબર લેવાની જરૂર નથી. તેના માટે સરકારે લિમિટ નક્કી કરી છે. તમે માલસામાન વેચતા હોવ તો તમારું ટર્નઓવર રૂ. 40 લાખથી વધે ત્યારે જ તમારે GST નંબર લેવો ફરજિયાત છે. નૉર્થ-ઈસ્ટ રાજ્યોમાં માલસામાનના વેચાણ માટે આ મર્યાદા રૂ. 20 લાખની છે. વાર્ષિક વેચાણ રૂ. 40 લાખથી ઉપર જાય તો તમારા માટે GST નંબર લેવો ફરજિયાત છે. સર્વિસીસમાં આ મર્યાદા રૂ. 20 લાખની છે. તમે 1 વર્ષમાં રૂ. 20 લાખથી વધુની સર્વિસ પ્રોવાઈડ કરો તો GST ભરવો પડે છે.

### એક કરતાં વધારે રાજ્યમાં વેપાર કરતા હોય તો ક્યાં રજિસ્ટ્રેશન કરાવવું?

જો તમારો બિઝનેસ એકથી વધારે રાજ્યમાં હોય તો ધંધો ચાલતો હોય તે તમામ રાજ્યમાં તમારે GST રજિસ્ટ્રેશન લેવું પડશે. બધાં રાજ્યોમાં મળીને તમારું ટર્નઓવર રૂ. 40 લાખથી વધારેનું હોય તો તમારા માટે રજિસ્ટ્રેશન ફરજિયાત છે. દાખલા તરીકે, તમારો બિઝનેસ મુંબઈ અને ગુજરાત બંને જગ્યાએ ચાલતો હોય તો તમારે મહારાષ્ટ્ર અને ગુજરાત એ બંને રાજ્યમાં ફરજિયાત રજિસ્ટ્રેશન લેવું પડશે.

### GST રજિસ્ટ્રેશન લેવા માટે કયા કયા દસ્તાવેજોની જરૂર પડે?

GST રજિસ્ટ્રેશન માટે મૂળભૂત પાન નંબર, આધાર નંબર અને તમારી કંપનીનું ઍડ્રેસ પ્રૂફ એ ત્રણ દસ્તાવેજોની જરૂર પડે છે. આ ઉપરાંત તમારી કંપની પાર્ટનરશિપ ફર્મ છે, પ્રોપ્રાઈટરશિપ છે, પ્રાઈવેટ લિમિટેડ છે વગેરેના આધારે કંપનીને લગતા ડૉક્યુમેન્ટ્સ સબમિટ કરવા પડે છે. ઉત્પાદકોની ફૅક્ટરી હોય તો તેમણે જમીનના કાગળ પણ સબમિટ કરવા પડે છે. એ રીતે કંપનીમાં એકથી વધારે

પાર્ટનર્સ હોય તો તમામનાં પાન કાર્ડ, આધાર કાર્ડ સબમિટ કરવાં ફરજિયાત છે.

### GST ન લાગતો હોય તેવી પ્રોડક્ટનો બિઝનેસ હોય તો?

આપણા દેશમાં ઘણી પ્રોડક્ટ્સ એવી પણ છે જેના પર GST લાગતો નથી. દાખલા તરીકે, કંકુ સહિતની પૂજાસામગ્રી પર ટેક્સ લાગતો નથી. તો તેનું મૅન્યુફૅક્ચરિંગ કે ટ્રેડિંગ કરનાર વેપારીને GST રજિસ્ટ્રેશન લેવાની જરૂર નથી. જોકે તમે તેની સાથે સાથે બીજો બિઝનેસ કરતા હોવ અને તેનું ટર્નઓવર રૂ. 40 લાખથી વધારે થઈ જાય તો પછી વેપારી માટે GST રજિસ્ટ્રેશન લેવું ફરજિયાત છે. રજિસ્ટ્રેશન પછી પણ પૂજાસામગ્રીના વેચાણ પર ટેક્સ નહીં જ લાગે, પરંતુ બીજી પ્રોડક્ટના વેચાણ પર ટેક્સ ભરવો પડશે.

### GST રજિસ્ટ્રેશન કેવી રીતે કરવું?

GST રજિસ્ટ્રેશન માટે તમારે GST.gov.in પૉર્ટલ પર જઈને ટેમ્પરરી લોગ-ઇન આઇડી બનાવવું પડશે. તમારે રજિસ્ટ્રેશન ફૉર્મમાં પાર્ટ A ભરવાનો રહેશે. તે વિગતો વેરિફાય કર્યા બાદ ડિપાર્ટમેન્ટ તમને એક ઈ-મેઈલ મોકલશે. ફૉર્મના પાર્ટ Bમાં તમારે ડૉક્યુમેન્ટ્સ અપલોડ કરવાના રહેશે. આ દસ્તાવેજો ચેક કરીને તમને 30 દિવસમાં રજિસ્ટ્રેશન આપવામાં આવશે. જો દસ્તાવેજમાં કોઈ સમસ્યા જણાશે તો ડિપાર્ટમેન્ટ તમને શોકૉઝ નોટિસ પાઠવશે. તમારું ટર્નઓવર રૂ. 40 લાખ (માલ-સામાન વેચાણ) કે રૂ. 20 લાખ (સર્વિસ)ને પાર કરે તેના 30 દિવસની અંદર તમારે GST રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂરી કરવી જરૂરી છે.



### જો જગ્યા પોતાની માલિકીની ન હોય અને ભાડાની હોય તો શું કરવું?

GST રજિસ્ટ્રેશનમાં સ્પૉટ વેરિફિકેશન પણ થાય છે. સરકારી અધિકારી તમારા પ્રિમાઇસિસ ચેક કરે છે અને જરૂર જણાય તો પ્રશ્નો પૂછે છે. તમે ભાડા પર પ્રૉપર્ટી લઈને બિઝનેસ કરતા હોવ તો તમારી પાસે યોગ્ય ભાડા કરાર હોવો જરૂરી છે. તેની લીઝ ડીડ કે કરાર તમારે અપલોડ પણ કરવો પડે છે. સરકારને તમે જે જગ્યાએથી બિઝનેસ કરો છો તેનો નક્કર પુરાવો જોઈએ છે. આથી તમે જો તપાસ દરમિયાન એવું કહો કે તમે ભાડાની જગ્યાએ ધંધો કરો છો તે પુરવાર કરવા તમારી પાસે કોઈ દસ્તાવેજ નથી તો તે નહીં ચાલે.

### GST રિટર્ન કેવી રીતે, ક્યારે ભરવા?

જેમ સામાન્ય ટેક્સ પેયર રિટર્ન ભરે એ જ રીતે GST રિટર્ન ભરવાનું રહે છે. દર મહિને દોઢ કરોડથી ઓછાનો બિઝનેસ થતો હોય તેવા વેપારીઓ ક્વાર્ટરલી રિટર્ન ભરી શકે છે. અર્થાત્, તેમને વર્ષનાં 4 GST રિટર્ન ભરવાનાં રહે છે. તેમાં તમે જે માલ કે સર્વિસ પ્રોવાઇડ કર્યાના જે બિલ ઇશ્યુ કરો તે તમારે દર મહિને અપલોડ કરવાના રહે છે, પરંતુ ટૅક્સ દર ત્રણ મહિને ભરો તો ચાલે છે.

તમે મંથલી સ્કીમમાં સબસ્ક્રાઇબ કરાવ્યું હોય તો તમારે GSTR 1 દર મહિનાની 11 તારીખે અપલોડ કરવાનું રહે છે. 14 તારીખે સિસ્ટમ તરફથી તમને GSTR-2B મોકલવામાં આવશે. તેમાં તમને ઇનપુટ ટૅક્સ ક્રેડિટનું સ્ટેટમેન્ટ દર્શાવવામાં આવશે. તમારે તમારા પરચેઝ સાથે તેને મૅચ કરી લેવાનું રહેશે. ત્યાર બાદ મહિનાની 20 તારીખે ફાઇનલ રિટર્ન GSTR 3 ભરવાનું રહે છે. તેમાં ITC બાદ તમારે કેટલો નેટ ટૅક્સ ભરવાનો આવે છે તે દર્શાવવામાં આવે છે.

## GSTનો વ્યવહાર વિશ્વાસે ચાલે છે, 98 ટકા કરદાતા સામે ક્યારેય કોઈ પગલાં ભરાતાં નથી

### GST રિટર્ન ફાઈલ કરવાનું ચૂકી જવાય તો?

GST રિટર્ન ફાઈલ કરવાનું ચૂકી જનાર વેપારીએ પ્રત્યેક દિવસના રૂ. 50 પેટે લેટ ફી ચૂકવવી પડે છે. અર્થાત્, તમે પાંચ દિવસ મોડું રિટર્ન ફાઈલ કરો તો રૂ. 250 લેટ ફી ચૂકવવી પડે છે.

### આખા મહિનામાં ધંધો ન થયો હોય તો શું કરવું જોઈએ?

જો મહિના દરમિયાન કોઈ ઇન્વોઇસ ન બન્યાં હોય કે કમાણી ન થઈ હોય તો નિલ રિટર્ન ફાઈલ કરવું જોઈએ. ઘણા વેપારીઓને એવી બીક લાગે છે કે નિલ રિટર્ન ફાઈલ કરવાથી ડિપાર્ટમેન્ટની ઇન્ક્વાયરી આવશે, પરંતુ વેપારીઓએ ગભરાયા વિના આ રિટર્ન સમયથી ભરી દેવું જોઈએ. કોઈ વેપારી સળંગ છ મહિના સુધી નિલ રિટર્ન ફાઈલ કરે તો જ ડિપાર્ટમેન્ટ તેમને નોટિસ મોકલીને પ્રશ્ન પૂછે છે. વેપારીના જવાબથી ડિપાર્ટમેન્ટને સંતોષ ન થાય તો તે નંબર કૅન્સલ પણ કરી શકે છે. એક-બે મહિના નિલ રિટર્ન ફાઈલ કરવામાં વેપારીએ જરાય ગભરાવું જોઈએ નહીં.

### GST ઍન્યુઅલ રિટર્ન ભરવું ફરજિયાત છે?

રૂ. 2 કરોડથી વધારેનો વ્યવહાર થતો હોય તેમના માટે ઍન્યુઅલ રિટર્ન GSTR9 ભરવું ફરજિયાત છે. તેનાથી ઓછું ટર્નઓવર હોય તે વેપારીઓ આ રિટર્ન ન ભરે તો ચાલે. આમ છતાં, તે ચેકિંગ સરળ બનાવી દેતું હોવાથી દરેક માટે ઍન્યુઅલ રિટર્ન ફાઈલ કરવું લાભદાયક છે. જે વર્ષમાં તમારું ટર્નઓવર રૂ. 2 કરોડ કરતાં ઘટી જાય તે વર્ષમાં પણ તમે ઍન્યુઅલ રિટર્ન ફાઈલ ન કરો તો કોઈ મુશ્કેલી ઊભી થતી નથી.

### ઈ-ઇન્વોઇસિંગ કોના માટે ફરજિયાત છે?

રૂ. 5 કરોડથી વધારેનું ટર્ન ઓવર ધરાવતા વેપારીઓ માટે ઈ-ઇન્વોઇસિંગ ફરજિયાત છે. તમારે આ ઇન્વોઇસ પૉર્ટલ પર અપલોડ કરવું પડે છે અને તેનો રેફરન્સ નંબર બિલમાં છાપવો

## ઇનપુટ ટૅક્સ ક્રેડિટ ક્લેઇમ કરવા પર સરકારે કોઇ રિસ્ટ્રિક્શન મૂક્યાં છે?

**સી.એ. નીતેશ જૈન જણાવે છે, “ઈનપુટ ટૅક્સ ક્રેડિટ તમને આપીને સરકાર તમારા ખભે મોટી જવાબદારી નાખી રહી છે. તમે સરકાર વતી સરકારનો ટૅક્સ કલેક્ટ કરી રહ્યા છો. આથી તમારે સરખી રીતે અને સાચી ક્રેડિટ લેવાની છે અને તેનો ડિફરન્સ સરકારને ચૂકવી આપવાનો છે.” ઇનપુટ ટૅક્સ ક્રેડિટ માટે સરકારે કેટલીક શરતો નિશ્ચિત કરી છે. તે વિના ક્રેડિટ મેળવી શકાતી નથી.**

01 માલ ખરીદ્યો તે માટે બિઝનેસ હોવો જરૂરી છે.

02 માલ કે સેવા તમારી ફૅક્ટરી, દુકાન કે ઑફિસમાં આવવા જોઇએ.

03 તમારી પાસે માલ કે સર્વિસ લીધાનું ઇન્વોઇસ હોવું જરૂરી છે, તેના વિના ક્રેડિટ ન મેળવી શકાય.

04 ક્રેડિટ લેવા 180 દિવસમાં વેન્ડરને પેમેન્ટ કરી દેવું પડે છે, જો તમે નહીં કરો તો ક્રેડિટ રિવર્સ થાય છે.

05 ક્રેડિટ લેવા સપ્લાયરે ટૅક્સ ભરી દેવો જરૂરી છે.

06 6. ઇન્વોઇસ GSTR2Bમાં રિફ્લેક્ટ થવું જોઇએ.

પણ ફરજિયાત છે. આટલું કરવામાં આવે તો જ ઈન્વોઈસ માન્ય રાખવામાં આવે છે. ઈ-ઈન્વોઈસ વિના ઈનપુટ ટૅક્સ ક્રેડિટ ક્લેઈમ કરી શકાતી નથી. તમે જેની સાથે વેપાર કરતા હોવ તો તેનો GST નંબર નાખીને તે ઈ-ઈન્વોઈસિંગ માટે એલિજિબલ છે કે નહીં તે ચેક કરી શકો છો. જો તમે આ ધ્યાન નહીં રાખો તો ક્રેડિટ નહીં મળે.

### 30-31 તારીખે શનિ-રવિ કે તહેવારની રજાને કારણે ક્રેડિટ લેવાનું ચૂકી જવાય તો શું કરવું?

આ સમસ્યાનો સામનો 99 ટકા વેપારીઓ કરી રહ્યા છે. જો તમે ક્રેડિટ લેવાનું ચૂકી ગયા હોવ તો તમે ચાલુ વર્ષના નવેમ્બર મહિનાની 30 તારીખ સુધીમાં ક્રેડિટ રિટર્નમાં ક્લેઈમ કરી શકો છો, પરંતુ આ તારીખ ચૂકી જશો તો પછી તમે ક્રેડિટ મેળવી શકશો નહીં. ખાસ કરીને ઑક્ટોબર મહિનામાં વેપારીઓએ વધારે સચેત રહેવું જોઈએ. જો તેઓ નવેમ્બરમાં ક્રેડિટ ક્લેઈમ ન કરે તો તે ITC પાછળથી ક્લેઈમ કરી શકતા નથી.

### GSTમાં ઇનપુટ ટૅક્સ ક્રેડિટ એટલે શું?

વર્ષ 1986 પહેલાં વેપારીઓ જે માલ ખરીદતા અને વેચતા ત્યારે ટૅક્સ લાગતો, પરંતુ ઈન્ડાયરેક્ટ ટૅક્સમાં ધીરે ધીરે સુધારા આવતા ગયા એમ વૅલ્યુ ઍડેડ ટૅક્સ (VAT) અસ્તિત્વમાં આવ્યો. તેમાં તમે જેટલું વૅલ્યુ ઍડિશન કરો તેટલા પર જ તમારે ટૅક્સ ભરવાનો રહે છે.



ઉદાહરણ તરીકે, તમે ફોન બનાવવા માટે રૂ. 50,000ની વસ્તુ ખરીદો છો. તેના પર પ્રોસેસ કરીને તમે રૂ. 1,00,000નો ફોન બનાવો છો. હવે આ ફોન પર 18 ટકા પેટે રૂ. 18,000 ટૅક્સ લાગે છે. તો તમારે આ 18 ટકા ટૅક્સ ફક્ત રૂ. 50,000ના વૅલ્યુ ઍડિશન પર જ ભરવાનો રહેશે. અર્થાત્, તમે રૂ. 50,000ના સામાન પર ચૂકવેલો રૂ. 9000 ટૅક્સ ક્રેડિટ પેટે મજરે મેળવી શકશો. તમારે વૅલ્યુ ઍડિશન પર રૂ. 9000 ટૅક્સ ભરવાનો રહેશે.

### ઇનપુટ ટૅક્સ ક્રેડિટ ક્યારે યુઝ કરી શકાય?

સપ્લાયર ઈન્વોઈસની વિગત GSTR1માં નાખે ત્યારે તે તમારા GSTR2Bમાં રિફ્લેક્ટ થશે. જો સપ્લાયરે ટૅક્સ નહીં ભર્યો હોય તો તમે ક્રેડિટ મેળવી શકશો નહીં. જો ક્રેડિટ લઈ લીધી હશે તો તે તમારે વ્યાજ અને પેનલ્ટી સાથે પરત કરવી પડી શકે છે. તમે ન મળવાપાત્ર ક્રેડિટ લીધી હોય તો પણ તે પરત કરવી પડે છે. દાખલા તરીકે, પૅસેન્જર વેહિકલ કંપની માટે ખરીદ્યું હોય તો પણ તેના પર ક્રેડિટ મળતી નથી. હા, ટ્રક જેવું વાહન માલના ટ્રાન્સપોર્ટેશન માટે વપરાતું હોય તો તેના પર લાગતા GSTની ક્રેડિટ મેળવી શકાય છે, પરંતુ ડિરેક્ટર, મૅનેજર કે હોદ્દેદાર માટે કંપનીએ ખરીદેલી કાર પર ક્રેડિટ મળતી નથી. એ જ રીતે કંપનીના હોદ્દેદાર ફરવા ગયા હોય તો તેના ખર્ચ પર ક્રેડિટ મળતી નથી, પરંતુ તે બિઝનેસ કૉન્ફરન્સ માટે પ્રવાસ કરે તો ઍર ટિકિટ અને અન્ય ખર્ચ પર ક્રેડિટ યુઝ કરી શકાય છે.

તમે ફૅક્ટરીમાં મશીનરી ખરીદો કે ઑફિસ માટે કૉમ્પ્યુટર કે લૅ પ ટૉ પ જેવા સાધન કે ફર્નિચર ખરીદો તો તમને કેપિટલ ગુડ્સની ક્રેડિટ મળે છે. જોકે તેમાં શરત એ છે કે તમારે ડેપ્રિસિયેશન મૂળ રકમ પર લેવું પડે છે. એટલે કૉમ્પ્યુટરની કિંમત રૂ. 1 લાખ હોય અને તેના પર રૂ. 18,000 ટૅક્સ સાથે તેની મૂળ કિંમત રૂ. 1.18 લાખ થતી હોય તો તમારે ડેપ્રિસિયેશન રૂ. 1 લાખ પર જ લેવાનું રહે છે. આ ઉપરાંત જે પ્રોડક્ટ એક્ઝેમ્પ્ટ છે તેના પર પણ ક્રેડિટ મળતી નથી.

### ITCમાં પ્રિન્સિપલ મૅચિંગ ન હોય તો શું થાય?

પ્રિન્સિપલ મૅચિંગ એ ITCમાં એક સળગતો પ્રશ્ન છે. તેના ઉકેલ માટે GST ઍક્ટમાં પણ અનેક સુધારા કરવામાં આવ્યા છે. સામેવાળો ટૅક્સ ભરે તો

## કયા સંજોગોમાં વેપારીની ધરપકડ થઈ શકે?

**GSTમાં કાયદાના ઉલ્લંઘન બદલ જેલની પણ જોગવાઈ છે. તમે ઈન્વોઈસ વિના કેશમાં ધંધો કરતા હોવ તો તમને જેલ થઈ શકે છે. તમે માલ ન મોકલ્યો હોય અને બોગસ ઈન્વોઈસ જનરેટ કર્યું હોય તેવા કિસ્સામાં જેલ થઈ શકે છે. તમે ખોટું રિફંડ લીધું હોય અથવા ટૅક્સ કલેક્ટ કરીને ત્રણ મહિના સુધી જમા ન કરાવ્યો હોય તો તમારી ધરપકડ થઈ શકે છે. જો રૂ. 5 કરોડથી વધારેનું ઈવેઝન હોય તો જ તમારી ફિઝિકલ અરેસ્ટ થાય છે. રૂ. 2-5 કરોડમાં ટેક્નિકલ અરેસ્ટ થાય છે. અર્થાત્, તમારે જેલમાં જવું નથી પડતું, પરંતુ અધિકારીની દેખરેખમાં રહેવું પડે છે. રૂ. 2 કરોડથી ઓછાના ઈવેઝનમાં તમારી ફક્ત પેપર ઉપર સિમ્બૉલિક અરેસ્ટ કરવામાં આવે છે.**

જ તમને ક્રેડિટ મળે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ફક્ત ઈન્વોઈસ અપલોડ કરવાથી ક્રેડિટ મળતી નથી. જો તે ઈન્વોઈસ તમારા GSTR 2A, 3Bમાં ન દેખાતું હોય, તમારા બુક્સના ઈન્વોઈસ સાથે ન મૅચ થતું હોય તો તમે ITC મેળવી શકશો નહીં. આથી તમે અને સામેવાળા વેપારી એક જ દિવસે ઈન્વોઈસ અપલોડ કરો તે જરૂરી નથી, પરંતુ બંનેએ તે નિશ્ચિત સમયમર્યાદામાં અપલોડ કરવું જરૂરી છે. તો જ ક્રેડિટ મેળવી શકાય છે. આથી તમે જેની પણ સાથે વેપાર કરો તે GST કમ્પ્લાયન્ટ હોય તેની ખાતરી કરી લેવી જોઈએ. જો તે કૉમ્પ્લાયન્સ નહીં કરે તો જવાબદારી તમારા માથે આવશે. ઉદાહરણથી સમજીએ. દાખલા તરીકે તમે રૂ. 10 લાખનો માલ લીધો અને ઉપર 18 ટકા પેટે 1.80 લાખ ટૅક્સ જમા કરાવ્યો. હવે તમે એ ટૅક્સના રૂપિયા સરકારને નથી ચૂકવ્યા અને ઈન્વોઈસ પણ નથી અપલોડ કર્યું. આ સમગ્ર વિગત ડિપાર્ટમેન્ટના ડેશબોર્ડ પર દેખાઈ જશે. તમારે રૂ. 1.80 લાખ ઉપરાંત બે-ત્રણ વર્ષના 18 ટકા પેટે વ્યાજ અને 100 ટકા સુધીની પેનલ્ટી પણ ચૂકવવી પડી શકે છે. નૉન-કૉમ્પ્લાયન્સની કિંમત ખૂબ વધારે છે. આથી વેપાર-ધંધામાં સપ્લાયર ખૂબ સાવચેતીથી પસંદ કરવા જોઈએ. સપ્લાયર પસંદ કરતાં પહેલાં તેમનું GST ઍકાઉન્ટ જોઈ લેવું જોઈએ. તમે GST નંબર નાખશો તો વેપારીએ 3B ફાઈલ કર્યું છે, રજિસ્ટ્રેશન વૅલિડ છે કે નહીં વગેરે વિગતો તમે પૉર્ટલ પરથી જોઈ શકશો.

### સપ્લાયર સાથે GSTના વ્યવહારો કેવી રીતે કરવા?

સપ્લાયર GSTનું કૉમ્પ્લાયન્સ વ્યવસ્થિત રીતે કરે છે કે નહીં તે ચકાસવા માટે ABC ઍનાલિસિસ મેથડ અસરકારક છે. તમે કોઈની સાથે પહેલી વાર બિઝનેસ કરતા હોવ તો તે સપ્લાયરને સી કૅટેગરીમાં નાખો અને GSTની રકમ બાકી રાખો. તે કૉમ્પ્લાયન્સ પૂરું કરે તે પછી જ તે રકમ તેને ચૂકવો. બે-ત્રણ મહિના સુધી નિયમિત કૉમ્પ્લાયન્સ થાય તો તે સપ્લાયરને બી કૅટેગરીમાં લાવો. ત્યાર પછી બે-ત્રણ મહિને એક વખત

**કૉમ્પ્લાયન્સ જેટલું નબળું, નોટિસ મળવાના ચાન્સ તેટલા વધારે.**

કૉમ્પ્લાયન્સ ચેક કરતા રહો. તે વેપારી નિયમિત ટૅક્સ જમા કરાવી દેતો હોય અને કૉમ્પ્લાયન્સ સારું હોય તો તેને એ કૅટેગરીમાં નાખી દો અને ઈન્વોઈસની રકમ ટૅક્સ સહિત આખેઆખી આપવાનું શરૂ કરો. સપ્લાયર ગમે તેટલો સારો હોય, માર્ચમાં એક વખત દરેક સપ્લાયરના રજિસ્ટ્રેશન ડેટા ચેક કરી લેવા જોઈએ. જો કોઈનું રજિસ્ટ્રેશન કેન્સલ થયું હોય તો આ કવાયતથી



# ઇન્સ્પેક્શન કે સર્ચ હાથ ધરાય તો તમારા શું અધિકાર છે?

**01** અધિકારી તમને ધંધો કરતાં કે ધાર્મિક વ્યવહાર કરતાં રોકી ન શકે.

**02** તમારાં બાળકોને શાળાએ જતાં ન રોકી શકે.

**03** સર્ચ કે ઇન્સ્પેક્શન દરમિયાન તમે તમારો જમવાનો, દવા લેવાનો કે ડોક્ટર વિઝિટનો સમય સાચવી શકો છો.

**04** અધિકારી તમને સીસીટીવી કૅમેરા બંધ કરવાની ફરજ ન પાડી શકે.

**05** તમે ઑફિસરનાં આઇ કાર્ડ ચેક કરી શકો છો.

**06** તમે અધિકારી પાસે પંચનામાની નકલ માગી શકો છો.

સમયસર ખ્યાલ આવી જાય છે. આમ કરવાથી તમારા માથે ખોટી લાયેબિલિટી નહીં આવે. લાયેબિલિટી હોય તો સપ્લાયરનું બૅન્ક ઍકાઉન્ટ અટૅચ થઈ જાય છે. જોકે આમાં સરકાર વ્યક્તિનું લોન ઍકાઉન્ટ અટૅચ કરી શકે નહીં. આ અંગે ગુજરાત હાઈ કોર્ટે પણ ઘણાં જજમેન્ટ આપ્યાં છે. જોકે બૅન્કનું કરન્ટ એકાઉન્ટ અટૅચ થઈ શકે છે. જો સમયસર ચેક કરતા રહીએ તો આ સ્તરે વાત પહોંચતી જ નથી.

## કોઈ ખોટા કે વધારે ITC ક્લેઇમ કરે તો શું થાય?

ફક્ત ઇન્વૉઇસ જ બનાવ્યું હોય અને માલ ન આપ્યો હોય તે સાબિત થાય તો તે ઇનઍલિજિબલ ક્રેડિટ કહેવાય છે. એ રીતે ન મળવાપાત્ર ક્રેડિટ ક્લેઇમ કરી હોય તો તે પણ ઇનઍલિજિબલની કૅટેગરીમાં આવે છે. જો સાબિત થાય કે ક્રેડિટ ખોટી ક્લેઇમ કરી છે તો તરત ભરી દેવી પડે છે. જો ક્રેડિટ વાપરી ન હોય તો તેના પર વ્યાજ લાગતું નથી. પરંતુ જો ક્રેડિટ વાપરી હોય તો તમે જેટલા ગાળા માટે વાપરી હોય તેટલા ગાળા માટે વ્યાજ ભરવું પડે છે. ડિપાર્ટમેન્ટ તમારી પાસે પેનલ્ટી પણ માગી શકે છે. ખોટા ITC ક્લેઇમ કરવા પર વાર્ષિક 18 ટકા વ્યાજ અને ઓછામાં ઓછી 15 ટકા પેનલ્ટીની જોગવાઈ છે.

## જોબવર્કમાં સમયમર્યાદા ચૂકી જવાય તો ક્રેડિટ મળે?

જોબવર્કમાં માલ આપ્યા પછી પાંચ-છ મહિને કે તેનાથી પણ વધારે સમય બાદ પ્રોડક્ટ મળે છે. તેવામાં તમે માલની ક્રેડિટ લઈ શકો છો. કૅપિટલ ગુડ્સમાં 180 દિવસથી 1 વર્ષની મર્યાદા રાખવામાં આવી છે. તેટલા સમયમાં માલ ન આવે તો તેને વેચાણ ગણી લેવામાં આવે છે. જો જોબવર્કમાં આ સમયમર્યાદામાં માલ ન આવવાનો હોય તો સેલ બિલ પાડીને તેની ક્રેડિટ લઈ લેવી જોઈએ. સામો વેપારી જ્યારે માલ મોકલે ત્યારે તેને વેચાણ ગણાવીને ક્રેડિટ લઈ શકે છે. આથી જે કામમાં છ મહિનાથી વધારે સમય લાગતો હોય તેમાં જોબવર્કના બદલે સેલ અને પરચેઝના મૉડેલમાં જતાં રહેવું જોઈએ.

## બધાં કૉમ્પ્લાયન્સ પછી પણ તમારી સામે ઇન્ક્વાયરી આવે તો કેવી રીતે હૅન્ડલ કરશો?

તમે બધાં જ કૉમ્પ્લાયન્સ કરશો તો પણ તમને ડિપાર્ટમેન્ટ પ્રશ્ન પૂછવા આવી શકે છે. સરળ ભાષામાં તેને સ્ક્રુટિની કે ઍસેસમેન્ટ તરીકે ઓળખવામાં આવે છે. તેમાં તમે રિટર્ન ભરો તેમાંથી ડિપાર્ટમેન્ટ ડેટા મેળવે છે અને તેને ઈ-વે બિલ, ઇન્વૉઇસ ડેટા સાથે સરખામણી કરે છે. ત્યાર બાદ 360 ડિગ્રી રિપોર્ટ બનાવે છે. તેમાં ડિપાર્ટમેન્ટ તમારી પાસેથી સીધી કોઈ વિગતો માગતું નથી. ડિપાર્ટમેન્ટને વિસંગતતા જણાય તો તે કરદાતાને ASMT-10 નોટિસ પાઠવે છે. વેપારીએ પોતાના ઍકાઉન્ટન્ટ કે કન્સલ્ટન્ટની સલાહ લઈને 30 દિવસની અંદર આ નોટિસનો જવાબ આપવાનો રહે છે. જો જવાબ આપવા માટે વધારે સમય જોઈતો હોય તો એક્સટેન્શનની રિક્વેસ્ટ નાખવી પડે છે. ઑફિસરની ઇચ્છા હોય તો તે એક્સટેન્શન આપે છે. તમારે ASMT-11માં ડિપાર્ટમેન્ટના પ્રશ્નોનો જવાબ આપવાનો રહે છે. જો તમારા જવાબથી ડિપાર્ટમેન્ટને સંતોષ થશે તો તે તમારી સામેના બધા ચાર્જ ડ્રૉપ કરી દેશે અને લખી આપશે કે તમારી સામે કોઈ ડિમાન્ડ બનતી નથી.



## જો ડિપાર્ટમેન્ટને જવાબથી સંતોષ ન થાય તો શું પગલાં લઈ શકે?

ડિપાર્ટમેન્ટની ક્વેરીનો કરદાતા સંતોષકારક જવાબ ન આપી શકે તેવા સંજોગોમાં DRC-01A અંતર્ગત શોકૉઝ ડિમાન્ડ નોટિસ પાઠવવામાં આવે છે. તમે તેનો પણ ખુલાસો ડિપાર્ટમેન્ટને આપી શકો છો. જો તે ખુલાસો ગળે ન ઊતરે તો ડિપાર્ટમેન્ટ શોકૉઝ નોટિસ આપી શકે છે. ત્યાર બાદ લિટિગેશન શરૂ થશે. તમે આ સમગ્ર પ્રક્રિયા ઑનલાઇન કરી શકો છો, પરંતુ તમે જો ઇચ્છો તો તમે અધિકારીને રૂબરૂ મળીને પણ વાતચીત કરી શકો છો. જોકે રૂબરૂ મળવું ફરજિયાત નથી. બિઝનેસનો ડેટા ઘણો કૉમ્પ્લેક્સ હોય છે. આથી જો તમને એવું લાગે કે અધિકારીને મળીને તમે તમારો પક્ષ વધુ સારી રીતે રજૂ કરી શકશો, તો તમે તેમની જરૂર મુલાકાત લો. ઑફિસર પાસે ઘણી ફાઈલો સાથે ચાલતી હોય છે. આથી તેમના માટે

## આટલું ધ્યાન રાખશો તો ટ્રાન્સપોર્ટમાં હેવી પેનલ્ટીથી બચી જશો

